Chapter-3

પ્રકરણ : 3.

'સાવિત્રી'ના ખંડઅનુવાદો

(અનુવાદકો અંબાલાલ પુરાણી, સુન્દરમ્ અને અન્ય)

પ્રસ્તાવના :

એકમાત્ર પૂજાલાલ 'સાવિત્રી'નો ગુજરાતીમાં સાદ્યંત સમશ્લોકી પદ્યાનુવાદ આપે છે. બીજા પ્રકરણમાં આપણે એમના આ અનુવાદ કાર્યનો વિસ્તૃત સમીક્ષાત્મક અભ્યાસ કર્યો. પૂજાલાલ ઉપરાંત અંબાલાલ પુરાણી, સુન્દરમ્, ચંદ્રવદન મહેતા, જતીન્દ્ર આચાર્ય વગેરેએ પણ 'સાવિત્રી'ના ગુજરાતી ગદ્ય પદ્ય અનુવાદ કરવાના ધ્યાનાર્હ પ્રયત્નો કર્યા છે. 'સાવિત્રી' મહાકાવ્ય શ્રી અરવિંદ દર્શનના એકાધિક અભ્યાસીઓ અને સાહિત્યકારોની સર્જકતાને કેવું તો પડકારતું રહ્યું છે, અનુવાદ, સમીક્ષા આદિ કરવા પ્રેરતું રહ્યું છે તેની પ્રતીતિ આ હકીકતથી થઈ રહે છે.

પ્રસ્તુત પ્રકરણમાં 'સાવિત્રી'ના આવા ખંડ, પરંતુ નોંધપાત્ર ગુજરાતી અનુવાદોની વિચારણા કરવાનો ઉપક્રમ છે. આ માટે પ્રકરણને મુખ્યત્વે ચાર ભાગોમાં વિભાજ્યું છે. અને આ પ્રત્યેક ભાગમાં જુદા જુદા અનુવાદકોના પ્રયત્નોની નીચે દર્શાવેલા ક્રમ અનુસાર સમીક્ષા કરી છે:

(1) અંબાલાલ પુરાણી.

(૨) સુન્દરમ્.

(3) ચંદ્રવદન મહેતા.

(૪) જતીન્દ્ર આચાર્ય.

આ ક્રમમાં આપણે સૌ પ્રથમ અંબાલાલ પુરાણીના અનુવાદ કાર્યની વિચારણા કરીએ.

(૧) અંબાલાલ પુરાણી: <u>પરિચય:</u>

અંબાલાલ બાલકૃષ્ણ પુરાણીનો જન્મ ૨૬ મે ૧૮૯૪ના રોજ એમના મોસાળ સુરત ખાતે થયો હતો. ગુજરાતને એમનો પ્રથમ પરિચય એક જવલંત વ્યાયામવીર તરીકે થાય છે. ત્યારબાદ તેમનો પૂરો પરિચય શ્રી અરવિંદ દર્શનના સમર્થ ભાષ્યકાર, અનુવાદક અને પ્રસારક તરીકેનો પ્રાપ્ત થાય છે. ગુજરાતી સાહિત્યમાં એ સમયના દશ નોંધપાત્ર લેખકોમાં બ.ક.ઠાકોર અંબાલાલ પુરાણીને ગણાવે છે એમાં ગુજરાતી ભાષા અને સાહિત્ય પરની એમની હથોટીનો આપણને પરિચય થાય છે. ઈ.સ. ૧૯૬૫ના ડિસેમ્બરની ૧૧મી તારીખે એમનું દેહાવસાન થાય છે ત્યાં સુધીમાં તેઓ ગુજરાતને અને વ્યાપક રીતે જોતાં સમગ્ર ભારતને શ્રી અરવિંદ દર્શન સાથે જોડતા કેટલાક શ્રદ્ધેય સેતુઓમાંના એક બની રહે છે.

ગુજરાતી યુવાન માયકાંગલો હોય, ભાજીખાઉ હોય એ કલંક મીટાવવા તેમજ ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવા માટે એમણે પોતાના મોટાભાઈ છોટુભાઈ પુરાણીની દોરવણી હેઠળ ગુજરાતમાં અખાડા પ્રવૃત્તિના શ્રીગણેશ કર્યા હતા. નડીયાદ, વડોદરા, અમદાવાદ અને એમનું વતન ભરૂચ એનાં મુખ્ય કેન્દ્રો બની રહ્યાં હતાં. એમાં શારીરિક સુદૃઢતાની સાથે સાથે યુવાનોના સર્વતોમુખી ઘડતર પરત્વે ધ્યાન અપાતું હતું. આ પ્રવૃત્તિ દ્વારા એમનો હેતુ અંગ્રેજો સામે લડત આપી શકે એવા સુદૃઢ, રાષ્ટ્રવાદી યુવાનોની સેના સર્જવાનો હતો. વીસમી સદીના બીજા દસકામાં આ અખાડા પ્રવૃત્તિ ગુજરાતભરમાં વિશેષરૂપે ફૂલીફાલી હતી. એનાથી આપણી તત્કાલીન યુવાપેઢી સારા એવા પ્રમાણમાં પ્રભાવિત પણ થઈ હતી. પૂજાલાલ એમાંના એક હતા.

ત્યારબાદ ઈ.સ. ૧૯૨૩માં અંબાલાલ પુરાણી ગુજરાતની સાંસ્કૃતિક ક્ષિતિજ પરથી અચાનક અદૃશ્ય થઈ જાય છે. તેઓ શ્રી અરવિંદનો યોગમાર્ગ સ્વીકારી શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી ખાતે સ્થાયી નિવાસ કરે છે. ગુજરાતના સાંસ્કૃતિક જીવનની

આ એક મોટી ઘટના બની રહે છે. કારણકે એમના પગલે પગલે એમના સંપર્કમાં રહેલા પૂજાલાલ અને સુન્દરમ્ જેવા સાહિત્યકારો પણ શ્રી અરવિંદાશ્રમવાસી સ્વીકારે છે. ગુજરાતને પુરાણીનો બીજો પરિચય અધ્યાત્મવીર તરીકેનો થાય છે.

શબ્દપ્રેમ અને અધ્યાત્મપિપાસા એમની સર્જકતાને સંકોરતાં બે મુખ્ય પરિબળો બની રહે છે. સાહિત્યને તેઓ એક સાધન તરીકે પ્રયોજે છે અને એ દ્વારા જીવનના ઊંડા મર્મને અધ્યાત્મ દ્વારા જૂજવે રૂપે તેઓ પ્રગટાવે છે. ગુજરાતી સાહિત્યમાં એમની છબી ચિંતનશીલ નિબંધકાર, ભાવશીલ વાર્તાકાર અને શ્રદ્ધેય અનુવાદક તરીકેની ઉપસે છે. આ સિવાય અધ્યાત્મરંગી પત્રલેખક, શ્રી અરવિંદ દર્શનના ભાષ્યકાર તેમજ દેશવિદેશના રસાળ પ્રવાસકાર તરીકેનું એમનું નિરાળું વ્યક્તિત્વ પણ ધ્યાનાર્હ છે. ૭૧ વર્ષના એમના સમગ્ર જીવનકાળ દરમ્યાન એમનો કવનકાળ ચારેક દાયકા સુધી વિસ્તરે છે. એમાં એમણે સંખ્યા અને ઈયત્તાની દૃષ્ટિએ માતબર કહી શકાય એવું સાહિત્યસર્જન કર્યું છે.

'સમિત્પાણિ' (૧૯૫૬), 'સાહિત્યની પાંખે' (૧૯૫૯), 'કલામંદિરે' (૧૯૬૦), 'પથિકનાં પુષ્પો' ત્રણ ગુચ્છ (૧૯૨૯, ૧૯૩૭, ૧૯૩૯) જેવા અધ્યાત્મના સંસ્પર્શયુક્ત, માહિતી, વસ્તુ અને કલ્પનાપ્રધાન નિબંધસંગ્રહો દ્વારા એમણે ગુજરાતી નિબંધસાહિત્યને વિશિષ્ટ રૂપે સમૃદ્ધ કર્યું છે. આ નિબંધોમાં એમની સૂક્ષ્મદૃષ્ટિ, અને ચિંતનની ગહનતા આપણને વિશેષ આકર્ષી રહે છે. 'મહાકાવ્યનો જન્મ', 'સાહિત્યનું મૂલ્યાંકન', 'કલા અને યોગ', 'સમયમૂર્તિ નર્મદ', 'ગાંધીયુગ અને પૂર્વયુગની સરખામણી' જેવા નિબંધોમાં એમની વિશદ સાહિત્યસૂઝ અને નિરામય જીવનદૃષ્ટિનાં દર્શન થાય છે. 'ગગનવિહાર', 'વસુંધરા' જેવા નિબંધોમાં કલ્પનાશીલતાની પ્રતીતિ થાય છે. તો 'આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ', 'ભૌતિકશાસ્ત્રો અને અગમ્યવાદ', 'ઉત્ક્રાન્તિ યાને ક્રમવિકાસ' જેવા નિબંધોમાં એમના વૈજ્ઞાનિક માનસનો આપણને પરિચય મળે છે. આ તમામ નિબંધોમાં વિશિષ્ટ અર્થઘટન કરવાની એમની આવડત અને નવીન વિચારબિંદુઓ રજૂ કરવાનું એમનું કૌશલ નોંધપાત્ર છે.

આ નિબંધોમાં એક અધ્યાત્મ સાધક અને જીવન-આલોચક ચિંતકનું આગવું વ્યક્તિત્વ પ્રગટે છે.

એમણે 'દર્પણના ટુકડા' (૧૯૩૩), 'તિલોત્તમા' (૧૯૨૩) અને 'ઉપનિષદની વાતો' (૧૯૫૮) જેવું કથાસાહિત્ય પણ સરજ્યું છે. વળી, 'પથિકનાં પુષ્પો'ના ત્રણ ગુચ્છમાં પણ કેટલીક કલ્પનાત્મક કૃતિઓ સમાવેશ પામી છે. 'દર્પણના ટુકડા' નવલકથાએ ગુજરાતી સાહિત્ય-જગતમાં સારું એવું ધ્યાન ખેંચ્યું હતું. એમાં રોજનીશીરૂપે વાસુદેવ નામના એક સંસ્કારી, ચિંતનશીલ યુવકના કોલેજકાળથી માંડીને મધ્યવય સુધીના જીવનનું આલેખન થયું છે. ર.વ. દેસાઈએ આ નવલકથાને 'વાંચવી અને વિચારવી ગમે એવી રચના, બહુ ઊંચી કક્ષાની કલાવાર્તા'* તરીકે અને 'તોફાન, કલ્પના, મૈત્રી, આદર્શ, જીવનના અનેક પ્રસંગોના વિસ્તૃત અનુભવબોધ' તરીકે બિરદાવી છે.

અંબાલાલ પુરાણીએ 'પથિકના પત્રો' ત્રણ ગુચ્છ (૧૯૩૯), 'પત્રસંચય' (૧૯૬૪), 'પત્રોનો પ્રસાદ' (૧૯૫૯) જેવા સાતેક પત્ર-સંકલનો દ્વારા ગુજરાતી પત્રસાહિત્યને અધ્યાત્મનો સંસ્પર્શ કરાવીને સમૃદ્ધ કર્યું છે. તો 'ઇંગ્લેન્ડની સંસ્કારયાત્રા' (૧૯૫૭), 'પથિકની સંસ્કારયાત્રાઓ' (૧૯૬૪) જેવાં રસપ્રદ પ્રવાસવર્ણનો આપ્યાં છે. તદુપરાંત એમણે શ્રી અરવિંદ અને મણિલાલ ન. દ્વિવેદીના જીવનચરિત્રો આલેખ્યાં છે. વળી, 'દાર્શનિક શબ્દાવલી' (૧૯૪૨) જેવો શબ્દકોશ અને 'ગીતામર્મ' (૧૯૨૯), 'પૂર્ણયોગ નવનીત' બે ભાગમાં (૧૯૩૮), 'શ્રી માતાજીની વાણી (૧૯૮૭) જેવા પંદર જેટલા અધ્યાત્મચિંતનના ગ્રંથો આપ્યા છે. વળી, શ્રી અરવિંદની કાવ્યવિભાવનાનો પરિચય એમણે 'શ્રી અરવિંદનું કાવ્યદર્શન' (૧૯૬૧) નામના મૌલિક પુસ્તક દ્વારા કરાવ્યો છે. એમાં એમનો અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ પણ ઊડીને આંખે વળગે છે.

એમનું સાહિત્યસર્જન, અધ્યાત્મચિંતન કેવળ ગુજરાતી ભાષા પુરતું સીમિત ન રહેતાં અંગ્રેજી, ફ્રેંચ, સંસ્કૃત અને બંગાળી ભાષાઓમાં પણ વિસ્તારે છે. આ તમામ ભાષાઓમાં એમણે મૌલિક પુસ્તકો આપ્યાં છે. શ્રી અરવિંદના જીવન અંગે

એમણે અંગ્રેજીમાં બે પુસ્તકો આપ્યાં છે. શ્રી અરવિંદના સાંજના વાર્તાલાપોના ત્રણ પુસ્તકો (Evening Talks of Sri Aurobindo. Series 1,2,3 પ્રકા.૧૯૫૯,'૬૧,'૬૬) આપ્યાં છે. 'સાવિત્રી'ના અધ્યયનના પરિપાકરૂપે તેમણે 'Savitri: an approach and a study (૧૯૫૨) નામનું અત્યંત ધ્યાનાર્હ પુસ્તક આપ્યું છે. વેદઅધ્યયન અંગેના એમનાં બે પુસ્તકો 'Studies in Vedic Interpretation' (૧૯૬૩) અને 'Vedic Sarasvati' વિશેષરૂપે નોંધપાત્ર છે. 'Technical terms of Sri Aurobindo' (૧૯૪૨), અને 'Sri Aurobindo's Vedic Glossary' (૧૯૬૨) નામના શબ્દકોષો પણ એમણે આપ્યા છે. એમનું કલાચિંતન અંગ્રેજીમાં 'On Art' (૧૯૬૫) નામના પુસ્તકરૂપે પણ પ્રગટ્યું છે. તેઓ પોતે બહુ સારા ચિત્રકાર હતા તે આ તબક્કે નોંધવું રહ્યું. અંગ્રેજી સિવાય ફ્રેંચમાં એમણે શ્રી અરવિંદનું જીવનચરિત્ર આલેખ્યું છે. સંસ્કૃતમાં 'પૂર્ણયોગસૂત્રાણિ' અને બંગાળીમાં 'સાંધ્યબેઠકો' જેવાં પુસ્તકો એમણે આપ્યાં છે.

અનુવાદક તરીકે તેઓ વિશિષ્ટ મુદ્રા ધરાવે છે. એમણે શ્રી અરવિંદ, શ્રી માતાજી ઉપરાંત રવીન્દ્રનાથ ટાગોર અને અશ્વિનીકુમાર દત્ત જેવા સાહિત્યકારો, અધ્યાત્મચિંતકોના અંગ્રેજી, બંગાળી જેવી ભાષાઓમાં રચાયેલાં સત્તર જેટલાં પુસ્તકોના ગુજરાતી અનુવાદો આપ્યા છે. આ સમગ્ર અનુવાદ-સાહિત્યનું વર્ગીકરણ નીચે દર્શાવેલા ત્રણ આધારો અનુસાર થઈ શકે:

(૧) મૂળકૃતિ અને તેના અનુવાદની ભાષા.

(૨). મૂળકૃતિના સર્જક અને

(૩). મૂળકૃતિ અને તેના અનુવાદનું સ્વરૂપ.

ઉપર્યુક્ત ત્રણ આધારો પ્રમાણે જ આપણે અગાઉ પૂજાલાલના અનૂદિત સાહિત્યનું વર્ગીકરણ કર્યું હતું. પૃ.૧૭૩ પર અંબાલાલ પુરાણીના અનૂદિત સાહિત્યનું વર્ગીકરણ કર્યું છે.

અંબાલાલ પુરાણીનું અનુવાદ સાહિત્ય.

- અંગ્રેજીમાંથી ગુજરાતી.
  - શ્રી અરવિંદની કૃતિઓ.
    - ગદ્યમાંથી ગદ્ય.
      - (૧) ગીતાનિષ્કર્ષ (૧૯૨૨).
      - (૨) યૌગિક સાધન (૧૯૨૨)
      - (૩) પૂર્ણયોગ. પાંચ ખંડો (૧૯૨૩,૨૪,૩૪).
      - (૪) સૂત્રાવલી (૧૯૨૬).
      - (૫) મા (૧૯૨૮)
      - (૬) યોગ પર દોપિત્રઓ (૧૯૩૯)
      - (૭) યોગ સાધનાના પાયા (૧૯૩૮)
      - (૮) ગીતાનિબંધો. બે ભાગ. (૧૯૫૩)
      - (૯) દિવ્યજીવન (૧૯૫૩)
      - (૧૦) વેદરહસ્ય (૧૯૬૧).
    - પદ્યમાંથી ગદ્ય.
      - (૧) સાવિત્રી ગુંજન. બે ખંડ. (૧૯૬૪, ૬૫).
      - 'સાવિત્રી'ના આઠ પૃષ્ઠનો પદ્યાનુવાદ પણ કર્યો છે.
  - શ્રી માતાજીની કૃતિઓ.
    - ગદ્યમાંથી ગદ્ય.
      - (૧) શ્રી માતાજી સાથે વાર્તાલાપ (૧૯૫૨).
  - પોલ રિશાર.
    - ગદ્યમાંથી ગદ્ય.
      - (૧) જગતની પ્રભુઓને (૧૯૨૨).
- બંગાળીમાંથી ગુજરાતી.
  - રવીન્દ્રનાથ ટાગોર
    - ગદ્યમાંથી ગદ્ય.
      - (૧) સાધના યાને જીવનનો સાક્ષાત્કાર. (૧૯૩૦).
      - (૨) રવીન્દ્રનાથનાં સંસ્મરણો. (૧૯૨૮).
  - અશ્વિનીકુમાર દત્ત.
    - ગદ્યમાંથી ગદ્ય.
      - (૧) ભક્તિ-યોગ (૧૯૧૮)
      - (૨) સંયમ અને ભક્તિમાર્ગ (૧૯૩૪).

નોંધ : કૌંસમાં જે તે કૃતિની પ્રથમ આવૃત્તિના પ્રકાશનનું વર્ષ ઇ.સ.માં દર્શાવ્યું છે.

અંબાલાલ પુરાણીના અનુવાદકાર્યમાં શ્રી અરવિંદના 'એસેઝ ઓન ધ ગીતા', 'ધ સીક્રેટ્સ ઓફ વેદ', 'લાઇફ ડિવાઇન', 'સીનોપેસિસ ઓફ યોગ' જેવા અત્યંત મહત્વના ગ્રંથોના ગુજરાતી અનુવાદોનો સમાવેશ થાય છે. શ્રી અરવિંદ દર્શનના એક પાયાના પુસ્તક 'ધ મધર'નો 'મા' નામે પુરાણીએ કરેલો અનુવાદ પણ વિશેષરૂપે ઉલ્લેખનીય છે. શ્રી અરવિંદ સ્વયં જો આ પુસ્તક ગુજરાતીમાં લખવા ધારે તો આ જ રીતે લખે એવી પ્રમાણભૂતતા એમાં પ્રગટી છે. 'સાવિત્રી'ના કેટલાક સર્ગોના ગદ્યાનુવાદ અને બાકીનાના ગદ્યસંક્ષેપાનુવાદનું એમનું પુસ્તક 'સાવિત્રી ગુંજન' બે ખંડોમાં (૧૯૬૪, ૬૫) હવે આપણા સઘન અધ્યયનનો વિષય બનશે.

સમગ્ર રીતે જોતાં અંબાલાલ પુરાણીએ ભાવાનુવાદો આપ્યા છે. એમાં એમનો મુખ્ય અભિગમ મૂળ કૃતિના અર્થના હસ્તાંતરણનો રહ્યો છે. એનાથી આપણું અનુવાદ સાહિત્ય સમૃદ્ધ બન્યું છે. પુરાણી પોતાના વિશિષ્ટ સાહિત્યિક પ્રદાન દ્વારા ગુજરાતના સૂક્ષ્મ જીવનનો ચિરંતન અંશ બની ચૂક્યા છે.

અનુવાદ અધ્યયન :-

આગાઉ આપણે પ્રકરણ-૧ માં દર્શાવ્યું છે એ મુજબ અંબાલાલ પુરાણીએ 'સાવિત્રી'ના કેટલાક સર્ગોના ગદ્ય અનુવાદો આપ્યા છે. તેમજ કેટલાક સર્ગોના વિશિષ્ટ અંશોના પદ્યાનુવાદો આપ્યા છે. એની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે :

પર્વ. ૧. સૃષ્ટિના આરંભનું પર્વ (The Book of Beginnings).

સર્ગ. ૧. પ્રતીકાત્મક ઉષા. (The Symbol Dawn).

૨. સમસ્યા- કોયડો. (The Issue)

3. રાજાનો યોગ : આત્માની મુક્તિનો યોગ. (The Yoga of the King: The Yoga of the Soul's Release).

૪. રહસ્યજ્ઞાન. (The Secret Knowledge).

૫. રાજાનો યોગ : આત્માની મુક્તિ અને મહિમાનો યોગ. (The Yoga of the King : The Yoga of the Spirit's Freedom and Greatness).

પર્વ ૨. વિશ્વભુવનોના યાત્રીનું પર્વ. The Book of the traveller of the worlds).

સર્ગ. 14. જગતનો અંતરાત્મા. (The world-Soul)

પર્વ 3. આદ્યશક્તિ - મા ભગવતીનું પર્વ. (The Book of the Divine Mother).

સર્ગ 4. ક્રાન્તદર્શન અને વરદાન. (The vision and the Boon.).

પર્વ ૪. જન્મ અને ખોજનું પર્વ. (The Book of Birth and Quest)

સર્ગ ૧. અગ્નિશિખાનો જન્મ અને બાલ્યાવસ્થા.
(The Birth and Childhood of the Flame).

સર્ગ ૨. અગ્નિશિખાનો ઉછેર.
(The Growth of the Flame).

સર્ગ 3. ખોજ માટે સાદ.
(The call to the Quest).

સર્ગ ૪. ખોજ.
(The Quest).

પર્વ ૫. પ્રેમનું પર્વ. (The Book of Love).

સર્ગ ૧. વિધિનિર્મિત મિલનસ્થાન.
(The Destined meeting-place).

સર્ગ ૨. સત્યવાન.
(Satyavan)

સર્ગ 3. સત્યવાન અને સાવિત્રી.
(Satyavan and Savitri).

પર્વ ૬. નિયતિનું પર્વ. (The Book of Fate).

સર્ગ ૨. વિધિની ગતિ અને દુઃખનો પ્રશ્ન.
(The way of Fate and the Problem of Pain)

પર્વ. ૭. યોગનું પર્વ. (The Book of Yoga).

સર્ગ. ૬. નિર્વાણ અને સર્વનો લય કરનાર નિરપેક્ષની શોધ. (Nirvana and the Discovery of the All-negating Absolute).

પર્વ. ૧૦. બેવડી સંધ્યાનું પર્વ. (The Book of the Double Twilight.)

સર્ગ. ૪. પાર્થિવ વાસ્તવિકતાની સ્વપ્નસંધ્યા. (The Dream Twilight of the Earthly Real).

આમ, પુરાણીએ 'સાવિત્રી'ના કુલ ૪૯ સર્ગોમાંથી ૧૭, પૃષ્ઠ સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો ૭૨૪ માંથી ૨૪૯ પૃષ્ઠોનો ગદ્ય અનુવાદ આપ્યો છે.

આ ઉપરાંત નીચે દર્શાવેલા સર્ગોના વિશિષ્ટ અંશોના પદ્યાનુવાદ પણ એમણે આપ્યા છે:

પર્વ. ૧. સૃષ્ટિના આરંભનું પર્વ (The Book of Beginnings).

સર્ગ. ૪. રહસ્યજ્ઞાન. (The Secret Knowledge.)

પૃષ્ઠ : 67 અને 69, થી 73.

પર્વ. ૩. આદ્યાશક્તિ- મા ભગવતીનું પર્વ. (The Book of the Divine mother.)

સર્ગ. ૪. દર્શન અને વરદાન (The vision and the Boon).

પૃષ્ઠ : 345.

પર્વ. ૪. જન્મ અને ખોજનું પર્વ. (The Book of Birth and Quest).

સર્ગ. ૩. ખોજ માટે સાદ. (The call to the Quest).

પૃષ્ઠ 372- 373.

આમ, 'સાવિત્રી'ના નવ પૃષ્ઠોના પદ્યાનુવાદ પ્રાપ્ત થાય છે. એમાં 'દર્શન અને વરદાન' સર્ગના પૃ. 345 ને બાદ કરતાં બાકીના તમામ પદ્યાનુવાદ ગદ્યાનુવાદ રૂપે પણ પ્રાપ્ત થાય છે. આમ, આપણને ગદ્ય, પદ્ય એમ બન્નેમાં એના અનુવાદો મળે છે.

આ તમામ અનુવાદોનું અધ્યયન આપણે બે તબક્કામાં કરીશું. સૌપ્રથમ ગદ્યાનુવાદોનું અધ્યયન અર્થસંક્રમણ અને ભાષાકર્મની દૃષ્ટિએ કરીશું. ત્યારબાદ પદ્યાનુવાદો અંગે કિંચિત્ વિચારણા કરીશું.

(I) ગદ્યાનુવાદ.

હમણાં જ આપણે જોયું તે અનુસાર પુરાણીએ 'સાવિત્રી'ના ૭૨૫ માંથી ૨૫૧ પૃષ્ઠ અર્થાત્ મૂળકૃતિના ત્રીજા ભાગનો ગદ્ય અનુવાદ આપ્યો છે. સૌપ્રથમ આપણે એના અર્થસંક્રમણની લાક્ષણિકતાઓનું અધ્યયન કરીએ.

(ક) અર્થસંક્રમણ.

બીજા પ્રકરણમાં પૂજાલાલના અનુવાદકાર્યની વિચારણા અર્થે આપણે જે પાંચ માપદંડો :

(૧) અર્થસીમિતતા
(૨) અર્થવિસ્તાર.
(૩) અર્થપરિવર્તન.
(૪) દુર્બોધતા અને
(૫) વિશિષ્ટ અર્થસંદર્ભ

સ્વીકાર્યા હતા એનો જ અત્રે વિનિયોગ કરીશું.

આ માપદંડોનો વિનિયોગ સૌપ્રથમ શબ્દ/શબ્દસમૂહની ભૂમિકાએ અને ત્યારબાદ પંક્તિ/શ્લોકની ભૂમિકાએ કરીશું.

I. શબ્દ/શબ્દસમૂહની ભૂમિકા.

અહીં આપણે પુરાણીએ કરેલા 'સાવિત્રી'ના ગદ્ય અનુવાદનું અધ્યયન સૌપ્રથમ કેપિટલ શબ્દ/શબ્દસમૂહના સંદર્ભે અને ત્યારબાદ અન્ય નોંધપાત્ર શબ્દ/શબ્દસમૂહ૦ સંદર્ભે કરીશું.

A. કેપિટલ શબ્દ / શબ્દસમૂહ :

અહીં આપણે અર્થસીમિતતા, અર્થવિસ્તાર, અર્થપરિવર્તન, દુર્બોધતા અને વિશિષ્ટ અર્થસંદર્ભ જેવા અગાઉ સ્વીકારેલા પાંચ માપદંડોના સંદર્ભે જ કેપિટલ શબ્દ/શબ્દસમૂહનું અર્થ-સંક્રમણ વિચારીશું. એ પૂર્વે ધ્યાનમાં રાખીએ કે ઉપર્યુક્ત પાંચ માપદંડો જડબેસલાક - water tight compartment - નથી. પરંતુ એમના સીમાડા ક્યારેક એકબીજામાં ભળી પણ જાય છે. અધ્યયનની સરળતા અર્થે જ આ વ્યવસ્થા આપણે સ્વીકારી છે.

હવે આપણે ક્રમશ: માપદંડોની વિચારણા કરીએ :

(૧). અર્થસીમિતતા :-

અર્થસીમિતતાનું એક નોંધપાત્ર દૃષ્ટાંત પ્રથમ પર્વના પાંચમા સર્ગમાંથી નીચે મુજબ પ્રાપ્ત થાય છે. અહીં અશ્વપતિ વિચાર કરનારી બુદ્ધિની શક્તિ અને નરી ક્રાન્તદૃષ્ટિ એ બેની વચ્ચે પડદારૂપે આવેલા માનવીના પ્રકાશિત મનને વટાવીને એક ગૂઢ ભૂમિકાની ગુફા આગળ આવી પહોંચે છે. અહીં અનેક અદ્ભુત વસ્તુઓ હોય છે. એનું આલેખન શ્રી અરવિંદે આ રીતે કર્યું છે :

> There is the Book of Being's index page,
> (74 : ૨૩).

એનો અનુવાદ પુરાણી આ મુજબ આપે છે :

> 'ત્યાં સત્ માત્રની અનુક્રમણિકા છે.' (પૃ.156).

'Book of Being'નો અનુવાદ અહીં કેવળ 'સત્ માત્ર' શબ્દરૂપે જ થયો છે. પૂજાલાલે એનો અનુવાદ 'સંભૂતિ ગ્રંથ' (113 : ૨૨) કર્યો હતો એ નોંધવું રહ્યું. અહીં મૂળનું કલ્પન પુરાણીના અનુવાદ-માં પૂરેપૂરું સ્પષ્ટ થતું નથી. પરિણામે અર્થસીમિતતા જોવા મળે છે.

અર્થસીમિતતાનું બીજું ધ્યાનાર્હ દૃષ્ટાંત દશમા પર્વના ચોથા સર્ગમાં પ્રાપ્ત થાય છે. અહીં સાવિત્રી યમ અને મૃત સત્યવાનની

સાથેસાથે પાર્થિવ વાસ્તવિકતાની સ્વપ્નસંધ્યાના પ્રદેશમાં આવી પહોંચે છે. આ પ્રદેશમાં ચિત્રવિચિત્ર મહાભયંકર સ્વર તેને સંભળાતા હતા. એમાં cyclopean voice નો પણ ઉલ્લેખ છે:
મૂળ પંક્તિઓ :-

A huge inhuman Cyclopean voice,
A Babel-builder's song towering to heaven,
A throb of engines and the clang of tools
Brought the deep undertone of labour's pain.
(642 : 6-9)

આ શ્લોકનો અનુવાદ પુરાણી નીચે મુજબ આપે છે:

" એક ભીષણ, અમાનુષી રાક્ષસનો હોય એવો સ્વર, ભાષાના ગોટાળાનો સ્વર્ગ પ્રત્યે આરોહણ કરતો મિનારો ચણનારનું સંગીત (ગાન), યંત્રોના ધડાકા અને ઓજારોના ખણખણાટ વગેરે દ્વારા માનવની મજૂરીના દર્દના સૂરો પણ તેને સંભળાતા હતા."
(પૃ. 547).

અહીં cyclopean voice (642:6) નો અનુવાદ 'રાક્ષસનો સ્વર' (547) કરવામાં આવ્યો છે. અહીં cyclopes સાથેનો ગ્રીક પુરાકથાનો સંદર્ભ સ્પષ્ટ થતો નથી. આ cyclopean અંગે રેન્ડ કિંકરા 'Savitri Dictionary' માં કહે છે:
'Resembling the monstrosity of the cyclopes, a race of one-eyed Giants in Greek mythology who forged Zeus's thunderbolts'.*[૨] આમ, અહીં મૂળ સંદર્ભમાં સીમિતતા જોવા મળે છે. આ સીમિતતા અનૂદિત કૃતિમાં મૂળનો પૂરો ભાવ પ્રગટાવવામાં વ્યવધાનરૂપ બની રહે છે. આ સિવાય અર્થસીમિતતાના પ્રતિનિધિરૂપ નોંધપાત્ર અન્ય દૃષ્ટાંતો નીચે મુજબ છે:

પર્વ/સર્ગ		અનૂદિત શબ્દ/સંદર્ભ	મૂળ શબ્દ / સંદર્ભ
I	5.	Circean wonderland (૪૬:૨૨)	મદુઈ પ્રદેશ (૧૭૨)

પર્વ/સર્ગ. અનૂદિત શબ્દ/સંદર્ભ. મૂળ શબ્દ/સંદર્ભ.

VII ૯. Omnipotent Nihil (549:18). શૂન્ય (505).

વિસ્તારભયે ઉપર્યુક્ત દૃષ્ટાંતોની વિગતે ચર્ચા કરી નથી.

(૨). અર્થવિસ્તાર :-

અર્થની વિશેષ સ્પષ્ટતા અર્થે અનુવાદક ક્યારેક અર્થ-વિસ્તારનું વલણ દાખવે છે. પ્રથમ પર્વના પ્રથમ સર્ગમાં સાવિત્રીની આંતરસ્થિતિનું આલેખન કરતી નીચેની પંક્તિઓમાં કેપિટલ શબ્દસમૂહમાં જોવા મળતો અર્થવિસ્તાર ઉલ્લેખનીય છે:

A vaster Nature's joy had once been hers,

(6:27).

એનો અનુવાદ પુરાણી આ મુજબ આપે છે :

'માનવપ્રકૃતિથી ક્યાંયે વિશાળ એવી કોઈ દિવ્ય પ્રકૃતિનો ભૂમાનંદ એકવાર સાવિત્રીને માટે સાહજિક હતો.'

(પૃ.૫૮).

vaster Nature's joy (6:27). માટે 'માનવપ્રકૃતિથી વિશાળ એવી દિવ્યપ્રકૃતિનો ભૂમાનંદ' (૫૮) અનુવાદ થયો છે. મૂળ કૃતિના 'joy' શબ્દ માટે અહીં 'ભૂમાનંદ' પ્રયોજાયો છે તે ધ્યાનાર્હ છે. સામાન્યરીતે 'ભૂમા' સંજ્ઞા દેશકાળ આદિ વસ્તુની મર્યાદાથી જે પર છે તે, પરમ આનંદસ્વરૂપ - પરમાત્મા, આનંદ બ્રહ્મ માટે પ્રયોજાય છે. આમ, મૂળ ભાવનો પ્રસ્તુત અનુવાદમાં અર્થવિસ્તાર થાય છે.

અર્થવિસ્તારનું બીજું નોંધપાત્ર દૃષ્ટાંત પ્રથમ પર્વના ત્રીજા સર્ગમાંની નીચેની પંક્તિઓમાં જોવા મળે છે:

The treasure was found of a supernal Day.

(41:34).

એનો અનુવાદ આ પ્રમાણે પ્રાપ્ત થાય છે :

"એક પરાત્પર જ્ઞાનસૂર્યનો જેમાં ઉદય થયો હતો એવી અખંડ દિનરૂપી દિવ્ય સંપત્તિ પ્રાપ્ત થઈ."
(પૃ. ૧૦૬).

'Supernal Day' (41:34) નો પૂરો ભાવાર્થ પ્રગટાવવા માટે અનુવાદકે 'પરાત્પર જ્ઞાનસૂર્યનો ઉદય જેમાં થયો છે એવો અખંડ દિન.' રૂપે અહીં મૂળ અર્થનો વિસ્તાર કર્યો છે.

પ્રસ્તુત 'સાવિત્રીગુંજન'માં અર્થવિસ્તારની ઘટના વ્યાપકપણે પ્રમાણી શકાય છે. વિસ્તારભયે એનાં કેટલાંક પ્રતિનિધિરૂપ દૃષ્ટાંતોનો જ અત્રે નિર્દેશ કર્યો છે :

પર્વ/સર્ગ.		અનૂદિત શબ્દ/સંદર્ભ.	મૂળ શબ્દ/સંદર્ભ.
I	3	અમર દિવ્ય સંકલ્પના અગ્નિની શિખા. (100)	Immortal's flame (35:8)
III	4	એકમેવાદ્વિતીય જગદંબા (૨૮૫)	One (334:૨૭).

(3). અર્થપરિવર્તન :

પ્રસ્તુત અનુવાદમાં અર્થપરિવર્તનની પ્રક્રિયા પણ સારા એવા પ્રમાણમાં જોવા મળે છે. પ્રથમ પર્વના પાંચમા સર્ગમાં એનું એક નોંધપાત્ર દૃષ્ટાંત ઉપલબ્ધ થાય છે. એની મૂળ પંક્તિ આ મુજબ છે :

The prophet-passion of a seeing mind,
(84:૨).

અહીં 'seeing mind'નો ગુજરાતી અનુવાદ પુરાણી 'ક્રાન્તદર્શી ઋષિ' (૧૬૪) આપે છે. બાકી seeing mindનો અર્થ 'દૃષ્ટા મન' થાય છે. આમ, અહીં અર્થપરિવર્તન જોવા મળે છે.

અર્થ પરિવર્તનનું બીજું નોંધપાત્ર દૃષ્ટાંત બીજા પર્વના ચૌદમા

સર્ગ 'વિશ્વનો આત્મા'માં મળી આવે છે. અહીં વિશ્વાત્માનું આલેખન શ્રી અરવિંદ આ રીતે કરે છે :

> Infinite, coeval with the mind of God,
> It bore within itself a seed, a flame
> A seed from which the Eternal is new-born,
> A flame that cancels death in mortal things.
>
> (૨૭૧:16-19).

એનો પુરાણીએ કરેલો ગુજરાતી અનુવાદ આ મુજબ છે :

"ઇશ્વરની મનીષા સાથે જ જન્મ લીધેલો હોઇ એ વિશ્વાત્મા અનંત છે અને પોતાની અંદર તે એક બીજ, એક અગ્નિશિખા ધારણ કરે છે, એ બીજમાંથી શાશ્વત પોતે નવજન્મ ધારણ કરે છે, એ અગ્નિશિખા મર્ત્ય વસ્તુઓના મૃત્યુનો છેદ ઉડાવી દે છે, તેને નહિવત્ કરી મૂકે છે."

(પૃ. ૨૬૧).

અહીં 'mind of God' (૨૭૧:16) નો અનુવાદ 'ઇશ્વરની મનીષા' (૨૬૧) પ્રાપ્ત થાય છે. મનીષા શબ્દ સામાન્યતયા: પુરાણી Idea ના અનુવાદ તરીકે પ્રયોજે છે. 'mind' માટે 'મનીષા' શબ્દનો વિનિયોગ અર્થપરિવર્તન દર્શાવે છે. અર્થપરિવર્તનના અન્ય પ્રતિનિધિરૂપ દૃષ્ટાંતો નીચે મુજબ પ્રાપ્ત થાય છે :

પર્વ/સર્ગ.	મૂળ શબ્દ / સંદર્ભ.	અનુવાદ / સંદર્ભ.
I 1.	vision (4:6)	દિવ્યમૂર્તિ (54).
I 5	Oversoul. (88:13)	દિવ્ય આત્મા (175).

'સાવિત્રી' જેવી વ્યંજનાસભર કૃતિની એક જ વાચનાના અનુવાદકે અનુવાદકે અનેકાધિક અર્થઘટનો પ્રાપ્ત થાય એ સ્વાભાવિક છે. અર્થપરિવર્તન માટે આ પણ એક જવાબદાર કારણ છે.

(૪) દુર્બોધતા :-

અનુવાદમાં મૂળ ભાવાર્થ પ્રગટાવવા જતાં ક્યારેક દુર્બોધતા પણ પ્રવેશી જાય છે. ખાસ કરીને જ્યારે અન્ય સંસ્કૃતિના સંદર્ભોનો

વિનિયોગ પયો હોય અને એ અંગે આપણો ભાવક અનભિજ્ઞ હોય ત્યારે દુર્બોધતા સર્જાતી હોય છે. એનું ધ્યાનાર્હ દૃષ્ટાંત ત્રીજા પર્વના 'દર્શન અને વરદાન' નામના ચોથા સર્ગમાંથી પ્રાપ્ત થાય છે. એનો મૂળ સંદર્ભ આ પ્રમાણે છે :

The grey-hued riddling nether shadow-Sphinx,
(336 : ૨૧).

અહીં 'Shadow-Sphinx' (336:૨૧) નો ગુજરાતી અનુવાદ પુરાણી 'સ્ફિંક્સ નામનું હિંસક પશુ' (૨૬૬) તરીકે આપે છે. અહીં સ્ફિંક્સ સાથે સંકળાયેલો ગ્રીક પુરાકથાનો સંદર્ભ સ્પષ્ટ થતો નથી. પરિણામે દુર્બોધતા આવે છે. અનુવાદક ક્યારેક પાદટીપમાં આવશ્યક નોંધ દ્વારા આવા સંદર્ભો સ્ફુટ કરી આપવાનું વલણ પણ દાખવે છે. આવી નોંધ 'સાવિત્રી ગુંજન'ના પૃષ્ઠ ૬૬૩ પર 'સેટીરના અંગો' સંદર્ભે આપી છે. એની વિગતે ચર્ચા આગળ ઉપર યથાસ્થાને કરી છે.

દુર્બોધતાનું બીજું દૃષ્ટાંત દશમા પર્વના ચોથા સર્ગમાંના નીચેના સંદર્ભમાં જોવા મળે છે :

A huge inhuman Cyclopean Voice,
A Babel-builder's song towering to heaven,
A throb of engines and the clang of tools
Brought the deep undertone of labour's pain.
(642 : 6-9)

આ શ્લોકનો અનુવાદ પુરાણી નીચે મુજબ આપે છે :

"એક ભીષણ, અમાનુષી, રાક્ષસનો હોય એવો સ્વર, ભાષાના ગોટાળાનો સ્વર્ગ પ્રત્યે આરોહણ કરતો મિનારો ચણનારનું સંગીત (ગાન), યંત્રોના ધડાકા અને ઓજારોના ખણખણાટ વગેરે દ્વારા માનવની મજૂરીના દર્દના સૂરો પણ તેને સંભળાતા હતા." (પૃ. 547).

અહીં 'Babel-builder's song' (642:7) માં બાઇબલનો સંદર્ભ રહેલો છે. બાઇબલના 'ઉત્પત્તિ' પુસ્તકના ૧૧ મા અધ્યાયરૂપે*3

'બાબિલના મિનારાની કથા પ્રાપ્ત થાય છે. એ અનુસાર આરંભમાં આખી પૃથ્વી ઉપર એક જ ભાષા હતી. લોકો સરખા જ શબ્દો વાપરતા હતા. તેઓ પૂર્વમાંથી આગળ વધીને શિનારના મેદાનમાં આવી પહોંચે છે. અને પૃથ્વી ઉપર વેરવિખેર ન થઈ જવાય એ માટે એક શહેર અને એમાં એક ગગનચુંબી મિનારો બાંધવા માગતા હોય છે. આ વખતે પ્રભુ ત્યાં ઉતરી આવે છે અને લોકોની ભાષાને ગૂંચવી કાઢે છે. એમને આખી પૃથ્વી પર વિખેરી કાઢે છે. બાઈબલનો આ સંદર્ભ અહીં સ્ફુટ થતો નથી. પરિણામે અનુવાદમાં દુર્બોધતા જોવા મળે છે.

આ સિવાય નીચે દર્શાવેલા શબ્દ સમૂહોમાં પણ દુર્બોધતા રહેલી છે. વિસ્તારભયે એની વિગતે ચર્ચા કરી નથી.

પર્વ/સર્ગ.	મૂળ શબ્દ/સંદર્ભ.	અનૂદિત અર્થ/સંદર્ભ.
VI : ૨	centaur's shirt (447:3)	સેન્ટોરનું પહેરણ (430)
VI : ૨	stoic (452:30)	તિતિક્ષાવાદી સ્ટોઈક્સ (438)

આમ, સાંસ્કૃતિક સંદર્ભોનું જ્યાં પર્યાપ્ત રૂપાંતરણ થયું ન હોય ત્યાં દુર્બોધતા પ્રવેશવાની શક્યતા સવિશેષ રહેલી છે.

(૫). વિશિષ્ટ અર્થસંદર્ભ :

મૂળકૃતિના કેપિટલ શબ્દ/શબ્દ સમૂહના અર્થ માટે અનુવાદક ક્યારેક વિશિષ્ટ અર્થસંદર્ભ ધરાવતો શબ્દ પ્રયોજે છે. ઉદાહરણ તરીકે ત્રીજા પર્વના ચોથા સર્ગમાં મા ભગવતી અદિતિ ચિતિને કહે છે :

Let not the impatient Titan drive thy heart,
(341:5)

એનો ગુજરાતી અનુવાદ પુરાણી આ મુજબ આપે છે :

"અધીર દસ્યુ તારા અંતરને ગમે ત્યાં દોરી ન જાય તેની સંભાળ રાખજે." (પૃ.૨૧૮).

અહીં 'impatient Titan' (૩૫૧:૫) માટે 'અધીર દસ્યુ' (૨૧૬) અનુવાદ પ્રાપ્ત થાય છે. Titan સાથે ગ્રીક પુરાકથાનો સંદર્ભ રહેલો છે. એ મુજબ 'એક મોટો કદાવર જાતિનું માણસ કે પ્રાણી; કદ, બુદ્ધિ, શક્તિમાં શ્રેષ્ઠ વ્યક્તિ; નરવ્યાઘ્ર; નરસિંહ'*4 આ 'ટાઇટન' માટે પુરાણીએ 'દસ્યુ' સંજ્ઞા પ્રયોજી છે. આ સંસ્કૃત સંજ્ઞા 'અતિપ્રાચીન કાલમાં ગણાયેલી આર્યેતર જાતિ અને એનો પુરુષ, દાસ' માટે પ્રયોજાય છે. એનો લક્ષ્યાર્થ 'ચોર, લૂંટારો'*5 પ્રાપ્ત થાય છે. આમ, Titan 'માટે 'દસ્યુ' શબ્દના પ્રયોગથી એનો વિશિષ્ટ અર્થ-સંદર્ભ ઊઘડે છે.

આવું બીજું રસપ્રદ દૃષ્ટાંત સાતમા પર્વના છઠ્ઠા સર્ગમાં પ્રાપ્ત થાય છે:

And matter is the Spirit's willing bride.
(538:7)

અહીં 'Spirit's willing bride' નો ગુજરાતી અનુવાદ 'ચેતન-સ્વરૂપ આત્મતત્ત્વ માટે ઉત્સુક માશુક' (૪૮૭) પ્રાપ્ત થાય છે. અહીં 'bride' - નવવધૂ, તાજી પરણેલી કે પરણનાર સ્ત્રી -*6 માટે પ્રયોજાયેલ અરબી શબ્દ 'માશૂક' ધ્યાનપાત્ર છે. અરબીમાં આ શબ્દ 'પ્રિયા, પ્રિયતમા, વહાલી સ્ત્રી, પ્યારી સ્ત્રી'*7 માટે પ્રયોજાય છે. સૂફી મત પ્રમાણે એનો અર્થ સ્ત્રીભાવે પરમાત્મા / અલ્લાહ થાય છે. માશૂક સાથે લગ્નનો સંદર્ભ નથી. પરંતુ આ દ્વારા અનુવાદક મૂળના વિશિષ્ટ અર્થસંદર્ભને સ્ફુટ કરવા પ્રયત્ન કરે છે જે કેટલેક અંશે ચિંત્ય બની રહે છે.

આ સિવાય પણ વિશિષ્ટ અર્થસંદર્ભ ધરાવતા અનેક શબ્દો પ્રસ્તુત અનુવાદમાં પ્રાપ્ત થાય છે. વિસ્તારભયે એની ચર્ચા ન કરતાં કેવળ નિર્દેશ જ કર્યો છે:

પર્વ/સર્ગ		મૂળ શબ્દ / સંદર્ભ	અનૂદિત શબ્દ / સંદર્ભ
I	4	Nescience (64:24)	પ્રતિચિત્ત (143)
II	14	Alone. (૨૧૫:17)	એકમેવાદ્વિતીય પરાત્પર (૨66)

* અર્થસંક્રમણ માટે અનુવાદક સાંસ્કૃતિક રૂપાંતરણ જેવી પ્રયુક્તિનો અર્થક્ષમ વિનિયોગ કરે છે. અત્રે એની વિગતે ચર્ચા ન કરતાં આવા કેપિટલ શબ્દ / શબ્દસમૂહોનો કેવળ સંકેત જ કર્યો છે :

પંક્તિ/સર્ગ.		મૂળ શબ્દ / સંદર્ભ.	અનૂદિત શબ્દ / સંદર્ભ.
I	3	Architect (41:3)	વિશ્વકર્મા (108)
I	5	Herculean toil (75:17)	ભગીરથ કાર્ય (157)
I	5	Opening verse of tragedy of Time (75:35)	કાળની કરુણાંતક નાટિકાનું નાંદીવચન. (157)
III	4	Muse (345:17)	વાગીશ્વરી (302)
VI	2	Rapturous Dancer (454:11)	આનંદમય નૃત્ય કરી રહેલ નટરાજ (440)

એક જ શબ્દનો અનેકાધિક સ્થાને થયેલો વિનિયોગ વિવિધ અર્થસંદર્ભો પ્રગટાવે છે. આમ પ્રકરણમાં પૂજાલાલના અનુવાદકાર્ય સંદર્ભે 'God' શબ્દની વિચારણા કરી હતી. અત્રે એ જ શબ્દના અંબાલાલ પુરાણીના અનુવાદમાં પ્રાપ્ત થતાં વિવિધ અર્થો જોઈએ :

God :

પર્વ/સર્ગ		મૂળ સંદર્ભ	અનૂદિત શબ્દ /સંદર્ભ.
I	1	1:1	દેવતાઓ (49).
I	1	3:11	પ્રભુ (52)
I	1	8:20	ભગવાન (62)
I	3	37:15	ઈશ્વર (96)
I	3	43:19	પ્રભુતા (111)
I	5	77:1	અંતરમાં વસતી આત્માની જ્યોતિ. (159)

God

પંક્તિ/સર્ગ.	મૂળ સંદર્ભ	અનૂદિત શબ્દ/સંદર્ભ.
V 3	406:6.	દિવ્યચેતના (૩૧૧).
VI ૨	458:33	અંતર્યામી (446)
X 4	652:1	ઈશ્વરની સૃષ્ટિ (563)
X 4	656:11	ઈશ્વરનું સ્વરૂપ (570)

અહીં મોટેભાગે અનૂદિત શબ્દ પ્રથમવાર જે સ્થાને પ્રયોજાયો હોય તેનો નિર્દેશ કરવાનું વલણ રાખ્યું છે. અહીં 'God' માટે પ્રયોજાયેલા 'અંતરમાં વસતી આત્માની જ્યોતિ'(151), 'ઈશ્વરની સૃષ્ટિ' (563), 'ઈશ્વરનું સ્વરૂપ'(570) જેવા શબ્દપ્રયોગો વિશેષરૂપે ધ્યાનાર્હ છે. 'God' માટે પ્રયોજાયેલી 'દેવ' સંજ્ઞા પુરાણીએ Immortal (૭:3) દેવો (62); God head (47:1)- પ્રભુ (116); Divine (35:20) પ્રભુ (100); All-mighty (41:16) પ્રભુ (108); Eternal (75:32) પ્રભુ (157); Heaven (374:36) પ્રભુ (347) Lord (656:28) પ્રભુ (571) માટે પણ પ્રયોજી છે. આમ, એક શબ્દનો વિશિષ્ટ અર્થસંદર્ભ બીજા શબ્દ સાથે ભળી જાય છે. પરિણામે અર્થસંદિગ્ધતાનો વિચારણીય પ્રશ્ન ઉપસ્થિત થાય છે. પરંતુ વિસ્તારભયે એની વિગતે છણાવટ કરી નથી.

B. કેપિટલ સિવાયના શબ્દ/શબ્દસમૂહો.

કેપિટલ સિવાયના શબ્દ/શબ્દસમૂહોમાં પણ અર્થસંક્રમણ સંદર્ભે અર્થસીમિતતા, અર્થવિસ્તાર, અર્થપરિવર્તન, દુર્બોધતા અને વિશિષ્ટ અર્થસંદર્ભના દૃષ્ટાંતો પ્રમાણી શકાય છે. અત્રે એની વિગતે ચર્ચા ન કરતાં કેવળ નિર્દેશ કરવાનો જ ઉપક્રમ રાખ્યો છે:

(૧) અર્થસીમિતતા :

પર્વ/સર્ગ. મૂળ શબ્દ / સંદર્ભ. અનૂદિત શબ્દ/સંદર્ભ.

I 4 holier influence (48:૨1) પાવનકારી હવા (૧૧૧).

X 4 last supreme ascent (659:૨1) આખરી ચઢાણ (575)

(૨) અર્થવિસ્તાર :

VII 6 body's thoughts (540:૪) શારીરિક (અન્નમય) ચેતનાના વિચારો (૪૧૨)

X 4 game divine (653:૨6) દિવ્ય ભાગવત લીલા. (566).

(3) અર્થપરિવર્તન :

I 1. flame (3:33) ઉષ્મા (53).

I 3 thought (૨8:3) ભાવના (૭0)

(૪) દુર્બોધતા :

I 4 swimmer (66:14) તારો (145).

III 4 plasm (338:6) રક્તનો પ્રવાહ (૨૧0).

(૫) વિશિષ્ટ અર્થસંદર્ભ :

I 3 primal ignorance (30:11) અસ્તુસ્ફૂલ અજ્ઞાન. (૧3)

I 5 all-seeing speech (૭0:31) પશ્યંતી વાચા (178)

IV ૨ leap (363:18) વાહોમભાવ (3૨૧).

* સાંસ્કૃતિક રૂપાંતરણ: અર્થસંક્રમણની પ્રયુક્તિ લેખે-.

પર્વ/સર્ગ.		મૂળ શબ્દ/સંદર્ભ.	અનૂદિત શબ્દ/સંદર્ભ.
I	5	Script of destiny (૮૩:૫)	છઠ્ઠીના લેખ. (૧૬૭)
V	1	centaur (૩૯૦:૧૩)	કિન્નર (૩૬૯).
X	4	ever seated soul (૬૫૩:૨૧)	સદા સ્થિતપ્રજ્ઞ આત્મા. (૫૬૬).

આમ, કેપિટલ યુક્ત અને એ સિવાયના શબ્દો/શબ્દસમૂહોમાં અર્થસંક્રમણના અનેક મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ઉપસ્થિત થાય છે. એમાં અનુવાદક અને ભાષાસ્વયંની સજગતાની, સર્જકતાની કસોટી થાય છે.

II પંક્તિ/શ્લોકની ભૂમિકાએ અર્થસંક્રમણ.

હવે આપણે આ જ પદ્ધતિ અનુસાર પંક્તિ/શ્લોકની ભૂમિકાએ અર્થસંક્રમણની તપાસ કરીએ. આ તપાસ - (૧) અર્થસીમિતતા; (૨) અર્થવિસ્તાર; (૩) અર્થ પરિવર્તન; (૪) દુર્બોધતા અને (૫) વિશિષ્ટ અર્થસંદર્ભે કરીશું.

(૧). અર્થસીમિતતા:

પંક્તિ/શ્લોકના સ્તરે અર્થસીમિતતાનું એક નોંધપાત્ર ઉદાહરણ 'સાવિત્રી'ના પ્રથમ પર્વ - 'આરંભોના પર્વ'ના ચોથા સર્ગ 'રહસ્યજ્ઞાન'માં પ્રાપ્ત થાય છે. અહીં પુરુષ અને પ્રકૃતિની લીલાનું આલેખન શ્રી અરવિંદે નીચે દર્શાવ્યા મુજબ કર્યું છે:

He runs upon her roads; hers is his course
(૬૩:૨૮)

આનો ગુજરાતી અનુવાદ પુરાણી આ રીતે આપે છે:

'પુરુષની દોડ પ્રકૃતિની જ હોય છે;'
(141).

અહીં જોઈ શકાશે કે મૂળ કૃતિના શ્લોકમાં એક જ પંક્તિમાં બે વિધાનો એક મહાવિરામથી અલગ કરાઈને રજૂ થયેલાં છે. એ બન્ને ચોક્કસ અર્થ ધરાવે છે. હા, એમાં અર્થસામ્ય જરૂર છે. પરંતુ ગુજરાતીમાં તો આ બે વિધાનોના તાત્પર્યાર્થ લેખે એક જ વિધાનમાં અનુવાદ આપવામાં આવ્યો છે. આમ, અહીં ઊડીને આંખે વળગે એવી અર્થ સીમિતતા જોવા મળે છે.

'પ્રેમનું પર્વ' તરીકે ઓળખાતા 'સાવિત્રી'ના પાંચમા પર્વના ત્રીજા સર્ગ - 'સત્યવાન અને સાવિત્રી'માં સત્યવાન જ્યારે સાવિત્રીને પોતાનો પરિચય આપે છે તે સમયની એની ઉક્તિ અર્થસીમિતતાના સંદર્ભે જોઈએ :

In days when yet his sight looked clear on life,
King Dyumathsena once, the Salva, Reigned
Through all the tract which from behind these tops
Passing its days of emerald delight (403:13)
In trusting converse with the traveller winds
Turns, looking back towards the southern heavens,
And leans its flame upon the musing hills. (403:16)
(403:10-16).

હવે ઉપર્યુક્ત શ્લોકનો અંબાલાલ પુરાણીકૃત અનુવાદ જોઈએ :

"જ્યારે શાલ્વ વંશના રાજા દ્યુમત્સેનની દૃષ્ટિ જીવન પર ફરતી હતી, ત્યારે આ પર્વતોની પેલી તરફ આવેલા પ્રદેશના ઉપર તેનું રાજ્ય હતું' (પૃ. ૩૬૭).

અહીં જોઈ શકાશે કે મૂળ 'સાવિત્રી'માં ઉક્તિની જે આલંકારિતા છે તે અનુવાદમાં સંક્રમણ પામી નથી. ગુજરાતી અનુવાદમાં તો એનો કેવળ ભાવસંક્ષેપ જ રજૂ થયો છે. આવું વલણ પુરાણીના અનુવાદમાં અનેક સ્થાને જોવા મળે છે.

આમ પુરાણીના અનુવાદમાં મૂળ કૃતિના અર્થની સીમિતતા અનેક સ્થળે પ્રાપ્ત થાય છે.

(૨) અર્થવિસ્તાર :-

અનુવાદક મૂળકૃતિના ભાવાર્થને સુસ્પષ્ટ રીતે લક્ષ્યભાષામાં સંક્રમિત કરવા માટે અર્થવિસ્તાર કરવાનું વલણ દાખવે છે. તેઓ પોતાના તરફથી ક્યારેક કોઈ અલંકાર દ્વારા કે પૂર્વાપર સંદર્ભમાં ઉમેરણ દ્વારા વિસ્તાર કરીને આ સ્પષ્ટતા આણતા હોય છે.

'સાવિત્રી'ના ત્રીજા પર્વના ચોથા સર્ગમાં અશ્વપતિને ભગવતી શ્રીમાતા જે ઉદ્બોધન કરે છે તેની નીચે દર્શાવેલી ઉક્તિમાં અર્થવિસ્તાર થયેલો જોઈ શકાય છે.

Cease not from Knowledge, let thy toil be vast,
(340:33)

હવે એનો ગુજરાતી અનુવાદ જોઈએ :

'જ્ઞાનથી વિરત ન થાતો, જ્ઞાનનો યજ્ઞ બંધ કરતો નહિ, ઉદાર પ્રયાસી બન.' (પૃ.૨૧૫).

અહીં જોઈ શકાશે કે 'જ્ઞાનનો યજ્ઞ બંધ કરતો નહિ' એ અનુવાદક તરફથી અર્થની સ્પષ્ટતા અર્થે થયેલું ઉમેરણ છે. પરિણામે મૂળ ભાવાર્થ વિશેષરૂપે સ્પષ્ટ થાય છે.

અર્થવિસ્તારનું બીજું નોંધપાત્ર દૃષ્ટાંત ચોથાપર્વના 'ખોજ' નામના ચોથા સર્ગમાંથી પ્રાપ્ત થાય છે. શ્રી અરવિંદ કહે છે :

Nothing we think or do is void or vain;
Each is an energy loosed and holds its course.
(378:7,8).

એનો ગુજરાતી અનુવાદ ધ્યાનાર્હ છે :

'આપણે જે કાંઈ વિચારીએ કે કરીએ છીએ તેમાંથી કશુંય શૂન્યાત્મક કે નિરર્થક હોતું નથી; પ્રત્યેક ક્રિયા એટલે બાણમાંથી તીરની પેઠે છૂટેલી શક્તિ અને તે પોતાની ગતિની દિશા મેળવે છે.'
(પૃ.351).

અહીં પ્રત્યેક ક્રિયા એક પ્રકારની વિમુક્ત થયેલી શક્તિ છે અને તે પોતાની ગતિની દિશા બતાવે છે. એ અર્થની સ્પષ્ટતા અર્થે અનુવાદકે 'બાણમાંથી તીરની પેઠે છૂટેલી શક્તિ'ની ઉપમા પ્રયોજી છે. અહીં એક સવાલ થાય કે બાણમાંથી તીરની પેઠે શક્તિ છૂટે ? કે પછી ધનુષમાંથી તીરની પેઠે શક્તિ છૂટે?

ક્યારેક આવી ઉપમાઓ કે અન્ય અલંકારો પ્રયોજ્યા વગર પણ અર્થવિસ્તાર થતો જોવા મળે છે. 'સાવિત્રી'ના પ્રથમ સર્ગના ચોથા સર્ગમાંનું એક દૃષ્ટાંત આ સંદર્ભે અવલોકનીય છે

This bodily appearance is not all;
The form deceives, the person is a mask;
Hid deep in man celestial powers can dwell.
(૨૩:૧૨-૧૪)

ગુજરાતી અનુવાદ :

આ જે સ્થૂલ શરીર દેખાય છે તે કાંઈ આખો માનવ નથી. રૂપ તો છેતરે છે. માનવની વ્યક્તિતા તો છળવેશ છે, બહુરૂપીનું મોરું છે, માનવના અંતરના અગાધ ઊંડાણમાં દિવ્ય શક્તિઓનો વાસ હોઈ શકે છે. (૬૩).

આમ, અહીં જોઈ શકાશે કે પ્રાસાદિક રીતે અર્થ સંક્રમણ થયું છે. અને એ માટે અર્થનો વિસ્તાર એક નોંધપાત્ર કારણ બની રહે છે.

(૩) અર્થપરિવર્તન:

પંક્તિ અને શ્લોકના સ્તરે મૂળ કૃતિનો ભાવાર્થ અનુવાદની ભાષામાં સંક્રમિત કરવા જતાં અર્થપરિવર્તનના પણ અનેક દૃષ્ટાંતો પ્રાપ્ત થાય છે. 'સાવિત્રી'ના પ્રથમ પર્વના પ્રથમ સર્ગમાં નીચેની પંક્તિમાં જોવા મળતું અર્થપરિવર્તન નોંધપાત્ર છે:

Dawn built her aura of magnificent hues
(4:3)

એનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે :

'ભવ્ય રંગોના આભાચક્ર વડે ઉષાએ પોતાનો દેહ ઢાંક્યો.
(પૃ.૪).

અહીં ઉષાએ ભવ્ય રંગોનું આભાચક્ર રચ્યું એવા અર્થને બદલે ઉષાએ ભવ્ય રંગોના આભાચક્ર વડે પોતાનો દેહ ઢાંક્યો અર્થ પ્રાપ્ત થાય છે. 'Built' ક્રિયાપદનો અનુવાદ પુરાણી ઢાંકવાના અર્થસંદર્ભે કરે છે. પરિણામે આ પરિવર્તન જોવા મળે છે:

'સાવિત્રી'ના પ્રથમ પર્વના બીજા સર્ગમાં અર્થપરિવર્તનનું સચોટ દૃષ્ટાંત પ્રાપ્ત થાય છે.

In her the superhuman cast its seed.
(૧૯:૭).

ગુજરાતી અનુવાદ :-

'સાવિત્રીમાં તો લોકોત્તર સત્યનું બીજ હતું.
(પૃ.૭૪).

અહીં મૂળ પંક્તિનો અર્થ 'સાવિત્રીમાં અતિમાનવે પોતાનું' બીજ બોયું એવો પ્રાપ્ત થઈ શકે. એને બદલે પુરાણી સાવિત્રીમાં લોકોત્તર સત્યનું બીજ હતું એવો અનુવાદ આપે છે. અહીં બીજના વિશેષણ તરીકે લોકોત્તર સત્ય સંજ્ઞાઓ પ્રયોજાઈ છે. પણ આ બીજને રોપનાર કોણ છે તેનો કશો નિર્દેશ અનુવાદમાંથી પ્રાપ્ત થતો નથી. પરિણામે મૂળ કૃતિનો પૂરો અર્થ પ્રગટતો નથી એ નોંધવું રહ્યું.

અર્થપરિવર્તન સંદર્ભે 'સાવિત્રી'ના પ્રથમ પર્વના ત્રીજા સર્ગની નીચેની પંક્તિઓ જોવી રહી:

Life's barriers opened into the Unknown.
(૨૫:૨૫).

એનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે :

'જીવનની બધી બાધાઓ દૂર થઈ ગઈ, ચારે બાજુ અજ્ઞાતનો સ્પર્શ થયો.' (પૃ. ૬૩).

અહીં મૂળ અર્થ તો 'જીવનની સઘળી મર્યાદાઓ અજ્ઞાતમાં ઉઘડી ગઈ અર્થાત્ સમાપ્ત થઈ ગઈ' એવો છે. જ્યારે પુરાણી 'ચારેબાજુ અજ્ઞાતનો સ્પર્શ થવાનો અર્થ આપે છે. આમ, જે અર્થનું પરિવર્તન જોવા મળે છે તે ચિંત્ય છે.

'સાવિત્રી' જેવી વ્યંજનાસભર કૃતિ માટે આવાં એકાધિક અર્થઘટનો સામાન્ય બાબત છે. એમાં જ એની મહત્તા રહેલી છે. એ પણ નોંધપાત્ર છે.

૯૪). અર્થદુર્બોધતા :

ક્યારેક અનુવાદમાં અર્થ દુર્બોધ બની જતો પણ જોવા મળે છે. 'સાવિત્રી'ના પ્રથમ પર્વના પ્રથમ સર્ગની નીચેની પંક્તિઓના અનુવાદમાં અર્થદુર્બોધતા જોઈ શકાય છે:

As one who watching over men left behind
Takes up the load of an unwitting race,
(8 : 10-11).

આનો અનુવાદ પુરાણી નીચે મુજબ આપે છે:

'અંધદશામાં અટવાતા માણસોને જોનાર પોતે દેખતો હોઈ અજ્ઞાનમાં રહેલી (અંધ) માનવ જાતિનો ભાર વહન કરવાનું સ્વીકારી લે એવું સાવિત્રીનું પણ હતું. (૬૧).

અહીં વાક્ય સંકુલ બની જતાં એ દ્વારા સૂચવાતો અર્થ દુર્બોધ બની રહે છે.

અર્થદુર્બોધતાનું બીજું નોંધપાત્ર દૃષ્ટાંત પ્રથમ પર્વના ત્રીજા સર્ગની નીચેની પંક્તિઓમાં મળી આવે છે:

Along a naked curve in boundless self
The points that run through the closed heart of things

Shadowed the indeterminable line
That carries the Everlasting through the years.
(40:4-7).

ઉપર્યુક્ત શ્લોકનો ગુજરાતી અનુવાદ જોઈએ :

'અંત વગરના આત્માના અનાવૃત્ત વળાંકમાં વસ્તુઓના ગૂઢ આંતરમાં થઈને જે બિંદુઓ સંચરતાં હતાં તેના વડે પરમ સનાતનને કાળનાં સંવત્સરોમાં થઈ લઈ જનારી જે અનિર્મેય રેખા અંકિત થતી હતી તેની છાયાને અશ્વપતિ જોઈ શકતો હતો.'
(પૃ. 107).

ચાર પંક્તિઓના શ્લોકનો ભાવ એક જ દીર્ઘ વાક્યમાં રજૂ કરવાને પરિણામે અહીં અર્થદુર્બોધતા જોવા મળે છે.

અર્થદુર્બોધતા માટે અનુવાદકની શ્રી અરવિંદની શૈલીનું સ્થૂળ અનુકરણ કરવાની ચેષ્ટા પણ જવાબદાર લાગે છે. શ્રી અરવિંદ ક્યારેક અનેક પંક્તિઓ બાદ પૂર્ણવિરામ દ્વારા શ્લોકની પૂર્તિ કરતા હોય છે. અનુવાદક જ્યારે એનું અનુકરણ કરવા જાય છે ત્યારે એમાં દુર્બોધતા પ્રવેશે છે.

(૫). વિશિષ્ટ અર્થસંદર્ભ :

અનુવાદમાં મૂળ ભાવને પૂર્ણતયા પ્રગટાવવા માટે અંબુભાઈ પુરાણી ક્યારેક વિશિષ્ટ અર્થસંદર્ભ પ્રગટાવતા હોય છે.

ચોથા પર્વના ચોથા સર્ગમાં એનું ઉત્તમ ઉદાહરણ પ્રાપ્ત થાય છે :

And the huge chanting of her prophet woods.
(391:1).

એનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ પ્રાપ્ત થાય છે :

'ભાવિ ભાખનાર વનોમાંથી ઊઠતું સામગાન પણ તે જાળવી રાખે છે. (355-56).

અહીં chanting માટે પ્રયોજાયેલ સામગાન શબ્દ નોંધપાત્ર છે. ખ્રિસ્તી દેવળોમાં રાગરાગિણી અનુસાર ગીત, ભજનો ગાવાની ક્રિયા 'chanting' તરીકે જાણીતી છે. જ્યારે ભારતીય સંસ્કૃતિમાં સામવેદના મંત્રોને સંગીતના સ્વરોમાં ગાવાની વિશિષ્ટ પદ્ધતિ 'સામગાન' તરીકે ઓળખાય છે. આમ, 'chanting' માટે પ્રયોજાયેલ 'સામગાન' શબ્દ વિશિષ્ટ સાંસ્કૃતિક અર્થસંદર્ભ ધરાવતો હોઈ મૂળ કૃતિના અર્થને ભારતીય માનસમાં સચોટપણે સંક્રમિત કરે છે.

'સાવિત્રી'ના છઠ્ઠા પર્વના બીજા સર્ગમાં પણ વિશિષ્ટ અર્થસંદર્ભ પ્રાપ્ત થાય છે. અહીં જગતનો ઉદ્ધાર કરવા માગનારને કેવી કેવી મુશ્કેલીઓ વેઠવી પડે છે એનું વર્ણન કરતાં નારદ જણાવે છે:

The poison of the world has stained his throat.
(447:4).

આના અનુવાદમાં પુરાણી શ્રીમદ્ ભાગવતના અષ્ટમ સ્કંધના સમુદ્રમંથનનો વિશિષ્ટ અર્થસંદર્ભ ઉઘાડી આપે છે:

'આ જગતના ઝેરથી એના ગળામાં નીલકંઠ શંકરની પેઠે ડાઘ પડે છે.'
(પૃ.430).

અહીં દેવો અને દાનવો દ્વારા કરાયેલા સમુદ્રમંથનની પુરાકથાનો ભારતીય સંસ્કૃતિનો સંદર્ભ જોઈ શકાય છે. એ અનુસાર સમુદ્ર-મંથન દરમ્યાન હળાહળ વિષ નીકળ્યું હતું. દેવો અને દાનવો એનાથી ડરી ગયા હતા. જ્યારે ભગવાન શંકરે જગતના કલ્યાણ અર્થે એનું પાન કર્યું હતું. એને પોતાના ઉદરમાં ન ઉતારતાં કંઠમાં અટકાવી રાખ્યું હતું. પરિણામે એમનો કંઠ નીલા રંગનો થઈ ગયો હતો. અને તેથી તેઓ નીલકંઠ તરીકે ઓળખાવા લાગ્યા. આ સંદર્ભ અનુવાદકે મૂળ અર્થની સ્પષ્ટતા માટે કુશળતાપૂર્વક પ્રયોજ્યો છે. એમાં એમની સર્જકતાની સાથે સાથે ભારતીય પુરાકથાઓના સમ્યક્ જ્ઞાનની સજ્જતાનો વિજય પ્રમાણી શકાય છે.

આ રીતે પંક્તિ અને શ્લોકની ભૂમિકાએ વૈવિધ્યપૂર્ણ અર્થ-સંક્રમણ અનેકરીતે રસપ્રદ અને મહત્વપૂર્ણ બની રહે છે.

(બ) ભાષાકર્મ.

અંબાલાલ પુરાણીએ કરેલા 'સાવિત્રી' મહાકાવ્યના કેટલાક સર્ગોના ગુજરાતી ગદ્ય અનુવાદના ભાષાકર્મની તપાસ આપણે ત્રણ ભૂમિકાએ કરીશું.

(૧) શબ્દચયન.
(૨) શૈલી અને
(૩) અલંકારવિધાન.

સૌપ્રથમ આપણે શબ્દચયનનું અધ્યયન કરીએ.

(૧) શબ્દચયન :

અગાઉ પ્રકરણ-૨માં પ્રસ્તુત પ્રેમલાલકૃત અનુવાદના અધ્યયન નિમિત્તે કરેલી શબ્દચયનની વિચારણા અનુસાર અહીં પણ આપણે બે ભૂમિકાએ તપાસ કરીશું. સૌપ્રથમ 'સાવિત્રી'ની વિશિષ્ટ કાવ્યબાની અનુવાદમાં કઈ રીતે પ્રગટી છે એની તપાસ કરીશું. ત્યારબાદ પુરાણીના અનુવાદની સ્વતંત્ર રીતે વિચારણા કરીશું. એમાં અનુવાદની ભાષામાં મેળા મળતી સંસ્કૃતાઢ્યતા, વ્યવહારની તેમજ અન્ય ભાષાઓનો વિનિયોગ અને એના ઔચિત્યની તપાસ કરીશું.

'સાવિત્રી' મહાકાવ્યનું શબ્દચયન અગાઉ જણાવ્યા અનુસાર સ્વતંત્ર અધ્યયનનો રસપ્રદ વિષય છે. એમાં તાર્કિકતા, બૌદ્ધિકતા અને કલ્પનાશીલતાનો મણિકાંચનયોગ છે. વળી, શ્રી અરવિંદે 'સાવિત્રી'માં પોતાના ગૂઢ યોગાનુભવોનું અસંદિગ્ધ આલેખન કર્યું હોવાથી એમણે અંગ્રેજી ભાષાની શક્યતાને વિશેષ રીતે ખેડી છે. એના શબ્દોમાં વિશેષ અર્થ ભર્યો છે. અનેક સાંસ્કૃતિક સંદર્ભોથી એને સમૃદ્ધ બનાવી છે. તદુપરાંત જ્ઞાનવિજ્ઞાનની અનેક શાખા-પ્રશાખાઓની પરિભાષાનો એમણે કુશળતાપૂર્વક

વિનિયોગ કર્યો છે.

આ સંદર્ભે 'સાવિત્રી'ના છઠ્ઠા પર્વ - 'નિયતિનું પર્વ'ના બીજા સર્ગ - 'વિધિની ગતિ અને દુઃખનો પ્રશ્ન'માં શ્રી અરવિંદે લશ્કરની પરિભાષા પ્રયોજી છે. તે અને તેનો ગુજરાતી અનુવાદ આપણે જોઈએ.

Across the dust and mire of the earthly plain, (459:6)
On many-guarded lines and dangerous fronts,
In dire assaults, in wounded slow-retreats, (459:8)
Or holding the ideal's battered fort
Or fighting against odds in lonely posts, (459:10)
Or camped in night around the bivouac's fires
Awaiting the tardy trumpets of the dawn, (459:12)
In hunger and in plenty and in pain,
Through peril and through triumph and through fall (459:14)
Through life's green lanes and over her desert sands,
Up the bald moor, along the sunlit ridge (459:16)
In serried columns with a straggling rear
Led by its nomad vanguard's signal fires, (459:18)
Marches the army of the waylost god.
(459 : 6-19).

આ પંક્તિઓનો અંબાલાલ પુરાણીએ કરેલો ગુજરાતી અનુવાદ જોઈએ :

"પાર્થિવ ભૂમિકાના સપાટ મેદાનોની ધૂળ અને કાદવમાં થઈને, ઘણા સુરક્ષિત માર્ગોમાં અને જોખમી મોરચાઓમાં લડીને, જીવ સટોસટના હુમલાઓ ખમીને અને ઘાયલ થઈને પીછેહઠ કરવામાં, આદર્શોના જર્જરિત થઇ ગયેલા - ખખડી ગયેલા કિલ્લાનું રક્ષણ કરવામાં, જનહીન સ્થળોમાં દુશ્મનોનાં ટોળાં સામે એકલે હાથે લડવામાં, રાત્રે તાપણું સળગાવીને પહેરો ભરતાં, પ્રભાતના ધીમે પગલે વાગતાં શોહડિયાંની - ભૂંગળની વાટ જોતાં, ક્ષુધામાં,

સમૃદ્ધિમાં તથા દુઃખમાં, જોખમ, વિજય અને પરાજયમાં, જીવનની લોહીછમ ભેખડોમાં અને રણની રેતીમાં, વૃક્ષહીન પડતર જમીનોના વિસ્તારોમાં, સૂર્યના પ્રકાશથી પ્રકાશિત ટેકરીઓમાં, ઘસાઈ ગયેલી અને મહાપરાણે પગ ઘસતી ટુકડીનો લશ્કરનો પાછલો મોરચો લઈને સેનાગ્રના સૂચક ભડકાઓનાં નિશાનથી દોરાઈને માર્ગ ભૂલ્યા આ દેવનું માનવ મતિરૂપી દળ આગળ કૂચ કરે છે. (પૃ.447)

અહીં 'many-guarded lines' (459:7); 'dangerous fronts (459:7); 'dire assaults' (459:8); 'slow retreats' (459:8); 'bivouac's fire (459:11); 'vanguard's signal fires' (459) જેવી લશ્કરની પરિભાષાનો વિનિયોગ થયો છે. એનો અનુવાદ પુરાણી આ મુજબ આપે છે: 'ઘણાં સુરક્ષિત માર્ગો'; 'જોખમી મોરચાઓ'; 'જીવ સટોસટના હુમલાઓ'; 'ઘાયલ થઈને થતી પીછેહઠ'; 'તાપણું ચેતાવીને પહેરો ભરવો'; 'સેનાગ્રના સૂચક ભડકાઓના નિશાન', અહીં મૂળ ભાવ અનુવાદમાં પૂરેપૂરો પ્રગટે છે એ નોંધવું રહ્યું.

'સાવિત્રી'માં સંયોગચિહ્ન (Hyphen) દ્વારા જોડાયેલા શબ્દો પાસેથી પણ વિશેષ કામ લેવામાં આવ્યું છે. એના અનુવાદોનું તુલનાત્મક અધ્યયન પણ ધ્યાનાર્હ છે. અત્રે આવા કેટલાક શબ્દો અને તેના અનુવાદો પ્રસ્તુત છે:

પર્વ/સર્ગ		મૂળ શબ્દ / સંદર્ભ	અનૂદિત શબ્દ / સંદર્ભ
I	1	God-touch (3:10).	પ્રભુનો (કલ્યાણ) સ્પર્શ (52).
I	2	honey-fire (15:26)	મધુર-અગ્નિના પ્રવાહો (73).
I	4	sun-march (63:27)	પ્રકાશયાત્રા (107)
I	4	dream-light (71:20)	ઝાંખા પ્રકાશમાં ચિતરેલું સ્વપ્ન. (152).
IV	1	wind-feet (350:13)	વાયુનાં પગલાં (310).
IV	4	star-white (381:27)	તારાશ્વેત (357).

VII : 6 thought-sounds (539:4) વિચારોના સ્વર (491).
X : 4 flame-hills (660:2) અગ્નિશિખાથી બનેલી પર્વતની ટૂંકો (575).

અહીં જોઈ શકાશે કે 'star-white' (381:27) નો અનુવાદ 'તારાશ્વેત' (357) માં મૂળભાવની સાથે સાથે એનું વિશિષ્ટ લાઘવ પણ પ્રગટ્યું છે. જ્યારે અન્ય શબ્દોમાં કેવળ મૂળનો ભાવ જ પ્રગટ્યો છે. એમાં પણ 'dream-light' (71:20) શબ્દનો અનુવાદ ચિંત્ય છે. પુરાણીએ એનો અનુવાદ 'ઝાંખા પ્રકાશમાં ચિતેલું સ્વપ્ન' (152) આપ્યો છે. એનો અર્થ 'સ્વપ્નપ્રકાશ જેવો થઈ શકે. પૂજાલાલ આ શબ્દનો અર્થ 'સ્વપ્ન કેરો પ્રકાશ' (108:1) આપે છે એ અત્રે તુલનીય છે. આ મુદ્દો સ્વતંત્ર અભ્યાસની ગુંજાશ ધરાવતો હોવાથી અત્રે એનો સંકેતમાત્ર કર્યો છે. આવા સંયોગચિહ્ન યુક્ત શબ્દો નોંધપાત્ર કહેવાનો અર્થ છે. અનુવાદમાં પણ તે સંક્રમણ પામે છે પરંતુ મૂળનું અર્થલાઘવ પ્રગટતું નથી એ નોંધવું રહ્યું.

હવે આપણે અંબાલાલ પુરાણીની અનુવાદની ભાષાની સ્વતંત્ર રીતે વિચારણા કરીએ. વ્યાપક રીતે જોતાં એમની ભાષા તદ્દન સંસ્કૃતપ્રચુર નથી. પરંતુ એમાં તદ્ભવ અને દેશ્ય ભાષાના શબ્દોનો સુભગ સમન્વય થયેલો જોવામળે છે.

અનુવાદોનો ભાષાલક્ષી અભ્યાસ કરતાં એમાં કેટલાંક અરૂઢ સંસ્કૃત શબ્દો મળી આવે છે. એમાંના પ્રતિનિધિરૂપ કેટલાક શબ્દો નીચે મુજબ છે :

પર્વ/સર્ગ.	અનૂદિત શબ્દ/સંદર્ભ.	મૂળ શબ્દ/સંદર્ભ.
I 4	અપાપવિદ્ધ (132)	Immaculate (57:15)
I 5	અહિવ્રત (167)	Python (83:3).
V 2	કાંતાર (371)	Woods (392:7).
III 4	દુર્ધર્ષ (247).	inviolate (342:34)
IV 2	નેત્રી (329)	leader (363:15).
VII 6	પ્રકોષ્ઠ (493)	chamber (540:23).
I 5	મન્યુ (173)	engined wrath (87:9).

એ જ રીતે કેટલાંક ક્રિયાપદોમાં સંસ્કૃત પ્રચુરતા જોઈ શકાય છે :

પર્વ	/સર્ગ.	અનૂદિત શબ્દ/ સંદર્ભ. મૂળ શબ્દ /સંદર્ભ
IV	2	અનાન્વિષ્ટ (336) unsought (367:૨૬)
IV	1	આવિષ્ટ કરતી હતી (314) haunted (3૫૨:30)
I	5	ઉત્સર્પણ કરતો હતો (177) rose (૪૭:૨૧)
IV	3	દૈવથી પ્રણોદિત (340) fate-driven (370:4).
IV	3	નિરુદ્ધ (340) repressed (36૧:૨૩)
I	2	પરાઙ્મુખ થઈ (4૧) turned (1:13).
IV	3	સમિદ્ધ કરી (340) raised (36૭:૨૫).
I	1	શ્રાન્ત (64) tired (૭:33).

ક્યારેક અનુવાદક પોતાના તરફથી અર્થની સ્પષ્ટતા અર્થે વિશેષ સંસ્કૃત શબ્દ/ શબ્દસમૂહોનો વિનિયોગ કરતા હોય છે. પ્રથમ પર્વના ચોથા સર્ગમાં એનું નોંધપાત્ર દૃષ્ટાંત પ્રાપ્ત થાય છે :

All we have learned appears a doubtful guess, (50:3)
The achievement done a passage or a phase
Whose further end is hidden from our sight, (50:5)
A chance happening or a fortuitous fate. (50:6)

આ શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે :

'આપણે જે કાંઈ શીખ્યા છીએ તે બધું શંકાસ્પદ અનુમાનમાત્ર બની જાય છે, જે કાંઈ સિદ્ધિ કે વિજય આપણે મેળવ્યા છે એ પણ જાણે એક પસાર કરવાનો માર્ગ અથવા તો એક તબક્કો હોય છે, એ પણ જાણે એક અકસ્માત ઘટના કે ઘુણાક્ષરન્યાયને પરિણામે બની આવેલી ઘટના લાગે છે." (પૃ.૫૨)

અહીં 'fortuitous fate' ના ભાવાર્થ માટે 'ઘુણાક્ષરન્યાયને બની આવેલી ઘટના' શબ્દો પ્રયોજાયા છે. 'ઘુણાક્ષરન્યાય' અંગે વી.એસ. આપ્ટેની 'ધ સ્ટુડન્ટ્સ સંસ્કૃત- ઇંગ્લીશ ડિક્શનરી'માં આ મુજબ અર્થ પ્રાપ્ત થાય છે : 'The maxim of letters bored by an

insect in wood. It takes its origin from the unexpected and chance resemblance of an incision in wood or in the leaf of a book made by an insect to the form of letter, and is used to denote any fortuitous or chance occurrence.*8 અહીં જોઈ શકાશે કે fortuitous fate નો પૂરો ભાવ 'ઘુણાક્ષરન્યાય' દ્વારા પ્રગટ થાય છે. આવા પ્રયોગોથી આ અનુવાદ વિશેષ પ્રાસાદિક અને પ્રમાણભૂત બને છે એ નોંધપાત્ર છે.

વ્યાપક રીતે જોતાં પુરાણોના અનુવાદમાં સંસ્કૃત શબ્દોના પ્રયોગથી દુર્બોધતા પ્રગટતી નથી. એનાથી મૂળ કૃતિનો અર્થ વિશેષ રીતે સંક્રમણ પામે છે એ નોંધવું રહ્યું.

એ જ રીતે વ્યવહારના શબ્દોનો ઉપયોગ પણ અનુવાદમાં ધ્યાનાર્હ બને છે. આવા કેટલાંક પ્રતિનિધિરૂપ શબ્દો આપણે જોઈએ:

પર્વ/સર્ગ.		અનૂદિત શબ્દ/સંદર્ભ.	મૂળ શબ્દ/સંદર્ભ.
X	4	ચળકતાં ઠીકરાં (573)	gleaming shards (658:25)
X	4	ટીપણું (561)	scroll (650:28).
		ટંકોટંક બન્યું (312)	filled (351:8).
I	3	ઢસરડો (85)	toil (24:19).
I	૨	ભેરુ (74)	playmate (16:26)
II	10	રમતારામ યાત્રી (373)	wanderer (393:29).
II	13	લવાદ (445)	arbiter (458:14)

આ જ રીતે કેટલાંક રૂઢિપ્રયોગો પણ લોકભોગ્ય બની રહે છે.

પર્વ/સર્ગ.		અનૂદિત શબ્દ/સંદર્ભ.	મૂળ શબ્દ/સંદર્ભ.
I	1.	ગતાગમ ન હોવી. (50)	Knew not (2:2).
I	4	તડકી છાંયડી (135)	fierce vicissitudes (59:14)
I	3	તલબ જાગવી. (99)	nostalgia (34:19).
II	1	પેટિયું રળી ખાવું (150)	doled out (70:2)
I	3	મીટ માંડી રહેવી. (64)	stares (10:8)
I	3	લાગો લેવો. (64)	oblation (10:12)
II	12	હોડમાં ઉતરવું (437)	to cope with (459:10).

અહીં nostalgiaનો અનુવાદ જે 'તલબ લાગવી' (૧૧) કરવામાં આવ્યો છે તે ચિંત્ય છે. 'nostalgia' (34:19) એ 'nostos' અને 'algos' એ બે ગ્રીક સંજ્ઞાઓ પરથી બનેલો શબ્દ છે. ગ્રીકમાં આ સંજ્ઞાઓના અર્થ અનુક્રમે 'a return' અને 'pain' થાય છે. 'સાવિત્રી'માં પ્રથમ પર્વના ત્રીજા સર્ગમાં આ શબ્દ જે અર્થમાં પ્રયોજાયો છે એ અંગે રેન્ડ હિક્સ કહે છે: 'The sentimental, painful longing for familiar but distant surroundings and friends. Home-sickness.'*૭ અંબાલાલ પુરાણીએ આ માટે તલબ જાગવી (૧૧) રૂઢિપ્રયોગ પ્રયોજ્યો છે. 'તલબ' અરબી શબ્દ છે. એનો અર્થ વ્યસન વિશેની પ્રબળ આતુરતા કે અતિ ઉગ્ર લાલસા થાય છે. પરંતુ એને nostalgia માટે પ્રયોજતાં મૂળનો ઘરવિયોગની માંદગીનો સંદર્ભ સચવાતો નથી. માટે તે ચિંત્ય બની રહે છે.

અનુવાદકે મૂળ અર્થનું સંક્રમણ કરવા માટે અરબી, ફારસી અને અંગ્રેજી જેવી અન્ય ભાષાઓના શબ્દોનો પણ વિનિયોગ કર્યો છે. આવો વિનિયોગ બે પ્રકારે થયેલો છે. કેટલાક એવા શબ્દો છે જે ગુજરાતી ભાષામાં સહજ રીતે એકરૂપ થઈ ગયા છે. કોઈ ભાષાભેદુ એને અલગ તારવી આપે ત્યારે જ તેના મૂળ સ્રોતનો સામાન્ય વાચકને ખ્યાલ આવે છે. બીજા પ્રકારના શબ્દો પ્રસ્તુત અનુવાદમાં અનુવાદકે સાભિપ્રાય પ્રયોજેલા છે. બાકી સામાન્ય રીતે આવા શબ્દો પ્રમાણમાં ઓછા પ્રયોજાતા હોય છે. આ બન્ને પ્રકારના શબ્દોનો કિંચિત્ નિર્દેશ કરવાનો અતે ઉપક્રમ છે: સૌપ્રથમ અરબી ભાષાના શબ્દો આ રીતે તપાસીએ.

<u>અરબી :-</u>

ગુજરાતી ભાષાના શબ્દભંડોળનો સહજ રીતે ભાગ બની રહ્યા હોય એવા અરબી ભાષાના શબ્દોમાં 'બોજ'; 'મશાલ'; 'ઈનકાર', 'સલામતી', 'ગુલામ', 'ફરજ', 'હક', 'મુસાફર' જેવા શબ્દોનો સમાવેશ થાય છે. અનુવાદકે આવા શબ્દો અનેકાધિક સંદર્ભોમાં પ્રયોજ્યા છે.

આ સિવાય સાભિપ્રાય પ્રયોજેલા શબ્દોમાં નીચે દર્શાવેલા શબ્દો ધ્યાનપાત્ર છે:

પર્વ/સર્ગ.		અનૂદિત શબ્દ/સંદર્ભ.	મૂળ શબ્દ/સંદર્ભ.
I	3	અસ્તુસૂલ (૧૩)	Primal (30:11)

I	૨	આરઝૂ (૭૧) yearning (14:16).
III	4	ગેબી (૨૧૭) mysterious (34૨:30).
VII	6	માશુક (48૭) bride (5૩8:7).
X	4	મુસ્તાક રહીને (585) defying (667:8).

ફારસી :-

સહજ રીતે ગુજરાતી ભાષાના શબ્દભંડોળમાં સ્વીકારાઈ ગયેલા ફારસી શબ્દોમાં 'નિશાની', 'કૂચ', 'બાજુ', 'બેદરકાર', 'પેગમ્બર', 'દર્દ', 'દુશ્મન', 'મગીર' જેવા શબ્દો પ્રયોજાયા છે. આ સિવાયના નીચે દર્શાવેલા શબ્દો અનુવાદકે સાભિપ્રાય પ્રયોજ્યા છે :

પર્વ/સર્ગ.	અનૂદિત શબ્દ/સંદર્ભ.	મૂળ શબ્દ/સંદર્ભ.
I 3	આમોશી (૭4)	hushed (34:15).
I 4	જિગરથી પ્રાર્થના કરે છે (૧૨4)	passionate prays (51:31)
VII 6	નાચીઝ (48૭)	nothing (538:8)

અંગ્રેજી :-

અંબાલાલ પુરાણીના અનુવાદમાં પ્રયોજાયેલા અન્ય ભાષાના તમામ શબ્દોમાં અંગ્રેજી શબ્દો વિશેષરૂપે ઉલ્લેખનીય બની રહે છે. ગુજરાતી ભાષામાં સહજ રીતે સ્વીકારાઈ ચૂક્યા હોય તેવા શબ્દોમાં 'અપીલ'; 'એન્જિન'; 'ઓફિસ'; 'કેન્વાસ'; 'કેસ'; 'ક્રોસ'; 'ચેક'; 'ટાવર'; 'ડાયનેમો'; 'પંપ કરી આપે'; 'પાસપોર્ટ'; 'ફિલ્મો'; 'બેંક'; 'સ્લેટ' જેવા સમાવેશ પામે છે.

આ સિવાય અન્ય શબ્દો નીચે દર્શાવ્યા મુજબના મળી આવે છે:

પર્વ/સર્ગ	અનુવાદમાં પ્રયોજાયેલ શબ્દ/સંદર્ભ.	મૂળ શબ્દ/સંદર્ભ.
VII 6	ગેલેરી (4૧૬)	galleries (54૨:3)
VII 6	પ્રેરણાનો પોસ્ટમેન (4૧6)	Inspiration's postman. (54૨:૨૧)
I 3	પિસ્ટન (૪૦)	piston (૨૦:૨૩)
VII 6	પેટન્ટ (496)	Patent (54૨:1૭)
I 5	પ્લાઝ્મા (157)	Plasm (75:૨૩).

X 4 ફનલ (548) funnel (642:12).
I 2 લીવર (79) leverage (20:9)
X 4 સરિયાલીસ્ટ (568) surreal (655:7)

આ શબ્દોમાંથી 'પોસ્ટમેન' (496) નો ગુજરાતીમાં સહજ રીતે અનુવાદ પ્રાપ્ત થઈ શકે છે. બાકીના શબ્દોના અનુવાદો દુર્બોધ બની રહે. એનાથી અર્થસંક્રમણના આગવા પ્રશ્નો ઉપસ્થિત થઈ શકે એમ છે. માટે અનુવાદકે સાભિપ્રાયપૂર્વક જ અંગ્રેજી શબ્દો અનુવાદમાં સ્વીકાર્યા છે.

આ સિવાય અરબી-ફારસી ભાષાના મેળવી બનેલા નીચે દર્શાવેલા શબ્દોનો વિનિયોગ ધ્યાનપાત્ર છે.

* અરબી + ફારસી.
V 3 લાપરવા (369). (લા+પરવા) careless (390:16)
IV 4 વફાદાર (351) (વફા+દાર) faithful (378:1).
* ફારસી + અરબી.
I 4 ખુશનસીબ (140) (ખુશ+નસીબ) fortunate (63:4)
VI 2 બદસૂરત (417) (બદ+સૂરત) grisly (439:8).

આમ, સમગ્રરીતે જોતાં પ્રસ્તુત અનુવાદમાં પ્રયોજાયેલા શબ્દો મૂળ કૃતિના અર્થને સહજ રીતે સંક્રમિત કરે છે. અહીં અન્ય ભાષાના શબ્દો વ્યવધાનરૂપ નથી બનતા. પરંતુ અનુવાદને લોકભોગ્ય બનાવે છે.

(૨) શૈલી.

'સાવિત્રી' મહાકાવ્યના અંબાલાલ પુરાણી કૃત અનુવાદની શૈલીની તપાસ સ્વતંત્ર અધ્યયનનો વિષય છે. આ અધ્યયન પ્રસ્તુત શોધનિબંધની મર્યાદામાં રહીને બે સ્તરે કરવાનો ઉપક્રમ છે: (ક) શબ્દ / શબ્દસમૂહ સ્તરે.
(ખ) શ્લોક સ્તર.

આ બન્ને સ્તરોનું અધ્યયન કેટલાક મહત્ત્વના પ્રતિનિધિરૂપ લક્ષણોને કેન્દ્રમાં રાખીને કરીશું.

(ક) શબ્દ / શબ્દસમૂહનું સ્તર.

શબ્દસ્તરે અનેક રસપ્રદ બાબતો જોવા મળે છે. શ્રી અરવિંદ ક્યારેક વિભિન્ન અર્થ ધરાવતા પરંતુ ઉચ્ચારણ સામ્યતા ધરાવતા વિશિષ્ટ શબ્દોના વિનિયોગ દ્વારા ચમત્કૃતિ પ્રગટાવે છે. એનું નોંધપાત્ર દૃષ્ટાંત દશમા પર્વના ચોથા સર્ગની નીચેની પંક્તિમાં પ્રાપ્ત થાય છે:

Leave then thy dead, O Savitri, and live.
(656 : 6)

અહીં 'leave' અને 'live' શબ્દોનું ઉચ્ચારણસાદૃશ્ય નોંધપાત્ર છે. એનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ પ્રાપ્ત થાય છે:

'ઓ સાવિત્રી! સત્યવાનને છોડી દે, તું પોતે જીવતી રહે.'
(570).

અહીં 'છોડી દેવું' અને 'જીવતા રહેવું' આ બન્ને અર્થો માટે એક સરખા ઉચ્ચાર ધરાવતો કોઈ એક જ શબ્દ ગુજરાતી ભાષામાં પ્રાપ્ત થતો નથી. માટે આ ભાષાગત મર્યાદા બને છે. આવા સંજોગોમાં અનુવાદક એ પંક્તિનો ભાવાર્થ પૂરેપૂરો સંક્રમિત કરે એટલું જ અપેક્ષિત ગણાય. ઉપર્યુક્ત અનુવાદમાં મૂળનો ભાવાર્થ પૂરેપૂરો સંક્રમણ પામે છે એ જોઈ શકાય છે.

અર્થસંક્રમણ માટે શબ્દના સ્તરે અનુવાદક અનેક પ્રયુક્તિઓ કરે છે. એમાંની કેટલીકની અહીં ચર્ચા કરવામાં આવી છે.
(૧) ક્યારેક તેઓ અનુવાદમાં અંગ્રેજી શબ્દનો વિશિષ્ટ રીતે પ્રયોગ કરે છે. આવો પ્રયોગ મુખ્યત્વે બે રીતે થયો છે:
(A) ક્યારેક અનુવાદક ગુજરાતી શબ્દ આપી એની સ્પષ્ટતા માટે કૌંસમાં અંગ્રેજી શબ્દ પ્રયોજે છે. દા.ત.

પર્વ/સર્ગ. મૂળ શબ્દ/સંદર્ભ અનૂદિત શબ્દ/સંદર્ભ.

II 14 Person (૨૧૩:૨૭) 'વ્યક્તિસ્વરૂપ (person)' (૨૬4).

I 3 magic porch (88:3) 'ગૂઢ ભૂમિકાઓમાં પ્રવેશ કરવાની દેવડી. (Porch)' (174)

આના પરિણામે મૂળનો ભાવાર્થ પૂરેપૂરો સંક્રમણ પામે છે.
(B) ક્યારેક લેખો મૂળ અંગ્રેજી શબ્દનો સીધેસીધો વિનિયોગ કરે છે. એનો નિર્દેશ આ જ પ્રકરણમાં શબ્દચયનની ચર્ચા અનુષંગે પૃ.૨૦૪-૫ પર થઈ ચૂક્યો છે. આવા અંગ્રેજી શબ્દો ક્યારેક વ્યવધાનરૂપ પણ બની રહેતા હોય છે: દા.ત.

VII 6 Inspiration's postman. (54૨:૨1) પ્રેરણાનો પોસ્ટમેન. (496).

અહીં અનુવાદમાં પ્રયોજાયેલા શબ્દમાં પ્રાસ સચવાય છે. પરંતુ અંગ્રેજી શબ્દ સમગ્ર સંદર્ભમાં કઠે છે એ નોંધવું રહ્યું.
(૨) ક્યારેક અનુવાદક અર્થસંક્રમણ અર્થે દેવનાગરી લિપિમાં સંસ્કૃત સંજ્ઞાઓનો પ્રયોગ કરે છે. ઉદાહરણ રૂપે -

V ૨ single spirit (3૧4:8) एक एव આત્મા (374).

VI ૨ That (441:૨3) પરમ तत् દિવ્ય વસ્તુ (4૨1).

(3) ક્યારેક અનુવાદક એક જ મૂળ શબ્દ માટે એકાધિક પર્યાયો પ્રયોજે છે. એનું નોંધપાત્ર દૃષ્ટાંત પ્રથમ પર્વના ત્રીજા સર્ગની નીચેની પંક્તિઓના અનુવાદમાં પ્રાપ્ત થાય છે:

In rare and lucent intervals of hush
Into a signless regions he could soar.
(31:૨8).

અનુવાદ :-

'વિરલ અને પ્રકાશિત એવી અંતરાલ ઘડીઓમાં કોઈપણ પ્રકારની નિશાની, ગુણ કે લક્ષણ જ્યાં નથી એવા પ્રદેશમાં તે

આરોહણ કરી શકતો. (૧૯).

અહીં 'sign' માટે 'નિશાની, ગુણ કે લક્ષણ' એમ ત્રણ પર્યાયો પ્રયોજાયેલા જોઈ શકાય છે.

આવું જ બીજું સચોટ ઉદાહરણ ચોથા પર્વના ત્રીજા સર્ગમાં પ્રાપ્ત થાય છે:

In vain is the unending line of seers,
(371:27).

દ્રષ્ટાઓની અને ઋષિઓની અતૂટ પરંપરા પણ નિષ્ફળ ગઈ છે, (343).

અહીં seers માટે 'દ્રષ્ટાઓ' અને 'ઋષિઓ' એમ બે શબ્દો પ્રયોજાયા છે. આ રીતે અનુવાદક અર્થસ્પષ્ટતા આણે છે.

(૪) ક્યારેક અનુવાદક રવાનુકારી શબ્દોનો વિનિયોગ કરે છે:

Void's monstrous hush (13:1) શૂન્યતાનો
રાક્ષસી સન્નાટો. (61).

અહીં 'શૂન્યતા'નો 'શ' અને 'રાક્ષસી સન્નાટો'ના 'સ' સાથેનો યોગ વિશેષ રવાનુકારી અસર સર્જે છે. આ રીતે પણ મૂળ અર્થ લોકગમ્ય બની રહે છે.

(૫). અર્થની સ્પષ્ટતા માટે કોઈ શબ્દવિશેષ માટે. અલંકારનો પણ વિનિયોગ થયેલો જોવા મળે છે. આ દૃષ્ટિએ પ્રથમ પર્વના ચોથા સર્ગમાં પ્રાપ્ત થતું નીચેનું દૃષ્ટાંત અવલોકનીય છે:

A living image seated in the heart,
(49:3).

ગુજરાતી અનુવાદ :-

'હૃદયકમળમાં બિરાજતી જીવંત મૂર્તિ તે છે. (119).

અહીં 'heart' (49:3) માટે 'હૃદયકમળ જેવો રૂપક

અલંકાર પ્રયોજાયો છે. આ રીતે મૂળ અર્થ પ્રાસાદિક બને છે.

(૬). ક્યારેક મૂળ ભાવાર્થનું સંક્રમણ કરવા માટે અનુવાદક કૌંસમાં કે '—' ચિહ્ન દ્વારા અન્ય પૂરક અર્થબોધક શબ્દ દર્શાવે છે: ઉદાહરણ તરીકે :

પર્વ/સર્ગ. મૂળ શબ્દ/સંદર્ભ. અનૂદિત શબ્દ/ અર્થ.

I 4 expert captain (69:32) હોંશિયાર નાખુદા (માનવ). (150)

VII 6 body's thoughts (540:8) શારીરિક (અન્નમય) ચેતનાના વિચારો (492)

I 1 epiphany (4:13) પૂર્ણ પ્રકાશનો—સર્વાંગી આવિર્ભાવનો- દિવસ. (54).

VII 6 passport (540:12) પાસપોર્ટ—વ્યક્તિત્વની ખાતરી આપનાર પત્રિકા— (493)

(૭) ક્યારેક અનુવાદક એક કે બે પદના મૂળ અર્થ માટે અનેક પદો ધરાવતો વિસ્તૃત અર્થ આપે છે:

I 1 unthought Idea (1:31) મનથી ચિંતિત નહિ એવી કોઈ ભાવના (50).

બે શબ્દના મૂળ ભાવાર્થ માટે છ શબ્દો દ્વારા વ્યક્ત થતો અનૂદિત અર્થ.

I 1 unborn Power (1:4) હજી સુધી પ્રગટેલી નથી એવી એક શક્તિ. (115).

બે શબ્દના મૂળ ભાવાર્થ માટે સાત શબ્દો દ્વારા વ્યક્ત થતો અનૂદિત અર્થ.

III 4 Incommunicable (344:4) જેની સાથે માનવનો વ્યવહાર શક્ય નથી તે પરાત્પર. (૨૧૧).

એક શબ્દ દ્વારા વ્યક્ત થતા ભાવાર્થ માટે આઠ શબ્દો દ્વારા વ્યક્ત થતો અનૂદિત અર્થ.

(૮) ક્યારેક આનાથી ઊલટું વલણ પણ જોવા મળે છે. અનેકાધિક પદો દ્વારા વ્યક્ત થતા મૂળ ભાવાર્થ માટે ઓછા પદો દ્વારા અનુવાદક અર્થ સંક્રમિત કરે છે:

III 4 earthly body of God (342:26) માનવદેહ (૨૫૭).
મૂળ અર્થ ચાર પદો દ્વારા વ્યક્ત થાય છે. એ માટે અનુવાદકે એક જ પદ પ્રયોજ્યું છે.

I 4 whip of force (65:33) સોટકો (145).
મૂળ અર્થ ત્રણ પદો દ્વારા વ્યક્ત થયો છે. એ માટે અનુવાદક એક જ પદાર્થ પ્રયોજે છે.

Mother of the Universe (345:8) જગદંબા (301).
મૂળ અર્થ ચાર પદો દ્વારા વ્યક્ત થયો છે. એ માટે અનુવાદકે એક પદનો વિનિયોગ કર્યો છે.

(૯) ક્યારેક અનુવાદમાં અર્થના અનેકાધિક સ્તરો જોવા મળે છે. દા.ત.

I·1. Opaque Inane (4:16) અપારદર્શક અંધકાર/(અચિત્‌ની) શૂન્યતાનો ગર્ત (54).

X:4 Darkness (665:34) અંધકાર/મૂર્તિમંત તમસ (583)

આમ, શબ્દની ભૂમિકાએ અનુવાદક અનેકવિધ પ્રયુક્તિઓ દ્વારા મૂળ અર્થને શક્ય એટલી વફાદારીથી પ્રગટાવવા પ્રયત્ન કરે છે. એમાં એમને વિશેષરૂપે સફળતા પણ પ્રાપ્ત થાય છે એ ધ્યાનાર્હ છે.

(બ) શ્લોકસ્તર:

આ સ્તરે શૈલીની તપાસ માટે અનેક અધ્યયનયોગ્ય સામગ્રી પ્રાપ્ત થાય છે. અત્રે એમાંની કેટલીક મહત્ત્વની બાબતોની ચર્ચા કરવાનો ઉપક્રમ છે:

(૧) અર્થસંક્રમણ અર્થે અનુવાદક ક્યારેક આગળના શ્લોકના કોઈ શબ્દનું પુનરાવર્તન કરીને નવા શ્લોકનો અનુવાદ આપતા હોય છે. એનું નોંધપાત્ર દૃષ્ટાંત પહેલા પર્વના પહેલા સર્ગમાં જ પ્રાપ્ત થાય છે. દા.ત.

Athwart the vain enormous trance of space. (1:23)

એનો અનુવાદ આ પ્રમાણે પ્રાપ્ત થાય છે :

'સ્થૂળ (જડ) શક્તિના એ નિદ્રાચારી વિશ્વભ્રમણમાં જ્યારે સમગ્ર જગત ગોળગોળ ફરી રહ્યું હતું, જ્યારે દિશા પોતે નિરુદ્દેશ અને પ્રચંડ એવી સમાધિમાં લીન હતી ત્યારે... (૫૦).

અહીં અનુવાદમાં અલ્પવિરામ પૂર્વેનું ઉપવાક્ય આગળના શ્લોકનો પૂર્વસંદર્ભ દર્શાવે છે. આગળનો શ્લોક આ મુજબ છે:

Cradled the cosmic drowse of ignorant Force
Whose moved creative slumber kindles the suns
And carries our lives in its somnambulist whirl.
(1:૨૦-૨૨).

ઉપર્યુક્ત પંક્તિઓનો અનુવાદ અંબાલાલ પુરાણી 'સાવિત્રી ગુંજન'ના પૃ.૫૩ પર નીચે મુજબ આપી ચૂક્યા છે :

'અજ્ઞાનની શક્તિની એ સર્જક તંદ્રા આપણા સ્થૂલ વિશ્વના સૂર્યને પ્રજ્વલિત કરે છે, અને આપણાં જીવનને પોતાના નિદ્રાચારી ભ્રમણમાં સાથે લઈને ગોળગોળ ફરતી હોય છે.' (૫૧).

આ રીતે અનુવાદક મૂળના ભાવાર્થને સંક્રમિત કરવાનો પ્રયત્ન કરે છે. અલબત્ત, આમ કરવા જતાં પુનરાવર્તનો પણ વર્ત્યાં છે.

(૨) અગાઉ પ્રથમ પ્રકરણમાં નિર્દેશ કર્યો હતો એ મુજબ 'સાવિત્રી' સંદર્ભે શ્રી અરવિંદની શૈલી અર્થગૌરવયુક્ત છે. તેમાં કલાત્મક લાઘવ જોવા મળે છે. ક્યારેક એમાં એક પંક્તિમાં પ્રયોજાયેલું એક જ ક્રિયાપદ એ શ્લોકની અન્ય પંક્તિઓ પર પણ પ્રભાવ પાડે છે : દા.ત.

He saw the doubtfulness of all things here,
The incertitude of man's proud confident thought,
The transcience of the achievements of his force.
(78:17-19)

અહીં 'Saw' (78:17) ક્રિયાપદનો પ્રભાવ એ પછીની બન્ને પંક્તિઓ પર

પણ જોઈ શકાય છે. એનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ પ્રાપ્ત થાય છે:

'અહો, જીવનની સઘળી વસ્તુઓમાં જે શંકાશીલપણું હોય છે, તે એણે અનુભવ્યું, માનવની આત્મવિશ્વાસી અને અભિમાની વિચારશક્તિમાં રહેલી અનિશ્ચિતતા પણ એણે જોઈ અને માનવશક્તિની સફળતાઓમાં રહેલી ક્ષણભંગુરતા એણે અનુભવી.' (૧૯૧).

અહીં 'saw' ક્રિયાપદના અનુવાદમાં ત્રણ અર્થ 'અનુભવ્યું'; 'જોઈ', અને 'અનુભવી' પ્રાપ્ત થાય છે. આમ અહીં મૂળ કૃતિનું લાઘવ અનુવાદમાં જળવાતું નથી.

(૩) ક્યારેક અનુવાદક મૂળ ભાવાર્થના એકાધિક અર્થસ્તરો દર્શાવી અનુવાદમાં અપેક્ષિત સ્પષ્ટતા આણે છે. આ સંદર્ભે પ્રથમ પર્વના પ્રથમ સર્ગની નીચેની પંક્તિઓ ઉલ્લેખનીય છે:

Infinity's centre, a face of rapturous calm
Parted the eternal lids that open heaven;
(4:18-19).

આ પંક્તિઓનો અનુવાદ નીચે પ્રમાણે છે:

'અનંતતાનું જાણે કેન્દ્ર હોય, અસીમનું મર્મસ્થાન હોય, એવું આનંદની પ્રશાંત પરાકાષ્ઠાને પ્રકટ કરતું એક મુખમંડળ દેખાયું, અને સ્વર્ગનું દર્શન કરાવનાર પોતાનાં પોપચાં એણે ઉઘાડ્યાં. (પૃ.૬૪).

અહીં 'Infinity's centre' (4:18) માટે બે અર્થસ્તરો - (૧) અનંતતાનું કેન્દ્ર અને (૨) અસીમનું મર્મસ્થાન જોઈ શકાય છે. આ રીતે અર્થસંક્રમણમાં પ્રાસાદિકતા આવે છે.

(૪) અનુવાદક મૂળના લાઘવયુક્ત અર્થગર્ભ ભાવને અનુવાદમાં પ્રાસાદિક રીતે વ્યક્ત કરવા પોતાના તરફથી જરૂરી સ્પષ્ટતાઓ કરે છે. આ માટે એકાધિક વાક્યો તેમજ અલ્પવિરામાદિ ચિહ્નોનો પણ અર્થક્ષમ વિનિયોગ કરે છે. આ દૃષ્ટિએ પ્રથમ પર્વના બીજા સર્ગના નીચેના શ્લોકનો અનુવાદ જોઈએ:

The fixity of the cosmic sequences (૧૨:૨૦)
Fastened with hidden inevitable links
She must disrupt, dislodge by her soul's force. (૧૨:૨૨)
Her past, a block on the immortal's road,
Make a rased ground and shape a new her fate. (૧૨:૨૪)

ઉપર્યુક્ત શ્લોકનો અનુવાદ અંબાલાલ પુરાણી આ પ્રમાણે આપે છે:

'વિશ્વમાં ઘટનાના અનુક્રમની સાંકળ અપરિહાર્ય ગૂઢ આંકડીઓ વડે જોડાયેલી હોય છે, તેને સાવિત્રીએ તોડી નાખવાની હતી. પોતાના આત્માની શક્તિ વડે અમર દેવના માર્ગમાં પડેલા અંતરાયરૂપી પથરાને - પોતાના ભૂતકાળને - જડમૂળથી ઉખેડી નાખવાનો હતો, પોતાના માર્ગને સપાટ કરીને ભાવિને નવેસરથી ઘડવાનું હતું. (૬૪)

અહીં અનુવાદકે અર્થને સહજ બનાવવા માટે પોતાના તરફથી જે ઉમેરણ કર્યું છે તે જોઈ શકાય છે. વિસ્તારભયે એની વિગતે વિચારણા કરી નથી.

(૫) અનુવાદક કૌંસ, લઘુરેખાનું વિરામચિહ્ન (ડેશ), પાદટીપ આદિના અર્થક્ષમ વિનિયોગ દ્વારા પણ અર્થસ્પષ્ટતા આણવા પ્રયત્ન કરે છે. આ સંદર્ભે પ્રથમ પર્વના ચોથા સર્ગના નીચેના શ્લોકનો અનુવાદ ધ્યાનાર્હ છે:

Here on the earth where we must fill our parts,
We know not how shall run the drama's course;
Our uttered sentences veil in their thought.
(61:33-36)

એનો ગુજરાતી અનુવાદ આ મુજબ છે:

'અહીં, આ પૃથ્વી ઉપર (જ્યાં આપણે આપણો ભાગ અવશ્ય ભજવવાનો છે ત્યાં) આ નાટકનો ઘટનાપ્રવાહ કઈ દિશામાં વહેશે તે આપણે જાણતા નથી; આપણે જે વાક્યો ઉચ્ચારીએ છીએ તે એ પુરુષ-પ્રકૃતિના વિચારને સંતાડતો પડદો પાડતાં હોય છે.' (૧૩૧)

અહીં કૌંસના અર્થક્ષમ ઉપયોગ દ્વારા મૂળભાવ વિશેષ સ્પષ્ટતા પામ્યો છે.

અનુવાદક ક્યારેક અર્થસ્પષ્ટતા માટે પાદટીપનો પણ ઉપયોગ કરે છે. આ દૃષ્ટિએ દશમા પર્વના ચોથાસર્ગના 'satyr's limbs' (645 : 13) નો અનુવાદ 'સેટીરના અંગો' (553) નોંધપાત્ર છે. અનુવાદક પ્રસ્તુત શબ્દનો અર્થ સ્પષ્ટ કરતાં પાદટીપમાં જણાવે છે: " સેટીર ગ્રીક પુરાણમાં અર્ધપશુ અને અર્ધમાનવ જેવું, પ્રાણના કામાવેગનું પ્રતીક એ સેટીર છે.' (પૃ.૫૫૩) આ રીતે અર્થસંક્રમણ સરળ, સહજ, બને છે.

(૬). અનુવાદક મૂળ ભાવને અભિવ્યક્ત કરવા જતાં ક્યારેક હકારવાચક વાક્યનું નકારવાચક તેમજ નકારવાચક વાક્યનું હકારવાચક વાક્યમાં પરિવર્તન કરે છે. આ સંદર્ભે નીચેના દૃષ્ટાંતો નોંધપાત્ર છે:

(ક) Nothing now moved in the vast brooding space :

(341 : 14)

અનુવાદ :

ચિંતાકુલ દિશાના વિસ્તારમાં સઘળું થંભી ગયું.

(૨૯૫)

(ખ)

And nothing happens in the cosmic play
But at its time and in its foreseen place.

(389: 7-8).

અનુવાદ:-

'એટલે આ વિરાટની લીલામાં જે કાંઈ બને છે તે બધું એને પોતાને સમયે અને નિર્મિત સ્થળે જ બની આવે છે. (367)

અહીં જોઈ શકાય છે કે (ક) માં મૂળ ભાવ નકારનો છે જે અનુવાદમાં હકારવાચક બને છે. જ્યારે (ખ) માં મૂળ ભાવ નકારનો છે. જ્યારે અનુવાદમાં એ હકારવાચક બને છે. આમ કરવા જતાં મૂળનો અર્થવિકૃત થતો નથી એ વિશેષરૂપે ઉલ્લેખનીય ગણાય.

(૭) ક્યારેક એક જ વાક્યમાં સાવ પાસેપાસે એક જ શબ્દના પુનરાવર્તનથી શૈલી શૈથિલ્ય પણ જોવા મળે છે. આ સંદર્ભે ચોથા પર્વના બીજા સર્ગની નીચેની પંક્તિઓનો અનુવાદ જોઈએ:-

A field of Creation and spiritual hush,
(359:3).

અનુવાદ :

'એ પ્રદેશ આધ્યાત્મિક સર્જનનો અને મૌનનો પ્રદેશ હતો.'
(323).

આ જ રીતે ચોથા પર્વના પ્રથમ સર્ગનું નીચેનું દૃષ્ટાંત નોંધપાત્ર છે:

A maenad of the cycles of desire (349:1)
Around a Light she must not dare to touch,
Hastening towards a far-off unknown goal (349:3)
Earth followed the endless journey of the Sun.
(349:1-4).

ગુજરાતી અનુવાદ :-

'જેનો સ્પર્શ કરવાની પણ ધૃષ્ટતા કરવાની મના હતી એવી એક સૂર્યજ્યોતિની આજુબાજુ કામનાના યુગચક્રોમાં આત્મભાન ભૂલીને ઘૂમી રહેલી, કોઈ સુદૂરે અજ્ઞાત લક્ષ્ય પ્રત્યે ત્વરિત ગતિ કરતી પૃથ્વી સૂર્યની અંતહીન યાત્રાને અનુસરતી હતી.' (309)

અહીં પ્રથમ દૃષ્ટાંતમાં 'પ્રદેશ' અને બીજામાં 'કરવાની' શબ્દોના આવર્તનો શૈલીશૌચિત્ય સર્જે છે.

આમ, ભાષાકર્મમાં શ્લોકની ભૂમિકાએ અનેક લાક્ષણિકતાઓ પ્રતીત થાય છે. અનુવાદક મૂળના ભાવને પૂર્ણ રૂપે પ્રાસાદિક બનાવવા સમુલ્લેખનીય પ્રયત્ન કરે છે અને એમાં એમને સારી એવી સફળતા પણ પ્રાપ્ત થાય છે:

(૩) અલંકારવિધાન :-

આપણને સુવિદિત છે કે 'સાવિત્રી' પ્રાયઃ સાલંકાર મહાકાવ્ય છે. અભ્યાસીઓએ એમાં 'ઉપમા',- તેના અનેક પ્રભેદો સહિત-; રૂપક; 'પર્યાયોક્ત'; 'યથાસંખ્ય'; 'પરિકર'; 'સમુચ્ચય', 'પરિસંખ્ય'; 'ક્રિયા-દીપક';

'કારક-દીપક'; 'પુનરુક્ત'; 'વ્યાજસ્તુતિ'; 'સમાસોક્તિ'; 'વિરોધ' જેવા અનેક અલંકારો પ્રયોજાયા છે. એના દ્વારા પ્રસ્તુત મહાકાવ્યને આગવું પરિમાણ પ્રાપ્ત થાય છે. અને પુરાણીના અનુવાદમાં મૂળ કૃતિના અલંકારો સંક્રમણ પામે છે ત્યારે એમાં શો ફેરફાર થાય છે તે આપણી તપાસનો મુખ્ય વિષય બને છે. પ્રસ્તુત શોધનિબંધની મર્યાદામાં રહીને અમે આ ચર્ચા કેવળ ઉપમા અને રૂપક અલંકાર પૂરતી જ સીમિત રાખી છે.

'સાવિત્રી'ના આરંભના પ્રથમ પર્વના પ્રથમ સર્ગમાં રાત્રીનો અંધકાર દૂર થતાં કઈ રીતે પ્રકાશ પ્રગટે છે એનું ઉપમા દ્વારા તાદૃશ્ય વર્ણન પ્રાપ્ત થાય છે.

The darkness failed and slipped like a falling cloak
From the recling body of a God.
(3:૨૧-30)

અનુવાદ :-

'અંધકાર આખરે પરાજય પામ્યો, અને આરામની સ્થિતિમાં લેટી રહેલા કોઈ દેવના શરીર ઉપરથી વસ્ત્ર સરી જાય તેમ સરી ગયો. (53)

અહીં મૂળનો ભાવ એના અલંકાર સહિત પૂરેપૂરો અનુવાદમાં પ્રગટ્યો હોવાનું પ્રતીત થાય છે.

આ સંદર્ભે સાવિત્રીની પ્રકૃતિને દિવ્ય પંખીની ઉપમા આપેલું ચોથા પર્વના પ્રથમ સર્ગના નીચે દર્શાવેલા શ્લોકનું અલંકાર વિધાન તપાસીએ :-

Her nature dwelt in a strong separate air
Like a strange bird with large rich coloured breast
That sojourns on a secret fruited bough
Lost in the emerald glory of the woods
Or flies above divine unrechable tops.
(355:૧૯-૨૩).

ઉપર્યુક્ત શ્લોકનો ગુજરાતી અનુવાદ હવે જોઈએ :

'એટલે કોઈ વિચિત્ર પ્રકારનું, ચળકતા રંગની છાતીવાળું પંખી વનની લીલીછમ શોભામાં લુપ્ત થઈ જઈ ફળથી લચેલી કોઈ છૂપી ડાળ ઉપર બેઠેલું હોય, અથવા કોઈ પહોંચી ન શકે એવી ઊંચી ટૂંકની ટોચે ઊડતું હોય તેમ સાવિત્રીની પ્રકૃતિ ઓજસ્વાળા ઉદાર વાતાવરણમાં વસતી હતી.' (પૃ. ૩૧૪).

અહીં પૂર્ણોપમા અલંકાર સહજ રીતે સંક્રમણ પામ્યો હોવાની સંતર્પક પ્રતીતિ થાય છે.

ક્યારેક અનુવાદક મૂળ શ્લોકમાં પ્રયોજાયેલા અલંકાર કરતાં બીજો જ અલંકાર અનુવાદમાં પ્રયોજે છે. એનું દૃષ્ટાંત ચોથા પર્વના બીજા સર્ગમાં પ્રાપ્ત થાય છે :

A single lamp lit in perfection's house,
A bright pure image in a priestless shrine,
(384:15-16).

અનુવાદ :-

'સાવિત્રી જાણે પૂર્ણતાના ઘરમાં એકમાત્ર પ્રગટ દીપક જેવી હતી, કોઈ પૂજારી વિનાના મંદિરમાં સ્થાપિત એક તેજસ્વી પવિત્ર મૂર્તિ જેવી હતી.' (૩૩૯).

ક્યારેક ભાવની સ્પષ્ટતા અર્થે મૂળ શ્લોકમાં અલંકાર ન હોય છતાં અનુવાદક પોતાના તરફથી પ્રયોજે છે. એની કિંચિત્ ચર્ચા પ્રસ્તુત પ્રકરણમાં જ અગાઉ થઈ ગઈ હોવાથી એનું પુનરાવર્તન કરતા નથી.

સમગ્ર રીતે જોઈએ તો અનુવાદકે મૂળ કૃતિના અલંકારવિધાનને પ્રાય: યથાવત્ સ્વરૂપમાં અને ક્વચિત્ પરિવર્તિત સ્વરૂપે સંક્રમિત કર્યું છે. એનાથી મૂળ કૃતિનો ભાવ સહજ રીતે અભિવ્યક્ત થાય છે અને એ જ અનુવાદકનું પરમ ધ્યેય છે.

[II] પદ્યાનુવાદ.

અંબાલાલ પુરાણીએ 'સાવિત્રી'ના કેટલાક સર્ગોના પસંદગીના અંશોના પદ્યાનુવાદ આપ્યા છે. આ રીતે એમણે 'સાવિત્રી'ના કુલ નવ પૃષ્ઠોનો પદ્યાનુવાદ કર્યો છે. એનો આપણે સહેજ વિગતે અભ્યાસ કરીએ. પુરાણીએ નીચે દર્શાવેલા ચાર અંશોના પદ્યાનુવાદ આપ્યા છે:

(૧) 'સાવિત્રી'ના પ્રથમ પર્વના ચોથા સર્ગમાં નિરપેક્ષ, પૂર્ણસ્વરૂપ, એકમેવાદ્વિતીય એવા પરાત્પર પ્રભુ કઈ રીતે સર્વમાં વાસ કરી રહ્યા છે, અને માનવ એમના દિવ્ય સ્વરૂપ પ્રત્યે આરોહી શકે એટલા માટે પ્રભુએ આપણી અપૂર્ણતાઓનો વેશ ધારણ કર્યો છે, આપણે સર્વે પ્રભુના પુત્રો છીએ, અને આપણે તેમના જેવા થવાનું છે. આનું આલેખન 'સાવિત્રી'ના પૃષ્ઠ 67 : 6 થી 32 પંક્તિઓમાં થયું છે. પુરાણીએ 'સાવિત્રી ગુર્જન'ના પરિશિષ્ટ-૨માં પૃ 616, 617 પર એનો પદ્યાનુવાદ આપ્યો છે.

(૨) એ જ રીતે પ્રથમ પર્વના ચોથા સર્ગમાં પૃ. 69 થી 73 પર મનુષ્યનું કાળરૂપી મહાસાગરના ખલાસી રૂપે આલેખન કર્યું છે. શ્રી અરવિંદે અહીં મનુષ્યની સઘળી ગતિવિધિને આ કાળસાગરની યાત્રાના રૂપક દ્વારા રજૂ કરી છે. પુરાણી 'સાવિત્રી ગુર્જન'ના પરિશિષ્ટ-૧માં પૃ 610 થી 615 પર એનો પદ્યાનુવાદ આપે છે.

(3) ત્રીજા પર્વના ચોથા સર્ગમાં અશ્વપતિ મા ભગવતીને જે પ્રાર્થના-પોકાર કરે છે તેના અંતિમ ભાગ : 345 : 5 થી 31 નો પદ્યાનુવાદ અનુવાદકે પૃષ્ઠ 30૧-૨ પર આપ્યો છે.

(૪) એ જ રીતે ચોથા પર્વના ત્રીજા સર્ગમાં અશ્વપતિ સૂર્યોજ્જ્વલ પ્રદેશોમાં થઈને આવતી પોતાની પુત્રી સાવિત્રીને આંતરચક્ષુ દ્વારા દિવ્યતાના આવિર્ભાવરૂપે અનુભવે છે. એનું આલેખન મૂળકૃતિમાં પૃષ્ઠ 343 થી 345 પર કરવામાં આવ્યું છે. એનો પદ્યાનુવાદ પુરાણીએ પરિશિષ્ટ-૩ રૂપે અનુવાદકે પૃ. 618 થી 6૨૦ પર આપ્યો છે.

ત્રીજા અનુવાદને બાદ કરતાં બાકીના ત્રણેય અનુવાદોનો

ગદ્યાનુવાદ 'સાવિત્રી'ના ક્રમમાં જે તે સર્ગમાં ગદ્યાનુવાદમાં પ્રાપ્ત થાય છે. એની વિગત નીચે મુજબ છે.

પર્વ.૧. સર્ગ.૪. પદ્યાનુવાદ. પૃ. 616, 617. ગદ્યાનુવાદ પૃ.146,147.
પર્વ.૧. સર્ગ.૪. પદ્યાનુવાદ. પૃ. 610 થી 615. ગદ્યાનુવાદ. પૃ. 149-54.
પર્વ.૪. સર્ગ.3. પદ્યાનુવાદ પૃ. 618 થી 620. ગદ્યાનુવાદ. પૃ. 343-45

ઉપર્યુક્ત અનૂદિત અંશોની મૂળકૃતિ સાથેની તેમજ એમના પુરાણીકૃત ગદ્યાનુવાદો સાથેની તુલના અધ્યયનના અનેક મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ઉપસ્થિત કરે છે. સમગ્ર રીતે જોઈએ તો અનુવાદક ગદ્યાનુવાદની જેમ જ અર્થસંક્રમણ માટે અનેક પ્રયુક્તિઓનો વિનિયોગ કરે છે. આ પદ્યાનુવાદોની સૌથી અગત્યની વિશેષતા એમનું છંદવિધાન છે. આપણે માત્ર આ છંદોવિધાનની જ સહેજ વિગતે વિચારણા કરીએ.

શ્રી અરવિંદના બ્લૅંકવર્સના માટે પુરાણી અનુષ્ટુપ છંદનો વિનિયોગ કરે છે. અગાઉ પ્રકરણ-૨માં ચર્ચા મુજબ પ્રેમલાલ આ માટે વ્યસ્ત અનુષ્ટુપ પ્રયોજે છે. પ્રેમલાલ અનુષ્ટુપની પંક્તિના લગાત્મક ચોથા સંધિ 'લગાલગા'ને અનુષ્ટુપના સ્થાયી લક્ષણ તરીકે સ્વીકારે છે અને બીજ સંધિ 'લગાગાગા'ને બદલે એનાં લગાલગા/લગાગાલ/ ગાલગાગા/ જેવાં અનેક રૂપાંતરણો આપે છે. પુરાણીએ પ્રયોજેલા અનુષ્ટુપમાં આપણે આ વલણની તપાસ કરીએ : આ અંગે પ્રથમ પર્વના ચોથા સર્ગની નીચેની અનૂદિત પંક્તિઓ જોઈએ :

લગા ગા ગા સગા લગા
કાલસાગરનો આ છે ખલાસી, માનવી જુઓ, (610:1)

લગા ગા ગા લગા લગા
જડ વિશ્વતણો છે એ મંદ શોધક બાપડો,

લગાગાલ લગા લગા
લઈને દેહની નાવ ઘૂમ્યો છે નિજ આત્મની (610:3)

ગાગા ગા ગા લગા લગા
સાંકડી ખાડીઓમાં ને અખાતોમાં હજી સુધી, (610:4).

લ ગાગાગા   લગા લગા
શીખ્યો છે એમ પોતાની કલાના પાઠ ઘૂંટતાં,   (610:5)

લગા ગાલ   લ ગા લગા
શાંતિની સિંધુનો કિંતુ બનીને યાત્રી એ હવે

લ ગાગાગા   લગા લગા.
આખરે ઝંપલાવે છે અમાપી ગહરાઈમાં.   (610:7)

અહીં જોઈ શકાશે કે પંક્તિનો બીજો લગાત્મક સંધિ 'લગાગાગા' અનિવાર્યપણે સચવાતો નથી. (610:3)માં 'લગાગાલ', (610:4) માં 'ગાગાગાગા' તેમજ (610:6)માં 'લગાગાલ' પ્રાપ્ત થાય છે. પુરાણીના સમગ્ર પદ્યાનુવાદમાં આ લક્ષણ જોઈ શકાય છે.

પૂજાલાલનો વ્યક્ત અનુષ્ટુપ પરંપરાપ્રાપ્ત અનુષ્ટુપના ૩૨ માપમાં ન રહેતાં ક્યારેક આરંભની બે સંધિઓની એક પંક્તિરૂપે, તો ક્યારેક પ્રથમ ત્રણ તો ક્યારેક ત્રીજ ચોથા સંધિના બનેલા ચરણરૂપે – પંક્તિરૂપે પણ પ્રાપ્ત થાય છે. પુરાણીમાં આ લક્ષણ જોવા મળતું નથી. પ્રથમ પર્વના ચોથા સર્ગમાંના એક દૃષ્ટાંત દ્વારા આ મુદ્દો સ્પષ્ટ કરીએ.

લ લ ગાગા   લગા લગા
ઘટે થાવું પ્રભુ જેવા પ્રભુ-સંતાન આપણે   (617:11)

લગા ગાલ   લગા લગા
ઈશના માનુષી અંશ, આપણે બનવું ઘટે

લ ગા ગા લ   લગાગાગા
દેવતા, – પ્રભુના અંશ દિવ્ય, અહીં વિકાસીને   (617:13)

લ ગા ગા લ   લગા ગા ગા
વિરોધાભાસથી પૂર્ણ જિંદગી આપણી દીસે

ગા ગા ગાગા   લગા લગા
પ્રભુ છે ચાવી જેનાથી વિરોધો ઉકલી જશે.   (617:15)

અહીં જોઈ શકાશે કે પ્રત્યેક ચરણ ચાર-ચાર સંધિઓનું જ બનેલું છે. આમ, એની અક્ષરસંખ્યા સોળ નિયત છે. વળી, પ્રેમલાલના અનુવાદની જેમ અહીં પણ બીજા સંધિમાં 'લગાગાગા' ને બદલે અનેક વ્યુત્ક્રમો જોઈ શકાય છે. જ્યારે ચોથો સંધિ મોટેભાગે 'લગાલગા' સ્વરૂપે સચવાય છે.

શ્લોકવર્ગમાં એક એક અનિવાર્ય લક્ષણ - યતિસ્વાતંત્ર્ય અને એક પંક્તિનું બીજીમાં ઉભરાઈને વહેવું - આ પ્રસ્તુત અનુવાદમાં સુપેરે જોઈ શકાય છે. આ દૃષ્ટિએ ચોથા પર્વના ત્રીજા સર્ગના અનુવાદની નીચેની પંક્તિઓ અવલોકનીય છે:

સૂર્યોજ્જવલ પ્રદેશોમાં થઈને આવતી ત્યહીં (618:1)
દેખી સાવિત્રીને સૌએ, વ્યોમના સ્તંભના સમાં
ઊંચા વૃક્ષોની શ્રેણીમાં પગલાં માંડતી હતી (618:3)
રંગોની ચમકે દીપ્ત વસ્ત્રમાં પરિવેષ્ટિતા
જાણે મશાલ ઊંચે કો યાત્રીએ ધારી હસ્તમાં, (618:5)
આકાશ-ઘુમ્મટે છાયા ધરા-મંદિરને વિષે,
અદૃશ્ય દેવોની પાસે ધરી ધૂપાગ્નિની શિખા.
જ્વલતી ઊર્ધ્વ પ્રત્યે કો લોક શાશ્વત પ્હોંચવા. (618:8)

સામાન્ય રીતે અનુષ્ટુપમાં બીજા સંધિ પછી એક યતિ સ્વીકારાય છે. પુરાણીના અનુવાદમાં આવો યતિ જોઈ શકાય છે. પરંતુ આ એનું અનિવાર્ય લક્ષણ નથી. ઉદાહરણ તરીકે ચોથા પર્વના ત્રીજા સર્ગની નીચેની પંક્તિમાં છ અક્ષર બાદ યતિ આવે છે:

ક્ષણભંગુર જીવંત દેહ તો પારદર્શક
વસ્ત્ર જેવો બન્યો; તેણે દીઠા દેવ પ્રતિષ્ઠિત.
(619:20-21)

વળી, અહીં અર્થ પણ એક પંક્તિમાંથી બીજીમાં ઊભરાઈને વહેતો જોઈ શકાશે. આ રીતે વાક્યાંત પંક્તિને અંતે જ આવે એવી કોઈ અનિવાર્યતા અહીં જોવા મળતી નથી. આનાથી છંદની અખંડિતતા પ્રાપ્ત થાય છે.

પુરાણીના પ્રસ્તુત પદ્યાનુવાદોમાં મૂળ કૃતિનું લાઘવ કલાત્મક રીતે

સચવાય છે. આ દૃષ્ટિએ ત્રીજા પર્વના ચોથા સર્ગની અશ્વપતિની ઉક્તિ ધ્યાનપાત્ર છે. પહેલાં મૂળ પંક્તિઓ જોઈએ :

O Truth defended in thy secret sun, (345:5)
Voice of her mighty musings in shut heavens
On things withdrawn within her luminous depths, (345:7)
O Wisdom-Splendour, mother of the universe,
Creatrix, the Eternal's artist Bride, (345:9)
Linger not long with thy transmuting hand
Pressed vainly on one golden bar of Time, (345:11)
As if Time dare not open its heart to God. (345:12)

એનો ગુજરાતી અનુવાદ આ મુજબ છે:

ઋત હે ! નિજ પ્રચ્છન્ન જ્ઞાનભાસ્કર રક્ષિતા (301:1)
તેજસ્વી નિજ ઊંડાણે, અંતરે, ધ્યાનસેવિત
વસ્તુઓની પ્રતાપી જે મનીષા રુદ્ધ સ્વર્ગમાં (301:3)
જાગતી તેની હે વાચા, પ્રજ્ઞામૂર્તિ મહાપ્રભા !
જગદંબે વિધાત્રી હે ! વરેલી શિલ્પી નિત્યની ! (301:5)
કાળના એક સ્વર્ણીય આગળા ઉપરે નવ
ચિંતામણિ સમો હસ્ત રાખી મૂકી નિરર્થક (301:7)
વિલંબ તું હવે ઝાઝો કર ના માત દિવ્ય હે !
જાણે કે કાળ પોતાના દિલને હામ ભીડીને (301:9)
પ્રભુ પ્રત્યે કદી ખોલી શકતો હોય ના જરી. (301:10)

અહીં મૂળનું લાઘવ અને શૈલીની ઓજસ્વિતા અપેક્ષિત સંક્રમણ પામ્યાં છે. આમ, અનુવાદ સાર્થક બની રહે છે.

અંબાલાલ પુરાણીએ 'સાવિત્રી'ના ત્રીજા ભાગનો જે ગદ્યાનુવાદ આપ્યો છે એમાં મૂળ કૃતિનો અર્થ વિશેષરૂપે સંતર્પક રીતે પ્રગટ્યો છે. આમાં અનુવાદક તરીકેની એમની સર્જકતા અને સજ્જતા સરાણે ચઢેલાં છે. મૂળ કૃતિનો અર્થ પૂરેપૂરો સંક્રમિત કરવા માટે પોતાના તરફથી કેટલાંક ઉમેરણો પણ કર્યાં છે. અપેક્ષિત અર્થબોધક સાંસ્કૃતિક રૂપાંતરણો દ્વારા એમણે અર્થને પ્રાસાદિક બનાવ્યો છે. ક્યારેક એમનો અર્થ દુર્બોધ પણ બની રહ્યો છે. જો કે આવા અપવાદો જૂજ છે એ નોંધવું રહ્યું. એમના ગદ્યાનુવાદમાં મૂળ કૃતિનો લય અને કલાત્મક લાઘવ પૂરેપૂરા પ્રગટયા નથી. એમને ગુજરાતીની ભાષાતરીકેની મર્યાદાનો પણ સારા એવા પ્રમાણમાં સામનો કરવો પડ્યો છે. આવાં સ્થળોએ એમણે મૂળ કૃતિના ભાવને જ સંક્રમિત કરવાનું વલણ દાખવ્યું છે. આ ગદ્યાનુવાદ અંબાલાલ પુરાણીની એક સમર્થ ગદ્યકાર તરીકેની પ્રતિભાનો આહ્લાદક અનુભવ કરાવે છે. એમણે આપેલો પદ્યાનુવાદ મૂળ કૃતિના લાઘવને પણ કલાત્મક રીતે પ્રગટાવે છે. એમણે 'સાવિત્રી'નો સંપૂર્ણ અનુવાદ આપ્યો હોત તો ગુજરાતી ભાષાસાહિત્યશ્રીમાં વિશેષ ઉમેરો થાત. એમનો આ અપૂર્ણ અનુવાદ પણ ગુજરાતી સાહિત્યાકાશમાં સ્થિરદ્યુતિ પ્રકાશી રહ્યો છે.

(૨) સુન્દરમ્

<u>પરિચય :-</u>

ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર 'સુન્દરમ્' (૧૯૦૮-૧૯૯૧) ગુજરાતી સાહિત્યમાં ગાંધીચેતનાના ધીંગા વાસ્તવ અને શ્રી અરવિંદ ચેતનાના અધિવાસ્તવને કાવ્યાત્મકતા અર્પનારા અગ્રણી કવિ તરીકે ઉલ્લેખનીય છે. ભાષા અને અભિવ્યક્તિની અનેકવિધ શક્યતાઓને ટૂંકીવાર્તા જેવા કલાત્મક સાહિત્ય-સ્વરૂપમાં જૂજવેરૂપે હસ્તામલકવત્ બનાવવામાં નીવડેલા વાર્તાકાર તરીકે પણ તેઓ પ્રતિષ્ઠિત છે. સાહિત્ય કે સાહિત્યના ઈતિહાસને ચેતનાની મૂલગામી દૃષ્ટિથી મૂલવતા સહૃદય વિવેચક તરીકે પણ તેઓ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

સુન્દરમ્‌ની સર્જકતાનો પ્રથમ અને પ્રખર આવિષ્કાર કાવ્યસ્વરૂપે પ્રગટે છે. 'કોયાભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો' (૧૯૩૩) રૂપે એનું પ્રથમ પ્રાગટ્ય થાય છે. 'કાવ્યમંગલા' (૧૯૩૩), 'વસુધા' (૧૯૩૯), 'રંગરંગ વાદળિયાં' (૧૯૩૯) અને 'યાત્રા' (૧૯૫૧) એના એક એકથી ચઢિયાતાં કાવ્યશિખરો છે. ઇ.સ. ૧૯૯૧માં એમના દેહાવસાન બાદ 'વરદા' (૧૯૯૧), 'મુદિતા' (૧૯૯૨), 'ઉત્કંઠા' (૧૯૯૨) અને 'અનાગતા' (૧૯૯૩) જેવા ચાર કાવ્યસંગ્રહો પ્રકાશિત થયા છે. સુન્દરમ્‌નું જેટલું કાવ્યસાહિત્ય પ્રકાશિત થયું છે એના કરતાં સહેજે ત્રણ-ચાર ઘણું કાવ્યસાહિત્ય હજુ પ્રકાશનની પ્રતીક્ષા કરી રહ્યું છે.

કવિ તરીકેની સુન્દરમ્‌ની કાવ્યયાત્રાનાં બે સ્થિત્યંતરો પ્રમાણી શકાય છે. 'કોયા ભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો'થી 'વસુધા' સુધીના પૂર્વસુન્દરમ્. ૧૯૪૫માં એમણે સપરિવાર પોંડિચેરી ખાતે શ્રી અરવિંદ આશ્રમવાસ સ્વીકાર્યો ત્યારબાદના 'યાત્રા'થી 'અનાગતા' સુધીના ઉત્તર સુંદરમ્. આ બન્ને સુન્દરમ્‌નો આપણે કિંચિત પરિચય મેળવીએ.

'કોયા ભગત...' માં એમની સામાજિક નિસ્બત તારસ્વરે અભિવ્યક્તિ પામી છે. ગાંધીચિંધ્યા આદર્શોને ચરિતાર્થ કરીને સામાજિક ઉત્થાન કરવાનો તીવ્ર આક્રોશ અહીં અવળવાણીરૂપે તળપદી બાનીમાં સારગર્ભિરૂપે પ્રગટ્યો છે. અહીં કવિ કરતાં કટાક્ષકાર સુન્દરમ્ વિશેષ પ્રમાણમાં ઉપસતા હોય એમ લાગે છે. 'કાવ્યમંગલા'માં છંદોબદ્ધ કાવ્યો, સોનેટો અને ગીતો સંગ્રહાયાં છે. એમાં રાષ્ટ્રપ્રેમ, દલિતપીડિત પ્રત્યેની વિશેષ અનુકંપા ધ્યાન ખેંચી રહે છે. 'વસુધા'માં એમની કવિતા સામાજિક વાસ્તવથી આગળ વધી ચંદ્રકાંત ટોપીવાળા નોંધે છે એ મુજબ 'વધુ અંતરંગતા અને સ્વાયત્તતા તરફ વળે છે; અને કવિતાનાં ઉત્તમ પરિણામો લાવે છે.'*૧૦ સુન્દરમ્‌ની કાવ્યસંચલનામાં આરંભકાળથી જ અધ્યાત્મ-વૃત્તિ સક્રિય રહેલી છે. ઉપલક દૃષ્ટિએ જોતાં શરૂઆતની કાવ્ય-કૃતિઓમાં વિષયવૈવિધ્યની વિપુલતામાં કદાચ એ ન પ્રમાણી શકાય, છતાં પ્રકૃતિ, પ્રણય જેવા વિષયોની પડછે પરમતત્ત્વને

પામવાની એમની અભીપ્સા તીવ્ર બનતી પ્રતીત થાય છે. એનું એક આગવું ભાવવિશ્વ પણ રચાય છે. આ દૃષ્ટિએ 'અહો પૃથ્વીમૈયા'; 'એક સવારે'; 'જ્યોત જગાવ'; 'હંકારી મ'; જેવી રચનાઓ વિશેષરૂપે ઉલ્લેખનીય છે.

'કાવ્યમંગલા'થી જ કવિની 'ધ્રુવપદ'ને પામવાની એક શોધ આરંભાય છે, જે 'વરદા'માં તીવ્ર બને છે, અને શ્રી અરવિંદ, શ્રીમાતાજીના અધ્યાત્મદર્શનના યોગે તે પરિપૂર્તિ પામે છે. એનું અંતર્ગત આલેખન 'યાત્રા' કાવ્યસંગ્રહમાં છે. અહીં આરંભની કોયાભગતની કડવી વાણી 'યાત્રા'ની કાવ્યવાણીમાં પરિવર્તન પામે છે. આ સુન્દરમ્‌ની કવિતાનું જ નહિ પરંતુ સમગ્ર ગુજરાતી કવિતાનું એક વિશિષ્ટ સ્થિત્યંતર છે. 'કાવ્યમંગલા', 'વસુધા'ના કાવ્યોની વ્યાકુળતાનું શમન 'યાત્રા'ની કવિતામાં પ્રાપ્ત થાય છે. એમાં વિષય અને ભાવનું વૈવિધ્ય જરૂર ઘટ્યું છે, પરંતુ કવિતાનું ઊંડાણ અનેકઘણું વધ્યું છે. અધ્યાત્મની અનુભૂતિના સઘન સ્પર્શવાળી આ કવિતા વધારે તેજસ્વી બની છે. આ દૃષ્ટિએ 'ધ્રુવપદ અહો'; 'તવ ચરણે'; 'નિશા ચૈત્યની'; 'હે સ્વપ્નસુંદર'; 'આત્મનો ખેડૈયો', 'શ્રી અરવિંદ', 'શું અર્પું', 'અમોને તું દેજે' જેવી રચનાઓ વિશેષ ધ્યાન ખેંચે છે. 'યાત્રા'ના કાવ્યોનું માર્મિક અનુસંધાન એના અનુગામી કાવ્યસંગ્રહો - 'વરદા', 'મુદિતા' અને 'અનાગતા'માં સધાય છે. આ અંગે પ્રમોદકુમાર પટેલ જણાવે છે એ મુજબ 'સુન્દરમ્‌ની સર્જકપ્રતિભા અનેક કૃતિઓમાં તાજગીભર્યાં નવાંનવાં વસ્તુસંદર્ભો અને નવાંનવાં ભાવપ્રતીકો રચતી અનાયાસ લીલયા પ્રવર્તતી રહી છે.'*" આ કાવ્યોમાં પરમરસની આરાધના અનુભવાય છે. એમાં પૂર્વસુન્દરમ્‌નું ભાવજગત બદલાય છે પરંતુ એમના કવિગુણો અધ્યાત્મ કવિતાના સંસ્પર્શની પ્રૌઢિ પામે છે એ ઉલ્લેખનીય છે. સમગ્ર રીતે જોતાં સુન્દરમ્‌ની કવિતા અંતઃસત્ત્વ અને અભિવ્યક્તિ બન્ને દૃષ્ટિએ ગુજરાતી કવિતામાં વિલક્ષણ મુદ્રા અંકિત કરે છે.

સુન્દરમે માનવહૃદય અને માનવજીવનના ઊંડાણોને તાગવાનો પ્રશસ્ય પ્રયોગ ટૂંકીવાર્તાના સાહિત્યસ્વરૂપને કલાસૂઝપૂર્વક

ખેડીને કર્યો છે. ઈ.સ. ૧૯૩૮માં 'ત્રિશુલ' ઉપનામ ધારણ કરીને તેઓ 'હીરાકણી અને બીજી વાતો' નામે પ્રથમ વાર્તાસંગ્રહ આપે છે. તેમાં 'લૂટારા' નામની તેમની પહેલી વાર્તા ઉપરાંત 'ગોપી', 'ભીમજીભાઈ', 'હીરાકણી' જેવી કુલ આઠ વાર્તાઓ સંગ્રહાયેલી છે ત્યારબાદ ૧૯૩૯માં 'ખોલકી અને નાગરિકા' નામનો બીજો વાર્તાસંગ્રહ આપે છે. એમાંની 'ખોલકી', 'નાગરિકા' જેવી વાર્તાઓમાંના વિવાદાસ્પદ નીવડેલાં જાતીય નિરૂપણો અપૂર્વ કલાસંયમ દાખવે છે અને એ વાર્તાઓ માનવચિત્તની સંકુલતાઓને સૌંદર્યનિષ્ઠ રીતે પ્રગટાવે છે. 'પિયાસી' નામના ૧૯૪૦માં પ્રકાશિત થયેલા એમના ત્રીજા વાર્તાસંગ્રહમાં તેઓ ગ્રામીણ નારી કે અકિંચન વર્ગની કોઈએક ઘટનાવિશેષ કે પાત્રને કલાત્મક રીતે આલેખે છે. આ સંગ્રહની 'માજા વેલાનું મૃત્યુ' અને 'માને ખોળે' જેવી ટૂંકીવાર્તાઓ એમની કીર્તિદા કલાકૃતિઓ બની રહે છે. ઈ.સ. ૧૯૪૫માં તેઓ 'ખોલકી અને નાગરિકા'માં નવી પાંચ વાર્તાઓ ઉમેરીને 'ઉન્નયન' રૂપે એની સંવર્ધિત આવૃત્તિ પ્રકાશિત કરે છે. આ તમામ વાર્તાઓમાં સુન્દરમ્‌ની સૌંદર્યલક્ષિતાનો સાચો સંબંધ સામાજિક વાસ્તવ પ્રત્યેની એમની પ્રતિબદ્ધતા સાથે જોઈ શકાય છે.

સુન્દરમ્‌ના પોંડિચેરી નિવાસબાદ રચાયેલી વાર્તાઓમાં સ્વાભાવિક રીતે જ શ્રી અરવિંદ દર્શન રસાયેલું અનુભવાય છે. ૧૯૭૮માં પ્રકાશિત થયેલા એમના 'તારિણી' વાર્તાસંગ્રહમાં એમની આધ્યાત્મિક અનુભૂતિઓને સૂક્ષ્મતાથી સબળ રીતે આલેખતી વાર્તાઓ પ્રાપ્ત થાય છે. એમાં 'એઈ દિકે'; 'તારિણી' જેવી વાર્તાઓ વિશેષરૂપે ઉલ્લેખનીય છે. આ વાર્તાઓ સુન્દરમ્‌ની નવોન્મેષશાલિની કારયિત્રી પ્રતિભાનો પ્રસાદ છે. સુન્દરમ્ બધી થઈને કેવળ ૬૦ જેટલી જ વાર્તાઓ આપે છે. પરંતુ એમાં ધીંગા વાસ્તવથી માંડીને સૂક્ષ્માતિસૂક્ષ્મ ચૈતસિક ગતિવિધિઓનું સમર્થ આલેખન કરતી ટૂંકીવાર્તાઓનો આખોએ વર્ણપટ ખેડાયેલો જોવા મળે છે.

સુન્દરમ્‌નું વિવેચક તરીકેનું વ્યક્તિત્વ પણ અત્યંત ધ્યાનાર્હ છે. 'અર્વાચીન કવિતા' (૧૯૪૬) ઇતિહાસલક્ષી વિવેચનાનું

એક અદ્વિતીય પુસ્તક છે. એમાં એમણે દલપત- નર્મદથી શરૂ કરીને નાના મોટા ૩૫૦ જેટલા કવિઓની ૧૨૨૫ જેટલી કૃતિઓનું ચેતનાની મૂલગામી દૃષ્ટિથી મૂલ્યાંકન કર્યું છે. એમાંના કેટલાંક મૌલિક અભિપ્રાયો આજે પણ સાંતર્પક બની રહ્યા છે. 'અવલોકના' (૧૯૬૫) એમના પ્રસંગોપાત્ત થયેલા ગ્રંથાવલોકનોનો સંગ્રહ છે. એમાં એમનું સર્જક વ્યક્તિત્વ, એમની વિશિષ્ટ સૌંદર્ય દૃષ્ટિ અને સંવેદના પ્રગટતા અનુભવાય છે. બ.ક. ઠાકોર અને રામનારાયણ પાઠકે ઉદ્ઘાટિત કરેલી ગુજરાતી સાહિત્યની નવ્ય વિવેચનાના બે સમર્થ વિવેચકો સુન્દરમ્ અને ઉમાશંકર એથી બની રહે છે એ સાહિત્યજગતની એક ધ્યાનાર્હ ઘટના છે.

સુન્દરમ્‌ના સૌંદર્યદર્શી માનસનું આહ્લાદક આલેખન 'દક્ષિણાયન' પ્રવાસવૃત્તાંત રૂપે પ્રાપ્ત થાય છે. એમાં તેઓ આપણને દક્ષિણ ભારતના એક આગવા વાતાવરણ અને સંસ્કૃતિમાં વિહાર કરાવે છે. ગુજરાતીના પ્રવાસસાહિત્યમાં 'દક્ષિણાયન'નું મહત્વપૂર્ણ સ્થાન છે. 'વાસંતી પૂર્ણિમા' (૧૯૭૭) નામે એમની ગંભીર- અગંભીર ભાવે રચાયેલી અનેક નાનીમોટી નાટ્યકૃતિઓ પ્રકાશિત થઈ છે. 'ચિદંબરા'માં ઈ.સ. ૧૯૨૬થી ૧૯૫૫ દરમિયાન લખાયેલા વિવિધ વિષયો પરના લેખો છે. પ્રથમ દૃષ્ટિએ પ્રકીર્ણ લેખોનું લાગતું આ પુસ્તક સુન્દરમ્‌ના આંતરજગતમાં સહજપ્રવેશ કરાવી આપે છે. 'ચિદંબરા' અંગે 'નલિન રાવળ કહે છે:' ચિદંબરા- ચૈતન્યનું અંબર ધારણ કરતી એ મહાશક્તિનો અનુગ્રહ પામી આપણને અનુગ્રહિત કરવા આપણા મહાન સર્જક સુન્દરમ્‌ની 'સાહિત્યિક આત્મકથા'સમા આ લેખોનો સંચય 'ચિદંબરા' આપણી સાહિત્યિક રુચિને ઘડીને આપણા આંતરિક જીવનની રસવૃત્તિને સમૃદ્ધ કરે છે.' *૧૨ આ સિવાય એમણે શ્રી અરવિંદનું જીવનચરિત્ર 'શ્રી અરવિંદ મહાયોગી' લખ્યું છે તે નોંધપાત્ર છે. શ્રી અરવિંદ દર્શનનું અનુશીલન કરાવતા 'દક્ષિણા' ત્રૈમાસિક દ્વારા એમણે ગુજરાતની સંસ્કારિતાનો અધ્યાત્મનો સંસ્પર્શ અર્પવાનું પુણ્યકાર્ય કર્યું છે. એ અંગે વિગતે વિચારણા આગળ ઉપર

યથાસ્થાને કર્યો છે.

આપણાં ઉત્તમ અનુવાદકોમાં સુન્દરમ્‌ની ગણના થાય છે. માતૃભાષા અનુવાદ દ્વારા કેવી સમૃદ્ધ થઈ શકે તે એમના અનુવાદોના તલસ્પર્શી અધ્યયનથી જોઈ શકાય છે. એમણે વૈવિધ્યપૂર્ણ અનુવાદો આપે છે. એમાં સંસ્કૃત નાટકોના ગુજરાતી અનુવાદો, શ્રી અરવિંદ, શ્રીમાતાજીના સાહિત્યના અનુવાદો, તેમજ અર્ન્સ્ટ ટોલર, યેટ્સ જેવા પશ્ચિમના સાહિત્યકારોના નાટકોના ગુજરાતી અનુવાદો, શોપનહોર, જેવાના લેખોના અનુવાદો મુખ્ય છે.

સુન્દરમ્‌ પોતે જણાવે છે એ મુજબ ગુજરાત વિદ્યાપીઠના એમના અધ્યયનકાળ દરમ્યાન 'ગુજરાતીમાં અનુવાદ' એ એમના અભ્યાસક્રમમાંનો એક વિષય હતો. એનાથી એમની અનેકવિધ અનુવાદપ્રવૃત્તિનો સૂત્રપાત રચાયો હશે એવું સહજ અનુમાન થઈ શકે. એમના પ્રકાશિત અનુવાદ-સાહિત્યને આપણે નીચે મુજબ વર્ગીકૃત કરી શકીએ:

સુન્દરમ્‌નું અનુવાદસાહિત્ય.

- સંસ્કૃતમાંથી ગુજરાતી. A.
- અંગ્રેજીમાંથી ગુજરાતી. B.

A. સંસ્કૃતમાંથી ગુજરાતી.

ગદ્યમાંથી ગદ્ય.

- બોધાયન. → ભગવદજ્જુકીય (નાટક) (૧૯૪૦)
- શુદ્રક. → મૃચ્છકટિક (નાટક) (૧૯૪૫).

સુન્દરમ્‌નું પ્રકાશિત અનુવાદ સાહિત્ય.

- સંસ્કૃતમાંથી ગુજરાતી. A. (આગળ જણાવ્યા મુજબ).
- અંગ્રેજીમાંથી ગુજરાતી. B
  - ગદ્યમાંથી ગદ્ય
    - શ્રી અરવિંદ.
      - શ્રી અરવિંદના ચાર પત્રો
      - પત્રાવલિ.
      - દિવ્યજીવન.
    - શ્રી માતાજી
      - શ્રી માતાજીના નાટકો
      - સુન્દરકથાઓ.
    - અન્ય લેખકો.
      - અર્ન્સ્ટ ટોલર (નાટકો)
        - ટ્રાન્સફીગ્યુરેશન
        - માશિસ એન્ડ મેન
      - જોનાથન સ્વિફ્ટ લેખ- સાવરણી
      - હેનરી ચૅંગ પુસ્તકના પ્રકરણનો અનુ. સ્વતંત્રતા પ્રાપ્તિનો લડત.
      - શોપનહોર. લેખ. પોતે વિચારો
      - કાઉન્ટ હરમાન કેસરલિંગ ધ ટ્રાવેલ ડાયરી ઓફ ફિલોસોફર (અંશત: અનુવાદ)
      - જવાહરલાલ નહેરુ. પ્રવચન. હિંદના સાહિત્યકારોને
  - પદ્યમાંથી પદ્ય
    - યેટ્સ.
      - ઍકુસમુન માર્ચ (નાટક)
    - શ્રી અરવિંદ.
      - સાવિત્રી (મહાકાવ્ય)
      - પરબ્રહ્મ અને બીજાં કાવ્યો.

આ સિવાય એમનું સારું એવું અનૂદિત સાહિત્ય અપ્રકાશિત પડ્યું છે. એમાં શ્રી અરવિંદના 'લવ એન્ડ ડેથ' કાવ્ય, શ્રી અરવિંદનાં અન્ય કાવ્યો, વગેરેનો સમાવેશ થાય છે. એમણે બંગાળી, હિંદી, મરાઠી, તમિલ, ફ્રેંચ રચનાઓના પણ ગુજરાતી અનુવાદો કર્યા છે. તદઉપરાંત 'પંચરાત્ર' સંસ્કૃત નાટક, ગોલ્સવર્ધીની નવલકથા -'ફોરસાઈટ સાગા'ના અનુવાદો પણ હજુ પ્રકાશન પામ્યા નથી. આ તમામ અનુવાદોમાં પરમોચ્ચ શિખરરૂપે એમણે આપેલો 'સાવિત્રી' મહાકાવ્યના પસંદગીના અંશોનો અનુવાદ છે. હવે એનું તલાવગાહી અધ્યયન કરવાનો ઉપક્રમ છે.

'સાવિત્રી' અનુવાદો :

પ્રાસ્તવિક :-

આપણને સુવિદિત છે એ મુજબ શ્રી અરવિંદના જીવનદર્શનના અનુશીલન અર્થે સુન્દરમે ૧૫ ઓગષ્ટ ૧૯૪૭થી 'દક્ષિણા' ત્રૈમાસિકનો આરંભ કર્યો હતો. શ્રી અરવિંદ દર્શનના ચાર મહત્વના દિન (૧) ૧૫ ઓગષ્ટ - શ્રી અરવિંદનો જન્મદિન, (૨) ૨૪ નવેમ્બર - શ્રી અરવિંદનો સિદ્ધિ દિન ; (૩) ૨૧ ફેબ્રુઆરી - શ્રી માતાજીનો જન્મદિન અને (૪) ૨૪ એપ્રિલ - શ્રી માતાજી કાયમ માટે પોંડિચેરી સ્થાયી થયાં એ દિવસો પર 'દક્ષિણા'ના અંકો પ્રકાશિત થતા હતા. આમ, ચાર અંકોનું એક પુસ્તક ગણાતું. સુન્દરમે પોતાના જીવનકાળ દરમ્યાન 'દક્ષિણા'ના આવાં ૨૭ પુસ્તકો - સળંગ ૧૦૭ અંકો પ્રકાશિત કર્યા હતા. ૧૦૮ ક્રમાંક ધરાવતો અંતિમ અંક સુન્દરમના દેહાવસાન બાદ એમના પુત્રી સુધા સુન્દરમે એપ્રિલ '૯૪ માં પ્રકાશિત કર્યો હતો.

સુન્દરમના ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતેના અધ્યયનકાળ દરમ્યાન ઈ.સ. ૧૯૧૮ થી બે વર્ષ સુધી 'સાબરમતી' નામના ત્રૈમાસિક સામયિકનું કુશળતાપૂર્વક

તંત્રીપદ સંભાળ્યું હતું. આ પૂર્વઅનુભવ 'દક્ષિણા'ના પ્રકાશન-કાર્યમાં સહાયક નીવડ્યો હોવાનું સહજ અનુમાન કરી શકાય. 'દક્ષિણા'ને તેઓ શ્રી અરવિંદને ધરાવાતા 'વાઙ્મય નૈવેદ્ય' તરીકે ઓળખાવે છે. આ સામયિકનો હેતુ દર્શાવતાં તેઓ કહે છે : 'ગુજરાતના વાચકવર્ગને શ્રી અરવિંદનું તત્ત્વદર્શન શક્ય તેટલા સમગ્ર ભાવે અને સંક્ષેપથી રજૂ કરવા માટે આ વિષયમાં ઉપયોગી એવું લખાણ જ્યાંથી પણ મળે ત્યાંથી લેવું અને ગુજરાતમાં શ્રી અરવિંદના અભ્યાસને વિકસાવવો એ અમારી દૃષ્ટિ છે.' *13

આ સામયિક 'સંસ્કૃતિ', 'કુમાર' આદિ તત્કાલીન ગુજરાતી સામયિકોમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરે છે. એમાં શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરીના અંબાલાલ પુરાણી, પૂજાલાલ તેમજ ઉમાશંકર જોષી, ઉશનસ્, જયન્ત પાઠક, હરીન્દ્ર દવે, પિનાકીન ઠાકોર, પ્રભરામ રાવળ જેવા અનેક લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારો સહયોગ આપે છે. વળી સુન્દરમ્ 'દક્ષિણાપથ' શીર્ષક હેઠળ પ્રકાશિત થતા તંત્રીલેખ દ્વારા શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરીમાં તેમજ બહિર્જગતમાં બનતા બનાવો અંગે પોતાના પ્રતિભાવો આપતા રહે છે. ગુજરાતને શ્રી અરવિંદના જીવનદર્શનથી પરિચિત કરાવવાના ઉમદા પ્રયોજનથી શરૂ કરાયેલા આ સામયિકનું કાર્ય પ્રમાણમાં સારું એવું મુશ્કેલ હતું. કારણકે શ્રી અરવિંદ, શ્રી માતાજીનું મોટાભાગનું સાહિત્ય અંગ્રેજી તેમજ ફ્રેંચમાં છે. આ ચિંતન-સમૃદ્ધિને અનુવાદ દ્વારા ગુજરાતીમાં અવતારવાનું કપરું કાર્ય બહુધા સુન્દરમ્‌ને કરવાનું આવતું. વળી, સુન્દરમ્‌ને આ સામયિકના સંપાદન સિવાય પણ બીજાં અનેક કાર્યો સંભાળવાનાં હોવાથી ૧૯૭૦ બાદ પ્રકાશનકાર્ય અનિયમિત બનવા લાગ્યું. અને ક્યારેક તો અંકો પાંચથી આઠ વર્ષ સુધી મોડા પડતા હતા. ઉદાહરણ તરીકે જે અંક ફેબ્રુ. ૧૯૭૫માં પ્રકાશિત થવો જોઈતો હતો તે માર્ચ ૧૯૭૯માં પ્રકાશિત થાય છે. અને ફેબ્રુ.'૮૨ માં પ્રકાશિત થનારો અંક એપ્રિલ'૯૦ માં પ્રકાશિત

થાય છે! આમ છતાં 'દક્ષિણા'ના ૧૦૮ અંકો દ્વારા સુન્દરમ્‌નું ગુજરાતના સંસ્કારજીવનને સમુન્નત બનાવવામાં અત્યંત નોંધપાત્ર પ્રદાન છે.

આ સામયિકના અંકોમાં સમયાંતરે પ્રકાશિત થતા રહેલા 'સાવિત્રી' મહાકાવ્યના પસંદગીના અંશોના અનુવાદની વિગતો નીચે દર્શાવ્યા પ્રમાણે છે:

'દક્ષિણા'					'સાવિત્રી'
સળંગ અંક	પુસ્તક	અંક	માસ/સાલ	પૃષ્ઠ	પર્વ/સર્ગ/પૃષ્ઠ-પંક્તિ થી પૃષ્ઠ પંક્તિ.
૭	૨	૩	ફેબ્રુ. '૪૯.	૧૫૫-૧૬૬	૧:૪:૪૬:૧ થી ૫૫:૨૨
૯	૩	૧	ઓગષ્ટ '૪૯	૧૮-૨૩	૩:૧:૩૦૫:૧ થી ૩૦૯:૧૫
૧૫	૪	૩	ફેબ્રુ. '૫૧.	૧૭૧-૧૭૭	૬:૧:૪૪૪:૧ થી ૪૫૧:૩૦ પસંદગીના અંશો
૧૬	૪	૪	એપ્રિલ '૫૧	-	૬:૨:૪૬૧:૪ થી ૪૬૧:૧૩
૨૦	૫	૪	એપ્રિલ '૫૨	૨૩૧-૨૩૭	૩:૨:૩૧૦:૧ થી ૩૧૬:૧૨
૨૧	૬	૧	ઓગષ્ટ. '૫૨	૧	૧:૫:૭૪:૧૦ થી ૭૪:૧૪
૨૬	૭	૨	નવે. '૫૩.	૬૯	૩:૨:૩૧૪:૨૭ થી ૩૧૫:૪
૨૭	૭	૩	ફેબ્રુ. '૫૪.	૧૫૩-૧૬૧	૩:૩:૩૧૭:૧ થી ૩૨૩:૧૫
૨૮	૭	૪	એપ્રિલ. '૫૪.	૨૪૧	૧૦:૩:૬૨૩:૪ થી ૬૨૩:૨૯
૩૦	૮	૨	નવે. '૫૪.	૭૬	૧:૪:૫૯:૧૮ થી ૫૯:૨૭ ૪:૧:૩૫૩:૩૫ થી ૩૫૪:૧૦
૩૨	૮	૪	એપ્રિલ '૫૫.	૨૩૮	૨:૭:૨૧૨:૩૦ થી ૨૧૩:૧૯ પસંદગીના અંશો.
૩૩	૯	૧	ઓગષ્ટ. '૫૫.	૧૧-૧૨	૫:૨:૩૯૭:૧૭ થી ૩૯૮:૩૩
૩૭	૧૦	૧	ઓગષ્ટ. '૫૬	૧.	૭:૨:૪૭૬:૧૦ થી ૪૭૬:૩૬.
૩૮	૧૦	૨	નવે. '૫૬.	૮૧.	૭:૫:૫૩૧:૧૧ થી ૫૩૧:૨૮ પસંદગીના અંશો. ૭:૬:૫૩૭:૩૧ થી ૫૩૭:૩૫. ૧૧:૧:૬૮૪:૪ થી ૬૮૪:૫.

'દક્ષિણા'

'સાવિત્રી'

સળંગ અંક	પુસ્તક	અંક	માસ	પૃષ્ઠ	પર્વ / સર્ગ / પૃષ્ઠ-પંક્તિ થી પૃષ્ઠ-પંક્તિ
૩૯	૧૦	૩	ફેબ્રુ. '૫૭	૧૪૭-૧૫૦	૭:૫:૫૨૫:૨૩ થી ૫૨૭:૨૭.
૪૩	૧૧	૩	ફેબ્રુ. '૫૮.	૧૫૪-૧૫૫	૯:૨:૫૮૮:૭ થી ૫૯૪:૩૬. પસંદગીના અંશો.
				૧૫૫-૧૫૭	૧૦:૨:૬૧૩:૧૦ થી ૬૧૩:૧૭
૪૪	૧૧	૪	એપ્રિલ. '૫૮	૨૩૪-૨૩૯	૭:૭:૫૫૧:૧ થી ૫૫૭:૨૮ પસંદગીના અંશો.
૪૫	૧૨	૧	ઓગષ્ટ. '૫૮	૨૪ થી ૨૬.	૧૦:૪:૬૪૮ થી ૬૪૯:૨૬.
૫૧ } ૫૨ }	૧૩	૩ } ૪ }	ફેબ્રુ. '૬૦ એપ્રિલ. '૬૦	૧૬૭	૩:૨:૩૧૪:૭ થી ૩૧૪:૩૫
૫૫	૧૪	૩	ફેબ્રુ. '૬૧	૧૩૯-૧૪૧	૪:૨:૩૬૩:૧૪ થી ૩૬૪:૩૨.
૫૮ } ૫૯ }	૧૫	૨ } ૩ }	નવે. '૬૧ ફેબ્રુ. '૬૨	૮૭-૮૯	૧૧:૧:૬૯૮:૧ થી ૭૦૫:૧૧.
૬૦	૧૫	૪	એપ્રિલ '૬૨	૨૦૫-૨૦૬	૨:૫:૧૭૧:૧ થી ૧૭૨:૩
૫૬	૧૪	૪	એપ્રિલ '૬૧	૨૦૫	૫:૧:૩૮૯:૭ થી ૩૮૯:૮.
૬૧	૧૬	૧	ઓગષ્ટ '૬૨	૧૧-૧૨	૧:૪:૬૬:૨૩ થી ૬૭:૩૨.
૬૨	૧૬	૨	નવે. '૬૨	૭૨-૭૪	૨:૧૪:૨૯૫:૫ થી ૨૯૬:૧૨
૬૩	૧૬	૩	ફેબ્રુ. '૬૩	૧૩૭-૧૩૯	૧:૫:૮૦:૩૪ થી ૮૩:૧૫.
૬૪	૧૬	૪	એપ્રિલ '૬૩	૨૦૬-૨૧૦	૧:૨:૧૪:૩૧ થી ૨૦:૮ પસંદગીના અંશો.
૬૮	૧૭	૪	એપ્રિલ-'૬૪	૧૭૭-૧૭૮	૨:૧૧:૨૬૦:૧૩ થી ૨૬૩:૧૪ પસંદગીના અંશો.
૬૯	૧૮	૧	ઓગષ્ટ '૬૪	૭૦ થી ૭૭	૭:૭:૫૫૧:૧ થી ૫૫૭:૨૮
૭૦ } ૭૧ }	૧૮	૨ } ૩ }	નવે. '૬૪ ફેબ્રુ. '૬૫	૧૦૮-૧૧૨	૨:૮:૨૨૦:૧ થી ૨૨૨:૧૩ ૨:૮:૨૨૫:૧૭ થી ૨૨૭:૬.
૭૩	૧૯	૧	ઓગષ્ટ. '૬૫	૧૧-૧૮	૧૧:૧:૬૯૬:૭ થી ૭૦૧:૨૨.
૭૯ } ૮૦ }	૨૦	૩ } ૪ }	ફેબ્રુ.-'૭૦ એપ્રિલ-'૭૦	૨૦૭-૨૧૦	૨:૧૪:૨૯૦:૩૧ થી ૨૯૪:૪.

'દક્ષિણા' — 'સાવિત્રી'.

સળંગ અંક	પુસ્તક	અંક	માસ	પૃષ્ઠ.	પર્વ / સર્ગ / પૃષ્ઠ ક્રમાંક-પંક્તિ / પૃષ્ઠ-પંક્તિ.
૮૫ / ૮૬	૨૨	૧ / ૨	ઓગષ્ટ'૭૧ / નવે.'૭૧	૯૩ થી ૯૬	૧૦:૪:૬૬૫:૩૨ થી ૬૬૮:૯
૯૪	૨૪	૨	નવે.'૭૩	૧૧૬-૧૨૭	૧:૧:૧:૧ થી ૧૦:૨૩.
૯૯	૨૫	૩	ફેબ્રુ.'૭૫	૧૦૪-૧૦૭	૨:૨:૧૦૯:૧૧ થી ૧૧૩:૬ પસંદગીના અંશો.
૧૦૦	૨૫	૪	એપ્રિલ'૭૫	૨૬૨-૨૬૮	૨:૬:૧૭૬:૩૪ થી ૧૮૩:૧૧
૧૦૧	૨૬	૧	ઓગષ્ટ'૮૦	૪૬-૪૮	૧:૨:૧૬:૩૧ થી ૧૯:૩૪ પસંદગીના અંશો.
૧૦૨	૨૬	૨	નવે.'૮૦	૫૯-૬૨	૨:૬:૧૯૮:૨૦ થી ૨૦૧:૧૯
૧૦૩	૨૬	૩	ફેબ્રુ.'૮૧	૧૭૩-૧૭૫	૧:૪:૫૮:૩૨ થી ૬૦:૨૧
૧૦૪	૨૬	૪	એપ્રિલ.'૮૧	૨૨૨-૨૨૫	૩:૩:૩૨૨:૩૧ થી ૩૨૫:૩૩
૧૦૫ / ૧૦૬	૨૭	૧ / ૨	ઓગષ્ટ'૮૧ / નવે.'૮૧	૭૨-૭૮	૨:૧૨:૨૭૭:૧ થી ૨૮૨:૧૪
૧૦૭	૨૭	૩	ફેબ્રુ.'૮૨	૧૪૫-૧૪૯	૪:૨:૩૫૯:૧ થી ૩૬૩:૧૬

ઉપર્યુક્ત વિગતો પરથી જોઈ શકાય છે કે 'દક્ષિણા'ના સળંગ અંક ૭ થી ૧૦૭ માં 'સાવિત્રી'ના જે અંશોના અનુવાદો પ્રકાશિત થયા છે તેમાં મૂળકૃતિના રચનાક્રમનું અનુસરણ થયું નથી. સુન્દરમે પોતાની પસંદગી અનુસાર અનુવાદો આપ્યા છે. એનું અધ્યયન મૂળ કૃતિની સર્ગયોજના અનુસાર કરવા જતા અનુવાદક તરીકેના સુન્દરમ્‌ના ક્રમિક વિકાસનો ખ્યાલ આવતો નથી. એ માટે આપણે 'દક્ષિણા'ના અંકોનું એના પ્રકાશન ક્રમ અનુસાર અધ્યયન કરવું અનિવાર્ય લાગે છે.

સુન્દરમે બધા થઈને મૂળકૃતિનાં ૧૬૭ જેટલા પૃષ્ઠોના અનુવાદો કર્યા છે. એમાં સૌથી મોટો ભાગ 'સાવિત્રી'ના પ્રથમ ત્રણ પર્વો ધરાવતા પહેલા ખંડના પસંદગીના અંશોના અનુવાદોનો છે.

સુન્દરમ્‌ે 'સાવિત્રી'ના પ્રથમ ખંડના બધા થઈને કુલ ૧૦૪ જેટલાં પૃષ્ઠોનો અનુવાદ આપ્યો છે. એ જ રીતે બીજા અને ત્રીજા ખંડના અનુક્રમે ૩૬ અને ૨૭ જેટલાં પૃષ્ઠોનો અનુવાદ તેઓ આપે છે એ ઉલ્લેખનીય છે. 'સાવિત્રી'ના એક જ અંશના એકાધિક અનુવાદો પણ એમણે કર્યા છે. અને એ 'દક્ષિણા'માં યથાસમયે પ્રકાશિત થતા રહ્યા છે. આ રીતે આપણને બધા થઈને ૧૩ જેટલાં પાઠાંતરો પ્રાપ્ત થાય છે. એની વિગતે ચર્ચા આગળ ઉપર યથાસ્થાને કરી છે.

સુન્દરમ્‌ના આ સમગ્ર અનુવાદો સ્વતંત્ર પુસ્તકરૂપે હજુસુધી પ્રકાશિત થયા નથી. અલબત્ત, એના પ્રકાશન માટેના ચક્રો ગતિમાન થઈ ચૂક્યા છે એ નોંધવું રહ્યું.

સુન્દરમ્‌ના આ અનુવાદોનું અધ્યયન સૌપ્રથમ આપણે અર્થસંક્રમણ અને ત્યારબાદ ભાષાકર્મની દૃષ્ટિએ કરીશું. આ અધ્યયન માટે ચર્ચામાં લેવાયેલા અનૂદિત અંશો સાથે સંદર્ભસૂચક અંકો નિર્દેશ્યા છે. આવા અંકોના પ્રથમ અર્ધવિરામ (:) પૂર્વેના અંકો 'દક્ષિણા' સામયિકનો સળંગ અંકક્રમાંક દર્શાવે છે. ત્યારબાદના અંકો એ અંકના પૃષ્ઠનો ક્રમાંક નિર્દેશે છે. એ પછીના અર્ધવિરામ બાદના અંકો પંક્તિક્રમાંક સૂચવે છે. આરંભ અને અંતની પંક્તિઓના ક્રમાંકને સંયોગચિહ્ન (–) દ્વારા અલગ પાડ્યા છે. વળી, મૂળ કૃતિના અંશોના સંદર્ભો તો અત્યાર સુધી જે પદ્ધતિથી દર્શાવાય છે એ મુજબ જ દર્શાવ્યા છે.

(ક) અર્થસંક્રમણ

પ્રસ્તુત અનુવાદમાં મૂળકૃતિના અર્થનું સંક્રમણ કેવી લાક્ષણિકતાઓ દર્શાવે છે એનું અધ્યયન આપણે અગાઉ નિર્ધારિત કરેલા પાંચ પ્રતિમાનો– અર્થસીમિતતા, અર્થવિસ્તાર, અર્થપરિવર્તન, દુર્બોધતા અને વિશેષ અર્થસંદર્ભ અનુષંગે કરીશું. આ અધ્યયન સૌપ્રથમ શબ્દ/શબ્દસમૂહની ભૂમિકાએ અને ત્યારબાદ પંક્તિ/શ્લોકની ભૂમિકાએ કરીશું.

I શબ્દ/શબ્દસમૂહ ની ભૂમિકા.

આ અધ્યયન સૌપ્રથમ આપણે અગાઉના અધ્યયનની માફક જ મૂળકૃતિમાં પ્રયોજાયેલા કેપિટલ શબ્દ/શબ્દસમૂહના સંદર્ભે અને ત્યારબાદ કેપિટલ સિવાયના અન્ય શબ્દ/શબ્દસમૂહના સંદર્ભે કરીશું.

A. કેપિટલ શબ્દ/શબ્દસમૂહ :

હવે આપણે સુન્દરમે કરેલા `સાવિત્રી'ના અંશોના અનુવાદનું કેપિટલ શબ્દ/શબ્દસમૂહ સંદર્ભે અધ્યયન કરીએ. અગાઉના ક્રમ અનુસાર આ અધ્યયન આપણે ક્રમશ: અર્થ-સીમિતતા, અર્થવિસ્તાર, અર્થપરિવર્તન, દુર્બોધતા અને વિશેષ અર્થ સંદર્ભે કરીશું.

(૧) અર્થસીમિતતા:-

અનુવાદ દ્વારા સંક્રમણ પામતાં મૂળકૃતિના ભાવમાં સીમિતતા અનેક કારણોસર જોવા મળે છે. ક્યારેક અનુવાદક મૂળકૃતિના અર્થનો અનુવાદ વાચ્યાર્થની ભૂમિકાએ જ કરે છે ત્યારે અર્થસીમિતતા જોઈ શકાય છે: આ સંદર્ભે પ્રથમ પર્વના બીજા સર્ગની નીચેની પંક્તિઓ અવલોકનીય છે:

It bore the stroke of That which Kills and saves.
(૨૦:૨)

એનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે થાય છે:

અને ત્યાં નિજને શીશ એણે ઝીલ્યો પ્રહાર હા
હણનાર રહ્યો જે ને રક્ષિતા જેહ, તેહનો.
(૬૪: ૨૧૦: ૧૮-૧૯)

અહીં 'stroke of That' માટે 'તેહનો પ્રહાર' અનુવાદ મળે છે. અહીં 'That' દ્વારા શ્રી અરવિંદ શું સૂચવવા માગે છે એનો ખ્યાલ

અનુવાદ દ્વારા આવતો નથી. અહીં 'That' ના અર્થની સ્પષ્ટતાની સહેજે આવશ્યકતા રહે છે. પરિણામે અર્થમાં સીમિતતા આવે છે.

અર્થસીમિતતાનું બીજું ધ્યાનપાત્ર દૃષ્ટાંત બીજા પર્વના છઠ્ઠા સર્ગમાંથી પ્રાપ્ત થાય છે. અહીં પ્રકૃતિની મહાયાત્રાનું આલેખન શ્રી અરવિંદ આ મુજબ કરે છે:

> She carries crucified God upon her breast.
> (180:15)

પ્રસ્તુત પંક્તિનો ગુજરાતી અનુવાદ હવે જોઈએ:

> વહંતી નિજ વક્ષે એ પ્રભુને વધ-પામિયા.
> (100:૨65:34).

અહીં 'Crucified God' માટે 'વધ-પામિયા પ્રભુ' અનુવાદ પ્રાપ્ત થાય છે. 'વધ-પામિયા'માં ઈસુના ક્રૂસારોહણનો આછોયે સંદર્ભ અવ્યક્ત રહી જાય છે. એટલું જ નહિ મૂળ કૃતિમાંનો ખ્રિસ્તી ધર્મ પરત્વેનો સંકેત અનુવાદમાં અસ્ફુટ રહેતાં 'પ્રભુ તે વધ પામતા હશે?' એવો પ્રશ્ન પણ જન્મે છે. આમ, વિશિષ્ટ અર્થસંદર્ભ ધરાવતા શબ્દનો અનુવાદ કરવા જતાં અનુવાદક મૂળ ભાવમાં સીમિતતા આણી બેસે છે.

ક્યારેક મૂળકૃતિનો ભાવ અનુવાદમાં અંશતઃ પ્રગટે તો પણ અર્થમાં સીમિતતા આવે છે. એનું નોંધપાત્ર દૃષ્ટાંત ત્રીજા પર્વના બીજા સર્ગમાં જોવા મળે છે. અહીં સાધકને જ્યારે આત્માનો સાક્ષાત્કાર થાય છે ત્યારે એને શું શું પ્રાપ્ત થાય છે, અને હજુ શું શું બાકી રહી જાય છે તેનું આલેખન કરતાં શ્રી અરવિંદ કહે છે:

> Only the everlasting No has has neared
> And stared into thy eyes and killed thy heart:
> But where is the Lover's everlasting Yes,
> And immortality in the secret heart,
> (310:૨6-૨9).

પ્રસ્તુત પંક્તિઓનો ગુજરાતી અનુવાદ સુન્દરમ્ આ મુજબ આપે છે:

તને લાધેલ જે સિદ્ધિ : મહા શાશ્વત શૂન્યનો
એ નકાર રહ્યો : એણે નિર્જની ઘોર મીટ હા
માંડીને તુજ પે, હાય હૈયું રે તાહરું હણ્યું.
એ નકાર : કહે કિંતુ ક્યહીં તેહ હકાર હા ?
ગુહ્ય તે હૃદયે રહેતું અમૃત તત્વ કહે ક્યહીં ?
(૨૦:૨૩૧: ૭-૧૧)

અહીં 'everlasting yes' નો અનુવાદ 'હકાર' રૂપે પ્રાપ્ત થાય છે. એની આગળ 'તેહ' શબ્દ પ્રયોજાયો છે. ખરો, પરંતુ એનાથી 'everlasting' નો પ્ર-ભાવ પ્રગટતો નથી. પરિણામે સંક્રમણ પામતા અર્થમાં સીમિતતા આવે છે.

ચર્ચામાં લીધેલા ઉપર્યુક્ત દૃષ્ટાંતો સિવાય પણ પ્રસ્તુત અનુવાદમાં અર્થસીમિતતા અનેક સ્થળે પ્રાપ્ત થાય છે. એનાં અન્ય દૃષ્ટાંતો નીચે દર્શાવ્યા મુજબ છે :

પર્વ/સર્ગ/પૃષ્ઠ-પંક્તિ.	મૂળ શબ્દ	અનૂદિત શબ્દ.	'દક્ષિણા' સંદર્ભ.
I: 4 : 47:23.	revealing Force	શક્તિ.	7:156:30.
II: 5 : 171:15.	eternal Guest	દેવતા.	60:205:17.

વિસ્તારભયે ઉપરોક્ત દૃષ્ટાંતોની ચર્ચા કરી નથી. પરંતુ અહીં દર્શાવેલા તમામ દૃષ્ટાંતો અનુવાદમાં જોવા મળતી અર્થ-સીમિતતાનો ખ્યાલ આપે છે :

(૨) અર્થવિસ્તાર :-

અનુવાદક મૂળકૃતિના ભાવનું અનુવાદમાં પૂરેપૂરું સંક્રમણ કરવા જતાં ક્યારેક અર્થમાં વિસ્તાર પણ કરી બેસે છે. આવો અર્થવિસ્તાર ક્યારેક મૂળના ભાવને ઉપકારક પણ બની રહે છે. આ સંદર્ભે ચોથા પર્વના પ્રથમ સર્ગનું સાવિત્રીના જન્મ પૂર્વેનું વસંતઋતુના આગમનનું આલેખન ધ્યાનાર્હ છે :

Then Spring, an ardent lover, leaped through leaves,
And caught the earth-bride in his eager clasp;
(351 : ૨૫-૨૬).

ગુજરાતી અનુવાદ :

પધાર્યો ઋતુનો રાજ વસંત પછીથી ત્યહીં,
આર્ત એ સ્નેહી આવ્યો હા તરુનાં પર્ણઝુંડથી
સહસા કૂદતો વેગે, નિજની પૃથિવી વધૂ
ભુજમાં ઝડપી એણે પિપાસુ પ્રણયી ઉરે...
(૪૪ : ૨૧૨ : ૧-૪)

અહીં 'Spring' નો અનુવાદ 'ઋતુનો રાજ વસંત' પ્રાપ્ત થાય છે. એમાં મૂળ કૃતિના ભાવને પૂરેપૂરો ઉપકારક નિવડતો અર્થવિસ્તાર જોવા મળે છે :

ક્યારેક અનૂદિત અર્થમાં વિશેષરૂપે વિસ્તાર થઈ ગયેલો પણ જોવા મળે છે. દશમા પર્વના ચોથા સર્ગમાં સાવિત્રી યમને જે પ્રત્યુત્તર આપે છે તેમાં અર્થવિસ્તાર વિશેષરૂપે જોઈ શકાય છે:

My mind is a torch lit from the eternal sun,
My life a breath drawn by the immortal Guest,
My mortal body is the Eternal's house.
(648 : ૨૨-૨૪).

અનુવાદ :

મારું આ ચિત્ત તે પેલા શાશ્વત પ્રભુના મહા
સૂર્યથી સળગી એક જ્યોતિ કેરી મશાલ શું,
મારો આ પ્રાણ તે પેલા પ્રભુએ અજરામર
અતિથિ થઈને ભોમે લીધેલો શ્વાસ તેહ હા,
મર્ત્ય આ દેહ મારો તે ત્રિકાલરૂપ દેવને
વસવા કારણે આહીં બન્યો છે વાસમંદિર.
(૪૫ : ૨૫ : ૪-૧).

અહીં Eternal's house માટે 'ત્રિકાલરૂપ દેવને વસવા માટેનું વાસમંદિર' અર્થ પ્રાપ્ત થાય છે. મૂળકૃતિના ભાવને અનુવાદમાં પુરેપુરો સંક્રમિત કરવામાં પ્રસ્તુત અર્થવિસ્તાર સહાયક બની રહે છે.

ક્યારેક અર્થસંક્રમણ માટે અનુવાદક લક્ષ્યાર્થનો વિનિયોગ કરે છે. આ સંદર્ભે દશમા પર્વના ચોથા સર્ગની નીચેની પંક્તિઓ ધ્યાનપાત્ર છે :

Eternity looked into the eyes of Death,
And darkness saw God's living Reality.
(665 : 33-34).

અનુવાદ :

મૃત્યુની આંખમાં દૃષ્ટિ શાશ્વતીએ ત્યહીં ધરી.
અને અંધાર શા સાક્ષાત્ યમે ત્યાં નિરખ્યું પછી
પ્રભુની જીવતી કેવી હોય હા સત્યરૂપતા.
(85-86 : 93:3-5)

અહીં 'Darkness' માટે 'અંધાર શો સાક્ષાત્ યમ' અનુવાદ પ્રાપ્ત થાય છે. અહીં વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ બન્ને અનુવાદમાં પ્રાપ્ત થાય છે એ નોંધવું રહ્યું.

આ સિવાય પ્રસ્તુત અનુવાદમાં અર્થવિસ્તારના નીચે દર્શાવેલા દૃષ્ટાંતો નોંધપાત્ર છે :

VI : ૨ : 444 : 13 Evil પાપનાં પૂર (15 : 171 : 17).
XI : 1 : 698 : ૨ Infinite અનૂઠી મુદા તણાં આનંત્ય.
(73 : 13 : 3).

વિસ્તારભયે ઉપર્યુક્ત દૃષ્ટાંતોની વિગતે વિચારણા કરી નથી. અર્થવિસ્તાર દ્વારા પણ અનુવાદક મૂળકૃતિના અર્થને પ્રાસાદિક બનાવીને સંક્રમિત કરે છે.

(૩) અર્થપરિવર્તન :

પ્રસ્તુત અનુવાદનું અધ્યયન કરતાં મૂળકૃતિના અર્થનું અનુવાદમાં પરિવર્તન થતું જોઈ શકાય છે. એનું નોંધપાત્ર દૃષ્ટાંત પ્રથમ પર્વના ચોથા સર્ગમાંની નીચેની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે:

And seldom in the few who answer give
The mighty process of the cosmic will
Communicates its image to our sight,
Identifying the world's mind with ours.
(53:4-7).

એનો અનુવાદ આ પ્રમાણે છે:

પ્રભુના સાદને સામો સાદ દેનાર સ્વલ્પ જે
જનો તેને ય રે ના ના પ્રભુનાં વિશ્વ-ચિત્તનાં
વિરાટ સ્ફુરણો કેરો અણસાર કદી જડે,
આપણાં ચિત્તનો એના ચિત્ત શું યોગ ના બને.
(7:163:12-15).

અહીં cosmic will (53:4) નો અનુવાદ 'પ્રભુનું વિશ્વ-ચિત્ત' પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે એનો અર્થ વૈશ્વિક સંકલ્પશક્તિ થાય. પ્રસ્તુત શ્લોકનો પૂજાલાલે જે અનુવાદ આપ્યો છે તેમાં 'cosmic will' માટે 'વિશ્વરૂપિણી સંકલ્પશક્તિ' (૪૦:૨૦-૨૧) શબ્દાર્થ પ્રાપ્ત થાય છે. આ માટેનો સુન્દરમ્‌નો અનૂદિત અર્થ પરિવર્તન દર્શાવે છે.

આ સંદર્ભે ત્રીજા પર્વના ત્રીજા સર્ગના નીચેના શ્લોકમાં પ્રાપ્ત થતું અર્થપરિવર્તન પણ વિશેષરૂપે ઉલ્લેખનીય બની રહે છે:

Sense failed in that tremendous lucency; 319:36
Ephemeral voices from his hearing fell 320:1
And Thought potent no more sank large and pale
Like a tired god into mysterious seas. 320:3.

આ શ્લોકનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ પ્રાપ્ત થાય છે:

અને એ થરુડ દ્યોતોમાં ઇન્દ્રિયો સ્તબ્ધ થૈ ખડી,
સ્થૂલ આ સૃષ્ટિના સાદ શ્રુતિથી સરક્યાં સહુ,
અને ચિત્ત હવાં એનું વંચિત નિજ શક્તિથી,
થાક્યા કો દેવના જેવું, વિવર્ણ વરપું બની,
વિશાળ ગરક્યું કોઇ અકથ્યા સાગરો વિષે.

(૨૭:૧૫૭: ૧૨-૧૬)

અહીં 'Thought'ના અનુવાદ માટે 'ચિત્ત' શબ્દાર્થ પ્રયોજાયો છે. 'Thought' સંજ્ઞાનો અર્થ: 'વિચાર કરવો તે, વિચાર કરવાની પ્રક્રિયા, શક્તિ, ઇ.; માણસ વિચારે છે તે, વિચારેલી વસ્તુ, વિચાર; વિચાર, કલ્પના; વિચાર, ધ્યાન, લક્ષ્ય; ધ્યાન; હેતુ, ઉદ્દેશ' *14 પ્રાપ્ત થાય છે. અનુવાદકે આ માટે પ્રયોજેલી 'ચિત્ત' સંજ્ઞા અર્થનું પરિવર્તન દર્શાવે છે. સુન્દરમ્‌માં 'Thought' માટે 'ચિત્ત' સંજ્ઞા અનેકાધિકવાર પ્રયોજાયેલી જોઇ શકાય છે, જે આ પરિવર્તનને દેખાવે છે.

ક્યારેક અનુવાદક અનૂદિત અર્થમાં પોતાના તરફથી રૂપકાદિ અલંકાર ઉમેરવાનું વલણ દાખવે છે. પરિણામે અર્થમાં પરિવર્તન જોવા મળે છે. એનું ધ્યાનાર્હ દષ્ટાંત ત્રીજા પર્વના પ્રથમ સર્ગમાંના નીચેના શ્લોકમાં પ્રાપ્ત થાય છે:

The symbol modes of being helped no more,
The structures Nescience builds collapsing failed
And even the spirit that holds the universe
Fainted in luminous insufficiency.

(307:11-14).

એનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે:

.... , ત્રિગુણો ચેતનાતણા
ન કશા કામના હાવાં, મ્હેલાતો મેડીઓ બધી
અવિદ્યાનગરી કેરી ખંડિયેર થઇ ઢળી.

અને બ્રહ્માંડ ધારંતો વિશ્વાત્મા ય ત્યહીં ઠર્યો
નિજની અલ્પતા પેખી એ મહાજ્યોતિના પદે.
(૩ઃ ૨ઃ 14-1૪).

અહીં 'Nescience' માટે 'અવિદ્યાનગરી' શબ્દાર્થ પ્રયોજાયો છે. 'અવિદ્યા' સાથે 'નગરી' શબ્દ જોડાતાં જે કલ્પન રચાય છે તે મૂળકૃતિના અર્થનું પરિવર્તન કરે છે. 'Nescience' ના અનુવાદ માટે 'અવિદ્યા' સંજ્ઞા પૂજાલાલે પણ નોંધપાત્ર પ્રમાણમાં પ્રયોજી છે. એની ચર્ચા આપણે અગાઉ કરી ગયા છીએ. અહીં 'Nescience' માટે અનુવાદમાં જે કલ્પન પ્રયોજાયું છે એનાથી મૂળકૃતિનો ભાવ પ્રાસાદિક બનીને સંક્રમણ પામે છે. આમ, આ અર્થપરિવર્તન વ્યવધાનરૂપ નથી બની રહેતું એ નોંધવું રહ્યું.

આ સિવાય નીચે દર્શાવેલા દૃષ્ટાંતોમાં અર્થપરિવર્તનની પ્રક્રિયા ધ્યાનાર્હ બની રહે છે:

I:1:4:17 Vacant vast મોકળાં વ્યોમ ૧૫:૧૨૦:૧૨

VI:૨:450:3૨ dolorous vast દુઃખની દુનિયા. 15:176:34.

આમ, અર્થસંક્રમણમાં મૂળ કૃતિના અર્થનું પરિવર્તન પ્રસ્તુત અનુવાદનું નોંધપાત્ર લક્ષણ બની રહે છે:

(૪) અર્થદુર્બોધતા :-

પ્રસ્તુત અનુવાદમાં અર્થદુર્બોધતાનું પ્રમાણ ઓછું છે. છતાં દુર્બોધતા અનેકવિધ કારણોસર જોવા મળે છે. ક્યારેક અનૂદિત અર્થમાં અપ્રચલિત તત્સમ શબ્દનો વિનિયોગ દુર્બોધતા પ્રગટાવે છે. એનું નોંધપાત્ર દૃષ્ટાંત બીજા પર્વના છઠ્ઠા સર્ગની નીચેની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે:

In a high state where ignorance is no more,
Each movement is a wave of peace and bliss,
Repose God's motionless creative force,

Action a ripple in the Infinite
And birth a gesture of Eternity.
(૨૦૦ : ૨૮ - ૩૨)

પ્રસ્તુત શ્લોકનો ગુજરાતી અનુવાદ હવે આપણે જોઈએ :

ઊર્ધ્વ એક અવસ્થા, જ્યાં કદી અજ્ઞાન હોય ના,
ત્યાં હરેક ક્રિયા તો છે મોજું શાંતિ-મુદા તણું,
વિશ્રાંતિ પ્રભુની એ તો શક્તિ-સર્જનકારિણી
ગતિથી મુક્ત બેઠી ત્યાં,
ક્રિયા તો હળવું મોજું મહા આનંત્યને વિષે
અને જન્મ રહ્યો એ તો શાશ્વતી તણું ચેષ્ટિત.
(૧૦૨ : ૬૨ : ૩-૮).

અહીં 'gesture of Eternity' (૨૦૦ : ૩૨) માટે 'શાશ્વતીતણું ચેષ્ટિત' શબ્દાર્થનો વિનિયોગ થયો છે. 'gesture' માટે 'ચેષ્ટિત' જેવા સંસ્કૃતભાષાના અલ્પપ્રયુક્ત તત્સમ શબ્દનો પ્રયોગ મૂળકૃતિના અર્થના સંક્રમણમાં વ્યવધાનરૂપ બની રહે છે.

ક્યારેક મૂળકૃતિનો અર્થ અનુવાદમાં પૂરેપૂરો વ્યક્ત થયો ન હોય ત્યારે પણ દુર્બોધતા પ્રગટે છે. એનું દૃષ્ટાંત દશમા પર્વના ચોથા સર્ગની નીચે દર્શાવેલી પંક્તિઓમાંથી પ્રાપ્ત થાય છે :

The world is a spiritual paradox
Invented by a need in the Unseen.
(648 : 3-4)

પ્રસ્તુત પંક્તિઓનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે :

જગ આ અકળ્યો કોઈ કોયડો આત્મરંગનો,
ઊલટાસુલટી એનાં રૂપ, એ પ્રભુએ સર્જ્યો
અણબૂઝ ઉરે એને સર્જના-પ્યાસ કોકથી.
(45 : ૨૫ : 1-3)

અહીં 'Unseen' નો અર્થ 'કોક' પ્રાપ્ત થાય છે. આ અર્થ સ્વયં ચિંત્ય હોઈ અનુવાદમાં દુર્બોધતા જન્માવે છે.

ક્યારેક અનુદિત અર્થ રૂપકાત્મક બની જતાં મૂળ અર્થને પ્રગટાવવાને બદલે એને દુર્બોધ પણ બનાવી દે છે. એનું નોંધપાત્ર દૃષ્ટાંત ગ્રીષ્મ પર્વના પ્રથમ સર્ગમાંની નીચે દર્શાવેલી પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે.

All Knowledge ended in the Unknowable:
The effort to rule seemed a vain pride of will;
The trivial achievement scorned by Time,
All power retired into the Omnipotent.
(305 : 15-18)

અનુવાદ :

હવે તો જ્ઞાન સૌ પેલા અજ્ઞેયે જઈને ભળ્યું!
જગને જીતવું - એ તો વ્યર્થ ગૌરવ ઝંખના,
ક્ષુદ્ર શી સિદ્ધિ એ, જેને કાળ ચૂર્ણ કરી જતો,
હવે તો શક્તિ સૌ શક્તિ-પતિની સોડમાં સરી!
(૭ : ૧૭ : ૨-૫).

અહીં Omnipotent (305 : 18) માટે 'શક્તિ-પતિ' શબ્દાર્થ પ્રયોજાયો છે. Omnipotent નો અર્થ સર્વશક્તિમાન થાય છે. 'શક્તિ-પતિ'માં આ અર્થ અલંકારયુક્ત બની રહે છે. જે સર્વશક્તિમાન હોય તે સહજ રીતે શક્તિનો પતિ હોય એ તર્કથી જ પ્રસ્તુત અનુવાદ સહ્ય બની રહે છે. બાકી તે અર્થ દુર્બોધતા અને ભ્રામકતા પ્રગટાવે છે.

આમ, પ્રસ્તુત અનુવાદમાં અનેક રીતે અલબત્ત અલ્પ પ્રમાણમાં દુર્બોધતા જોવા મળે છે.

(5) વિશિષ્ટ અર્થસંદર્ભ :-

પ્રસ્તુત અનુવાદમાં વિશિષ્ટ અર્થસંદર્ભ ધરાવતા અનેક શબ્દો/શબ્દસમૂહો પ્રાપ્ત થાય છે. અનુવાદક પોતાની સર્જક પ્રતિભાના સંસ્પર્શથી આ રીતે મૂળ અર્થને પ્રાસાદિક તેમજ કાવ્યાત્મક બનાવીને સંક્રમણ કરતા હોય છે. આ માટે ક્યારેક તેઓ સાંસ્કૃતિક રૂપાંતરણો પણ કરતાં હોય છે. એનું અત્યંત ધ્યાનપાત્ર દૃષ્ટાંત પહેલા પર્વના ચોથા સર્ગમાંના નીચેના શ્લોકમાં પ્રાપ્ત થાય છે :

Even when we fail to look into our souls
Or lie embeded in earthly consciousness,
Still have we parts that grow towards the Light,
Yet are there luminious tracts and heavens serene
And Eldorados of splendour and ecstasy
And tempels to the Godhead none can see.
(46 : 27 to 31 & 47 : 1)

એનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે :

આપણાં ચક્ષુ આત્મામાં વળતાં નહિ, આપણે
ડૂબેલા સ્થૂલ ચૈતન્યે, અમમાં કિંતુ તત્ત્વ કૈં
જ્યોતને ઝંખતાં બેઠાં, જ્યોતરૂપે પ્રફુલ્લતાં.
ભર્યું છે અમમાં કૈં કૈં, પ્રદેશો તેજસે ભર્યા,
નિર્મળાં વ્યોમ કૈં, આવી લંકાઓ સ્વર્ણની અહીં,
તેજથી રસાથી રિદ્ધ, મંદિરો પ્રભુનાં અહીં,
કિંતુ એ પેખનારી કો દૃષ્ટિ ના અમમાં હજી.
(7:156: 3-9).

અહીં 'Eldoradoes' માટે 'સ્વર્ણની લંકાઓ' અનુવાદ પ્રાપ્ત થાય છે. Eldoradoes સ્પેનિશ ભાષાનો શબ્દ છે. એ ભાષામાં એનો અર્થ 'સોનાનો ઢોળ ચડાવવો, સોનેરી રંગે રંગવું' પ્રાપ્ત થાય છે.

એ અંગે રેન્ડ હિક્સ કહે છે : 'It was a fabled and imaginary city superabundant in gold and believed by the Conquistadors to exist in Spanish America. It has come to apply to any city of fablous wealth, real or fantastic.' *15 આ માટે ભારતીય સાંસ્કૃતિક પરંપરા સાથે અવિનાભાવે સંકળાયેલ 'સોનાની લંકા' શબ્દપ્રયોગ સાંસ્કૃતિક રૂપાંતરણ દર્શાવે છે. સોનાની લંકા સાથે 'રામાયણ'કાળના ત્યાંના રામ રાવણ અને તેની સમૃદ્ધિનો આખો સંદર્ભ રચાય છે. જોકે લંકાનું આખુંયે વાતાવરણ વિભિષણ જેવા વિરલ અપવાદોને બાદ કરતાં મોટેભાગે પ્રભુવિરોધી હતું એ નોંધવું રહ્યું. આમ છતાં અનુવાદકનું આ રૂપાંતરણ અત્યંત ધ્યાનાર્હ બની રહે છે.

ક્યારેક અનુવાદક મૂળ કૃતિના સાંસ્કૃતિક સંદર્ભનું સાધારણીકરણ કરી દઈને પણ અર્થસંક્રમણ કરતા હોય છે. આ સંદર્ભે બીજ પર્વના સાતમા સર્ગની નીચે દર્શાવેલી પંક્તિઓ ધ્યાનપાત્ર છે :

A new aesthesis of Inferno's art
That trained the mind to love what the soul hates,
(213 : 18-19).

પ્રસ્તુત પંક્તિઓનો ગુજરાતી અનુવાદ હવે આપણે જોઈએ :

નારકી એ કળા કેરું નવલું રસશાસ્ત્ર હા,
આત્માને પ્રગટે જ્યાં જ્યાં ઘૃણા ને અપકર્ષણ,
તે શું પ્રેમ કરી લેવા મનને બોધ અર્પતું.
(૩૨ : ૨૩૪ : 17-19)

અહીં Inferno સાથે દાન્તેના 'ડિવાઈન કોમેડી'ના સંદર્ભો રહેલા છે. એનો અર્થ સામાન્યરીતે 'નરક કે ભયાનક યાતનાઓનું સ્થાન' *16 પ્રાપ્ત થાય છે. અનુવાદકે અહીં એ જ સાધારણીકૃત અર્થ લીધો છે. મૂળ સંદર્ભ લુપ્ત થયો હોવા છતાં એના મૂળ ભાવાર્થનું પૂરેપૂરું સંક્રમણ થાય છે.

ક્યારેક અનુવાદક મૂળકૃતિના ભાવને સંક્રમિત કરવા ઉપમા જેવા અલંકારનો અર્થક્ષમ વિનિયોગ કરે છે. એનું નોંધપાત્ર દૃષ્ટાંત ત્રીજા પર્વના ત્રીજા સર્ગના નીચે દર્શાવેલ શ્લોકમાં પ્રાપ્ત થાય છે :

Although the afflicted Nature he had left
Maintained beneath him her broad numberless fields,
Her enormous act, receding, failed remote
As if a soulless dream at last had ceased.
(૩૨૨ : ૨૧-૨૪)

એનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે :

વ્યથાના વગડા જેવી વિસર્જી પ્રકૃતિ બધી
વિચર્યો ઊર્ધ્વ એ તોયે પ્રકૃતિ નિજનાં બધાં
વિશાળાં અગણ્યાં ક્ષેત્રો અકબંધ ધરી ખડી,
ન કિંતુ ગતિ એની કો હવે ઊર્ધ્વ શકે ચડી,
સરતો સરતો દૂરે એનો ચણ્ડ પ્રવાહ તે
વ્યર્થ પૌં ઢળિયો, જાણે સ્વપ્ન નિષ્ઠુર કો ટળ્યું.
(૨૭ : 160 : ૨૯-૩૪)

અહીં 'afflicted Nature' (૩૨૨ : ૨૧) માટે 'વ્યથાના વગડા જેવી પ્રકૃતિ' અર્થ પ્રાપ્ત થાય છે. 'afflicted'નો અર્થ 'શારીરિક કે માનસિક પીડા કે દુઃખ દેવું' *[17] થાય છે. એ માટે અનુવાદકે 'વ્યથાનો વગડો' જેવો આલંકારિક પ્રયોગ કર્યો છે. એનાથી મૂળ અર્થ વિશેષ રીતે સંક્રમણ પામે છે.

વિશિષ્ટ અર્થસંદર્ભ ધરાવતા આ સિવાય પણ અનેક શબ્દ/શબ્દસમૂહ જોવા મળે છે. વિસ્તારભયે એની વિગતે ચર્ચા ન કરતાં અત્રે એનો કેવળ નિર્દેશ જ કર્યો છે :

I : 4 : ૫૨ : 16 chance અદ્ભુત: ઘટનાવલિ (૭ : 16૨ : ૨૬)

II : ૨ : 11૨ : 31 intuitive Fire સહજાત્મક બોધિનો અગ્નિ
(૩૧ : 107 : ૨૪-૨૫)

આમ, વિશિષ્ટ અર્થસંદર્ભથી મૂળકૃતિનો અર્થ સહજ રીતે અનુવાદમાં સંક્રમણ પામે છે એ ઉલ્લેખનીય છે.

આમ, કેપિટલ શબ્દ/શબ્દ સમૂહોમાં અર્થ સંક્રમણની પ્રક્રિયા અનેક લાક્ષણિકતાઓ ધરાવે છે. હવે આપણે કેપિટલ સિવાયના અન્ય શબ્દ/શબ્દસમૂહોમાં આ પ્રક્રિયાનું અધ્યયન કરીએ.

B. કેપિટલ સિવાયના અન્ય શબ્દ/શબ્દસમૂહ :

આ અધ્યયન પણ આપણે અર્થસીમિતતા, અર્થવિસ્તાર, અર્થપરિવર્તન, અર્થ દુર્બોધતા અને વિશિષ્ટ અર્થસંદર્ભને ધ્યાનમાં રાખીને જ કરીશું. સૌપ્રથમ અર્થસીમિતતાને તપાસીએ:

(૧) અર્થસીમિતતા:

પ્રસ્તુત અનુવાદમાં અર્થ સીમિતતા અનેક કારણોસર જોવા મળે છે. ક્યારેક મૂળનો સાંસ્કૃતિક સંદર્ભ લુપ્ત થતાં અર્થસીમિતતા જન્મે છે. એનું નોંધપાત્ર દૃષ્ટાંત ભીષ્મ પર્વના આઠમા સર્ગમાં નીચે દર્શાવેલ શ્લોકમાં મળે છે:

His wisdom's Oracles are made our bonds ;
The doors of God they have locked with Keys of creed
And shut out by the Law his tireless Grace.

(૨૨૫ : ૨૫-૨૭).

પ્રસ્તુત શ્લોકનો ગુજરાતી અનુવાદ હવે આપણે જોઈએ :

પ્રભુની વાણીને તેઓ કરંતાં અમ બંધનો,
વાસતાં પ્રભુનાં દ્વારો પંથની ચાવીઓ થકી,
કરીને કાયદા એની કૃપા અશ્રાન્તાને કરે
દેશપાર.....

(૭૦-૭૧ :III: ૮-૧૧)

અહીં 'wisdom's oracles' (૨૨૫:૨૫) માટે 'પ્રભુની વાણી' અનુવાદ પ્રાપ્ત થાય છે. અહીં 'oracle' સાથેનો વિશિષ્ટ ગ્રીક

સાંસ્કૃતિક સંદર્ભ સ્પષ્ટ થતો નથી. (આ સંદર્ભની અગાઉ આપણે ચર્ચા કરી છે. એટલે એનું પુનરાવર્તન કર્યું નથી.) માટે અનૂદિત અર્થમાં સીમિતતા જોવા મળે છે.

અર્થસીમિતતાનું ઊડીને આંખે વળગતું દૃષ્ટાંત પ્રસ્તુત અનુવાદમાં ecstasy શબ્દ માટેના ગુજરાતી અર્થમાં પ્રાપ્ત થાય છે. ecstasy શબ્દના વિભિન્ન સંદર્ભોમાં અર્થ નીચે મુજબ પ્રાપ્ત થાય છે:

ecstasy:

III : ૨ : 314 : 35 પરમરસ. ૨6 : 69 : ૧૨.
X : ૨ : 613 : 15 (પ્રથમ પાઠાંતર) મહારસ 43 : 115 : 15
X : ૨ : 613 : 15 (દ્વિતીય પાઠાંતર) તીવ્રરસ 58-59 : ૨ : 8
XI : 1 : 697 : ૨5 રસ. 73 : 1૨ : ૨5
I : 4 : 46 : 31 રસ. 7 : 156 : 8

અહીં ecstasy શબ્દના વિભિન્ન સંદર્ભોમાં પ્રાપ્ત થતાં અનૂદિત અર્થ જોતાં સમજાય છે કે એ અર્થમાં ઉત્તરોત્તર સીમિતતા આવી છે. અનુવાદકે 'પરમરસ'થી માંડીને માત્ર 'રસ' સંજ્ઞાઓ આ માટે પ્રયોજી છે. ecstasyનો અર્થ સ્પષ્ટ કરતાં રેન્ડ હિગ્સ કહે છે: 'The term originally referred to profound bewilderment or insanity, but came to mean a trance in which the soul, freed from the body oblivious to ordinary experience, consorted with divine realities. Hence it has come to refer to a surpassing delight associated with either an intense human emotion or a mystic exaltation. (From the Greek ekstasis, standing from).*18 સામાન્ય રીતે ecstasy માટે અનુવાદમાં હર્ષ, આનંદ, સંમુદા, મહાનંદ જેવા શબ્દો પ્રયોજાય છે. પરંતુ સુન્દરમ્ સિવાય કોઈએ 'રસ' શબ્દ એકલો કે અન્ય કોઈ વિશેષણ સાથે પ્રયોજ્યો નથી. અને સુન્દરમે પણ અનેક સ્થળે આ સંજ્ઞા હર્ષ, આનંદ, સંમુદા આદિ

HANSA MEHTA LIBRARY
M. S. University of Baroda

અર્થમાં અનુવાદ કર્યો જ છે. આમ, અહીં 'ecstasy' માટે અને વિશેષણ સાપેક્ષની આવી અન્ય સંજ્ઞાઓ મૂળ અર્થમાં ઘણી સીમિતતા આણે છે.

(૨) અર્થવિસ્તાર :-

કેપિટલ સિવાયના અન્ય શબ્દ/શબ્દસમૂહમાં અનુવાદના ફલસ્વરૂપે મૂળકૃતિના અર્થમાં વિસ્તાર પણ સારા એવા પ્રમાણમાં જોવા મળે છે. એનું એક નોંધપાત્ર દૃષ્ટાંત પ્રથમ પર્વના પ્રથમ સર્ગના નીચે દર્શાવેલા શ્લોકમાંથી પ્રાપ્ત થાય છે:

Athwart the vain enormous trance of Space,
Its formless stupor without mind or life,
A shadow spinning through a soulless Void,
Thrown back once more into unthinking dreams,
Earth wheeled abandoned in the hollow gulfs
Foregetful of her spirit and her fate.
(I : ૨૩-૨૮)

ગુજરાતી અનુવાદ :-

ત્યાં ધરા ઘુમતી'તી હા તે મહા અવકાશની
નિઃસાર દીર્ઘ તંદ્રાના પટની આરપાર પે,
નહિ જ્યાં મન વા પ્રાણ એવા એ અવકાશના
નિરાકાર મહા મૂર્છા-પટની આરપાર પે,
છાયા શી ભમતી એક અનાત્મ શૂન્યને વિષે,
ફેંકાયેલ વળી પાછી સ્વપ્નો ચિંતનશૂન્યમાં,
ત્યજાયેલ મહાપોલાં વ્યોમનાં કોતરો વિષે
રહી ચક્કરતી ભૂલી નિજાત્મા, નિજ ભાવિને.
(૭૪ : 117 : 3-10)

અહીં 'formless stupor' (1:24) માટે 'અવકાશનાં નિરાકાર મહા મૂર્છા-પટ' અર્થ પ્રાપ્ત થાય છે. પૂજાલાલ આ માટે 'રૂપરિક્ત તંદ્રા' (4:1) અનુવાદ આપે છે. એની સાપેક્ષે અહીં અર્થમાં

વિસ્તાર જોઈ શકાય છે. વળી, આ જ પંક્તિઓમાં પ્રાપ્ત થતો Hollow gulfs (1:27) નો અનુવાદ 'વ્યોમનાં કોતરો' અર્થપરિવર્તનની દૃષ્ટિએ અવલોકનીય છે.

અર્થવિસ્તારનું બીજું નોંધપાત્ર દૃષ્ટાંત પહેલા પર્વના ચોથા સર્ગના નીચે દર્શાવેલા શ્લોકના અનુવાદમાં પ્રાપ્ત થાય છે: કાળમાં પૃથ્વી કઈ રીતે યાત્રા કરી રહી છે એનું આલેખન અહીં નીચે દર્શાવ્યા મુજબ કરાયું છે:

In her unconscious orbit through the Void
Out of her mindless depths she strives to rise,
A perilous life her gain, a struggling joy;
(50: 28-30).

હવે પ્રસ્તુત પંક્તિઓનો ગુજરાતી અનુવાદ જોઈએ:

અહો ઓ શૂન્યની સૂની ભમતી અંધ કેડીએ,
મથે છે ઊઠવા ઊંડા ગર્તોથી તિમિરોતણા,
ને એને લાધતી માત્ર ભય-ભીંસેલ જિન્દગી,
લાધે છે એક આનંદ ક્લેશના કંટકે જડ્યો,
(7: 160: 22-25)

અહીં struggling joy (50:30) માટે ગુજરાતી અનૂદિત શબ્દ 'ક્લેશના કંટકે જડ્યો આનંદ' પ્રાપ્ત થાય છે. 'struggling' નો લક્ષ્યાર્થ 'ક્લેશના કંટકે જડાયેલ' રૂપે અહીં પ્રાપ્ત થાય છે. આ દ્વારા મૂળ કૃતિના અર્થમાં વિસ્તાર થતો જોઈ શકાય છે. અનુવાદમાં આનાથી એક પ્રકારની કાવ્યાત્મકતા આવી છે. આમ, મૂળકૃતિના ભાવને સહજગમ્ય રીતે સંક્રમિત કરવા માટે અનુવાદક અર્થને વિસ્તારે છે. અર્થસંક્રમણની આ એક નોંધપાત્ર પ્રયુક્તિ છે એમ કહી શકાય.

(3) અર્થપરિવર્તન:-

મૂળ કૃતિના અર્થનું સંક્રમણ કરવા જતાં અનેક સ્થળે

અનુવાદમાં અર્થપરિવર્તનની પ્રક્રિયા પણ જોવા મળે છે. એનું એક નોંધપાત્ર દૃષ્ટાંત બીજા પર્વના બારમા સર્ગમાંના નીચેના શ્લોકમાં પ્રાપ્ત થાય છે : અહીં સમગ્ર માનવજાતના પ્રતિનિધિરૂપે રાજા અશ્વપતિ ચેતનાના જે વિવિધ ભુવનોની યાત્રા કરે છે એમાં એ આદર્શના સ્વર્ગોમાં આવી પહોંચે છે. આ અદ્ભુત યાત્રાના પ્રત્યેક પગલે એક નવું જગત પ્રગટ થતું હતું. એને નવાં નવાં આશ્ચર્યો અને આનંદો અનુભવાતાં હતાં. એનું આલેખન કરતાં શ્રી અરવિંદ કહે છે:

A great wide step trembling with jewelled fire
As if a burning spirit quivered there
Upholding with his flame the immortal hope,
As if a radiant God had given his soul
That he might feel the tread of pilgrim feet
Mounting in haste to the Eternal's house.
(277:14-19).

ગુજરાતી અનુવાદ :

.... વિશાળ પગલું જ શું
રત્ન શા અગ્નિની ત્યાં હા પ્રકંપિત બની રહ્યું,
જાણે કે એક ત્યાં બેઠો દેવતા નિજ જ્વાલથી
આશા અમરને ટેકી રાખતો, દ્યુતિમંત કો
દેવે શું નિજ આત્માને દીધેલો અર્પી ત્યાં હતો,
ત્વરાથી ચડતા રહેતા શાશ્વતીના ગૃહ પ્રતિ,
યાત્રીના પદનો સ્પર્શ સાધશે એક ભાવથી.
(72:15-21)

અહીં 'burning spirit' (277:15) નો અનુવાદ 'દેવતા' (72:17) રૂપે પ્રાપ્ત થાય છે. વળી, 'quivered' (277:15) ક્રિયાપદનો અનુવાદ 'બેઠો' (72:17) પ્રાપ્ત થાય છે. આ બન્ને અર્થપરિવર્તનનાં ઉદાહરણો બની રહે છે. 'burning spirit'

(૨૭૭:૧૫)નો અનુવાદ પૂજાલાલ 'જલતો જીવ' (૪૩૨:૧) તરીકે આપે છે. અહીં પણ 'જીવ' શબ્દમાં 'spirit'નો ભાવ પૂરેપૂરો પ્રગટતો નથી એ નોંધવું રહ્યું. વળી 'quivered' ક્રિયાપદનો અનુવાદ પૂજાલાલ 'સ્ફુરંત' (૪૩૨:૧) આપે છે. quiveredનો અર્થ સામાન્ય રીતે 'કાંપવું', 'ધ્રુજવું' થાય છે. એમાં એક પ્રકારની ગતિશીલતાનો અધ્યાસ છે. જ્યારે એ માટેના સુન્દરમ્‌ના અર્થ 'બેસવું'માં આવા કોઈ અધ્યાસનો નિર્દેશ થતો નથી. આમ, પ્રસ્તુત શ્લોકના બન્ને શબ્દોમાં અર્થપરિવર્તન જોઈ શકાય છે.

અર્થપરિવર્તનનું બીજું ધ્યાનાર્હ દૃષ્ટાંત દશમા પર્વના ત્રીજા સર્ગની નીચેની પંક્તિઓમાંના 'gene' (૬૨૩:૧૨) શબ્દના ગુજરાતી અનુવાદમાં પ્રાપ્ત થાય છે. મૂળ શ્લોક આ મુજબ છે:

In a small fragile seed a great tree lurks,
In a tiny gene a thinking being is shut;
A little element in a little sperm,
It grows and is a conqueror and a sage.
(623: 11-14)

અનુવાદ:

નાનકા ક્ષુદ્ર કો બીજે હોય ગુપ્ત મહા તરુ,
અલ્પ કો કોષમાં આખો પુરાયો જીવ ચિંતક,
વીર્યના અણુમાં સૂક્ષ્મ વસતું તત્ત્વ તે બને
વધતું વધતું કોઈ વિજેતા-સંત કો મહા.
(૨૪ : ૧૦-૧૩)

અહીં 'tiny gene'નો અનુવાદ 'અલ્પ કોષ' અર્થના પરિવર્તનનું દૃષ્ટાંત બની રહે છે. 'કોષ' સંજ્ઞા જીવશાસ્ત્રમાં સામાન્ય રીતે cell માટે પ્રયોજવામાં આવે છે. 'gene' માટે સામાન્યતયા: અંગ્રેજી પર્યાય જ પ્રયોજવામાં આવતો હોય છે. આ દ્વારા 'આનુવંશિકતા સાથે સંબંધ ધરાવતો શુક્રાણુનો અંશ'[*19] અર્થ લેવામાં આવતો હોય છે. પૂજાલાલ આ માટે

'ભતીય કોષ' (૧૦૨૦:૧૧) શબ્દ પ્રયોજે છે. આ શબ્દ 'મતીય' શબ્દના સાહચર્યના કારણે પ્રમાણમાં વધારે યોગ્ય લાગે છે. આમ, પ્રસ્તુત અનુવાદમાં મૂળ કૃતિનો ભાવ અનેક સ્થળે અળપાઈ જતો લાગે છે.

(૪) અર્થદુર્બોધતા:-

સુન્દરમ્‌ના અનુવાદોમાં અર્થદુર્બોધતાનું પ્રમાણ ઓછું છે. છતાં તે જુદાં જુદાં કારણોસર જોવા તો મળે જ છે. ક્યારેક સાર્વસ્વીકૃત બનેલા અંગ્રેજી શબ્દ માટે ગુજરાતી શબ્દ પ્રયોજવાનો આગ્રહ અનુવાદક રાખે છે ત્યારે દુર્બોધતા સર્જાય છે. એનું નોંધપાત્ર દૃષ્ટાંત સાતમા પર્વના બીજા સર્ગના નીચેના શ્લોકમાં પ્રાપ્ત થાય છે. સત્યવાનના આયુષ્યનું વરસ પૂરું થવાની અણી પર હતું ત્યારે સાવિત્રીની ચેતન સત્તાના શિખર ઉપરથી એક અવાજ આવે છે તે સાવિત્રીને આદેશ આપે છે કે :

Conquer thy heart's throbs, let thy heart beat in God:
Thy nature shall be the engine of his works,
Thy voice shall house the mightiness of his word:
Then shalt thou harbour my force and conquer Death.

(476 : 33-36.)

આ શ્લોકનો અનુવાદ નીચે મુજબ છે :

જીતી લે ધબકો તારા હૈયાની, હૈયું તાહરું
પ્રભુમાં ધબકી રહેજો : પ્રકૃતિ તાહરી થશે
પ્રભુનાં કર્મ કાજેનું અગ્ર-યાન મહા બલી,
તાહરા કંઠમાં એના શબ્દ કેરી પ્રચંડતા
આવીને વસશે : ને તું મુજની શક્તિને પછી
તારામાં સાંભરી લૈને મૃત્યુ પે જય પામશે.

:1:36-41

અહીં engine (476:34) માટે 'મહાબલી અગ્ર-યાન' (1:38) અનૂદિત શબ્દ પ્રયોજાયો છે. આ શબ્દ અપ્રચલિત હોવાથી અહીં એના થકી ભાવકને 'એન્જિન'નો બોધ થતો નથી. આમ, મૂળભાવ અહીં ઘણો દુર્બોધ બની રહે છે.

આવું જ બીજું નોંધપાત્ર દૃષ્ટાંત પ્રથમ પર્વના બીજા સર્ગમાં પ્રાપ્ત થાય છે. સાવિત્રી અંગે અહીં કહેવાયું છે:

Inapt to fold its mighty wings of dream
Her spirit refused to hug the common soil,
(19:8-9)

એનો અનુવાદ આ પ્રમાણે છે:

ન એના આત્માને સ્વપ્નો તણી દિગ્દિગંતચારિણી
સંકેલી પાંખ લેવાની કરી કે ગમ લેશ કે,
ને તેથી જગ કેરી આ નિત્યની મિટ્ટીને પ્રેમે
ભેટવા કાજ નકાર કરીને આત્મા એ ખડો,
(64:209:3-6).

અહીં 'mighty wings of dream' (19:8) નો અનુવાદ 'સ્વપ્નો તણી દિગ્દિગંતચારિણી પાંખ' કરવામાં આવ્યો છે. 'mighty' માટે પ્રયોજાયેલો 'દિગ્દિગંતચારિણી' જેવો અલ્પપ્રયુક્ત સંસ્કૃત સામાસિક શબ્દ અર્થમાં દુર્બોધતા આણે છે.

વિજ્ઞાનની પારિભાષિક સંજ્ઞાઓનો અનુવાદ આગવા પ્રશ્નો ખડા કરે છે. મૂળ કૃતિના અર્થને દુર્બોધ બનાવવામાં આવા અનૂદિત શબ્દો ધ્યાનપાત્ર બની રહે છે. આ દૃષ્ટિએ બીજા પર્વના છઠ્ઠા સર્ગમાં મહત્તર જીવનશક્તિના કાર્ય અંગેનો નીચેનો એક શ્લોક જોઈએ:

She fashions godlike marvels out of mud:
In the plasm she sets her dumb immortal urge,
Helps the live tissue to think, the closed sense to feel,
Flashes through the frail nerves poignant messages,

In a heart of flesh miraculously loves,
To brute bodies gives a soul, a will, a voice.
(180:32-36; 181:1)

આ શ્લોકનો અનુવાદ નીચે દર્શાવ્યા મુજબ છે:

એના મહુસમા કાર્યે માત્ર સામગ્રી રૂપમાં,
તે લઇ પંકમાંથી એ દેવ શાં અદ્‌ભુતો રચે;
કોષના રસમાં મૂંગી અમરા નિજ પ્રેરણા
સ્થાપે, જીવંત તંતુને સહાય ચિંતવા વિષે
દેતી એ, ઇન્દ્રિયને બહુ શક્તિ સંવેદવા દિયે,
દૂબળા જ્ઞાનતંતુથી સંદેશા ઉગ્ર પાડવે,
માંસના હૃદયે પ્રેમ સર્જે અદ્‌ભુત રીતથી,
શરીરો સ્થૂલને આપે આત્મા, સંકલ્પ ને સ્વર.
(100:266:15-22).

અહીં 'plasm' (180:33) અને 'live tissue' (180:34) માટે અનુક્રમે 'કોષનો રસ' (266:17) અને 'જીવંત તંતુ' (266:18) અનૂદિત શબ્દો પ્રયોજાયા છે. 'plasm' નો અર્થ સામાન્ય રીતે 'રક્તકણ ધારી રસ, પ્રાણરસ, મૂળ જીવનરસ'*20 થાય છે. જ્યારે 'tissue' સંજ્ઞાનો જીવશાસ્ત્રમાં પ્રાથમિક અર્થ 'શરીર ઘટક ધાતુ, પેશી મલ, કે કોશમંડલ'*21 પ્રાપ્ત થાય છે. આ માટે અનુવાદમાં પ્રયોજાયેલા બન્ને શબ્દો પરથી મૂળ કૃતિનો ભાવ સ્પષ્ટ થતો નથી. પરિણામે દુર્બોધતા જોવા મળે છે.

અર્થદુર્બોધતા પ્રગટવાનું એક ગણનાપાત્ર કારણ મૂળકૃતિના સાંસ્કૃતિક સંદર્ભોનું અનુવાદમાં થતું અસ્વાભાવિક રૂપાંતરણ પણ છે. એનું દૃષ્ટાંત સાતમા પર્વના સાતમા સર્ગમાંથી પ્રાપ્ત થાય છે. અહીં સાવિત્રીનો આત્મા સમગ્ર જગતને જીવંત પ્રભુરૂપે જુએ છે. પ્રકૃતિમાં થઇ રહેલું સર્વ એની પોતાની અંદર ઘટનાઓરૂપે અનુભવે છે. એનું આલેખન નીચે મુજબ થયું છે:

She was a subconscient life of tree and flower,
The outbreak of the honied buds of spring;
She burned in the passion and splendour of the rose,
She was the red heart of the passion-flower,
The dream-white of the lotus in its pool.
(557 : 13-17.)

- ગુજરાતી અનુવાદ :-

વૃક્ષોમાં પુષ્પમાં એ તો અવચેતન પ્રાણ થૈ
પ્રગટી રહી'તી પોતે, મધુમંત વસંતમાં
પ્રસ્ફુટી ઊઠતી પોતે મધુની કળીઓ બની,
ગુલાબે છલકંતી જે રંગની મદિરા અને
ઊર્મિની છોળ એમાં તે જલતી જ હતી સ્વયં,
પુષ્પ મન્મથનામાં તે, લાલ લાલ હતી ઉર,
અને સરોવરનાં નીરે ઝૂલતા પદ્મને દલે
સૂતેલા સોણલા કેરી ધવલશ્રી લસી સ્વયં.
(44 : ૨૩૯ : 1-8)

અહીં 'passion-flower' (557 : 16) માટે 'મન્મથનું પુષ્પ' (૨૩૯ : 6) અનુવાદ પ્રાપ્ત થાય છે. 'passion flower' અંગે રેન્ડ હિંગ્સ કહે છે : A fruit-bearing plant of the genus Passiflora whose parts resemble the instruments that causes Christ's passion or suffering on the cross, i.e. thorns, nails etc.'*૨૨ આ માટે પ્રયોજાયેલો 'મન્મથનું પુષ્પ' શબ્દાર્થ ચિંત્ય છે. મન્મથ એટલે કામદેવ. એના પુષ્પોમાં અરવિંદ, અશોક, નવમલ્લિકા, આમ્રમંજરી અને નીલોત્પલની ગણના થાય છે. પરંતુ મન્મથના પુષ્પનો ભારતીય સંદર્ભ તો સાવ અલગ જ છે. કાલિદાસના મહાકાવ્ય 'કુમારસંભવમ્' અનુસાર ભગવાન શંકરનો તપભંગ કરવા કામદેવ જે બાણ છોડે છે એ પાંચ પુષ્પોનું બનેલું હતું. પરંતુ આ સંદર્ભ

કેટલાંક નવા પ્રશ્નો પણ ઊભા કરે છે. પરિણામે મૂળ અર્થ અહીં દુર્બોધ બની રહે છે.

(૫) વિશિષ્ટ અર્થસંદર્ભ :-

કેટલાક શબ્દ/શબ્દસમૂહોના અનુવાદમાં અનુવાદક પોતાની કારયિત્રી પ્રતિભાના સંસ્પર્શથી વિશિષ્ટ અર્થસંદર્ભ રચે છે. આવા શબ્દો અનુવાદમાં અત્યંત ધ્યાનાર્હ બની રહે છે. આવો એક સંદર્ભ પ્રથમ પર્વના ચોથા સર્ગમાં નીચે મુજબ પ્રાપ્ત થાય છે. અહીં અમરતાના શૃંગો ઉપર વસતા દેવો કોઈ અજ્ઞાત લોકમાંથી આવતા કાળના પ્રવાહને બદલી શકે એવી શક્તિને પૃથ્વીલોક પર આવતી નિહાળે છે એનું આલેખન નીચે મુજબ થયું છે :

Come maned with light from undiscovered worlds,
Here, while the world toils on with its deep blind heart,
The galloping hoves of the unforeseen event,
Bearing the superhuman rider, near
And, impassive to earth's din and startled cry,
Return to the silence of the hills of God ;
(54 : 4-9).

અનુવાદ :

અલાધ્યાં જગતો કેરાં તેજના મુકુટો ધરી,
આવે એ જગમાં, ને જ્યાં જગનાં જન ઝૂઝતાં
રહે હા નિજના અજ્ઞ ઉરની ઓથ લૈ, તદા
સુણે તે પડછંદાઓ ભાવિના ડાબલાતણા.
અને એ નિજ ચક્ષુઓ નીરખે ભાવિ – અશ્વ પે
ચડીને આવતા દિવ્ય કલ્કિરૂપ મહાપ્રભુ.
જગનાં ધમસાણો ને આક્રંદોથી અલિપ્ત એ,
મચી રહે નિજના લક્ષ્યે, સિદ્ધિની સ્થાપના કરી,
ધૂંધાયા ભૂમિના વક્ષે નિજ મુદ્રા મહા ધરી,
વિદ્યુત્ શા ઝબકી, ગાજી મેઘ શા, જગથી સરી

પ્રભુનાં અદ્રિ-ધામોની શાંતિમાં વિરમે પુન:.

(7:164:૨૦-30).

અહીં 'Superhuman' (54:7) માટે 'કલ્કિરૂપ મહાપ્રભુ' અનુવાદ થયો છે. પૌરાણિક માન્યતા પ્રમાણે વિષ્ણુના ચોવીસમાંનો અથવા દશમાંનો છેલ્લો અવતાર કલ્કિ કહેવાય છે.*૨૩ એ જગતના પરિત્રાણ અર્થે અહીં જન્મ લેવાનો છે. સાવીત્રી પ્રથવી એની આર્તભાવે પ્રતીક્ષા કરી રહી છે. આમ, 'Superhuman Rider' માટે આ સંદર્ભ અત્યંત પ્રસ્તુત બની રહે છે.

સાંસ્કૃતિક રૂપાંતરણોના બીજા ધ્યાનાર્હ દૃષ્ટાંતો નીચે મુજબ છે. વિસ્તારભયે કેવળ એનો ઉલ્લેખ જ કર્યો છે:

II:૨:109:36 muse ચિંતનાની દેવી. ૩૭:104:૨૫.

XI:1:697:૨0 Seraph's lyre ગાંધર્વી બીન. 73:1૨:૨0.

આ સિવાય અનુવાદકે પ્રથમ પર્વના ચોથા સર્ગમાં 'speech' (50:33)નો વૈખરી (7:160:૨૧) અને એ જ પર્વમાં આગળ 'prophet-speech (57:૨7)નો 'પરા વાક્' ના અર્થમાં જે અનુવાદ કર્યો છે તે પણ ધ્યાનાર્હ છે.

આમ, વિશિષ્ટ અર્થસંદર્ભ ધરાવતા શબ્દો અનુવાદને પ્રાસાદિક બનાવવામાં મહત્વપૂર્ણ બની રહે છે.

અર્થસંક્રમણના વિશિષ્ટ પ્રશ્નો :-

કોઇ એક શબ્દના ગુજરાતી અનુવાદમાં વિવિધ અર્થચ્છાયાઓ સંક્રમણના આગવા પ્રશ્નો ઉપસ્થિત કરે છે. વિસ્તારભયે આપણે આવા શબ્દના અર્થસંક્રમણ નિમિત્તે ઉપસ્થિત થતા પ્રશ્નોની વિગતે વિચારણા કરતા નથી. પરંતુ આ પ્રશ્નનો ખ્યાલ આવે એટલા માટે 'being' શબ્દના સંદર્ભે કરેલા અનુવાદોની વિવિધ અર્થચ્છાયાઓ અહીં રજૂ કરી છે. અહીં કેપિટલ તેમજ કેપિટલ સિવાયના being શબ્દનો વિચાર કર્યો છે:

Being / being.

I:4:50:૨5 દેવ 7:160:16.
I:5:81:1 અંતઃરૂપ 63:137:3.
I:5:83:7 આત્મા. 63:139:31.
I:5:83:13 તત્વ 63:139:37.
II:૨:109:૨9 સ્વરૂપ 99:104:14.
II:6:181:3. સત્વો 100:૨66:૨4.
II:8:૨૨0:૨7 સત્ 70-71:109:7.
II:12:૨૨7:13 ચૈત્ય 79:૨07:9.
II:14:૨9૨:16 વ્યક્તિ 79:૨08:33.
III:3:318:૨6. ચેતના ૨7:155:૨4.
VII:5:5૨6:4 અલૌકિક દિવ્યરૂપ 31:158:16.
VII:7:555:૨3 હસ્તી 44:૨36:30.
VII:7:555:૨6 સ્વાત્મ 69:75:16.
IX:૨:594:૨6 પ્રાણી. 43:154:૨1.
X:4:667:6 રૂપ 85-86:94:30.

'Being' શબ્દની ઉપર્યુક્ત અર્થચ્છાયાઓના કારણે અર્થના સંક્રમણનો પ્રશ્ન કેવો જટીલ બને છે એનો સંકેત કરવા પૂરતી આ યાદી રજૂ કરી છે.

II પંક્તિ / શ્લોકની ભૂમિકા:

સુન્દરમ્‌ના અનુવાદોમાં પંક્તિ / શ્લોકની ભૂમિકાઓ અર્થસીમિતતા, અર્થવિસ્તાર અને અર્થપરિવર્તન જેવી લાક્ષણિકતાઓ દૃષ્ટિગોચર થાય છે. આપણે એની ક્રમશઃ વિચારણા કરીએ.

(1) અર્થસીમિતતા:

પ્રસ્તુત અનુવાદમાં મૂળ પંક્તિ / શ્લોકનો અર્થ સીમિત થતો હોય એવાં દૃષ્ટાંતો વિરલ છે. છતાં પ્રથમ પર્વના પ્રથમ સર્ગમાં આવું

એક દૃષ્ટાંત પ્રાપ્ત થાય છે એ આ સંદર્ભે ઉલ્લેખનીય છે. પ્રગાઢ રાત્રિને અંતે સત્યવાનના મૃત્યુદિનની પ્રતીકાત્મક ઉષાના પ્રાગટ્યનું આલેખન શ્રી અરવિંદ આ રીતે કરે છે:

Interpreting a recondite beauty and bliss
In colour's hieroglyphs of mystic sense,
It wrote the lines of a significant myth
Telling of a greatness of spiritual dawns,
A brilliant code penned with the sky for page.
(4 : ૯-૧૨)

ગુજરાતી અનુવાદ:

એ મહાદર્શને રમ્ય રંગોની ગૂઢ અર્થવાન્
ચિત્ર-વાણી થકી મર્મ ગુપ્ત સૌંદર્ય કોઈનો,
ગુપ્ત કો પરમાનંદ તણો પ્રગટ કીધ રે,
લખ્યો તેજે ભર્યો લેખ આભનું લઈ પૃષ્ઠ હા.
(૧૪ : ૧૨૦ : 4-૭)

અહીં મૂળનો ભાવ સંક્ષિપ્ત રીતે પ્રગટ થતો જોઈ શકાય છે.

આવું જ બીજું ધ્યાનાર્હ દૃષ્ટાંત પ્રથમ પર્વના ચોથા સર્ગમાં પ્રાપ્ત થાય છે:

What now we see is a shadow of what must come.
The earth's uplook to a remote unknown
Is a preface only of the epic climb
Of human soul from its flat earthly state
To the discovery of a greater self
And the far gleam of an eternal Light.
(46 : 5-10)

પ્રસ્તુત શ્લોકનો ગુજરાતી અનુવાદ આ મુજબ છે:

આપણું આજનું જ્ઞાન, છાયા એ માત્ર ભાવિની,
પૃથ્વીની આજની મીટ, દૂર અજ્ઞાતની દિશે,

શાશ્વતની સ્થિતિ પ્રત્યેના ભવ્ય ઊર્ધ્વ ચઢાણમાં
મનુષ્યમાત્રનું એ તો પગલું લઘુમાત્ર શું.
(7 : 155 : 7-10).

અહીં પણ મૂળનો ભાવ અનુવાદમાં સારા એવા પ્રમાણમાં સીમિત થઈ જતો જોઈ શકાય છે.

(૨) અર્થવિસ્તાર :

અર્થસીમિતતાથી ઉલટું વિસ્તારની પ્રક્રિયા પ્રસ્તુત અનુવાદમાં સારા એવા પ્રમાણમાં જોવા મળે છે. મૂળ કૃતિના અર્થને શક્ય એટલો પ્રાસાદિક બનાવીને અનૂદિત કરવાનો અનુવાદકનો પ્રયત્ન અહીં ઠીક ઠીક પ્રમાણમાં સફળ નીવડ્યો છે. એના દૃષ્ટાંત લેખે પ્રથમ પર્વના ચોથા સર્ગનો નીચેનો શ્લોક અવલોકનીય છે:

A deathbound littleness is not all we are:
Immortal our forgotten vastnesses
Await discovery in our summit selves;
Unmeasured breadths and depths of being are ours.
(46 : 14-17)

એનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે:

મૃત્યુનો પાશ બંધાયા આપણે જંતુઓ નહિ,
આપણી ચેતના મૂળે વિશ્વરૂપ વિશાળવી
સ્મૃતિ એ ઓસરી, કિંતુ આપણી વિશ્વરૂપતા
અમૃતત્વભરી પૂર્ણ, આપણી રાહ પેખતી
બેઠી છે ઊર્ધ્વનાં ઊંચાં આપણાં આત્મ-શૃંગ પે.
ઊંડાણો અણતાગ્યાં ને વિશાળા વિસ્તર્યાં પટો
સંપત્તિ આપણી એ છે સમૃદ્ધ ચેતનાતણી.
(7 : 155 : 16-૨૨).

અહીં મૂળના અર્થને પ્રાસાદિક બનાવવા અનૂદિત અર્થમાં વિસ્તાર થયો હોવાનું જોઈ શકાય છે. આ વિસ્તારણ શબ્દ અને પંક્તિ બન્ને સ્તરોએ પ્રાપ્ત થાય છે. આરંભે જ 'deathbound' માટે 'મૃત્યુને પાશ

બંધાયા' અનુવાદ કરે છે. ત્યારબાદ 'Immortal our forgotten vastnesses'નો અનુવાદ અહીં પંક્તિઓમાં થયો છે :

આપણી ચેતના મૂળે વિશ્વરૂપ વિશાળવી
સ્મૃતિ એ ઓસરી, કિંતુ આપણી વિશ્વરૂપતા
અમૃતત્વભરી પૂર્ણ....

અહીં અલ્પસંખ્યક પદોથી અભિવ્યક્ત થતા અર્થ માટે બહુસંખ્યક પદોનો વિનિયોગ થયેલો જોઈ શકાય છે. આ રીતે આચાર્ય વામન કથિત અર્થની વ્યાસ પ્રૌઢિ પ્રાપ્ત થાય છે. આવી પ્રૌઢિ પ્રસ્તુત શ્લોકની અન્ય પંક્તિઓના અનુવાદમાં પણ જોવા મળે છે. આમ, મૂળ શ્લોકનો ભાવ વિસ્તાર પામીને પ્રાસાદિક બને છે.

અનુવાદમાં ક્યારેક અલંકારાદિના વિનિયોગ દ્વારા પણ અર્થનો વિસ્તાર સધાતો જોઈ શકાય છે. એનું દૃષ્ટાંત છઠ્ઠા પર્વના બીજા સર્ગમાં પ્રાપ્ત થાય છે :

One yet may come armoured, invincible;
His will immobile meets the mobile hour;
The world's blows cannot bend that victor head;
(449:3-5).

એનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે :

આવશે નર કો એવો જગનો મુક્તિદાયક,
સજી કવચને શસ્ત્ર અવિજેય, મહાબલ.
સંકલ્પ મેરુ શો એનો કાલના ચલ નીરની
સંમુખ નિજને સ્થાપી ઊભશે, સૃષ્ટિના સહુ
પ્રહારો ન શકે નામી વિજયી શીશ એહનું.
(15 : 175 : 9-13).

અહીં જે નરના આગમનનું આલેખન છે તે જગનો મુક્તિદાયક હશે. એના અચલ સંકલ્પ માટે 'મેરુ'નું ઉપમાન તેમજ 'mobile hour'ના કલ્પનને રજૂ કરવા 'કાળના ચલ નીર'નો વિશેષ પ્રયોગ આલંકારિક રીતે, વિસ્તારપૂર્વક મૂળ કૃતિનો ભાવ

અનુવાદમાં સંક્રમિત કરે છે.

ક્યારેક અનુવાદક અર્થસ્પષ્ટતા માટે પોતાના તરફથી ઉમેરણ કરે છે, એના પરિણામે અર્થવિસ્તાર જોવા મળે છે. એનું દૃષ્ટાંત અગિયારમા પર્વના પ્રથમ સર્ગની નીચેની પંક્તિઓમાં પ્રાપ્ત થાય છે.

Then after silence a still blissful cry
Began, such as arose from the Infinite
When the first whisperings of a strange delight
Imagined in its deep the joy to seek,
The passion to discover and to touch,
The enamoured laugh which rhymed the chanting worlds.
(698:5-6.)

અનુવાદ :-

છવાયું મૌન ત્યાં, ઘેરી નરી નીરવતા કરી,
અને આનંદ સાંચેલી સ્થિર શાંત ગિરા સ્ત્રવી,
સ્ત્રવ્યું'તું મુખથી જેમ અનંત પરમેશના
વિમુગ્ધ મધુરું હાસ્ય - સૃષ્ટિની આદિમાં યદા
વિલક્ષણ મુદા કોઈ સ્ફુરીને નિજ ભીતરે
કલ્પનો ચડવા લાગી : ખોજમાં નીકળી જવું,
અહો શો લાધશે હર્ષ, ખોજમાં કંઈ લાધવું
નવલું, સઘન સ્પર્શો પામવું, રસ ગાઢ શો ! -
અને એ પ્રગટ્યા હાસ્યે બ્રહ્માંડો ગુંજતાં બધાં
ગૂંથ્યાં કો હારથી : એવી ગિરાએ ઉચ્ચરી ત્યહીં.
(58-59:81:1-10).

અહીં અનુવાદક તરફથી મૂળકૃતિના અર્થમાં સારાં એવાં ઉમેરણો કરાયેલાં જોઈ શકાય છે.

(3) અર્થપરિવર્તન :-

પ્રસ્તુત અનુવાદમાં મૂળકૃતિના અર્થનાં પરિવર્તનની પ્રક્રિયા

પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે. એનું એક નોંધપાત્ર દૃષ્ટાંત પ્રથમ પર્વના ચોથા સર્ગમાંના નીચેના શ્લોકમાં પ્રાપ્ત થાય છે:

The future flees before him as he moves;
He sees imagined garments, not a face.
(53 : ૨૧-૨૨)

પ્રસ્તુત પંક્તિઓનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે:

અને ભાવિ? ખરે એ તો માયાનાં મૃગવારિ શું
આગે આગે સદા ભાગે, ઝલાતું નહિ ઝાલિયું.
એ માને નિરખું છું હું પરમાં કોક રૂપસી,
કિંતુ એ કલ્પના-વાઘા, નહિ રે મુખ કોઇનું!
(7 : 163 : 33-36)

અહીં મૂળ કૃતિનો ભાવ અનુવાદમાં પરિવર્તન પામતો જોઇ શકાય છે. આ પરિવર્તન વિરામચિહ્નથી માંડીને પંક્તિ સુધીની ભૂમિકાએ પ્રાપ્ત થાય છે. અહીં મૂળ શ્લોકમાં વિધિવાક્ય છે. અનુવાદક એને પ્રશ્નવાક્ય બનાવે છે. અનુવાદની અંતિમ પંક્તિના અંતે ઉદ્ગારવાચક ચિહ્ન છે એ પણ નોંધપાત્ર છે. મૂળ શ્લોકની પ્રથમ પંક્તિના ક્રિયાપદ 'flees'નો અનુવાદ 'માયાના મૃગવારિ શું ઝલાતું નહિ ઝાલિયું' રૂપે આપવામાં આવ્યો છે. આમ અનુવાદમાં એક નોંધપાત્ર કલ્પન પ્રાપ્ત થાય છે. એ જ રીતે મૂળ શ્લોકની બીજી પંક્તિ: He sees imagined garments, not a face'ને વધારે સ્ફુટ કરવા અનુવાદકે બે પંક્તિઓ દ્વારા બીજું એક કલ્પન પ્રયોજ્યું છે:

એ માનો નિરખું છું હું પરમા કોક રૂપસી,
કિંતુ એ કલ્પના- વાઘા, નહિ રે મુખ કોઇનું!

આમ, અહીં અર્થપરિવર્તન અત્યંત ધ્યાનાર્હ બની રહે છે.

અર્થપરિવર્તનની દૃષ્ટિએ છઠ્ઠા પર્વના બીજા સર્ગનો નીચે દર્શાવેલો શ્લોક પણ વિશેષ રૂપે ઉલ્લેખનીય છે:

Pain is the hand of Nature sculpturing men
To greatness: an inspired labour chisels

with heavenly cruelty an unwilling mould.
(444 : ૨૪-૨૬).

આ શ્લોકનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે :

> વ્યથાનું ટાંકણું લૈને પ્રકૃતિ દેવતા અહીં
> ઘડે છે મનુજોમાંથી મૂર્તિઓ મહત્તાઈની,
> શિલા આ જગની, એને તમા ના નિજ ઘાટની,
> તે થકી ઘડવા ઘાટ બેઠી છે દેવી એ અહીં,
> દિવ્ય નૈષ્ઠુર્યથી એની છીણી પ્રેરાઇ હા રહી.
> (૧૫ : ૧૭૨ : ૬-૧૦).

આ અનુવાદને પૂજાલાલના અનુવાદ સાથે સરખાવતા બે વચ્ચેનું પરિવર્તન એકદમ સ્પષ્ટ બની રહે છે :
પૂજાલાલ કૃત અનુવાદ :-

> દુઃખ છે પ્રકૃતિકેરો હસ્ત જે કાઢતો ઘડી
> કંડારીને મનુષ્યોને મહિમાના સ્વરૂપમાં :
> દૈવી નિર્દયતા સાથે પ્રેરાયેલો પરિશ્રમ
> ટાંકણાંથી ઘડી કાઢે અનિચ્છુ એક ઢાળને.
> (૭૧૪ : ૨૦-૨૩).

ઉપર્યુક્ત બન્ને અનુવાદોને સરખાવતાં પૂજાલાલનો અનુવાદ મૂળ શ્લોકને વધારે વફાદાર હોવાનું સમજાય છે. 'hand of Nature' માટે સુન્દરમ્ 'પ્રકૃતિ દેવતા' અનુવાદ આપી એનું પરિમાણ બદલી કાઢે છે. અહીં 'hand'નો અર્થ સ્પષ્ટ થતો નથી. જ્યારે પૂજાલાલમાં 'hand of Nature'નો અભીપ્સિત અર્થ 'પ્રકૃતિ કેરો હસ્ત' પ્રાપ્ત થાય છે. વળી, મૂળકૃતિના શ્લોકની અંતિમ બે પંક્તિઓનો અનુવાદ પણ આ જ રીતે એકબીજાથી સારા એવા પ્રમાણમાં અલગ પડે છે.

ક્યારેક અનુવાદ પ્રક્રિયા દરમ્યાન અર્થપરિવર્તનની સાથેસાથે શૈલીપરિવર્તન પણ જોવા મળે છે. આ સંદર્ભે ત્રીજા પર્વના પ્રથમ

સર્ગના નીચે દર્શાવેલા શ્લોકો ઉલ્લેખનીય છે:

The Presence was lost by which all things have charm,
The Glory lacked of which they are dim signs.
The world lived on made empty of its Cause,
Like Love when the Beloved's face is gone.
The labour to know seemed a vain strife of mind;
All knowledge ended in the Unknowable:
The effort to rule seemed a vain pride of will;
A trivial achievement scorned by Time,
All power retired into Omnipotent.
(305:10-18).

એનો ગુજરાતી અનુવાદ નીચે દર્શાવ્યા મુજબ છે:

એણે ત્યાં નીરખ્યું કે આ જગને રસ અર્પતી 13:13
માધુરી દિવ્ય જે તેણે દીધી'તી, જ્યોતિ ભવ્ય જે
જગના આ પદાર્થોમાં ઈષત્ વ્યક્ત બનેલ, તે 13:15
હવે ના રહી છો ક્યાંય, — પ્રભુસ્પર્શ ક્યહીં ન રે.
જગ ભીતરથી સાર સર્વદા ઓસરી ગયો, 13:17
અને એ એક ખોખા શું ખાલી માત્ર ટકી રહ્યું;
પ્રિયા હા ગઈને એનો પ્રેમ માત્ર હવે રહ્યો! 13:19
હવે શી સાધના ને શી સિદ્ધિ? વ્યર્થ પ્રપંચ એ:
હવે શો જ્ઞાનનો અર્થ, શ્રમ એ વ્યર્થ ચિત્તનો, 14:1
હવે તો જ્ઞાન સૌ પેલા અજ્ઞેયે જઈને ભળ્યું!
જગને જીતવું — એ તો વ્યર્થ ગૌરવ ઝંખના, 14:3
ક્ષુદ્ર શી સિદ્ધિ એ, જેને કાળ ચૂર્ણ કરી જતો,
હવે તો શક્તિ સૌ શક્તિ-પતિની સોડમાં સરી! 14:5
(13:13 - 14:5)

અહીં વિરામચિહ્નથી માંડીને શ્લોક સુધીના જુદા જુદા સ્તરે પરિવર્તનોનો અંબાર જોઈ શકાય છે. વિસ્તારભયે એની

વિગતે વિચારણા કરી નથી.

આમ, પંક્તિ/શ્લોકની ભૂમિકાએ અર્થસંક્રમણની અનેકવિધ લાક્ષણિકતાઓ જોવા મળે છે.

(ખ) ભાષાકર્મ :

'સાવિત્રી'ના સુન્દરમ્ કૃત અનુવાદોનું ભાષાકર્મની દૃષ્ટિએ અધ્યયન આપણે મુખ્યત્વે ચાર ભૂમિકાએ કરીશું :

(૧) છંદવિધાન.
(૨) શબ્દચયન.
(૩) શૈલીવિધાન.
(૪) અલંકારવિધાન.

આ રીતે, અનુવાદક મૂળ કૃતિના ભાષાકર્મને ગુજરાતીમાં પ્રગટાવવા જે પ્રયુક્તિઓ કરે છે એની આપણે તપાસ કરીશું. એમાં અનુવાદક તરીકેની એમની સજ્જતા અને સર્જકતાની આપણે વિચારણા કરીશું. એટલું જ નહિ ગુજરાતી ભાષાની શક્યતાઓ આ નિમિત્તે કેવી ખેડાઈ છે, તેમજ એની મર્યાદાઓ કેવી સ્પષ્ટ થઈ છે એનો પણ થોડોક વિચાર કરીશું. સૌપ્રથમ પ્રસ્તુત અનુવાદના છંદોવિધાનનું આપણે પરિક્ષણ કરીએ.

(૧) છંદવિધાન :-

સુન્દરમ્ અન્ય અનુવાદકોની જેમ 'સાવિત્રી' મહાકાવ્યના અનુવાદ માટે અનુષ્ટુપ જ પ્રયોજે છે. સમયના ક્રમે જોઈએ તો 'સાવિત્રી'ના ગુજરાતી પદ્યાનુવાદ સૌપ્રથમ સુન્દરમ્ આપે છે. એટલે 'સાવિત્રી' મહાકાવ્યના બ્લેંકવર્સને અનુરૂપ ગુજરાતીમાં વૃત્તવિકલ્પ તરીકે અનુષ્ટુપને સૌપ્રથમ અજમાવવાનું શ્રેય એમને પ્રાપ્ત થાય છે.

સુન્દરમ્ના અનુષ્ટુપમાં વૈવિધ્ય જોવા મળે છે. વળી, અગાઉ જણાવ્યા મુજબ સુન્દરમે પોતાના 'દક્ષિણા' સામયિકમાં ફેબ્રુઆરી ૧૯૫૧થી 'સાવિત્રી'ના પસંદગીના અંશોના ગુજરાતી પદ્યાનુવાદો પ્રકાશિત કરવા માંડ્યા હતા. એમાં પ્રયોજાયેલા અનુષ્ટુપના ક્રમિક

વિકાસનું અધ્યયન આપણે 'દક્ષિણા'માં જુદા જુદા સમયના અંતરાલે પ્રકાશિત થયેલા અનૂદિત અંશોને આધારે કરીશું. આ સંદર્ભે સૌપ્રથમ ઓગસ્ટ ૧૯૫૧ માં 'દક્ષિણા'ના સળંગ અંક ૯ (પુસ્તક: ૩, અંક-૧) રૂપે પ્રકાશિત થયેલા 'સાવિત્રી'ના ત્રીજા પર્વના પ્રથમ સર્ગના નીચે દર્શાવેલા અંશનો અભ્યાસ કરીએ:

લગા ગા ગા લગા લગા
જગ જે શકતું આપી, અલ્પ તે કેટલું અરે ! ૧૪:૧

લ ગા ગા ગા લગા લગા
ક્યહીં આ આત્મની ઊંડી તૃષા દિવ્ય અગાધ ને ૧૪:૨

લગા લગા ગા ગા લ લ
ક્યહીં આ જગની અલ્પ શક્તિ-જ્ઞાનની અંજલિ ? ૧૪:૩

લ લ ગા ગા લગા ગા ગા
જગનાં જ્ઞાન-શક્તિ જે, ફળ એ કાળવાડીમાં ૧૪:૪

લ ગા ગા ગા ગા ગા લગા
ફળેલાં, નહિ એ પેલી તૃષાને તર્પી હા શકે. ૧૪:૫

ગા ગા ગા ગા લગા લગા
સર્વ આ સૃષ્ટિનાં રૂપો એક તે પરમેશના ૧૪:૬

ગા ગા ગા ગા લગા લગા
અનેક ભવ્ય આકાશો, કૃપાથી એહની જગે ૧૪:૭

લગા ગા ગા લ લ ગા ગા
આપણે જીવવું, એ છે અન્તિકેથી ય અન્તિકે, ૧૪:૮

લગા લ ગા લ લ ગા ગા
તોય એ આપણું વિશ્વે ઉત્તમોત્તમ સત્ય હા, ૧૪:૯

લ ગા લગા લગા લ ગા
નિજ સર્જેલ આ સૃષ્ટિ-અંચળા હેઠળે છુપ્યું, ૧૪:૧૦

 લ ગા ગા ગા　　　　　　લ ગા ગા
દૂરથી દૂર દીસ્યું એ, અતીવ દુર્ગમ્ય એ, ૧૮:૧૧

લ ગા ગા લ　　　　　　ગા ગા લ ગા
સૂક્ષ્મ, ગૂઢ, સદા મૂક, સદા પ્રચ્છન્નરૂપ એ: ૧૮:૧૨

અહીં જોઇ શકાય છે કે પ્રત્યેક પંક્તિ ચાર ચાર લગાત્મક સંધિઓની બનેલી છે. એમાં ૧૮:૧૧ માં અપવાદરૂપે ચોથી સંધિ પૂરી થતી નથી એ નોંધવું રહ્યું. પ્રત્યેક પંક્તિ 16-16 અક્ષરોની બનેલી છે. હવે આ સંધિઓમાં સામાન્યરીતે બીજે સંધિ 'લગાગાગા' હોવો જરૂરી છે. પ્રસ્તુત ઉદાહરણમાં 18:4 ; 18:6 ; 18:7 ; 18:9 ; 18:10 અને 18:૧૨ માં તે અનુક્રમે 'લલગાગા'; 'ગાગાગાગા'; 'ગાગાગાગા'; 'લગાલગા'; 'લગાલગા' અને 'લગાગાલ' જેવા વ્યુત્ક્રમો દર્શાવે છે. આમ, અનુષ્ટુપના પરંપરિત બંધારણથી આ રીતે સુન્દરમ્ અલગ પડે છે. આગાઉ જોઈ ગયા છીએ એ મુજબ પૂજાલાલ અને અંબાલાલ પુરાણીમાં પણ આ વલણ જોવા મળે છે. પરંતુ આ ત્રણે અનુવાદકો અનુષ્ટુપની પંક્તિઓના અંતિમ સંધિઓ (પ્રાય: ચોથો સંધિ, ક્યારેક પાંચમો) 'લગાલગા' રૂપે પ્રયોજે છે. સુન્દરમ્માં અહીં પણ વ્યુત્ક્રમો જોવા મળે છે 18:3; 18:4 ; 18:5 ; 18:8; 18:9; 18:11; અને 18:૧૨ માં આ સંધિ અનુક્રમે 'ગાગાલલ'; 'લગાગાગા'; 'ગાગાલગા'; 'લલગાગા'; 'લલગાગા'; 'લગાગા'; અને 'ગાગાલગા' રૂપે પ્રાપ્ત થાય છે. પૂજાલાલ આ ચોથા સંધિને તો અનુષ્ટુપનું સ્થાયી લક્ષણ ગણે છે. અહીં એમાં પણ વ્યુત્ક્રમ જોઈ શકાય છે. બન્ને સંધિઓ-માં પ્રાપ્ત થતા આવા વ્યુત્ક્રમ છંદશૈથિલ્યનાં દૃષ્ટાંત પૂરા પાડે છે.

પ્રસ્તુત પંક્તિઓમાં યતિસ્વાતંત્ર્ય પણ જોવા મળે છે, જેને નીચે મુજબ દર્શાવી શકાય:

પંક્તિક્રમાંક	યતિસંખ્યા	યતિનું સ્થાન (અક્ષર બાદ)
18:1	1	૪
18:4	1	8
18:5	1	3
18:7	1	૪

પંક્તિક્રમાંક	યતિ સંખ્યા	યતિનું સ્થાન (અક્ષર બાદ)
૧૪:૪	૧	૬
૧૪:૧૧	૧	૪
૧૪:૧૨	૩	૨,૫,૪.

બાકીની પંક્તિઓમાં યતિ દર્શાવવામાં આવી નથી. અહીં જોઈ શકાશે કે સામાન્ય રીતે પંક્તિમાં એક જ યતિ દર્શાવવામાં આવે છે. આ યતિ મોટેભાગે બીજા સંધિ બાદ અર્થાત્ પંક્તિમાં આઠમા અક્ષર બાદ જોવા મળે છે. પરંતુ અહીં ૧૪:૫ અને ૧૪:૧૨માં તો અનુક્રમે ૩ અને ૨,૫,૪ અક્ષરો બાદ પ્રાપ્ત થાય છે. આમ, પરંપરિત યતિવ્યવસ્થાને અનુવાદક અનુસરતા નથી એ નોંધપાત્ર લક્ષણ ગણાય. વળી, પંક્તિને અંતે કોઈ પ્રકારનો પ્રાસ જોવા મળતો નથી એ પણ નોંધપાત્ર છે.

હવે આપણે 'દક્ષિણા'ના નવે-ફેબ્રુ. ૬૧-૬૨ માં પ્રકાશિત થયેલા સળંગ સંયુક્તાંક ૫૪-૫૯ (પુસ્તક-૧૬, અંક: ૨,૩) માં પ્રાપ્ત થતા 'સાવિત્રી'ના ૧૧મા પર્વના પ્રથમ સર્ગની પસંદગીની પંક્તિઓના છંદોવિધાનની તપાસ કરીએ:

લ ગા ગા ગા   લ ગા લ ગા
સૂર્યના શબ્દ હે, આત્મા પૃથ્વી કેરો તું હૃદ્ગ્રહી   ૪૧:૩૦

લ ગા ગા ગા   લ ગા લ ગા
પ્રકાશે લઈ જશે ને માનવી જીવનો વિષે   ૪૧:૩૧

લ ગા ગા ગા   લ ગા લ ગા
પ્રભુને લાવશે નીચે; પૃથિવી માહરું બને   ૪૧:૩૨

લ ગા ગા ગા   લ ગા લ ગા
કાર્યનું કારખાનું ને વસવા સ્થાન માહરું,   ૪૧:૩૩

લ ગા ગા ગા   લ લ ગા ગા
જીવનોદ્યાન મારું, જ્યાં વાવું હું બીજ દિવ્યને.   ૪૧:૩૪

લ ગા ગા ગા   લ ગા લ ગા
માનુષી કાળમાં મારું પૂર્ણ કાર્ય બધું બને,   ૪૧:૩૫

ગાગા લલ લલગાગા
ભરશે સૃષ્ટિમાં સર્વ જીવનોને મનુષ્યનાં. ૪૩:૧

પ્રસ્તુત પંક્તિઓના અધ્યયનના નિષ્કર્ષરૂપે કહી શકાય કે અહીં અનુષ્ટુપની પ્રત્યેક પંક્તિ ચાર ચાર લગાત્મક સંધિઓની બનેલી છે. આમ, ૪૨:૩૦ના અપવાદને બાદ કરતાં દરેક પંક્તિમાં 16-16 અક્ષરો છે. આ સંધિઓમાં અનુષ્ટુપના વ્યાવર્તક લક્ષણ ગણાયેલ બીજી સંધિ 'લગાગાગા' પ્રાય: જોવા મળે છે. માત્ર ૪૩:૧ માં એ 'ગાગાલલ' પ્રાપ્ત થાય છે. એ જ રીતે અનુષ્ટુપના સ્થાયી લક્ષણ તરીકે ગણાયેલ ચોથો સંધિ 'લગાલગા' ૪૨:૩૫ અને ૪૩:૧ ના અપવાદને બાદ કરતાં મહદંશે સચવાય છે.

પ્રસ્તુત પંક્તિઓમાં યતિની વ્યવસ્થા પણ ધ્યાનાર્હ બની રહે છે. ૪૨:૩૦માં છ અક્ષર બાદ, ૪૨:૩૨માં ૬ અક્ષર બાદ, ૪૨:૩૫ માં સાત અક્ષર બાદ યતિ જોવા મળે છે. બાકીની પંક્તિઓમાં યતિ દર્શાવવામાં આવી નથી. સામાન્યરીતે અનુષ્ટુપમાં બીજા સંધિ બાદ યતિ હોય છે. આમ, પ્રસ્તુત પંક્તિઓમાં યતિસ્વાતંત્ર્ય જોવા મળે છે.

વળી, અહીં પંક્તિને અંતે કાન જે પ્રાસની અપેક્ષા રાખે છે તે પણ સંતોષાતી નથી. અર્થ પણ પંક્તિને અંતે પૂર્ણ ન થતાં બીજી પંક્તિમાં વિસ્તરે છે. આમ, છંદમાં પ્રવાહિતા જોઈ શકાય છે.

હવે આપણે 'દક્ષિણા'ના ૧૦૨મા અંક (પુસ્તક :૨૬, અંક:૨, નવે.'૪૦) ઑગષ્ટ'૬૧માં પ્રકાશિત થયેલ 'સાવિત્રી'ના બીજા પર્વના છઠ્ઠા સર્ગની નીચે દર્શાવેલી પંક્તિઓનું છંદોવિધાન જોઈએ:

લ ગા ગા ગા લગાલગા
ઓ, સારચે એક દી એ હા સુણી આમ પુકારને ૬૧:૭

લગા લગા
આવશે જ ખરે ખરે, ૬૧:૧૦

લગાગાગા લગા લગા
એક દી સર્જશે એ હા આમ જીવનને નવા ૬૧:૧૧

ગા લગા ગા લ ગા લ ગા
ઘાટવી, ઉચ્ચરશે એ મહુઈ મંત્ર શાંતિનો, ૬૧:૧૨
લ ગા ગાગા ગા ગાલગા
અને આ જગના તંત્રે પૂર્ણતા લાવી આપશે. ૬૧:૧૩
ગાગાગાગા ગા ગા ગા ગા
એક દી શાશ્વતી કેરાં ક્રાશોની શુભ્રતા ત્યજી ૬૧:૧૪
લગા ગાગા ગા લ લગા
અવતીર્ણ થશે એહા જીવને, પૃથ્વી ઉપરે ૬૧:૧૫
લગાગાગા લ ગા લ ગા
જગ જે એહને દેતું પુકાર સ્હાય કારણે ૬૧:૧૬
ગા લ ગા ગા લ ગા લગા
એ વિષે એહ આવશે, ૬૧:૧૭
લગા લગા ગા ગા લલ
અને તે લાવશે સત્ય આત્માનું મુક્તિદાયક, ૬૧:૧૮
લ ગા ગાગા લગા લગા
આનંદ લાવશે તે જે દીઠા આત્મા તણી રહી, ૬૧:૧૯
લગા ગા ગા ગા ગા લગા
શક્તિ તે લાવશે જે હા લંબાયો હસ્ત પ્રેમનો. ૬૧:૨૦.
લ ગા ગા ગા લ ગા લ ગા
એક દી ઊંચકી લેશે એના સૌન્દર્યનો ભરે ૬૧:૨૧
લગા ગા લ લ ગા લલ
મહા ભીષણ ઘૂંઘટ, ૬૧:૨૨
લગા લગા લ ગા લ ગા
જગના ધબકી રહેતા ઉરની પર એ ભરે ૬૧:૨૩
ગા ગા ગાગા લગા ગા ગા
દેશે આનંદને સ્થાપી, ૬૧:૨૪
લગા ગા ગા લગાલગા
ને ખુલ્લો કરશે એનો ગુપ્ત દેહ પ્રકાશનો ૬૧:૨૫
લગાગા લ લગાલ ગા
મુદાનો નિરમેલ હા. ૬૧:૨૬.

પ્રસ્તુત દૃષ્ટાંતમાં જે ૬૧:૭ થી ૬૧:૨૬ પંક્તિઓ છે એમાં ૬૧:૧૦; ૬૧:૧૭; ૬૧:૨૨; ૬૧:૨૪ અને ૬૧:૨૬ માં બે બે સંધિઓ જોઇ શકાય છે. અર્થાત્ આ પંક્તિઓ ૮-૮ અક્ષરોની બનેલી છે. જ્યારે બાકીની પંક્તિઓ ૧૬-૧૬ અક્ષરોની છે અને ચાર-ચાર લગાત્મક સંધિઓ ધરાવે છે. ચાર સંધિઓ ધરાવતી ૬૧:૧૨; ૬૧:૧૪; ૬૧:૧૮; અને ૬૧:૨૩ પંક્તિઓમાં બીજો સંધિ 'લગાગાગા' પ્રાપ્ત થતો નથી. પરંતુ અનુક્રમે 'ગાલગાગા'; 'ગાગાગાગા'; 'લગાલગા'; અને 'લગાલગા' જોવા મળે છે. આમ, એના જુદા જુદા વ્યુત્ક્રમો પ્રાપ્ત થાય છે. ચર્ચા માટે પસંદ કરેલી તમામ પંક્તિઓના ચોથા સંધિની તપાસ કરતાં ખ્યાલ આવે છે કે અહીં પણ ૬૧:૧૩; ૬૧:૧૪; ૬૧:૧૫; ૬૧:૧૮; ૬૧:૨૦; ૬૧:૨૨ અને ૬૧:૨૪ માં 'લગાલગા' ને બદલે 'ગાગાલગા'; 'ગાગાગાગા'; 'ગાલલગા'; 'ગાગાલલ'; 'ગાગાલગા'; 'ગાગાલલ'; અને 'લગાગાગા' વ્યુત્ક્રમો પ્રાપ્ત થાય છે જે છંદશૈથિલ્ય દર્શાવે છે.

પંક્તિક્રમાંક ૬૧:૧૦; ૬૧:૧૭; ૬૧:૨૪ અને ૬૧:૨૬ માં જે બે બે સંધિ જોવા મળે છે તેમાં ત્રીજો ચોથો સંધિ અનુવાદકે પ્રયોજ્યો છે. એના ચોથા સંધિમાં કોઇ વ્યુત્ક્રમ નથી એ નોંધવું રહ્યું.

હવે પ્રસ્તુત પંક્તિઓને યતિવ્યવસ્થાની દૃષ્ટિએ નીચે મુજબ દર્શાવી શકાય.

પંક્તિક્રમાંક	યતિસંખ્યા	યતિસ્થાન (અક્ષર બાદ)
૬૧:૭	1	1
૬૧:૧૨	1	3
૬૧:૧૫	1	11

બાકીની પંક્તિઓમાં યતિનિર્દેશ થયેલો નથી. અહીં જોઇ શકાશે કે યતિનું કોઇ નિશ્ચિત સ્થાન નથી. ઉપર્યુક્ત ત્રણે દૃષ્ટાંતોમાં તે અલગ અલગ સ્થાને જોવા મળે છે. હા, તેની સંખ્યા નિશ્ચિત છે. વળી, પ્રસ્તુત પંક્તિઓમાં પંક્તિને અંતે પ્રાસ જોવા મળતો નથી એ પણ નોંધવું રહ્યું.

હવે આપણે 'દક્ષિણા'ના સળંગ અંક 107 (પુસ્તક:૨૭, અંક:૫; ફેબ્રુ.'૪૨) માં એપ્રિલ-'૭૦ માં પ્રકાશિત થયેલ 'સાવિત્રી'ના ચોથા પર્વના બીજા સર્ગની પ્રથમ દશ પંક્તિઓના અનુવાદનો અભ્યાસ કરીએ:

લ ગાગાગા   લગા લગા   લગા ગા ગા
પ્રદેશ પર્વતોનો ને/ મોટાં મેહા/ન સૂર્યથી/ તપેલાં બ/હુ એવાં જ્યાં, 145:1

લગાગાલ   લગા લગા   લગા લગા
સરિતાઓ/ મહાકાય/ વિશાળા સા/ગરો પ્રતિ/ ધસનારી/ સુવેગમાં, 145:2

લગાગા ગા   લગા લગા
સૃષ્ટિ સર્જ/નનું ક્ષેત્ર,/ આત્માની ચુ/પકી જ્યહીં, 145:3

લગા લગા   લગા લગા
મૌન જીવ/નનાં કર્મો/ ઊંડાણોમાં/ ગળી રહ્યું, 145:4

લગાગાગા   લ ગાલગા
ચિત્ત પરા/ત્પરે રોહે,/ સ્વર્ગની પ્ર/તિ ઠેક લે, 145:5

લ ગા ગાલ   લલલલગા
સ્વપ્નો - સમા/ધિનું એક/ ધ્યાનલીન/ જગત્વળી 145:6

લ ગા ગાગા   લલ ગા ગા   લગા લગા
પ્રચંડતા/મ કાર્યોથી/ પ્રભુનાં ને/ મનુષ્યનાં/ ભરેલું સા/ભરા ર જે, 145:7

ગા ગા ગાગા   લ ગા ગા ગા
પ્રકૃતિ જ્યા/હીં ભાસંતી/ પ્રભુના એ/ક સ્વપ્ન શી, 145:8

લ ગા લ ગા   ગા લ ગા લ ગા
અને સૌન્દર્ય ને કરુ/ણા ભવ્યતા/નો નિવાસ જ્યાં 145:9

લલલ ગા   લ લગા લગા
આ બધાં શૈ/શવ વર્ષો/ જ્વાલા સાક્ષા/ત તણું રહ્યાં. 145:10.

પ્રસ્તુત અનુવાદના આરંભે સુન્દરમ્‌ આ છંદ 'બૃહત્ અનુષ્ટુપ' છે એનો નિર્દેશ કર્યો છે. આ અનુષ્ટુપની સૌથી ધ્યાનપાત્ર વિશિષ્ટતા એની સંધિસંખ્યા છે. સામાન્ય રીતે આ વૃત્તમાં ચાર અક્ષરનો એક એમ ચાર સંધિ હોય છે. અહીં 145:1; 145:2; 145:7 માં છ-છ સંધિઓ જોવા મળે છે. બાકીની પંક્તિઓ ચાર-ચાર સંધિઓ ધરાવે છે. પંક્તિમાં અક્ષરની સંખ્યાની દૃષ્ટિએ 145:6; 145:9 અને 145:10 માં 17-17 અક્ષરો છે એ નોંધપાત્ર છે. આ છંદ શૈથિલ્યના દૃષ્ટાંતો છે.

પ્રસ્તુત અનુવાદનો બીજી સંધિની દૃષ્ટિએ અભ્યાસ કરતાં ખ્યાલ આવે છે કે એમાં 'લગાગાગા'ને સ્થાને સારા એવા વ્યુત્ક્રમો જોવા મળે છે. 145:2; 145:4; 145:6; 145:9 અને 145:10માં અનુક્રમે 'લગાગાલ'; 'લગાલગા'; 'લગાગાલ'; 'લગાલલ'; અને 'લલલગા' માત્રાઓ પ્રાપ્ત થાય છે. જ્યારે ચાર સંધિઓવાળી પંક્તિઓમાં અંતિમ સંધિ મોટેભાગે 'લગાલગા' જોવા મળે છે. પરંતુ જ્યાં અક્ષરોની સંખ્યા વધી ગયેલી છે એવી પંક્તિઓમાં આ સંધિની માત્રા સચવાતી નથી. 145:8 માં 16 અક્ષરો હોવા છતાં ચોથો સંધિ અપવાદરૂપે 'લગાગાગા' પ્રાપ્ત થાય છે એ નોંધપાત્ર છે. જે પંક્તિઓમાં છ-છ સંધિઓ છે એમાં 145:1 ના અપવાદને બાદ કરતાં 'લગાલગા' માત્રાઓ જોવા મળે છે. ચોથા/છઠ્ઠા સંધિમાં 'લગાલગા'ને બદલે અન્ય માત્રાઓ -પંક્તિના અંતે- હોવી એ છંદશૈથિલ્યનું દૃષ્ટાંત ગણાવી શકાય.

પ્રસ્તુત પંક્તિઓમાં યતિવ્યવસ્થા આ મુજબ છે :

પંક્તિક્રમાંક	યતિસંખ્યા	યતિસ્થાન. (અક્ષર બાદ)
145:3	1	8
145:5	1	8

બાકીની પંક્તિઓમાં યતિ દર્શાવવામાં આવી નથી. 24-24 અક્ષરો ધરાવતી પંક્તિઓમાં પણ અનુવાદકે યતિનિર્દેશ કર્યો નથી એ નોંધપાત્ર છે. અહીં પંક્તિને અંતે પ્રાસ પણ જોવા મળતા નથી. અર્થ માટે જેટલી આવશ્યકતા હતી એટલી પંક્તિને લંબાવવામાં આવી છે. અનુવાદકે પ્રયોજેલા વૃત્તની આ પણ એક લાક્ષણિકતા છે.

આમ, જુદા જુદા સમયના અંતરાલે 'દક્ષિણા' સામયિકમાં પ્રકાશિત થયેલા 'સાવિત્રી' મહાકાવ્યના પસંદગીના અંશોના અનુવાદનું[1] અધ્યયન આપણને સુન્દરમ્‌ના અનુષ્ટુપમાં આવેલાં પરિવર્તનોનો ખ્યાલ આપે છે.

આ છંદોવિધાનમાં શૈથિલ્ય પણ શોચનીય બની રહે છે. સંધિઓમાં માત્રા અનુષંગો હમણાં જ આપણે એનો નિર્દેશ કર્યો. આ સિવાય છંદ સાચવવા માટે એમને 'હા'; 'અરે'; 'ખરે'; 'રે'; 'અહો', વગેરે જેવા ઘણાંબધાં પૂરક શબ્દો ઉમેરવા પડ્યા છે. આ સંદર્ભે 'સાવિત્રી'-

ના પ્રથમ પર્વના પ્રથમ સર્ગની કેટલીક પંક્તિઓનો અનુવાદ
અવલોકનીય છે:

હતી તે દેવતાઓના ભગવા પૂર્વની ઘડી. ૭૫:117:1
ને ત્યહીં રજની એના શાશ્વતી મંદિરે, જ્યહીં
હજી ના દીપ પેટાયા, અકેલી રાજતી, અને ૭૫:117:3
ભણકાર ભરેલું ગૌ ચિત્ત એનું વિરાટ હા
લંબાઇ મૂક શાંતિની સીમા પે સાવ અક્રિય,
દિવ્ય તે ઘટના કેરા પથ પે ત્યાં ઠર્યું હતું. ૭૫:117:6
------- ----- -----
----- ----- ------
વેદના ત્યહીં કો આવી, ને પ્રકંપનથી ભરી ૭૫:117:18
નિશાની નિજ મૂકી ગૌ, અને ત્યાં નિજ સ્થાન તે
દઇ ગૌ એક ઇચ્છાને પુરાણી અણતૃપ્ત રે, ૭૫:117:20
પોઢેલી શાંતિથી જે હા અવચેતનની નિજ
ચંદ્રહીન ગુફામધ્યે, એ પછી શીશ ઊંચકી ૭૫:117:22
વિલુપ્ત-સ્મૃતિનાં બંધ ચક્ષુને ખોલતી બળે,
તેજને શોધવા લાગી જે ત્યહીં નહિ રે હતું, ૭૫:117:24
ભણે કે ઢૂંઢતું કોઇ નિજ કો ભૂત રૂપને
ને ભેરે માત્ર હા એને ઇચ્છાનું નિજ રે શબ. ૭૫:117:26

અહીં 117:1; 117:4; 117:19; 117:20; 117:21; 117:24; અને 117:26 પંક્તિઓમાં ઉમેરાયેલા 'તે', 'હા', 'રે', 'રે' જેવા રેખાંકિત શબ્દો ધ્યાનપાત્ર છે.

વળી, ક્યારેક છંદ મેળવવા માટે અનુવાદકને કેટલાક શબ્દોમાં ફેરફારો કરવા પડ્યા છે. નીચે દર્શાવેલા દૃષ્ટાંતોમાં આવા ફેરફારો જોઈ શકાય છે. એમની નીચે રેખા દોરી છે.

- પર્વ : ૨, સર્ગ : ૪.

રચતાં પ્રભુની શાશ્વદિચ્છા કેરા વિરોધને (70-71: III:6)

- પર્વ : ૨, સર્ગ : 14.

વ્યવહરી રહ્યો એહ વાણીના રોધ કો વિના. (7૭:૨૭૨:17)

- પર્વ : ૩, સર્ગ : ૨

જગને - પ્રકૃતિને ને આત્માને હૃયે નિજ
ધરી લીધ સહુ એણે પરમ પ્રણયાંચલે. (૨૦:૨૩૩:૨-૩)

- પર્વ : ૩, સર્ગ : ૩.

..........., સર્વના નીંદને વિષે
સાધતાં અમને પેલાં ભીતરે અમમાં મહા
વાચાહીન ઢળેલાં કૈં વિચર્યાં મયદાનમાં. (૨૭:158:10-12)

અહીં રેખાંકિત શબ્દો 'શાશ્વદિચ્છા'; 'વ્યવહારી'; 'હૈયે'; અને 'મેદાનમાં' જેવા હોવા જોઈએ, પરંતુ છંદ મેળવવા અનુવાદકે એમાં પરિવર્તનો કર્યાં છે. જે એમના છંદશૈથિલ્યની પ્રતીતિ કરાવે છે.

હવે આપણે બ્લેંકવર્સનાં લક્ષણો પ્રસ્તુત અનુષ્ટુપમાં કેટલે અંશે જોવા મળે છે એનો કિંચિત્ વિચાર કરીએ. અંગ્રેજીમાં બ્લેંકવર્સ અગેય છંદ છે. એમાં પંક્તિને અંતે કાન જે પ્રાસની સહજ અપેક્ષા રાખે છે તે સંતોષાતી નથી. અનુવાદકે પ્રયોજેલો અનુષ્ટુપ આમ તો ગેય છે. પરંતુ અન્ય વૃત્તોની સાપેક્ષે તે સૌથી ઓછો ગેય છે એ નોંધવું રહ્યું. એનો નિર્દેશ અગાઉ બીજા પ્રકરણમાં આપણે કરી ગયા છીએ.

સળંગતા કે અખંડિતતા બ્લેંકવર્સનું એક ધ્યાનાર્હ લક્ષણ છે. આ દૃષ્ટિએ બીજા પર્વના આઠમા સર્ગના નીચેના શ્લોકો નોંધપાત્ર છે. એમાં અસત્યના જગતમાં અંધકારના પુત્રોની ગતિવિધિનું

આલેખન આ રીતે કરાયું છે :

પ્રભુની વાણીને તેઓ કરતાં આમ બંધનો, III:9
વાસના પ્રભુનાં દ્વારો પંચની ચાવીઓ વડી,
ફરીનો કાયદા એની કૃપા અશ્રાન્તને કરે III:10
દેશપાર. પ્રકૃતિના સર્વ માર્ગ પરે અહા
એમણે નિજના ખોડ્યા થાંભલા; એ પ્રકાશની III:12
લૂંટના વણઝારોને; જ્યાં જ્યાં દેવોનું કાર્ય હો
વચ્ચે એ પડતાં ત્યાં ત્યાં. જગના ઉર અંશ પે III:14
રખાઈ ધૂંસરી એક; એહના ધબકાર પે
ઢળાયું ઢાંકણું એક પણ આનંદની પ્રતિ, III:16
અને રૂંધેલી સીમાઓ તેજસ્વી ચિત્તની રહી
ખાળી સૂક્ષ્મ પ્રવેશોને દિવ્ય સ્વર્ગીય અગ્નિના. III:18

સળંગ અંક : 70-71. પૃ.19. અંક. 2,3.
નવે. '64 - ફેબ્રુ. '65. પ્રકા. ઓગષ્ટ. '66.

અહીં જોઈ શકાશે કે પંક્તિઓમાં જે અર્થ વ્યક્ત થાય છે એ પંક્તિમાં વચ્ચે ગમે ત્યાં પૂરો થાય છે. ઉદાહરણ તરીકે III:9થી શરૂ થતો અર્થ III:11માં એક શબ્દ બાદ પૂરો થાય છે. એ પછી જે બીજું અર્થઘટક શરૂ થાય છે તે III:13માં બે શબ્દ બાદ એક મહાવિરામ (;) દ્વારા વ્યક્ત થાય છે. એ જ રીતે III:14, III:15માં પણ પંક્તિમાં વચ્ચે અર્થનું ઘટક પૂર્ણ થાય છે. આમ, અહીં અર્થની સળંગતા/પ્રવાહિતા જોવા મળે છે.

એ જ રીતે યતિસ્વાતંત્ર્ય પણ બ્લૅંકવર્સનું એક નોંધપાત્ર લક્ષણ છે. એની વિગતે ચર્ચા હમણાં જ આપણે કરી ચૂક્યા છીએ. માટે એનું પુનરાવર્તન કરતા નથી.

આ સમગ્ર ચર્ચાના નિષ્કર્ષરૂપે સમજાય છે કે બ્લૅંકવર્સના ગુજરાતી વિકલ્પરૂપે સુન્દરમે અનુષ્ટુપને અર્થક્ષમ રીતે પ્રયોજ્યો છે. એમાં શૈથિલ્ય જરૂર છે, પરંતુ આ દ્વારા એક નવી દિશા જરૂર ખોડાય છે. પૂજાલાલના અનુવાદમાં આ છંદશૈથિલ્ય લગભગ અદૃશ્ય થઈ જાય છે.

(૨) શબ્દચયન:

સુન્દરમ્‌ના અનુવાદોનો શબ્દચયનની દૃષ્ટિએ અભ્યાસ કરતાં ખ્યાલ આવે છે કે એમાં મૂળકૃતિના ભાવાર્થને અનુવાદમાં સંક્રમિત કરવા માટે એમને સંસ્કૃતપ્રચૂર પદાવલીનો વિનિયોગ કરવો પડ્યો નથી. સામાન્યરીતે ગુજરાતી ભાષાના તદ્દભવ, વ્યવહારની ભાષાના શબ્દો અત્રે પ્રયોજાયા છે. આ ઉપરાંત અરબી, ફારસી, અને અંગ્રેજી ભાષાના કેટલાક શબ્દો મળી આવે છે. એનું આપણે સહેજ વિગતે અધ્યયન કરીએ.

(અ) સંસ્કૃત શબ્દ/શબ્દસમૂહ:

સુન્દરમ્‌ની કાવ્યબાનીને સંસ્કૃતાઢ્ય કહી શકાય એમ નથી. એમાં સંસ્કૃત શબ્દોનો વિનિયોગ નથી થયો એમ નથી. પરંતુ 'સાવિત્રી'ના ભાવને અનુવાદમાં પ્રગટાવવા માટે જેટલા અને જેવા પ્રમાણમાં પૂજાલાલને સંસ્કૃત ભાષાનો પ્રયોગ કરવો પડ્યો એટલો આ અનુવાદકને નથી કરવો પડ્યો. આમ છતાં સંસ્કૃત શબ્દોની ઉપસ્થિતિ ધ્યાનાર્હ છે. મૂળ ભાવને વ્યક્ત કરવા ક્યારેક અનુવાદકે અપ્રચલિત સંસ્કૃત શબ્દો પણ પ્રયોજ્યા છે. એના કેટલાંક પ્રતિનિધિરૂપ દૃષ્ટાંતો નીચે મુજબ છે:

અદ્રિ (૭૯:૨૦૯:15) hills (II:14:૨૧૨:31).
અન્તિકે (૯:18:8) near (III:1:305:6)
અંશુ (31:158:3) beam (VII:5:5૨5:31).
ત્વદ્ (58-59:81:૨6) Thy (XI:1:6૧૧:૨)
દ્યુતિમત્ (105-106:7૨:5) luminous (II:1૨:૨77:5).
પ્રાક્તન (58-59:84:35) ancient (XI:1:701:૨4).
યદ્ધાતદ્ધા (15:175:36) random (VI:૨:450:4).
સ્થાણું (100:૨6૨:૨7) Immobile (II:11:૨6૨:૨7).

અહીં જોઈ શકાશે કે Thy જેવા શબ્દ માટે પણ 'ત્વદ્' જેવો સંસ્કૃત શબ્દ પ્રયોજાયો છે.

ક્યારેક અનુવાદક સંસ્કૃતમાં સમાસો રચીને પણ મૂળકૃતિનો પોતાને અભિપ્રેત અર્થ સંક્રમિત કરે છે. આ દૃષ્ટિએ કેટલાંક પ્રતિનિધિરૂપ દૃષ્ટાંતો અવલોકનપાત્ર છે:

અગમ્યાંધકાર (૧૪:117:૨૨) inscrutable darkness. (I:1:1:30)
અંકવાશ્લેષ (104:૨૨૨:6) immense embrace (III:3:3૨3:1)
નાડીક્ષણોત્થિત વિચાર (104:૨૨૪:3૨) moment's thought (III:3:3૨5:1)
બહદીધરી (101:48:૨7) greedness (I:૨:19:34).
શાશ્વતાશ્લેષ. (31:157:19) ever entwined (VII:5:5૨5:૨4)
શિશુજન્મપ્રદાયિની (15:171:8) ardent pang. (VI:૨:444:6).
અહીં બે થી ત્રણ શબ્દોના યોગથી બનેલા સામાસિક શબ્દોનો પ્રયોગ થયેલો જોઈ શકાય છે. આવી સમાસરચનાથી મોટેભાગે લાઘવ અને અર્થઘનતા પ્રગટ્યાં છે.

સુન્દરમે પ્રયોજેલા કેટલાંક સંસ્કૃત ક્રિયાપદો પણ ધ્યાનાર્હ બની રહે છે. અહીં એના કેટલાંક પ્રતિનિધિરૂપ દૃષ્ટાંતો આપ્યાં છે.
ઉચ્છ્રિત બન્યા (107:149:7) uplifted (IV:૨:36૨:31).
ઉત્પાટિત બન્યું (૨7:156:15) torn apart (III:3:319:11)
ઉદ્ગ્રાહી લઈ જશે. (58-59:81:30-31) raise (XI:1:699:6)
નિજનો પ્રહર્તા રહી. (10૨:6૨:1૨) self-afflicting (II:6:૨00:35)
પ્રવિષ્ટ બનવું (15:175:30) enter (VI:૨:450:૨9).
શનૈઃ (5:33:1) slowly (I:3:36:૨8).
અહીં અપ્રચલિત સંસ્કૃત શબ્દની સહાયમાં એક કે બે પૂરક ગુજરાતી શબ્દો પ્રયોજાયા છે. જેથી સંસ્કૃત શબ્દની દુર્બોધતા રહેતી નથી. આવા શબ્દોના વિનિયોગથી અનુવાદકના સંસ્કૃત ભાષાના અભ્યાસનો પણ ખ્યાલ આવે છે.

(આ). વ્યવહારની ભાષાના શબ્દ/શબ્દસમૂહ :

પ્રસ્તુત અનુવાદમાં વ્યવહારની ભાષાના શબ્દોનો અર્થક્ષમ વિનિયોગ થયેલો છે. નીચે એના કેટલાંક પ્રતિનિધિરૂપ દૃષ્ટાંતો દર્શાવ્યાં છે.

ડચકાં (100:૨63:૨6) strokes) (II:6:178:13).
ટાંકણે (56:૨05:૨) at its time (V:1:389:8).
ધખના (100:૨63:30) passion (II:6:178:17).
ભણક (૧૪:1૨1:૨1) prescience (I:1:5:16)
ભોંય (67:73:33) ground (VII:7:554:14).

સુમકાર (૩૭:૧:૨૫) hush (VII:૨:૪૭૬:૨૫).
હઈડું (૩૩:૧૨:૨૪) heart (V:૨:૩૧૪:૨૪).

અહીં prescience જેવા શબ્દ માટે 'ભણક' શબ્દનો વિનિયોગ વિશેષ ધ્યાનપાત્ર બને છે.

સુન્દરમે અનુવાદમાં લોકભોગ્યતા આણવા માટે વ્યવહારમાં પ્રયોજાતાં નોંધપાત્ર ક્રિયાપદોનો પ્રયોગ કર્યો છે.:

આકુડી ઓસરી ગઈ (૮૫-૮૬:૧૫:૨૦) suddering back (X:4:667:૨૧).
ઉશેટી દેશો (૨૪:૨૪૧:15) deny (X:3:6૨3:16)
ગટકાવશો (૭૩:16:૨૦) drink (XI:1:700:35)
ઓતજે (15:177:31) lean (VI:૨:451:૨5).
છાનું ગગણી ગગણી (૨૭:154:19) murmured (III:3:317:30)
દીસતું (67:74:35) seemed (VII:7:555:10).

અહીં પ્રયોજાયેલાં ક્રિયાપદોમાં 'ઓતજે'; 'આકુડી ઓસરી ગઈ' મા સૌરાષ્ટ્રી બોલીની છાંટ જોઈ શકાય છે. 'દીસતું', 'પેખ્યું' જેવા ક્રિયાપદોનો વિનિયોગ પણ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે.

અનુવાદકે કેટલાક રૂઢિપ્રયોગોનો પણ કુશળતાથી પ્રયોગ કર્યો છે. આ દૃષ્ટિએ નીચેના રૂઢિપ્રયોગો અવલોકનીય છે:

આંખના પાટા છૂટતા નથી. (7:163:૨5) can not free our gaze. (I:4:53:15).
ધાવ નાખી (૮5-૮6:95:૨1) called (X:4:667:૨3).
મીટ માંડી ખડાં રહ્યાં (૮5-૮6:96:16) waited (X:4:668:9)
દહાણ કીધાં'તાં (94:1૨3:16) bent to (I:1:7:7).
શીશ ચડાવવું (7:165:30) obey (I:4:55:6).

આમ, સુન્દરમે વ્યવહારના શબ્દો/શબ્દસમૂહોના વિનિયોગથી મૂળ કૃતિની ગરિમાને હાની પહોંચાડ્યા વગર લોકભોગ્યતા આણી છે.

(ઇ). અન્ય ભાષાના શબ્દ/શબ્દસમૂહો:

સુન્દરમ્‌ના પ્રસ્તુત અનુવાદની ઊડીને આંખે વળગતી વિશેષતા

એ છે કે એમાં અન્ય ભાષાના શબ્દોનો વિનિયોગ અત્યંત અલ્પ પ્રમાણમાં કર્યો છે. અનુવાદમાં સમજાવવા પૂરતાં ગણ્યાગાંઠ્યા અરબી-ફારસી-અંગ્રેજી શબ્દો મળી આવે છે. તેમજ અરબી-ફારસી કે ફારસી-અરબી ધાતુ અને પ્રત્યયોના મેળથી બનેલા જૂજ શબ્દો પણ પ્રાપ્ત થાય છે :

અહીં અરબી ભાષાના શબ્દોનું પ્રમાણ કાંઈક વધારે છે. અત્રે કેટલાંક પ્રતિનિધિરૂપ દૃષ્ટાંતો પ્રસ્તુત છે :

ઇનકાર (૨7 :154 : 5) Rejection (III : 3 : 317 : ૨0).
કતલ થઈ ગયો (69 : 74 : 31) slain (VII : 7 : 555 : 6).
કદમ (105-106 : 7૨ : 5) step (II : 1૨ : ૨77 : 5).
કબ્ર (69 : 71 : 18) grave (VII : 7 : 552 : 6).
કાયદા (70-71 : 111 : 10) Law (II : 8 : ૨૨5 : ૨7).
ખોજ (37 : 1 : ૨0) seek (VII : ૨ : 476 : ૨1).
જિદ્દી (૨7 : 157 : 5) stubborn (III : 3 : 317 : ૨0).
ફર્જ પાડી (101 : 46 : ૨7) forced (I : ૨ : 17 : 18).
મશાલ (45 : ૨5 : 5) torch (X : 4 : 648 : ૨૨).
હક્ક (94 : 1૨૨ : 1) claim (I : 1 : 5 : 33).

અહીં 'કતલ', 'કબ્ર', 'ફર્જ' જેવા અરબી તત્સમ શબ્દોનો વિનિયોગ ધ્યાનપાત્ર છે.

ફારસી શબ્દો ખાસ પ્રાપ્ત થતાં નથી. આમ છતાં નીચે દર્શાવેલા શબ્દો અનુવાદમાં ક્યારેક જોવા મળે છે :

કાનૂનો (68 : 177 : ૨6) law (II : 11 : ૨6૨ : 6)
દર્દ (15 : 174 : 10) suffering (VI : ૨ : 446 : 34)
પયગંબરી (94 : 1૨1 : 1૨) prophetic (I : 1 : 5 : 9).
પર્દા (37 : 1 : ૨8) veils (VII : ૨ : 476 : ૨7).

પ્રસ્તુત અનુવાદમાં અંગ્રેજી શબ્દો તો એના કરતાં પણ ઓછા પ્રાપ્ત થાય છે :

ક્રોસ (15 : 174 : 31) cross (VI : ૨ : 448 : 16).

'ક્રોસ' શબ્દનો ક્યારેક અનુવાદ 'વધસ્તંભ' પ્રાપ્ત થાય છે. અગાઉ અર્થસંક્રમણની ચર્ચામાં આપણે એનો નિર્દેશ કર્યો જ છે:

અનુવાદમાં ક્યારેક અરબી પ્રત્યય અને ફારસી ધાતુમાંથી બનેલ શબ્દ પણ મળી આવે છે. ઉદાહરણ તરીકે :-

લાપરવાઈ ધરતું (69:72:16-17) cares not (VII:7:553:1).

એ જ રીતે ફારસી પ્રત્યય અને અરબી ધાતુમાંથી બનેલ શબ્દ પણ પ્રાપ્ત થાય છે: દા.ત:-

બેવફા (70-71:110:18) faithless (II:8:221:36).

અલબત્ત, આવાં દૃષ્ટાંતો અત્યંત વિરલ છે.

આમ, અનુવાદકે મોટેભાગે ગુજરાતી ભાષાનો જ અર્થક્ષમ વિનિયોગ કરીને અર્થદીપ્તિ પ્રગટાવી છે.

(3) શૈલીવિધાન :-

સુન્દરમ્‌ના અનુવાદોનું શૈલી વિજ્ઞાનની દૃષ્ટિએ અધ્યયન અલગ શોધનિબંધનો વિષય બની રહે એટલી ને એવી ગુંજાશ ધરાવે છે. અહીં એની કેટલીક પ્રતિનિધિરૂપ વિશિષ્ટતાઓ પરત્વે સંકેત કરવાનો જ ઉપક્રમ છે. આવા સંકેત આપણે ત્રણ સ્તરે કરીશું: (1) ધ્વનિ સ્તર; (2) શબ્દ/શબ્દસમૂહ સ્તર અને (3) પંક્તિ/શ્લોક સ્તર. સૌપ્રથમ આપણે ધ્વનિસ્તરનો અભ્યાસ કરીએ.

(1) ધ્વનિસ્તર :

આપણને વિદિત છે કે પ્રસ્તુત અધ્યયનમાં સ્રોતભાષા (અંગ્રેજી) અને લક્ષ્યભાષા (ગુજરાતી) અસમાન પ્રકૃતિ ધરાવે છે. એટલે સ્રોતભાષાની ધ્વનિગત લાક્ષણિકતાઓ લક્ષ્યભાષામાં સંક્રાન્ત ન થાય એ સમજી શકાય એમ છે. વળી, અનુવાદકની સર્જક પ્રતિભાના સંસ્પર્શની લક્ષ્યભાષામાં આગવું નાદસૌંદર્ય પ્રગટ્યું હોય એમ પણ બને છે. આ દૃષ્ટિએ પ્રથમ પર્વના પ્રથમ સર્ગનો નીચેનો શ્લોક ધ્યાનપાત્ર છે:

Insensibly somewhere a breach began : ૨:૨૩
A long lone line of hesitating hue
Like a vague smile tempting a desert heart ૨:૨૫

Troubled the far rim of life's obscure sleep. (૨:૨૬).

અહીં ૨:૨૫ માં 'l' શ્રુતિના ત્રણ ક્રમિક આવર્તનો અને 'h' શ્રુતિના બે આવર્તનો વિશિષ્ટ લય સર્જે છે. અનુવાદમાં આ લય પ્રગટતો નથી: અનુવાદ:

અણગમચે ત્યહીં કો હા ક્યાંક છેદ બની રહ્યો :
રેખાત્યાં રંગની એક પ્રગટી મંદ મંદ હા,
પ્રલંબ અતિ, એકાકી આછેરું સ્મિત કોઈ શું
લાલચાવી રહ્યું મણે રણ શા ઉર કોકનો,
ને તેણો જિંદગીની જે અંધારી નીંદ, તેહની
દૂરેની સીમ-રેખા પે વિરચ્યો શોભ હા ત્યહીં.

(૯૪ : 118 : 5-10).

અહીં 118:6 માં hesitating માટે 'મંદ' શબ્દની પુનરાવૃત્તિ અને 118:7 માં 'અ' શ્રુતિના ત્રણ ક્રમિક આવર્તનો આગવો લય સર્જે છે.

ક્યારેક આવો લય નથી પણ સર્જાતો. બીજા પર્વના અગિયારમા સર્ગની નીચેની પંક્તિ આ દૃષ્ટિએ અવલોકનીય છે:

Remote from the turbid tread of mortal life. (૨61:31)

અહીં 't' શ્રુતિના પાંચ આવર્તનો એક ચોક્કસ પ્રકારનો લય રચે છે. એના અનુવાદમાં કોઈ ચોક્કસ શ્રુતિના આવર્તનથી લય જોવા મળતો નથી.

મર્ત્ય જીવનનાં દુર્ગંધ ક્રમણો થકી દૂર એ. (૬૮:177:૧૨).

ક્યારેક અનુવાદમાં પોતાનો આગવો લય પ્રગટતો હોય છે. આ દૃષ્ટિએ પ્રથમ પર્વના પ્રથમ સર્ગની નીચે દર્શાવેલી પંક્તિ ઉલ્લેખનીય છે:

All can be done if the God-touch is there.

(I:1:3:11).

પ્રસ્તુત પંક્તિનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે:

સર્વ કૈં સાધવું શક્ય પ્રભુનો સ્પર્શ હોય જો.

(૯૪:118:34).

અહીં 'સં'શ્રુતિનાં આવર્તનો વિશિષ્ટ નાદસૌંદર્ય સર્જે છે. એનાથી અર્થની સહજતા, સુબોધતા પણ સધાય છે.

આવું જ બીજું દૃષ્ટાંત બીજા પર્વના ચૌદમા સર્ગની નોંધેની પંક્તિના અનુવાદરૂપે પ્રાપ્ત થાય છે :

All grew to all kindred and self and near,
(૨૧૧ : ૨૦)

અનુવાદ:

થયાં ત્યાં સર્વનાં સર્વ સ્વજન, સ્વાત્મ, સ્નેહી હા,
(૭૭ : ૨૦૭ : ૨૭).

અહીં પણ 'સં'શ્રુતિના આવર્તનોથી નાદચમત્કૃતિ સર્જાય છે. આ બન્ને દૃષ્ટાંતોમાં અનુવાદકની કારયિત્રી પ્રતિભાનો સંસ્પર્શ પ્રતીત થાય છે.

હવે આપણે શબ્દ/શબ્દસમૂહની ભૂમિકાએ શૈલીની વિચારણા કરીએ.

(II) શબ્દ / શબ્દ સમૂહ સ્તર :-

આ ભૂમિકાએ શૈલીની અનેક વિશિષ્ટતાઓ દૃષ્ટિગોચર થાય છે. એમાં વ્યાકરણગત, પ્રાસગત, પર્યાયગત, શબ્દના આવર્તનગત, નૂતન પ્રયોગગત અને શબ્દૌચિત્યગત વિશિષ્ટતાઓનો સમાવેશ થાય છે. આ જ ક્રમમાં આપણે એમનો વિચાર કરીએ :

(ક) ક્યારેક અનુવાદક સર્વનામને બદલે વિશેષનામનો વિનિયોગ કરે છે. આ દૃષ્ટિએ બીજા પર્વના આઠમા સર્ગનો નીચે દર્શાવેલો શ્લોક ઉલ્લેખનીય છે :

There in the heart of vain phenomenon,
In an enormous action's writhen core
He saw a shape illimitable and vague
Sitting on Death : who swallows all things born.
(૨૨૨ : ૧૦).

એનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે :

અને ત્યાં નીરખી અધિપતિએ સૃષ્ટિના મહા
વ્યર્થ આભાસના હૈયે, પ્રચંડ કર્મના વ્યથા-
ભર્યા વિહ્વલ મર્મોમાં, અસીમ એક આકૃતિ
ઝાંખેરી, સર્વ જન્મેલા ભૂતને ભરખી જતા
મૃત્યુને શીશ બેઠેલી...

(૭૦-૭૧:૧૧૦:૨૭-૩૧)

અહીં He (૨૨૨:૧) ને માટે વિશેષ સંજ્ઞા 'અધિપતિ' (૧૧૦:૨૭) પ્રયોજાયેલી જોઈ શકાય છે.

આવું જ બીજું દૃષ્ટાંત ત્રીજા પર્વના બીજા સર્ગની નીચેની પંક્તિના અનુવાદમાં પ્રાપ્ત થાય છે:

His soul was freed and given to her alone.

(316:૧૨).

ગુજરાતી અનુવાદ:

વિમુક્ત જગથી હાવાં સર્વથા આત્મા એહનો,
બન્યો મા જગદંબાનો એકમાત્ર સમર્પિત.

(૨૦:૨૩૭: 35-36).

અહીં 'her' માટે 'મા જગદંબા'નો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આમ, શૈલીમાં સૂક્ષ્મ પરિવર્તન જોઈ શકાય છે.

(ખ). ક્યારેક અનુવાદક મૂળ કૃતિના ભાવાર્થના અપેક્ષિત સંક્રમણ માટે કોઈ એક ચોક્કસ શબ્દની પુનરાવૃત્તિ કરે છે. આ દૃષ્ટિએ બીજા પર્વના છઠ્ઠા સર્ગની નીચે દર્શાવેલી બે પંક્તિઓ અને એમનો અનુવાદ ઉલ્લેખનીય છે:

Yet still to ourselves we say rekindling faith,
"Oh, surely one day he shall come to our cry.

(૧૦૦:4-5).

અનુવાદ:

તો યે હા જ્યોત શ્રદ્ધાની આપણે તો પુનઃ પુનઃ
જલાવી વદતા રહીએ નિજ શું આમ:
"ઓ સાચ્ચે એક દી એ હા સુણી અમ પુકારને

આવશે જ ખરે ખરે,
(૧૦૨ : ૬૧ : ૭-૧૦)

અહીં 'rekindling' (૨૦૦:૪) ના ભાવને ઉતારવા માટે 'પુનઃ પુનઃ જલાવી' પ્રયોગ થયો છે. એ જ રીતે 'surely' ના ભાવને ઉતારવા માટે 'સાચ્ચે' શબ્દની જેમ જ 'ખરે ખરે' શબ્દોનો વિનિયોગ કર્યો છે. આમ, અહીં અવયવોની પુનરાવૃત્તિ કાર્યસાધક બની રહે છે.

ક્યારેક મૂળ કૃતિનાં પુનરાવર્તનોને પણ અનુવાદક કુશળતાપૂર્વક અનુવાદમાં સંક્રમિત કરે છે. આ સંદર્ભે પ્રથમ પર્વના ચોથા સર્ગની નીચેની પંક્તિઓ આપણે જોઈએ :

He works through the fierce vicissitudes of our lives,
He works through the hard breath of battle and toil,
He works through our sins and sorrows and our tears,
(૬૧ : 13-15)

અહીં 'He works through' નું ક્રમિક ત્રણ પંક્તિઓમાં પ્રાપ્ત થતું વિરલ આવર્તન ધ્યાનપાત્ર છે. એનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે :

આપણાં જીવનો કેરાં ઘોર જે પરિવર્તનો, તેમાં પૌ કાર્ય એ કરે,
જંગ ને કૂટ કાર્યોનો ભારે ઉચ્છ્વાસ જે રહ્યો, તેમાં પૌ કાર્ય એ કરે,
આપણાં પાપ ને દુઃખો આપણાં અશ્રુ જે રહ્યાં, તેમાં પૌ કાર્ય એ કરે,
(૧૦૩ : ૧૭૪ : ૧-૩)

મૂળ કૃતિમાં કર્તાએ ત્રણે પંક્તિઓના આરંભે 'He works through' ના આવર્તનો અનુવાદમાં પ્રત્યેક પંક્તિના અંતે 'તેમાં પૌ કાર્ય એ કરે' ના આવર્તનાં રૂપે કલાત્મક રીતે સંક્રમણ પામે છે. એમાં અનુવાદકની કારયિત્રી પ્રતિભાનો સહજ વિલાસ જોવા મળે છે.

(ગ) ક્યારેક અનુવાદમાં પ્રાસ પણ જોવા મળે છે. એ અંતર્વર્તી કે અંત્યાનુપ્રાસ રૂપે પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિએ પ્રથમ પર્વના પ્રથમ સર્ગની નીચે દર્શાવેલી પંક્તિઓનો અનુવાદ નોંધપાત્ર છે :

mortality bears ill the eternal's touch :
(૭ : ११) .

અનૂદિત પંક્તિઓ :

..............., માનવી માર્ત્યતા અરે
શાશ્વત પ્રભુના સ્પર્શો અકળાઇ પડે ખરે,
(૧૪:૧૨૩: ૨૨-૨૩)

અહીં 'અરે' 'ખરે' નો પ્રાસ નોંધપાત્ર છે.

પ્રથમ પર્વના બીજા સર્ગની નીચેની પંક્તિઓમાં અંતર્વર્તી પ્રાસ નોંધપાત્ર છે:

યથા કો મૃગયા મધ્યે ફસાયા પંખીના સમો,
આત્મા આંધી વચ્ચે ભાગી, પાંખોથી શ્રાન્ત ક્લાન્ત હા,
(64 : ૨૦૭ : 13-14)

અહીં 'શ્રાન્ત ક્લાન્ત'નો અંતર્વર્તી પ્રાસ ધ્યાનાર્હ છે. આ રીતે અનુવાદ લયાન્વિત બને છે.

(ઘ) ક્યારેક અનુવાદક કોઇ શબ્દના પ્રત્યયમાં ચમત્કૃતિ પ્રગટાવી પંક્તિને આગવા પરિમાણમાં મૂકી આપે છે. આ દૃષ્ટિએ પ્રથમ પર્વના ચોથા સર્ગની નીચે દર્શાવેલી પંક્તિઓ વિશેષરૂપે ઉલ્લેખનીય છે.

(૧)
man, still a child in Nature's mighty hands,
(53:17)

અનુવાદ:

પ્રકૃતિ-હસ્તમાં નાનો બાળુડો માનવી હજી,
(૭: 163: ૨૭)

(૨).
God shall grow up while the wise men talk and sleep;
(55 : ૨૦).

અને આ જગના શાણા વદતા ઊંઘતા હશે,
પ્રભુજી જગમાં ત્યારે મોટેરા બનતા હશે,
(૭:166:૧-10)

પ્રથમ દૃષ્ટાંતમાં 'બાળક'ને બદલે 'બાળુડો', બીજામાં 'પ્રભુ'ને સ્થાને 'પ્રભુજી' અને 'મોટા'ને બદલે 'મોટેરા' શબ્દો પ્રયોજાયા છે. આ ત્રણ

શબ્દોમાં પરપ્રત્યયો વિશેષ ચમત્કૃતિ દાખવે છે.

ક્યારેક આવાં પરિવર્તનો અર્થને ક્લિષ્ટ બનાવતાં પણ લાગે છે. આ દૃષ્ટિએ બીજા પર્વના બારમા સર્ગના નીચેના શ્લોકનો અનુવાદ જોઈએ :

મૂળ શ્લોક :

A bliss is felt that never can wholly cease,
A sudden mystery of secret Grace
Flowers goldening our earth of red desire.
(278 :16-18)

અનુવાદ :

કો મુદા લાધતી જે ના કદી સાવ શકે મટી,
કરુણા ગુપ્તનું ગુહ્ય સહસા રૂપ ત્યાં ખીલે,
ને ધરા આમ રાતુડી ઈચ્છાની સોનલા બને :
(105-106 : 73: ૨૧-31).

અહીં 'red desire' માટે 'રાતુડી ઈચ્છા' અને 'goldening' ક્રિયાપદ માટે 'સોનલા બને' અર્થદુર્બોધતા પ્રગટાવે છે. આમ, પ્રાસ મૂળ કૃતિના મર્મને ઉજાગર કરવામાં સાધક - બાધક બન્ને બની રહે છે.

(ચ) ક્યારેક અનુવાદક મૂળ કૃતિના અર્થને સ્ફુટ કરવા બે પર્યાયો પ્રયોજે છે. આ સંદર્ભે બીજા પર્વના પાંચમા સર્ગની નીચેની પંક્તિ ઉલ્લેખપાત્ર છે :

It shall be caught to the breast of a white force
(171 :16)

અનુવાદ :

અને કો ધવલા શુભ્ર શક્તિના નિજ વક્ષે શું.
(60 : ૨05 ;18)

અહીં 'breast of a white force' માંના 'white'નો ભાવ વિશેષરૂપે સ્ફુટ કરવા 'ધવલ અને શુભ્ર' એમ બે પર્યાયો પ્રયોજાયા છે.

આમ, પર્યાયો દ્વારા મૂળ અર્થ અપેક્ષિત સંક્રમણ પામે છે.
(છ) ક્યારેક અનુવાદક મૂળકૃતિનો ભાવ સ્પષ્ટ કરવા માટે દેવનાગરી લિપિમાં દર્શનશાસ્ત્રના પારિભાષિક શબ્દો પ્રયોજે છે. આવાં દૃષ્ટાંતો પ્રમાણમાં અલ્પ છે. છતાં બીજા પર્વના ચૌદમા સર્ગના નીચે દર્શાવેલો શ્લોક આ દૃષ્ટિએ નોંધપાત્ર છે:

The silent soul of all the world was there
A Being lived, a Presence and a Power,
A single Person who was himself and all
And cherished Nature's sweet and dangerous throbs
Transfigured into beats divine and pure.
(२৭১:1-5).

ગુજરાતી અનુવાદ:

સારાયે જગનો આત્મા શાંત નીરવ ત્યાં હતો:
વસતું ત્યહીં કો ચૈત્ય, સાંનિધ્ય શક્તિ કો ત્યહીં,
અનન્ય પુરુષ: કે જે સ્વયં ને સર્વરૂપ હો,
અને જે પ્રકૃતિ કેરી ધબકો ઘોરને મધુ
સ્પંદોમાં દિવ્ય ને શુદ્ધ પલટી માણતો રહ્યો.
(૭૬:૨૦૭:૬-૧૧)

અહીં 'single Person' નો અનુવાદ 'અનન્ય પુરુષ' રૂપે થયો છે. આવાં અન્ય ઉદાહરણો નીચે દર્શાવ્યા છે:

Self of That (III:1:307:3) तत् સ્વરૂપ (૭:૨૧:૩)
That (X:4:648:6) तत् (45:२4:4).

વિસ્તારભયે આ દૃષ્ટાંતોની વિગતે ચર્ચા કરી નથી.
(જ) અનુવાદકે પ્રયોજેલા કેટલાક શબ્દોના અનુવાદનું ઔચિત્ય પણ ચિંત્ય બને છે. આ દૃષ્ટિએ પ્રથમ પર્વના પ્રથમ પર્વની નીચેની પંક્તિઓ આપણે જોઈએ:

The darkness failed and slipped like a falling cloak
From the reeling body of a god. (3:२৭-30)

અનુવાદ :

પરાજિત પયો ત્યાં હા અંધકાર, અને સર્યો
ખરતા વસ્ત્ર શો કોક પોઢેલા દેવ-દેહથી.
(૧૫:૧૧૧:૨૧-૨૨).

અહીં 'falling' ક્રિયાપદ દેવના દેહ પરના વસ્ત્ર માટે પ્રયોજાયું છે. એ માટે અનુવાદકે 'ખરતા' શબ્દ પ્રયોજ્યો છે. આમ, દેવના દેહ પરથી વસ્ત્ર ખરી રહ્યું હોવાનો અર્થ પ્રાપ્ત થાય છે. વસ્ત્ર માટે 'ખરવું' ક્રિયાપદ ઉચિત નથી. પર્ણ ખરે. વસ્ત્ર તો સરે. અનુવાદમાં 'સર્યો' ક્રિયાપદ છે તો ખરું પરંતુ તે 'slipped'ના અનુવાદરૂપે છે. પ્રસ્તુત પંક્તિઓનો પૂજાલાલે કરેલો અનુવાદ જોવાથી આ મુદ્દો વધારે સ્પષ્ટ થશે :

પૂજાલાલનો અનુવાદ :

અંધકાર ગયો હારી, ને અઢેલી ઢળેલ કો
દેવના દેહથી જામો સરે તેમ સરી ગયો.
(6 : ૨૧-30)

પૂજાલાલે 'slipped' અને 'falling' બન્નો ક્રિયાપદો માટે 'સરી ગયો' અને 'સરે' એમ 'सर्' ધાતુ ધરાવતા બે સગોત્ર ક્રિયાપદો પ્રયોજ્યાં હોવાથી અર્થ સહજગમ્ય બને છે. જ્યારે સુન્દરમ્‌માં "સર્યો' અને 'ખરતા' એમ અલગ અલગ ક્રિયાપદો પ્રયોજાયાં છે માટે અનુવાદ ક્લિષ્ટ બને છે.

(ઞ) કેટલાંક સ્થાનોમાં અનુવાદથી ગુજરાતી ભાષાની ગુંજાશ પણ વિશેષ ખેડાતી હોવાનું પ્રતીત થાય છે. આ સંદર્ભે ત્રીજા પર્વના બીજા સર્ગની નીચેની પંક્તિઓ ઉલ્લેખનીય છે :

Her body of beauty mooned the seas of bliss.
(314 : ૧૨)

અનુવાદ :

નિજમાં રમ્ય ધારંતી મુદાના શત સાગરો,
એની સૌંદર્ય કાયા હા શશી શી શોભના બની. (૨૦:૨૩૫:૭-૮)

અહીં 'mooned' ક્રિયાપદનો અનુવાદ 'શશી શી શોભના બના' કાવ્યાત્મક બની રહે છે. ગુજરાતી ભાષા પાસે આવાં ક્રિયાપદો નથી. આમ, ગુજરાતીભાષાની ગુંજાશ વિસ્તરતી પ્રતીત થાય છે.

આ જ સંદર્ભે સાતમા પર્વના સાતમા સર્ગની એક અન્ય પંક્તિ પણ ઉલ્લેખનીય છે:

The cosmos flowered in her, She was its bed.
(557:૨૨).

અનુવાદ:

કુસુમ્યું વિશ્વ આ એમાં, એની એ ક્યારડી હતી.
(77:26).

અહીં 'flowered' માટે ગુજરાતીમાં કોઈ એક જ અનુરૂપ ક્રિયાપદ નથી. સુન્દરમે આ માટે 'કુસુમ્યું'નો પ્રયોગ કર્યો છે. આ રીતે ગુજરાતી ભાષાની સીમાઓ પણ અર્થદીપ્ત રીતે વિસ્તરે છે એ વિશેષરૂપે નોંધપાત્ર છે.

આમ, શબ્દ/શબ્દસમૂહની ભૂમિકાએ અનુવાદકની શૈલીની વિવિધ લાક્ષણિકતાઓ પ્રગટ થાય છે. હવે આપણે પંક્તિ/શ્લોકની ભૂમિકાએ શૈલીનું અધ્યયન કરીએ.

(III) પંક્તિ/શ્લોકનું સ્તર:

આ સ્તરે અનુવાદની શૈલીની અનેકવિધ વિશિષ્ટતાઓ જોવા મળે છે. એમાંની કેટલીક પ્રતિનિધિરૂપ વિશિષ્ટતાઓ પ્રત્યે સંકેત કરવાનો અત્રે ઉપક્રમ છે.

(ક) ક્યારેક મૂળકૃતિનું લાઘવ અનુવાદમાં પણ સુપેરે ઊતરી આવે છે. આ દૃષ્ટિએ બીજા પર્વના ચૌદમા સર્ગનો નીચેનો શ્લોક ઉલ્લેખનીય છે:

Body was not there, for bodies were needed not,
The soul itself was its own deathless form
And met at once the touch of other souls

Close, blissful, concrete, wonderfully true.
(૨૧૨:૧૮-૨૧)

એના ગુજરાતી અનુવાદમાં આવું જ લાઘવ જોઈ શકાય છે:

ત્યહીં દેહ ન'તો, કાં કે દેહનો ખપ ત્યાં નહીં,
આત્મા સ્વત: પોતાનું અમર્ત્ય રૂપ ત્યાં અને
એને સદ્ય થતો સ્પર્શ આત્માઓ અન્યનો મહા
પ્રગાઢ મુદવંતો ને સઘન, સત્ય અદ્ભુત.
(૭૧:૨૦૮:૩૫,૨૦૧:૧-૩)

(ખ) ક્યારેક મૂળના લાઘવની જગ્યાએ અનુવાદમાં વિસ્તારનું વલણ જોવા મળે છે. એના પ્રત્યે અર્થસંક્રમણની વિચારણા દરમ્યાન સંકેત થઈ ચૂક્યો છે. છતાં ત્રીજા પર્વના પ્રથમ સર્ગની નીચે દર્શાવેલી એક પંક્તિ આ દૃષ્ટિએ નોંધપાત્ર છે. અશ્વપતિ આરોહની સંમુખ ઉપસ્થિત થાય છે એનું અહીં આલેખન થયું છે:

Near, it retreated; for, it called him still.
(૩૦૫:૧૮)

એનો અનુવાદ આ મુજબ છે:

સમીપે પ્રગટી પાછી દૂર દૂર જતી સરી,
અને ત્યાં દૂરથી પાછી એને આમંત્રતી રહી.
(૭:૧૭:૨૧-૨૨)

આમ, અહીં મૂળ અર્થને પ્રાસાદિક બનાવવા અનુવાદકે અનુચિત અર્થના વિસ્તારનું વલણ દાખવ્યું છે.
(ગ) શ્લોકની ભૂમિકાએ અનુવાદક મૂળકૃતિના એકાધિક શ્લોકોનો અનુવાદ એક શ્લોકરૂપે આપે છે. બીજા પર્વના પાંચમા સર્ગના નીચે દર્શાવેલા બે શ્લોકો અને તેમનો અનુવાદ આ દૃષ્ટિએ અવલોકનીય છે:

But first the spirit's ascent we must achieve
Out of the chasm from which our nature rose.
The soul must soar sovereign above the form

And climb to summits beyond mind's half-sleep;
Our hearts we must inform with heavenly strength,
Surprise the animal with occult god.

(171 : ૨૮ - 33)

આ બે શ્લોકોનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે :

કિંતુ આ બનતાં પૂર્વે આપણે સાધવો રહ્યો
આપણી પ્રકૃતિ જ્યાંથી, જન્મી તે ઘોર ખાણથી
આત્માનો ઊર્ધ્વ આરોહ ; દેહથી ઊર્ધ્વમાં ચડી
આત્માએ વ્યોમમાં ઊંચી પ્રબળા ગતિ સાધવી,
મનની અર્ધ-નિદ્રાથી પારનાં શૃંગો પામવાં ;
આપણાં ઉરનો દૈવી શક્તિથી આપણે ભરે
તેમરાં કરવા ભેરો, અમામાં પશુ જે રહ્યો
તેહને આમમાં ગૂઢ રહેલો દેવ દાખવી
વિસ્મૂઢ કરી દેવો - હા કર્તવ્ય આપણું રહ્યું.

(60 : ૨06 : 5-13)

અહીં ઉપર્યુક્ત બન્ને શ્લોકોનો અનુવાદ એક શ્લોકરૂપે પ્રાપ્ત થાય છે. અલબત્ત મૂળનું લાઘવ અહીં જળવાયું નથી. અનુવાદકે ૨06 : 13 માંનો અર્થની વિશેષ સ્પષ્ટતા અર્થે 'હા કર્તવ્ય આપણું રહ્યું' પંક્તિનું ઉમેરણ પણ કર્યું છે.

(ઘ) ક્યારેક અનુવાદક મૂળકૃતિના એક શ્લોક માટે અનેકાધિક શ્લોકોરૂપે પણ અનુવાદ આપે છે. આ દૃષ્ટિએ પ્રથમ પર્વના પાંચમા સર્ગનો નીચેનો શ્લોક આપણે જોઈએ :

The little ego's ring could join no more ;
In the enormous spaces of the self
The body now seemed only a wandering shell,
His mind the many-frescoed outer court
Of an imperishable Inhabitant :
His spirit breathed a superhuman air. (૮૨ : 13-18).

હવે આપણે એનો ગુજરાતી અનુવાદ જોઈએ:

ને હવે નાનકા એક અહંકાર તણી કડી
વસ્તુની ફરતે વીંટો નિજનો લઈ હા શકી.
આત્માના ચંડ વિસ્તારો વિષે દેહ હવે ફિરતો
અહીંથી ભમતો ત્યાંહી માત્ર કો છીપના સમો.
અને ચિત્ત બન્યું એનું અંતરે વસનાર કો
અવિનાશી તણા એક અનેકા ભીંત-ચિત્રથી
સજેલા આંગણા જેવું: આત્મા એનો રહ્યો હવે
શ્વસંતો ઉચ્છ્વસંતો હા હવા કો અતિમાનુષી.

(63:36:34-41)

પ્રસ્તુત અનુવાદમાં ત્રણ નાના નાના શ્લોકો જોઈ શકાય છે. અનેક પંક્તિઓ સુધી વિસ્તરતા રહેતા શ્લોકો ધરાવતી શ્રી અરવિંદની અર્થલાઘવ અર્થગૌરવ યુક્ત શૈલીનો સ્થાને અનુવાદકે સુબોધ, સહજગમ્ય શૈલી પ્રયોજી છે.

(ચ) અનુવાદમાં અશેષ અર્થસંક્રમણ માટે વિશેષ સૂઝપૂર્વક નો વિરામચિહ્નોનો પ્રયોગ પયેલો જોઈ શકાય છે. આ સંદર્ભે સાવિત્રીની આંતર સંઘર્ષપૂર્ણ ચેતનાનું સંચાલન કરતા દેવની ગૂઢ ગતિવિધિનું આલેખન કરતો પ્રથમ પર્વના બીજા સર્ગનો નીચે દર્શાવેલો શ્લોક નોંધપાત્ર છે:

August and pitiless in his calm outlook,
Heightening the Eternal's dreadful strategy,
He measured the difficulty with the might
And dug more deep the gulf that all must cross.

(17:12-15)

અનુવાદ:

દેવ એ સ્વસ્થ દૃષ્ટિથી દેખતો સુગંભીર ને
નિષ્ઠુર, પ્રભુના વ્યૂહ ઘોરને અતિઘોર હા
કરતાં, એહણે માપ્યાં: પડેલું કાર્ય દુષ્કર
અને તે શક્તિ, ને પેલી ખાઈ ત્યાં— પાર જેહને

સર્વએ કરવાની છે– તેને ખોદી વધુ વધુ.
(101:46:19-૨૩).

પ્રસ્તુત અનુવાદમાં અલ્પવિરામ, મહાવિરામ, સંયોગચિહ્નનો અર્થદીમ વિનિયોગ ધ્યાનપાત્ર છે. એનાથી મૂળ અર્થ સુગમ્ય બની રહે છે.
(૭) ક્યારેક મૂળકૃતિનો શ્લોક વિધિવાચક હોય તો અનૂદિત શ્લોક નિષેધવાચક પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિએ પ્રથમ પર્વના ચોથા સર્ગની નીચે દર્શાવેલી પંક્તિઓ ધ્યાનાર્હ છે:

He is ignorant of the meaning of his life,
He is ignorant of his high and splendid fate.
(53:3૨-33).

પ્રસ્તુત પંક્તિઓનો અનુવાદ નીચે મુજબ છે:

નિજની જિન્દગી કેરું એ રહસ્ય ન જાણતો,
નિજનું ભવ્ય ને ઊર્ધ્વ ભાવિ એ નવ જાણતો.
(7:164:10-11).

અહીં મૂળકૃતિમાં જે ભાવ વિધિવાચક પંક્તિમાં રજૂ થયો છે તે જ ભાવ અનુવાદમાં નિષેધવાચક પંક્તિમાં રજૂ થયો છે.
(૪) ક્યારેક અનુવાદમાં મૂળકૃતિની શૈલીમાં નોંધપાત્ર પરિવર્તન પણ જોવા મળે છે. આ દૃષ્ટિએ ત્રીજા પર્વના ત્રીજા સર્ગનો એક શ્લોક જોઈએ. અહીં અશ્વપતિ પોતાની ચેતનાના સૂક્ષ્મ અને અગમ્ય લાગતા વિસ્તારોમાં છૂપાઈ રહેલા અચિત્ના તત્વોને દૂર કરવા જે પ્રયત્ન કરે છે તેનું આલેખન કરવામાં આવ્યું છે.

Its treacherous elements spread like slippery grains
Hoping the incoming Truth might stumble and fall,
And old ideal voice wandering moaned
And pleaded for a heavenly leniency
To the gracious imperfections of our earth
And the sweet weaknesses of our mortal state.
(318:1-6)

એનો ગુજરાતી અનુવાદ ધ્યાનાર્હ છે :

અહો એ ભૂતનાં ઘોર દગાળાં તત્વ ત્યાં પડ્યાં
બિછાવી નિજના લિસ્સા કણોની સેજ શોભતી,
ઊર્ધ્વથી આવતું પેલું સત્ય મો લપડે દળે -
ઝટ દૈ સપડાવાની અંતરે આશ ધારતાં.
અને કૈં ભૂતના મીઠા આદર્શોય ઊડી ફરી
પ્રેત શા ભમતા એને કગરી વીનવી રતા :
અરે, આ ધરતી કેરી મધુરી આ અધૂરપો,
અરે, આ માનવી કેરી વ્હાલસોઈ અશક્તિઓ
ટકવા જગમાં દેજે કૃપાવંત થઈ જરી.

(૨૭:154: ૨૦-૨૮).

અહીં અશ્વપતિ જે સત્યને આણવા માગે છે તેને બિનકાર્યક્ષમ બનાવી દેવાનો અચિત જે પ્રયત્ન કરે છે અને પોતાને કેટલેક અંશે ટકી રહેવા દેવા જે કાકલૂદી કરે છે એ બે ક્રિયાઓના આલેખનમાં કથનકેન્દ્ર બદલાય છે. આરંભમાં ત્રીજા પુરુષનું કથનકેન્દ્ર છે જ્યારે અચિત્ જે વિનંતી કરે છે એમાં કથનકેન્દ્ર પ્રથમ પુરુષનું બની જાય છે. આમ, કશા નિર્દેશ વગરનું શૈલી પરિવર્તન ધ્યાનાર્હ બની રહે છે.

આમ, પંક્તિ અને શ્લોકની ભૂમિકાએ અનુવાદકની શૈલીની અનેકવિધ વિશિષ્ટતાઓ જોવા મળે છે. આ રીતે અનુવાદક મૂળ કૃતિના મર્મને અનુવાદમાં સંક્રાન્ત કરવાનો યથાશક્ય પ્રયત્ન કરે છે.

(IV) અલંકારવિધાન :

પ્રસ્તુત અનુવાદના અલંકારવિધાનનું અધ્યયન જુદી જુદી દૃષ્ટિએ થઈ શકે. મૂળ કૃતિના અલંકારો અનુવાદમાં કેવા સંક્રમણ પામ્યા છે એની તપાસ થઈ શકે, એમાં થયેલા પરિવર્તનો ને પણ દર્શાવી શકાય. એ જ રીતે અનુવાદકે મૂળ કૃતિનો અર્થ પ્રાસાદિક બનાવવા પોતાના તરફથી જે અલંકારો પ્રયોજ્યા હોય તેની પણ વિચારણા થઈ શકે. અત્રે આપણી ચર્ચા અનુવાદક તરફથી વિશેષરીતે પ્રયોજાયેલા અલંકારો પૂરતી જ સીમિત રાખીશું.

મૂળ કૃતિના અર્થને પ્રાસાદિક બનાવવા અનુવાદક પોતાના તરફથી રૂપક, ઉપમાદિ અલંકારોનો વિશેષરૂપે વિનિયોગ કરે છે. આ સંદર્ભે પ્રથમ પર્વના ચોથા સર્ગનો નીચે દર્શાવેલો શ્લોક ઉલ્લેખનીય છે. અહીં અશ્વપતિ અધ્યાત્મના હોર્ધ્વ શૃંગે અવસ્થિત થઈને જે ઊર્ધ્વતર શૃંગોને નિહાળે છે, તેમજ આત્મશૃંગો પર રહેલી ચેતનાની વિશ્વવિશાળતાની જે અનુભૂતિ કરે છે તેનું આલેખન કરવામાં આવ્યું છે.

> Akin to the ineffable secrecy,
> Mystic, eternal in unrealised Time,
> Neighbours of Heaven are Nature's altitudes.
> (46:૧૮-૨૦).

ગુજરાતી અનુવાદ :-

> પૃથ્વીનાં શિખરો એ તો સ્પર્શ્યાં છે સ્વર્ગને જઈ,
> બ્રહ્મ શાં ગૂઢ, એનું છે વાચાતીત સ્વરૂપ હા,
> અમૂર્ત કાલમાં એ છે સ્થિત શાશ્વત રૂપનાં.
> (૧:155:૨૩-૨૫).

આ આત્મશૃંગો કેવાં તો ગૂઢ છે તેની વિશેષ સ્પષ્ટતા અર્થે અનુવાદક પોતાના તરફથી બ્રહ્મની ઉપમા આપે છે. આમ, મૂળનો ભાવ સહજગમ્ય બને છે.

આ જ રીતે ત્રીજા પર્વના ત્રીજા સર્ગમાં અશ્વપતિ પોતાના આત્માના ધામમાં પ્રવેશે છે તેનું આલેખન કરતો નીચેનો શ્લોક ઉલ્લેખનીય છે:

> In the unapproachable stillness of his soul,
> Intense, one-pointed, monumental, lone,
> Patient, he sat like an incarnate hope
> Motionless on a pedestal of prayer.
> (317 : 6-9)

એનો અનુવાદ હવે આપણે જોઈએ :

અને તે નિજ આત્માના દુર્ભેદ્ય શાંતિ-દુર્ગમાં
વિરાજ્યો સાધના-બદ્ધ, પરમાતુર ભાવથી,
એકાગ્ર જ્યોતના જેવો, અકંપ, પૂર્ણ ધૈર્યથી,
પ્રચણ્ડ પ્રતિમા જેવો, વેદી પે પ્રાર્થના તણી
અચલ સ્થૈર્યથી સજ્જ આશાના અવતાર શો.

(૨૭:153:10-14).

અહીં અશ્વપતિ પોતાના આત્માની દુર્ભેદ્ય નિસ્પંદતામાં વિરાજે છે એ માટે પ્રાર્થના-પીઠિકા પર બિરાજતી સંમૂર્ત આશાનું વિશેષ ઉપમાન શ્રી અરવિંદ પ્રયોજે છે. પ્રસ્તુત અનુવાદમાં આ પૂરેપૂરું સંક્રમણ પામે જ છે. શ્રી અરવિંદે અશ્વપતિની આંતરસ્થિતિ 'intense' વિશેષણ દ્વારા દર્શાવી છે. એ માટે અનુવાદકે 'એકાગ્ર જ્યોત'નું ઉપમાન પ્રયોજે છે. એ જ રીતે, આત્માની નિસ્પંદતા (stillness of his soul)ને વિશેષરૂપે સ્પષ્ટ કરવા અનુવાદક શાંતિદુર્ગનું રૂપક પ્રયોજે છે વળી, '(153:14) પંક્તિ- 'અચલ સ્થૈર્યથી સજ્જ...' પણ અનુવાદકનું જ ઉમેરણ છે. આમ, અનુવાદક પોતાના તરફથી પણ અલંકારો પ્રયોજીને મૂળકૃતિના અર્થને સહજગમ્ય બનાવે છે.

પાઠાંતરો

આપણને સુવિદિત છે કે સુન્દરમ્ ઇ.સ.1947થી આરંભી 1982 સુધી પાંત્રીસ વર્ષ દરમ્યાન સમયાંતરે 'દક્ષિણા' સામયિકમાં 'સાવિત્રી'ના પસંદગીના અંશોના અનુવાદો પ્રકાશિત કરતા રહ્યા હતા. એમાં ઘણીવાર એક જ અંશના જુદા જુદા સમયે જુદા જુદા અનુવાદો પણ થયા હોવાનું પ્રાપ્ત થાય છે. એની વિગતો નીચે મુજબ છે:

પાઠાંતર ધરાવતો 'સાવિત્રી'નો અંશ.		પાઠાંતર પ્રાપ્ત 'દક્ષિણા' અંક સળંગ અંક	પ્રકાશન માસ.
I:2	17:5 થી 17:28	64./	એપ્રિલ 63.
	19:7 થી 19:34.	101 /	ઓગષ્ટ. '80.
I:4	55:2 થી 55:12	7 /	ફેબ્રુ. 49
		73 /	ઓગષ્ટ. '65.

સાવિત્રી	'દક્ષિણા'
I : 4 ૫૯ : ૧૮ થી ૫૯ : ૨૭.	૩૦ / નવે. '૫૪. ૧૦૩ / ફેબ્રુ. '૮૧.
૬૬ : ૨૩ થી ૬૬ : ૨૮	૫૧ / નવે. '૬૦. ૬૧ / ઓગષ્ટ. '૬૨.
I : 5 ૭૪ : ૧૨ થી ૭૪ : ૧૪.	૨૧ / ઓગષ્ટ '૫૨. ૫૪ / નવે. '૬૦.
III : ૨ 314 : 7 થી 315 : 4	૨૦ / એપ્રિલ '૫૨. ૨૬ / નવે. '૫૩. ૫૧-૫૨ / ફેબ્રુ. એપ્રિલ. '૬૦.
III : 3. ૩૨૨ : ૩૧ થી ૩૨૩ : ૧૫	૨૭ / ફેબ્રુ. '૫૪. 104 / એપ્રિલ. '૮૫.
IV : ૨ 360 : ૨૯ થી 360 : ૩૫	૩૨ / એપ્રિલ. '૫૫. 107 / ફેબ્રુ. '૮૨.
363 : 14 થી 363 : 16	૫૫ / ફેબ્રુ. '૬૧. 107 / ફેબ્રુ. '૮૨.
VII : ૭ : ૫૫૧ : ૧ થી ૫૫૭ : ૨૮ (અંશો)	44 / એપ્રિલ '૫૮. ૬૯ / ઓગષ્ટ '64.
X : ૨ : 613 : 10 થી 613 : 17.	43 / ફેબ્રુ. '૫૮. ૫૮-૫૯ / નવે. '61 ફેબ્રુ. '૬૨.
XI : 1 : ૬૯૮ : ૧ થી ૭૦૨ : ૨૨	૫૮-૫૯ / નવે. '61. ફેબ્રુ. '૬૨. ૭૩ / ઓગષ્ટ. '૬૨.

આમ, 'સાવિત્રી'ના ૧૩ અંશોના એકાધિક પાઠાંતરો પ્રાપ્ત થાય છે. એનું અધ્યયન એક સ્વતંત્ર વિષય બની રહે છે. પ્રસ્તુત મહાનિબંધની મર્યાદામાં રહીને અત્રે ઉપર્યુક્ત પાઠાંતરોમાંથી પ્રતિનિધિરૂપે સાતમા પર્વના સાતમા સર્ગના પાઠાંતરોનું અધ્યયન પ્રસ્તુત છે:

હમણાં જ દર્શાવ્યા મુજબ અધ્યયન માટે સ્વીકારેલા બે પાઠાંતરોમાંનું પ્રથમ 'દક્ષિણા'ના એપ્રિલ '58 માં પ્રકાશિત થયેલા સળંગ અંક 44 (પુસ્તક:11, અંક:4) માં પ્રાપ્ત થાય છે. બીજું પાઠાંતર ઓગષ્ટ '64 માં પ્રકાશિત સળંગ અંક 69 (પુસ્તક:16, અંક:1) માં જોવા મળે છે. પ્રથમ વાચના (44 / એપ્રિલ '58) કરતાં બીજી (69 / ઓગષ્ટ '64) વધારે અર્થઘન, લાઘવયુક્ત અને સાથે સાથે પ્રાસાદિક લાગે છે. આ સંદર્ભે પ્રસ્તુત સર્ગના આરંભની પંક્તિઓનો અનુવાદ આપણે તપાસીએ:

મૂળ પંક્તિઓ :-

In the little hermitage in the forest's heart,
In the sunlight and the moonlight and the dark
The daily human life went plodding on
Even as before with its small unchanging works
And its spare outward body of routine
And happy quiet of ascetic peace.
The old beauty smiled of the terrestrial scene;
She too was her old gracious self to men.
(551:1-8)

પ્રથમ વાચના :-

ગાઢ એ વનની મધ્યે આવેલા લઘુ આશ્રમે
યથાપૂર્વ વહેતું ત્યાં નિત્યનું એહ જીવન:
દિવસે રવિનાં તેજો ઢળતાં, રાત્રિએ ઢળે
ચંદ્રની ચાંદની યા તો અંધકારતણા પટો,
અને એ સર્વકાળે એ ધારા જીવનની ત્યહીં

નાનકાં નિજ કાર્યોના પ્રવાહે પ્રવહ્યે જતી;
પ્રવૃત્તિ બાહ્ય ત્યાં આછી નિત્યની ઘરમાળની,
તપસ્વી લોકની શાંતિ સુખની ભરી ત્યાં વસી.
ધરાનું આદિ સૌંદર્ય સૌમ્ય ત્યાં વિલસી રહ્યું,
અને સાવિત્રીનું હૈયું નિત્યનું કરુણામય
સર્વને નિજના સ્નેહે સદા એ તરપી રહ્યું. (૨૩૪: 1-11)

બીજી વાચના:-

વનના હાર્દમાં આવ્યા નાનકા આશ્રમે ત્યહીં,
સૂર્યના તેજમાં, રાત્રે જ્યોત્સ્નામાં, અંધકારમાં
નિત્યનું માનવી કેરું વહતું રહ્યું જીવન
પૂર્વ શું, નાનકાં કાર્યો એનાં એ બનતાં રહ્યાં,
ને આછો બાહ્યનો નિત્ય વ્યવહાર થતો રહ્યો,
અને એ યોગની શાંતિ સુખદા શાંત ત્યાં કરી. (૭૦:1-6).

અહીં જોઈ શકાય છે કે બીજી વાચનામાં લાઘવ છે. પ્રથમ વાચનામાં વિસ્તાર હોવા છતાં અર્થ સુબોધ બનતો નથી.

અનુવાદકે બીજી વાચનામાં કેટલાંક ચિંત્ય સંદર્ભો દૂર પણ કર્યા છે. આ સંદર્ભે સાવિત્રી સમગ્ર વિશ્વ સાથે જે તાદાત્મ્ય અનુભવે છે અને વનસ્પતિઓ, પુષ્પોમાં તે કળી રૂપે ફૂટી નીકળે છે તેનું આલેખન કરતો શ્લોક જોઈએ:

'She was the red heart of the passion-flower. (557:16)

આ પંક્તિના અનુવાદની પ્રથમ વાચનામાં passion-flowerનો અનુવાદ 'મન્મથનું પુષ્પ' (૨૩૧:6) થયો છે. એ અત્યંત ચિંત્ય છે. એની ચર્ચા અગાઉ આપણે અર્થસંક્રમણ અંગે કરી જ ગયા છીએ. બીજી વાચનામાં આ અનુવાદ 'કામના-પુષ્પ' (૭૭:૨૦) રૂપે પ્રાપ્ત થાય છે. આમ, અનુવાદ નિર્દોષ બને છે.

સુન્દરમ્‌નાં તમામ પાઠાંતરોના અધ્યયનના નિષ્કર્ષરૂપે કહી શકાય કે એની અંતિમ વાચનાઓ લાઘવયુક્ત અને વિશેષ

સંતર્પક બની છે.

'દક્ષિણા' ત્રૈમાસિકના અંકોમાં જુદા જુદા સમયે લગભગ ૩૬ વર્ષોના વિશાળ સમયગાળા દરમ્યાન પ્રકાશિત 'સાવિત્રી'ના પસંદગીના અંશોના સુન્દરમ્‌ના અનુવાદોના તલાવગાહી અધ્યયનના નિષ્કર્ષ રૂપે કહી શકાય કે મૂળ કૃતિના મર્મને પ્રગટાવવા માટે ગુજરાતી ભાષાની શક્યતાઓ એમણે વિશેષરૂપે ખોડી છે. આ માટે એમણે સાંસ્કૃતિક રૂપાંતરણ, અલંકારોનો મૌલિક વિનિયોગ, દેવનાગરી લિપિમાં ભારતીય દર્શનશાસ્ત્રની પરિભાષાનો પ્રયોગ જેવી પ્રયુક્તિઓ એમણે અર્થક્ષમ રીતે પ્રયોજી છે. આમ કરવા જતાં અર્થ ક્યારેક પરિવર્તન પામ્યો છે. ક્યારેક એમાં સીમિતતા, દુર્બોધતા કે વિસ્તાર પણ જોવા મળે છે. આમ છતાં એમણે મૂળ કૃતિના અર્થને કાવ્યાત્મક રીતે પ્રગટાવ્યો છે. જો કે એમને પૂજાલાલ કે પુરાણી જેવા 'સાવિત્રી'ના અન્ય અનુવાદકોની તુલનાએ ક્યારેક મૂળ ભાવથી સારા એવા દૂર પણ જવું પડ્યું છે.

ભાષા પાસેથી પણ એમણે નોંધપાત્ર કામ લીધું છે. ગુજરાતી ભાષાની વ્યંજકતા, સૂત્રાત્મકતા, સમાહાર શક્તિ, રમણીયતા આદિ અનેક શક્યતાઓ એમણે વિસ્તારી છે. આમ કરવામાં એમની બાની નથી તો સંસ્કૃતાઢ્ય બની કે નથી તેમાં અન્ય ભાષાઓના તત્સમ, તદ્ભવ શબ્દોનો અતિરેક થયો. વ્યવહારમાં પ્રયોજાતી ગુજરાતીનો જ એમણે પ્રાયઃ ઉપયોગ કર્યો છે. વળી, અનુવાદમાં એમણે અનુષ્ટુપનાં વિવિધ રૂપોનો પણ સંતર્પક વિનિયોગ કર્યો છે. જો કે આ માટે એમણે અનેક પૂરક શબ્દો ઉમેરવા પડ્યા છે, શબ્દોની તોડફોડ પણ કરવી પડી છે. આમ, એમના અનુવાદને છંદની દૃષ્ટિએ ઘણું વેઠવાનું આવ્યું છે.

સમગ્ર રીતે જોઈએ તો 'સાવિત્રી'નો મર્મ કાવ્યાત્મક રીતે પામવા માટે સુન્દરમ્‌નો અનુવાદ સહાયક નીવડે છે.

(૩) ચંદ્રવદન મહેતા :

પરિચય :

૬ એપ્રિલ ૧૯૦૧માં સુરતમાં જન્મેલા ચંદ્રવદન ચિમનલાલ મહેતા ગુજરાતી સાહિત્યમાં 'ચં.ચી.', 'સી.સી.', 'ચાંદામામા' જેવાં અનેક હુલામણાં નામોથી જાણીતા છે. નાટક કે નાટ્યવિદ્યાની કોઈ પરંપરાગત તાલીમ લીધા વગર આંતરસૂઝથી એમણે આ વિદ્યાના સ્થૂલસૂક્ષ્મ અંગોપાંગ વિષે સમર્થ, શ્રદ્ધેય વિચારણા કરી છે. અને આ વિચારણા આંતરરાષ્ટ્રીય સ્તરે પુરસ્કાર પામી છે. ગુજરાતી સાહિત્યને એમણે મંચનક્ષમતા ધરાવતાં વૈવિધ્યપૂર્ણ અનેક નાટકો આપ્યાં છે, આ ઉપરાંત સ્વકીય મુદ્રા ધરાવતાં કાવ્યો અને ગદ્યની વિલક્ષણ છટાઓ ધરાવતી આત્મકથા અને પ્રવાસકથાના સર્જક તરીકેનું એમનું પ્રદાન અત્યંત ધ્યાનાર્હ છે.

છ થી સાડા છ દાયકા પર્યંત વિસ્તરેલા એમના સર્જનકાર્ય દરમ્યાન ગુજરાતી નાટ્યસ્વરૂપને એમણે નૂતન રૂપે ખેડ્યું છે. એના કૈલસ્વરૂપે ઐતિહાસિક, પૌરાણિક, સામાજિક, ચરિત્રપ્રધાન, અનૂદિત, બાળનાટકો વગેરે પ્રકારે; તો એકાંકી, દ્વિઅંકી, ત્રિઅંકી કે રેડિયોરૂપકના સ્વરૂપે એમની પાસેથી આપણને ૨૯ જેટલા નાટ્યગ્રંથો પ્રાપ્ત થયા છે. એમાં 'અખો' (૧૯૨૭), 'આગગાડી' (૧૯૩૩), 'નર્મદ' (૧૯૩૭), 'હોહોલિકા' (૧૯૫૭), 'પરમ માહેશ્વર' (૧૯૬૦) 'ધરાગુર્જરી' (૧૯૬૮) વિશેષરૂપે ઉલ્લેખનીય છે. નાટ્યકાર તરીકેની એમની સિદ્ધિ હાસ્યરસના નિર્વહણમાં છે.

નાટ્યમર્મજ્ઞ તરીકે એમણે દેશવિદેશના થિયેટરથી માંડીને નાટકની ભજવણી સુધીની વિચારણા કરી છે. એના પરિપાકરૂપે નાટ્યવિષયક વિવેચનના ૧૧ જેટલા ગ્રંથો પ્રાપ્ત થાય છે. એમાં 'કવિશ્રી નાનાલાલનાં નાટકો અને અકબરશાહનો રંગભૂમિ પર રજૂઆત' (૧૯૫૯), 'નાટક ભજવતાં' (૧૯૬૨), 'લિરિક અને લગરિક' (૧૯૬૫), 'નાટ્યરંગ' (૧૯૭૩), 'યુરોપના દેશોની નાટ્યસૃષ્ટિ' (૧૯૭૪) મુખ્ય છે. 'બિબ્લિઓગ્રાફી ઑફ સ્ટેજેબલ પ્લેઝ ઇન ઇન્ડિયન લેંગ્વેજિસ' ભાગ-૧,૨, એમના નાટ્યસંશોધનનો ગ્રંથ છે. આ ગ્રંથ દ્વારા તેઓ

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામ્યા છે.
ગુજરાતી સાહિત્યમાં સૌપ્રથમ સોનેટમાળા રચવાનું શ્રેય
ચંદ્રવદન મહેતાને પ્રાપ્ત થાય છે. બ.ક.ઠાકોરની 'પ્રેમનો દિવસ' અને
'સુખદુઃખ' જેવી જાણીતી સોનેટમાળાઓ પણ ચંદ્રવદનની 'યમલ'
(1926) ના પ્રકાશન બાદ રચાઈ હતી એ નોંધપાત્ર છે. 'યમલ'માં
તેઓએ 'મોડિયાં ભાઈબહેનની આખી આછી કથા' 14 સોનેટોની
માળામાં આલેખી છે. સુન્દરમ્ એને 'બળવંતરાયની શૈલીનું
પ્રાસાદિકતા ભરેલાં નવાં સ્ફુરણ' અને 'નવીન કવિતાના સૌથી પ્રથમ
સ્પષ્ટ અને મધુર રણકાર' *24 તરીકે ઓળખાવે છે. 1933માં એમનો
બીજો કાવ્યસંગ્રહ 'ઇલાકાવ્યો' પ્રકાશિત થાય છે. એમાં 'યમલ'નું
પુનર્મુદ્રણ ઉપરાંત 'કંચનજંઘા'ની સોનેટમાળા સમેત કુલ 35
સોનેટ છે. આ સિવાય 'ચાંદરણાં' (1935) નામનો બાલગીતસંગ્રહ,
'રતન' નામનું 1636 પંક્તિનું પૃથ્વી છંદમાં રચાયેલું દીર્ઘ કથાકાવ્ય,
'રૂડો રબારી' (1940), 'ચડો રે શિખર રાજા રામનાં' (1975) જેવા
એમના અન્ય કાવ્યસંગ્રહો નોંધપાત્ર છે.
ગુજરાતી આત્મકથનાત્મક અને પ્રવાસ સાહિત્યમાં ચંદ્રવદન
મહેતાની 'ગઠરિયાં' શ્રેણી વિશિષ્ટ મુદ્રા અંકિત કરે છે. 'બાંધ ગઠરિયાં'
ભાગ-1,2 (1956); 'છોડ ગઠરિયાં' (1956), 'સફર ગઠરિયાં' (1956),
'રંગ ગઠરિયાં' (1965), 'રૂપ ગઠરિયાં' (1965), 'નાટ્ય ગઠરિયાં' (1971),
'અંતર ગઠરિયાં' ભાગ-1,2 (1973), 'ધ્રુવ ગઠરિયાં' (1976) આદિમાં
એમના ગદ્યની વિવિધ મુદ્રાઓ આહ્લાદક બની રહે છે. તેમજ
'અમિયે ગુજરાતે ન રેલપાટે ન વાટે' (1962) અત્યંત ધ્યાનાર્હ બની
રહે છે. આ અંગે ચંદ્રકાંત ટોપીવાળા કહે છે: "પ્રશિષ્ટ છટાઓ ને
તળપદા સ્તરોથી પ્રગટતી ભાવભંગીઓ સાથે વ્યક્તિત્વનો પ્રબળ
અંશ સામેલ કરી જીવંત પુદ્ગલ રચતું એમનું ગદ્ય એમની
આત્મકથાઓ અને પ્રવાસકથાઓમાં જોઈ શકાય છે."*25
આ સિવાય ચંદ્રવદન મહેતાએ નવલકથા ક્ષેત્રે પણ પ્રદાન કર્યું છે.
1950માં 'ખમ્મા બાપુ' તરીકે અને 1976માં બીજી આવૃત્તિમાં 'જીવતી
પૂતળીઓ' તરીકે પ્રકાશિત એમની નવલકથા નોંધપાત્ર છે. આ
સિવાય 'રામાયણ'ના ખલનાયક રાવણને નાયકપદે સ્થાપીને

રચાયેલી એમની 'પરમમાહેશ્વર પી હે રામ' (૧૯૮૭) નામની વિશિષ્ટ પૌરાણિક નવલકથા ધ્યાનપાત્ર છે. આ સિવાય 'વાતચકરાવો' (૧૯૬૭), 'મંગલમાયા' (૧૯૭૫) જેવું એમનું કથાસાહિત્ય પણ ઉલ્લેખનીય છે.

અનુવાદ ક્ષેત્રે ચંદ્રવદન મહેતાનું વિશિષ્ટ પ્રદાન છે. એમણે સ્પેનિશ લેખક સર્વાન્ટિસની કીર્તિદા નવલકથા 'ડોન ક્વિક્ઝોટ'નો 'ડોન કિહોટે' (૧૯૬૮) નામે અનુવાદ કર્યો છે. 'સાહિત્ય અકાદમી' નવી દિલ્હીએ વિશ્વના બાર મહાગ્રંથોને ભારતીય ભાષાઓમાં અનૂદિત કરવાનો જે નિર્ણય કર્યો હતો તેમાં 'યુનેસ્કો'ની પ્રેરણાથી સર્વાન્ટિસની આ નવલકથાનો પણ સમાવેશ થયો હતો. અને આમ ગુજરાતી ભાષાને ચંદ્રવદન મહેતા દ્વારા એક અપૂર્વ અનુવાદ સાંપડે છે.

મૂંગીસ્ત્રી (૧૯૨૭) ચંદ્રવદન મહેતાનું પહેલું નાટ્યરૂપાંતરણ છે. મૂળ નાટકના સર્જક કોણ છે એ અંગે પૂરી માહિતી પ્રાપ્ત થતી નથી. એક નાટકનું વસ્તુ ફ્રાન્સના પ્રખ્યાત લેખક રાબેલાસના નામે નોંધાયેલું છે. એ ઉપરથી આનાતોલ ફ્રાન્સે એમાં નાટ્યોચિત ફેરફાર કરી એને અભિનયક્ષમરૂપ આપ્યું હતું. જે ચંદ્રવદન મહેતાએ જોયું હતું. નવલરામના 'ભટનું ભોપાળું' પછી સફળ રીતે ફ્રાન્સના નાટકને એમણે ગુજરાતની રંગભૂમિ પર ઉતાર્યું હતું. એમાં એમની રૂપાંતરની કળાની સાથેસાથે પોતાના રંગમંચના અનુભવનો કુશળતાપૂર્વક વિનિયોગ થયો છે.

આ સિવાય એમણે જ્યાં પોલ સાર્ત્રના 'કેમેરા' નામના ફ્રેંચ એકાંકીનું ગુજરાતી રૂપાંતર-ભાષાંતર 'કરોળિયાનું જાળું' (૧૯૬૧) નામે આપ્યું છે. કાલિદાસના 'અભિજ્ઞાન શાકુન્તલમ્' નાટકના કુલ સાત અંકોમાંથી પ્રથમ પાંચ - શકુન્તલા કણ્વના આશ્રમેથી દુષ્યંતને ત્યાં જવા વિદાય લે છે ત્યાં સુધીની કથા 'શકુન્તલા અથવા કન્યાવિદાય' (૧૯૬૫) નામે કાવ્યમાં અનૂદિત કરી છે. ગ્રીક નાટકકાર યુરિપીડિસના 'મીડિયા' નાટકને 'મદિરા' (૧૯૬૭), શેક્સપિયરના 'મીડ સમર નાઇટ્સ ડ્રિમ' નાટકનો 'મધ્ય ઉનાળાની રાતનું સપનું' (૧૯૭૦) અને ઇટાલિયન નાટકકાર ડારિયો નિકોડેમીના 'કવિ' નાટકને 'અહમાચાર્ય' (૧૯૭૪) નો એમણે અનુવાદ કર્યો છે એ નોંધપાત્ર છે. આ જ પરંપરામાં ૧૯૮૦માં તેઓ શ્રી અરવિંદ-

ના મહાકાવ્ય 'સાવિત્રી'ના આધારે અગિયાર રેડિયો રૂપકો આપે છે. અનુવાદ, રૂપાંતરણના ક્ષેત્રે આ એમનું વિલક્ષણ પ્રદાન છે. એની વિગતે ચર્ચા હવે પછી કરવામાં આવશે.

ચંદ્રવદન મહેતાના સમગ્ર અનૂદિત / રૂપાંતરિત સાહિત્યને આપણે નીચે મુજબ દર્શાવી શકીએ :



ચંદ્રવદન મહેતાને સાહિત્ય અને કલાક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરવા બદલ ભારત સરકાર તરફથી 'પદ્મશ્રી' સન્માન તેમજ સાહિત્ય અકાદમી, નવી દિલ્હી (૧૯૭૧)નો પુરસ્કાર, રણજિતરામ

સુવર્ણચંદ્રક (1936), નર્મદ સુવર્ણચંદ્રક (૧૯૫૨-૫૬), ગુજરાત સાહિત્ય અકાદમીનો પુરસ્કાર (૧૯૮૮-૮૯) આદિ અનેક સાહિત્યિક માનસન્માનો પ્રાપ્ત થયાં હતાં. એંકાણું વર્ષની વયે ૧૯૯૧માં એમનું દેહાવસાન થયું ત્યાં સુધી એમણે ગુજરાતના સંસ્કારજીવનને ઘડવામાં અને એમાં નાટ્યની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં ક્યારેય પાછું વળીને જોયું નથી.

'સાવિત્રી' ઉપર રેડિયોરૂપકો :-

પ્રસ્તુત રેડિયોરૂપકો વ્યાપક જનસમૂહ - શિક્ષિત, અશિક્ષિત, આબાલવૃદ્ધ સર્વને ધ્યાનમાં રાખીને રચાયેલાં છે. એનું પ્રયોજન શ્રી અરવિંદના 'સાવિત્રી' મહાકાવ્યને જનસમૂહ સુધી રજૂ કરવાનો છે. આકાશવાણી અમદાવાદ વડોદરા પરથી આ રેડિયોરૂપકો ૧૯૭૯-૮૦ દરમ્યાન પ્રસારિત પણ થયેલાં છે.

મૂળ કૃતિમાં બાર પર્વ (BOOKS) છે. એને આધારે ચંદ્રવદન મહેતાએ અગિયાર રેડિયોરૂપકોની રચના કરી છે. પ્રસ્તુત રૂપાંતરણનો આરંભ એમણે ૨૦ ડિસેમ્બર ૧૯૭૮ના રોજ કર્યો હતો. એની રચના પ્રક્રિયા અંગે તેઓ જણાવે છે : " આ ડિસેમ્બર ૧૯૭૮ને રોજ શરૂ કર્યું - ૭ જાન્યુઆરી ૧૯૭૯ને રોજ પૂરું કર્યું. વચ્ચે ચાર દિવસ ડિસેમ્બરના કલ્યાણમાં સાહિત્ય પરિષદ, બે દિવસ, પહેલો અને બીજો ભાગ અમદાવાદમાં રેકોર્ડ પણ કર્યો. ગણતાં એકંદરે પંદર દિવસની બેઠકમાં બારે ભાગ સડસડાટ ઊતર્યા- કોણ માને! ડાયરીમાં નોંધ છે, છતાં કોણ માનશે, હું માનું છું, અને રેડિયોના અધિકારીઓ માને છે- એ પંદર દિવસ મારી આંગળી ઉપર, મારા હાથ ઉપર, મારી કલમ ઉપર મહર્ષિ અરવિંદ, સ્વયં આવીને બેઠા હતા. મને પોતાને આ સિવાય બીજો ખુલાસો મળતો નથી. એક ઘટના બની ગઈ." *૨૬

પ્રસ્તુત રેડિયોરૂપકો 'મહર્ષિ અરવિંદ રચિત મહાકાવ્ય 'સાવિત્રી' ઉપર સંક્ષિપ્ત રેડિયોરૂપકો' શીર્ષકથી ૧૯૮૦માં શ્રી અરવિંદ સોસાયટી, વડોદરા તરફથી પુસ્તકરૂપે પ્રકાશિત થયાં

છે. એની પ્રસ્તાવના રોહિત મહેતા જેવા થિયોસોફી અને શ્રી અરવિંદ દર્શનના પ્રખ્યાતયશ ચિંતકે લખી છે

'સાવિત્રી' મહાકાવ્યની મૂળ પર્વયોજનાને અનુસરીને ચંદ્રવદન મહેતાએ ૧૧ રેડિયો રૂપકો રચ્યાં છે. પહેલું રૂપક 'મંગળ પ્રારંભ' સાવિત્રી'ના પ્રથમ પર્વ 'The Book of Beginnings'ને આધારે રચાયું છે. એમાં આરંભે પ્રવચક દેવલોકના જાગવા પૂર્વેના સમયનું વર્ણન કરે છે. એ સમયના અનંત અંધકાર, એમાં જાગતાં સ્પંદન અને અંતે પ્રગટતી અલૌકિક ઉષાનું આલેખન કર્યું છે એ પછી પ્રવચક દ્વારા પૃથ્વીની ઉત્ક્રાન્તિની કથા પણ કહેવાઈ છે. ત્યારબાદ અશ્વપતિનો, એની સાધનાનો પરિચય આપવામાં આવ્યો છે. એમાં અશ્વપતિ અહંને વિદારી પોતાના અંતરાત્માને જાગૃત કરે છે. આગળ જતાં તે વિશ્વમાનવ બની રહે છે. એને હવે સામયના બંધન નડતાં નથી. દિવ્ય અનુભૂતિઓ એને થવા લાગે છે. અને તે મૃત્યુને અતિક્રમી જઈ વિરાટ બ્રહ્મમંડળને નિરખી રહે છે

બીજા રૂપક 'અશ્વપતિનું આરોહણ'માં 'સાવિત્રી'ના બીજા પર્વ 'The Book of The Traveller of the Worlds.'ના પંદર સર્ગોનું સંક્ષિપ્ત આલેખન કરવામાં આવ્યું છે. અહીં અશ્વપતિ પૃથ્વી પટે અતિમનસનું અવતરણ કરાવવાનો દૃઢ નિશ્ચય કરે છે. એ માટે ચેતનાના વિવિધ ભુવનોમાં આરોહણ કરે છે. પ્રભુનો માર્ગદર્શક અવાજ આ બધા ભુવનોમાં માર્ગદર્શક આપી એની યાત્રાને સંકોરતો રહે છે. આ રીતે તે બ્રહ્મલોકમાં પહોંચે છે.

'દિવ્યજગદંબાની સ્તુતિ' નામના ત્રીજા રૂપકમાં 'સાવિત્રી'ના ત્રીજા પર્વ 'The Book of The Divine mother'ના ચાર સર્ગોને આલેખવામાં આવ્યા છે. એમાં અશ્વપતિને આદિશક્તિ પોતાના આશ્લેષમાં લે છે. આ બ્રહ્મલોકમાં એ સર્વકાંઈ જગદંબામય છે એવો અનુભવ કરે છે. જગદંબાનાં તે દર્શન કરે છે અને એમને પૃચ્છા કરે છે કે માનવ જન્મમરણનાં બંધનોને ક્યારે તોડી શકશે. દુઃખાર્ત, શોકાર્ત પૃથ્વી માટે તે માની કૃપા, પ્રેમ, આનંદની માગણી કરે છે. અશ્વપતિને અહીં અનહદના આનંદ- પરમાનંદનો અનુભવ થાય છે.

'સાવિત્રીનો જન્મ અને તેનું રહસ્ય' નામના ચોથા રૂપકમાં અશ્વપતિ અને સાવિત્રીના સંવાદો આલેખાયા છે. જગદંબાના વરદાનથી

અશ્વપતિને ત્યાં જન્મેલી સાવિત્રીને રાજા એના જન્મનો મહિમા સમજાવે છે. સાવિત્રીનો સમોવડિયો કોઈ પ્રાપ્ત ન થતાં એને એ માટે દેશાટન આદરવા આદેશ આપે છે. પિતાની આજ્ઞા શિરોધાર્ય કરીને સાવિત્રી રથ લઈને પૃથ્વીના પ્રદેશો ખૂંદવા નીકળી પડે છે. પ્રભુની દિવ્ય જ્યોતનો પ્રકાશ સતત તેને દોરતો રહે છે. જીવનસાથીને પામવાની એની અભીપ્સા તીવ્ર બને છે.

પાંચમું રૂપક 'સાવિત્રી' શીર્ષક ધરાવે છે. મૂળ કૃતિના 'The Book of Love' નામના પાંચમા પર્વનું અહીં રૂપાંતરણ થયું છે. સાવિત્રી વિધિનિર્મિત મિલનસ્થાને આવી પહોંચે છે. પ્રભુનો માર્ગદર્શક અવાજ એને સત્યવાનનો પરિચય આપે છે. સાવિત્રી- સત્યવાન શાલ્વ દેશના વનપ્રાંતે પરસ્પર મળે છે. આકર્ષણ અનુભવે છે. એમની વચ્ચે જે સંવાદ થાય છે એનાથી બન્નેને પ્રતીતિ થાય છે કે તેઓ એકમેક માટે જ સર્જાયાં છે. તેઓ ગાંધર્વ વિધિથી વિવાહ કરે છે. સત્યવાન એને પોતાની પર્ણકુટિએ લઈ જાય છે. ત્યારબાદ સાવિત્રી પોતાની પસંદગી પિતાને જણાવવા માટે મદ્ર પાછી ફરે છે.

'વિધિ- અકથ્ય દૈવની ગતિ' નામના છઠ્ઠા રૂપકમાં મદ્રદેશમાં રાજા અશ્વપતિના મહેલે દેવર્ષિ નારદ પ્રગટ થાય છે. એ વખતે જ સાવિત્રીનો પણ ત્યાં પ્રવેશ થાય છે. સાવિત્રી પોતાની પસંદગી જણાવે છે. અશ્વપતિની રાણીના અતિ આગ્રહને વશવર્તી આનાકાની બાદ નારદ સત્યવાનના એક જ વર્ષના શેષ આયુષ્યના દુર્દૈવનું કથન કરે છે. રાણી સાવિત્રીને પુનઃ પસંદગી કરવા જણાવે છે. પરંતુ સાવિત્રી મક્કમ રહે છે. નારદ આ પ્રસંગે રાણીને આ ઘટનામાં રહેલો ઈશ્વરનો ગૂઢ સંકેત સમજાવે છે. રાણીને એમાં વ્યવધાનરૂપ ન બનવા જણાવે છે. વિધિના આ સંગ્રામમાં સાવિત્રી સિવાય કોઈ હિંમત કરી શકવા અસમર્થ છે. માટે નારદ રાણીને દૂર ઊભા રહીને જે કાંઈ બની આવે એને ધીરજપૂર્વક નિહાળવા સલાહ આપે છે.

'યોગ' નામના સાતમા રૂપકમાં 'સાવિત્રી'ના સાતમા પર્વ 'The Book of Yoga'નું રૂપાંતરણ કરવામાં આવ્યું છે. અહીં સાવિત્રી માતાપિતાની આજ્ઞા લઈને સત્યવાનના ઘરે પાછી ફરે છે. અહીં એ દુર્દૈવનો સામનો કરવા યોગ કરે છે. એક માર્ગદર્શક અવાજ સતત એની

સાથે રહે છે. સાવિત્રી અંતરના પ્રદેશમાં પ્રવેશ કરે છે. એને દયાની દેવી, મહાકાલી અને શાંતિની દેવીઓ મળે છે. આ તત્ત્વો સાથે સંકળાયેલા અવાજો પણ તે સાંભળે છે. સાવિત્રી અહીં અટક્યા વગર પોતાના અંતરાત્માની પ્રાપ્તિ કરે છે. મૃત્યુનો મહાત કરવાની મહાશક્તિ તેને સંપ્રાપ્ત થાય છે.

'યમઃ સાવિત્રી' નામના આઠમા રૂપકમાં 'સાવિત્રી'ના આઠ અને નવમા પર્વોનું રૂપાંતરણ કરવામાં આવ્યું છે. અહીં સત્યવાનના મૃત્યુનું અને એ પછી યમરાજ સાથેના સાવિત્રીના વાદવિવાદનું આલેખન કરાયું છે. એમાં સાવિત્રી યમરાજને આધીન થતી નથી.

'બે અરાંપરાં' નામના નવમા રૂપકમાં 'સાવિત્રી'ના દશમા પર્વ 'The Book of the Double twilight'નું રૂપાંતરણ થયું છે. અહીં યમ-સાવિત્રી વચ્ચે ઉગ્ર વાદવિવાદ થાય છે. એમાં સાવિત્રી યમને પોતાની દિવ્યતાનો પ્રખર અનુભવ કરાવે છે. પરિણામે યમનો પરાજય થાય છે. તે પલાયન કરી ભાગે છે.

એ પછીના રૂપકમાં 'સાવિત્રી'ના અગિયારમા પર્વનું રૂપાંતરણ કરવામાં આવ્યું છે. એનું શીર્ષક છે: 'નિત્યનો પ્રકાશ, ચૈત્ય પુરુષની પ્રાપ્તિ, ઈશ્વરનું તાદાત્મ્ય.' અહીં દેવ સાવિત્રીને સ્વર્ગમાં જ લય પામી જવા પ્રલોભાવે છે. પરંતુ સાવિત્રી એનો માર્મિક અસ્વીકાર કરે છે. એનાથી પ્રસન્ન થઈને દેવ સાવિત્રીને પૃથ્વી ઉપર દિવ્ય જીવન પ્રગટાવવાનું વરદાન આપે છે.

'પ્રેમનો ધન્ય દિવસ અને ઉપસંહાર' શીર્ષક ધરાવતા અગિયારમા રૂપકમાં 'સાવિત્રી'ના બારમા પર્વનું રૂપાંતરણ કરવામાં આવ્યું છે. અહીં સત્યવાન-સાવિત્રીનું પૃથ્વીલોકમાં પુનરાગમન થાય છે. દ્યુમત્સેનનો ગુમાવેલું રાજ્ય પાછું મળે છે. સત્યવાન-સાવિત્રી સહિત સર્વે શાલ્વ ની રાજધાની પ્રતિ પાછાં ફરે છે.

પ્રસ્તુત રેડિયોરૂપકોમાં રૂપાંતરકાર પાત્રોના પ્રવેશ, નવાં પાત્રોના ઉમેરણ, નાટ્યોચિત્ સંક્ષેપ-વિસ્તાર-પરિવર્તનની કલાસૂઝ, સંવાદ અને ભાષાના કલાત્મક વિનિયોગથી નાટ્યાત્મકતા પ્રગટાવે છે. રૂપાંતરકાર તરીકેની એમની નવનવોન્મેષશાલિની પ્રતિભાનો અહીં આપણને પરિચય પ્રાપ્ત થાય છે.

પ્રથમ રૂપકમાં જ દેવોના જાગવા પૂર્વેની ઘડીનું વર્ણન રૂપાંતરકાર પ્રવચક (narrator) દ્વારા કરે છે. અહીં નાટ્યાત્મકતા આણવા તેઓ પૃથ્વીનું મૌલિક પાત્ર ઉમેરે છે. આ પૃથ્વી પોતાને સ્વર્ગથી વિખૂટી પડી ગયેલી અનુભવે છે. પરંતુ દિવ્ય ઉષા એના માટે આશ્વાસક બની રહે છે. એમાંથી એ કાંઈક વિભા-પ્રભા ગ્રહણ કરે છે. ત્યારબાદ પ્રવચક પૃથ્વીની ઉત્ક્રાન્તિની કથા કહે છે. 'સાવિત્રી' મહાકાવ્યના મૂળ સ્રોતનો નિર્દેશ કરે છે. અને પછી અશ્વપતિનો પરિચય આ રીતે કરાવે છે.

પ્રસિદ્ધ છે મહાભારતની કથા. આરણ્યક પર્વ.
સકળ વિશ્વની હતી એ વાંછના, એની બલિષ્ઠ અભિલાષા
કે કોઈ મર્ત્યને ત્યાં માનવી જન્મે એવી આશા
એવો કે વિશ્વલીલાનાં રહસ્યો કરે પ્રગટ
અને સહસા એવો હતો એક રાજવી અશ્વપતિ, પૃથિવીને પટ
અમરત્વમાંથી થયેલો એ મર્ત્ય, દેહે માનવ,
જન્મોજન્મના સંસ્કાર-સમૃદ્ધ, એટલે આ ભવ
એનો આત્મા તલસે વિરાટનાં દર્શન,
જ્ઞાનની અસીમ તૃષા, પૃથ્વીપટે દેવનું ઋણ વાળવા ઉત્કટ મન
એનું જ્ઞાન નહોતું સીમિત, હતો મુક્તિનો તલસાટ. (પૃ. ૩)

મૂળ કૃતિમાં અશ્વપતિનો પ્રવેશ પ્રથમ પર્વના ત્રીજા સર્ગમાં થાય છે. પ્રથમ બે સર્ગમાં તો સત્યવાનના મૃત્યુ દિનનું પ્રભાત, સાવિત્રીનો પ્રાણપ્રશ્ન આલેખાયો છે. ત્રીજા સર્ગના આરંભની પ્રથમ પંક્તિ:

A world's desire compelled her mortal birth. (૨૨:૧)

માં સારાયે વિશ્વની અભીપ્સા સાવિત્રીને મર્ત્ય જન્મ લેવા ફરજ પાડે છે એ દર્શાવાયું છે. પછી પૃથ્વીની અસ્માર્ત યોજના મોવડી રૂપે અશ્વપતિનો પરિચય કરાવાયો છે

One in the front of the immemorial quest, (૨૨:૨)
Protagonist of the mysterious play
In which the Unknown pursues himself through forms
And limits his eternity by the hours (૨૨:૫)

And the blind Void struggles to live and see, (૨૨:6)
A thinker and toiler in the ideal's air, (૨૨:૭)
Brought down to earth's dumb need her radiant power.
His was a spirit that stooped from larger spheres
Into our province of ephemeral sight, (૨૨:10)
A colonist from immortality.
A pointing beam on earth's uncertain roads, (૨૨:૧૨)
His birth held up a symbol and a sign;
His human self like a translucent cloak. (૨૨:14)
Covered the All-Wise who leads the unseeing world.
Affiliated to cosmic Space and Time (૨૨:16)
And paying here God's debt to earth and man
A greater sonship was his divine right. (૨૨:૧૮)

મૂળકૃતિમાંથી રૂપાંતરકાર કઈ રીતે ચયન કરે છે તે જોઈ શકાય છે. પ્રવચનની દીર્ઘ ઉક્તિબાદ રૂપકમાં અશ્વપતિનો પ્રવેશ આ રીતે થાય છે :

અશ્વપતિ : હું અશ્વપતિ! વિશ્વ સકળની વાંછના છે કે એ પૃથિવીપર જન્મે
એ, જે પવિત્ર છે તે, શુદ્ધ સ્વયંભૂ છે તે, શક્તિનો અંશ છે તે,
મર્ત્ય દેહે અમરત્વ ધારણ કરનાર, એ દિવ્ય રૂપ,
ન અનન્ય, અદ્વિતીય અમરત્વના અંશસ્વરૂપ,
વિધિની એ વાંછના છે ધન્ય કરવા ધરિત્રી,
વિશ્વ સકળની જે આશા છે તે, દિવ્ય સાવિત્રી. (૪.4)

ત્યારબાદ અશ્વપતિના 'thinker' અને 'toiler'ના વ્યક્તિત્વને આ રીતે રજૂ કરવામાં આવ્યું છે :

હું શું કરું તો એ સિદ્ધ થાય,
હું અશ્વપતિ, એ ઘટના રચાય
હું અશ્વપતિ! હું શું કરું – ચારે કોર અંધકાર
કંઈ માર્ગ, નવ્ય દર્શન, શી રીતે ઊતરવું પાર,

હું અશ્વપતિ ! જાગ, જાગ્રત થા ! હે અંતરાત્મા
ક્યાંક જ્યોતિ દાખવો એ પરમાત્મા ! (પૃ.4)

'સાવિત્રી'નાં પ્રથમ ત્રણ પર્વોમાં મુખ્યત્વે અશ્વપતિની યોગસાધનાનું અને અંતે એને પ્રાપ્ત થતા દર્શન અને વરદાનનું આલેખન છે. સમગ્ર મહાકાવ્યનો લગભગ અડધોઅડધ ભાગ આ ત્રણ પર્વોનો બનેલો પ્રથમ જ ખંડ રોકે છે. રેડિયો રૂપક માટે આ ભાગનું આલેખન કરવું સ્વાભાવિક રીતે જ પડકારરૂપ બની રહે. રૂપાંતરકાર આ માટે પ્રભુના માર્ગદર્શક અવાજ જેવા મૌલિક પાત્રનું ઉમેરણ કરે છે. ઉદાહરણ તરીકે અશ્વપતિ આત્માની દૃષ્ટિ પ્રાપ્ત કરતાં ગૂઢતાની ગુહામાં પ્રવેશ કરે છે. એનું નિરૂપણ મૂળ કૃતિમાં આ મુજબ કરવામાં આવ્યું છે:

There in a hidden chamber closed and mute (74:20)
Are kept the record graphs of the cosmic scribe,
And there the tables of the sacred Law, (74:22)
There is the Book of Being's index page,
The text and glossary of the Vedic truth (74:24)
Are there; the rhythms and metres of the stars
Significant of the movements of our fate : (74:26)
The symbol powers of number and of form,
And the secret code of the history of the world (74:28
And Nature's correspondence with the soul (75:1)
Are written in the mystic heart of life. (75:2).

હવે આપણે એનું રૂપાંતરણ જોઈએ:
અવાજ: વાંચ પેલી ગૂઢ લિપિ, વેદનાં સત્યો,
અંકશાસ્ત્રનાં ગૂઢ રહસ્યો, મંત્રો.
અશ્વપતિ: વિશ્વનો અહીં આલેખ્યો છે ઇતિહાસ.
અવાજ: અને પણ વાંચ, આત્મા સાથે નિસર્ગના વ્યવહારની પોથી,
નિહાળ આસપાસ.
અશ્વપતિ: એમાં તો બાજુમાં લખેલી છે નોંધ, ખાસ,

કંઈક ઊકલે છે, સંકેત, સંજ્ઞા, કંઈ થાય છે ભાસ.
અવાજ :- એ સત્યની છે લિપિ, વાંચ, લિપિ સનાતન.
અશ્વપતિ :- વંચાય છે એ લિપિ, કંઈક થાય છે દર્શન,
જાગે છે અંતર સ્મૃતિ, સહજમાં થાય છે જ્ઞાન.
અહીં છે ઋતનાં કોષ્ટકો, તારામંડળના છંદોલય, એનું
અહીં મહામાતાએ કરેલાં રૂપસર્જનો, અદ્વિતીય,
જોતાં પુલકિત થઈ, નષ્ટ થાય છે સૌ ભય. (પૃ.૧૧)

રૂપાંતરકારની આ સૂઝના એક વધારે દૃષ્ટાંત લેખે બીજા રૂપકમાં
ની અશ્વપતિની ચૌદ ભુવનોની યાત્રાનું આલેખન જોઈએ :
અવાજ : હજી નીચે અને નીચે નજર કર.
અશ્વપતિ : દેખાય છે, નર્યું નરકાગાર, કેમ કરું નજર ?
અવાજ : શું થાય અશ્વપતિ ! હજી તો એક વધારે વાર
કરવાનું છે દર્શન - એવા છે ભુવનોના પરિવાર,
યાત્રી માટેનું અંકિત કેડી સર્જન, હવે ઊંડે જા, એક જ વાર !
અશ્વપતિ : ના.
અવાજ : સ્વસ્થ સાચવી એક વાર, એમ હિંમત હારી નહીં જવાય,
આ જોવું અને જાણવું જ ઘટે, તો જ અનિર્વચનીયને પહોંચાય
(પૃ. ૨૫).

આમ, મૂળકૃતિનું આલેખન નાટ્યકારના સંસ્પર્શથી કેવું તો કલાત્મક, નાટ્યાત્મક રીતે રૂપાંતરિત થઈ ઉઠે છે તેની આપણને પ્રતીતિ થાય છે.

સાવિત્રી જ્યારે પોતાના જીવનસાથીને શોધવા દેશાટન આદરે છે ત્યારે પણ પ્રભુનો માર્ગદર્શક અવાજ એને દોરતો રહે છે. સાવિત્રી જ્યારે નિર્મિત મિલનસ્થાને આવી પહોંચે છે ત્યારે અવાજ કહે છે:

એ જ છે પગથાર, એ જ દિશા તું કર ગ્રહણ,
વનાન્તે, એ જ - એ જ વાટ બદલીને આ તરફ કરે છે પગરણ.
પ્રભુના તેજસ્વી ભાલાસ્વરૂપ, ટટાર.
પ્રભાતના પ્રકાશ શો આવે છે આ વાર, (પૃ.૫૦)
એનું ભાલ, ન્યાળ ! કેવુંક છે ઉદાત્ત શાંત સ્વર્ગો જેવું વિશાળ
પ્રજ્ઞાનું નિશ્ચિત ત્યાં સ્થાન અંગાંગમાં રાજવીની સૌંદર્યછટા,

એની દૃષ્ટિ ઊઘડતાં દેવોનાં પ્રભાત પ્રગટે, મસ્તકે તેજની પ્રભા
ભર્યો કોઈ તરુણ ઋષિ, શરીર ભણે પ્રેમકુંવર અને રાજકુંવર બેનો
સમન્વય

ઓહોહો, ઉન્નત છે શીર, સ્વસ્થ છે અભય,
છાંડ્યાં છે રાજપાટ, એમાં ક્રૂર વિધિનો જ છે હાથ.
(પૃ. ૫૧).

મૂળકૃતિમાં સત્યવાનની દેહયષ્ટિનું આ આલેખન ગૌણ પુરુષના કથનાકેન્દ્રેથી થયું છે. એમાંની અંતિમ પંક્તિનું રૂપાંતરણ વિશેષ કાવ્યાત્મક છે. મૂળ પંક્તિ આ મુજબ છે:

His body was a lover's and king's. (393 : 17)

ચંદ્રવદન મહેતાએ ઉપર્યુક્ત પંક્તિનું રૂપાંતરણ આ રીતે કર્યું છે:

શરીર ભણે પ્રેમકુંવર અને રાજકુંવર બેનો સમન્વય. (પૃ. ૫૧).

આ પંક્તિના અન્ય અનુવાદો સરખાવવાથી આ મુદ્દો એકદમ સ્પષ્ટ થશે:

પૂજાલાલનો અનુવાદ:

વપુ એનું હતું એક પ્રેમીનું ને નૃપાલનું. (૬૨૭ : 13)

અંબાલાલ પુરાણીનો અનુવાદ:

પ્રણયીનો અને સમ્રાટનો હોય એવો એનો સમગ્ર દેહ હતો.
(પૃ. ૩૭૩)

સુન્દરમે આ પંક્તિનો અનુવાદ કર્યો નથી. ઉપર્યુક્ત ત્રણે અનુવાદોમાં ચંદ્રવદન મહેતાનો અનુવાદ વિશેષ ધ્યાનાર્હ બની રહે છે.

નાટ્યાત્મકતાનું નિર્વહણ પ્રસ્તુત રેડિયોરૂપકોમાં સંવાદો દ્વારા થાય છે. સંવાદો દ્વારા જ કથાવસ્તુનો વિકાસ થાય છે, પાત્રોની રૂપરેખા, વેશ-ભૂષા, આંતર બાહ્ય ગતિવિધિ, કાર્યકલાપનો પરિચય પ્રાપ્ત થાય છે. આ સંદર્ભે સાવિત્રીનો અંતરના રાજ્યોમાં પ્રવેશ થાય છે એ સમયનો સાતમા રૂપકમાં પ્રયોજાયેલો સંવાદ નોંધપાત્ર છે:

સાવિત્રી: શું કરું, ક્યાંથી શરૂ કરું, માર્ગ તો લાગે છે વિકટ,

હૃદય છે વિશુદ્ધ, એમાં જ ધરું ધ્યાન, અતિ ઉત્કટ
થાઉં છું ધ્યાનમગ્ન, ત્યાં દેખાય છે કંઈ દ્વાર
અહીં જ છુપાયા હશે ચૈત્યાત્મા, પણ છે અંધકાર
ખોલો ખોલો આ દ્વાર, ઊભી છું બહાર.

અવાજ : કોણ છે આ વાર, પીછે મગ્નો, યાતના ભોગવશો પારાવાર
અને આખરે પહોંચશો યમને દ્વાર, મૃત્યુ જ મળશે આખરનું
ફળ.

સાવિત્રી : ફૂલ જેટલું હૃદય, એમાં આટલો કોલાહલ!
ઓહ મા! દ્વાર પર આવડો મોટો સર્પ.
અરે આ શો એનો ફૂંફાડો, હૃદયમાં પણ આવાં ભર્યાં છે નરક
સર્પરાજ! અગ્નિઝરંતા શેના કાઢો છો ડોળા
અને મુખનાં ફાડયાં કરો છો પહોળાં,
ભૂત છો, પિશાચ, ભયંકર કરી છે લીલા!
જિહ્વાના ફડફડાટ, દેખાડો છો લીલા-પીળા
મને નથી તમારો ડર, ખોલો દ્વાર, મારું હૃદય છે વિશુદ્ધ.
ઓ આ ખૂલ્યાં ભીતર, અહીં તો નથી કોઈ પ્રબુદ્ધ.
(પૃ.૭૫)

અહીં જોઈ શકાય છે કે મૂળકૃતિનો ભાવ સાવિત્રી અને અવાજ વચ્ચેના સંવાદરૂપે તેમજ સાવિત્રીની સ્વગતોક્તિ દ્વારા રેડિયોરૂપકમાં સંતુલિત નાટ્યાત્મકતા ધારણ કરે છે.

આ સંદર્ભે નવમા રૂપકમાં સાવિત્રીમાંનો દિવ્યતાનો યમને અનુભવ થાય છે, યમનો આત્મા સાવિત્રીને નમે છે પરંતુ દેવોને પણ બંધનકારક એનો સંકલ્પ સાવિત્રીને નકારે છે. એ વખતનો સાવિત્રી અને યમનો સંવાદ અત્યંત નાટ્યાત્મકતા ધારણ કરે છે. એ આપણે જોઈએ :

યમ : ના, વિધિના નિયમોનો ભંગ નહીં કરાય,
ના, એને જીવનદાન નહીં અપાય!
ના, ના, એને જીવનદાન નહીં અપાય!

સાવિત્રી : તો મારી આશા છે, મારો દૃઢ સંકલ્પ છે, એ સજીવન થાય,
સત્યવાન જીવિત થાય, મૃત્યુની પાળ ઓળંગી જાય!

યમ: ના, ના, નિશા, ભયંકર નિશા, કાળી રાત,
આ નહીં, નથી સાંભળતી મારી વાત!
ઓ સકળ નરકાગાર, મારી વ્હારે ધાઓ,
નહીં? ચૂપચૂપ પાછાં ચાલ્યાં? ભરઓ!
ઠીક, મારું સકળ બળ, પ્રાણચેતના, મારી વ્હારે ધાઓ!
વિશ્વના નિયમોનું નિકંદન થાય છે, આવો આવો!
ના,ના... શું હું હાર્યો, સત્યવાન થાય છે સજીવન!
જ્વાલાઓ - ભડભડતી જ્વાલા, મને ગળવા આવે છે શું?
ઓ હું ભસ્મ થઇ જઇશ, ત્રાહિ! મને બચાવો.

સાવિત્રી: નાસ! નાસ! યમરાજ નાસ!

યમ: આ શું? સત્યવાન! જાગ્રત, સાવિત્રીનું આલિંગન!
બંને પરસ્પર એકમેક, મારા સામ્રાજ્યનું નિકંદન!
ઓ - ક્યાં જઉં, ક્યાં નાસું નિશા! નિશા!
કાળી રાત, મને ઢાંક, તારો પટલ બિછાવ,
તારો શ્યામલ બુરખો ઢાંકી મને બચાવ!

સાવિત્રી: જય અંબે, જય અંબે, મા! મારા સત્યવાન!
થયો મૃત્યુનો પરાજય, હે ભાગ્યવાન!
મારો મૃત્યુ ઉપર વિરલ વિજય, સત્યવાન, મારા પ્રાણ!

(પૃ. ૧૦૭).

આમ, સંવાદોના વિનિયોગમાં નાટ્યકારની કલાસૂઝ જોઇ શકાય છે. આ સંવાદો કોઇ ને કોઇ નાટ્યીય પ્રયોજન સિદ્ધ કરતા હોય છે. ભાષાની ચમત્કૃતિ પ્રગટાવવા એ પ્રયોજાયા નથી. આ સંવાદોની બીજી લાક્ષણિકતા છે તેમનું ઔચિત્ય. આ ઔચિત્ય પાત્રગત, ભાવગત રહેલું છે. આ સંદર્ભે સાવિત્રીના સંવાદોમાં રહેલ અડગતા, યમના સંવાદોમાં રહેલ માનવીય પ્રેમનો નકાર, નારદના સંવાદોમાં પ્રગટતું આર્ષદર્શન ઉલ્લેખનીય છે. આ સંવાદો સહજ રીતે જ જે તે પાત્રના આંતરવ્યક્તિત્વને ઉદ્ઘાટિત કરી આપે છે.

રૂપાંતરકારે પ્રસ્તુત રેડિયોરૂપકોમાં કેટલાંક મૌલિક પરિવર્તનો કર્યાં છે. આ પરિવર્તનો ચર્ચાસ્પદ છે. 'સાવિત્રી' મહાકાવ્યના સાતમા પર્વના ચોથા સર્ગમાં સાવિત્રીને આંતરયાત્રા દરમ્યાન સૌપ્રથમ દયાની દેવી ત્યારબાદ

સામર્થ્યની દેવી અને અંતે શાંતિની દેવીનો મેળાપ થાય છે. આ પ્રત્યેક શક્તિઓ/ દેવીઓની સાથે જુદા જુદા અસુરના અવાજો- (૧) માનવમતિનાં દુઃખોની સામે ફરિયાદ કરનાર માનવચેતનાના અંશનો ગુસ્સાભર્યો અવાજ, (૨) કામનાના વિશાળ જગતમાં રહેલી અહંતાના વામણા અસુરનો અવાજ અને (૩) ઇન્દ્રિયોમાં પુરાયેલા માનવ મનનો અવાજ તે સાંભળે છે. આ અવાજો માટે રૂપાંતરકારે (૧) સંત; (૨) અહંકાર અને (૩) મનીરામના પાત્રો પ્રયોજે છે એ ચિંત્ય છે.

એ જ રીતે ત્રીજા રૂપકમાં અશ્વપતિ મા ભગવતીનાં દર્શન કરી લે છે અને વરદાન પ્રાપ્ત કરે છે ત્યારબાદ પોતાના અંતરમાં ઊંડે ઊતરીને એમાં રહેલી કામના, સ્વાર્થ, ક્રોધ, મદ, મત્સર વગેરેને ભસ્મ કરી દેવા કટિબદ્ધ બને છે. મૂળકૃતિમાં અશ્વપતિનું આ શોધન અંતરાત્માની પ્રાપ્તિ થયા બાદ નસત થાય છે. એ પછી જ એનામાં સૌથી જબર અને છેલ્લું રૂપાંતર (last and mightiest transformation) થાય છે. એનું આલેખન મૂળકૃતિના ત્રીજા પર્વના ત્રીજા સર્ગમાં થયું છે. પ્રસ્તુત રૂપકમાં થયેલો આ વ્યત્યય ઔચિત્યપૂર્ણ નથી. કારણ જો અશ્વપતિમાં સૂક્ષ્મ કષાયો પણ રહ્યા હોય તો એને મા ભગવતીનાં દર્શન થાય જ નહિ. અને ધારો કે થઈ પણ ગયાં તો એ કષાયો મા ભગવતીના પ્રભાવે પરિષ્કૃત થઈ જાય. આમ, રૂપાંતરકારનું પ્રસ્તુત પરિવર્તન અતાર્કિક બની રહે છે.

પ્રસ્તુત રેડિયોરૂપકોનું એક સૌથી વિશેષ ધ્યાનાર્હ પાસું રૂપાંતરકારે 'સાવિત્રી'ના બ્લેંક વર્સ માટે પ્રયોજેલો વનવેલી છંદ છે. નાટકની ઉક્તિઓ માટે કેશવ હર્ષદ ધ્રુવે (૧૮૫૯ - 1938) પ્રયોજેલો આ એક સમર્થ છંદ છે. પ્રસ્તુત રેડિયોરૂપકોમાં પ્રયોજાયેલો વનવેલી ઉમાશંકર જોશીના 'ગંગોત્રી'માં પ્રયોજાયેલા વનવેલીનો સગોત્ર છે.

પ્રસ્તુત રેડિયોરૂપકોમાં પ્રયોજાયેલા વનવેલીમાં લઘુગુરુનો કોઈ ક્રમ નથી. એટલે વાક્યરચનાને કોઈ લઘુગુરુનું સ્થાન સાચવવા, કે અમુક માત્રાઓ પૂરી કરી આપવા મચડવાની જરૂર પડતી નથી. વાક્યરચના ગદ્યના ક્રમને યથેચ્છ અનુસરી શકે છે, અને ભાવને અનુરૂપ ગમે તેવી વાક્યભંગીઓ પણ ધારણ કરી શકે છે.

આ દૃષ્ટિએ પાંચમા રૂપકમાંનો સત્યવાન-સાવિત્રીનો સંવાદ જોઈએ:

સાવિત્રી: કોણ છે તે આ, થનગને છે મન,
અંતર પરસ્પર આપે છે વચન,
હૃદય અને હૃદય વચ્ચેના ધુમ્મસના પટલ
તૂટી જતાં જાગે છે સ્મરણો વિરલ,
કોણ હશે મહાનુભાવ, જાગે છે પ્રીત,
હશે ખરેખર જગદંબાની આ રીત ?

સત્યવાન: કાળના અગાધ મૌનમાંથી એકાએક અહીં
ક્યાંથી અવતરી સુવર્ણ સુંદરી, જવા નીકળી છે ક્યહીં ?
દેહ છે અવર્ણનીય, દિવ્ય છે આભા, સત્ય
ધરતીની જ્યોત છે આસપાસ, અંતરમાં દૈવી તત્વ,
માનવકુલે કિયો વંશ, કિયું અલંકારાયું છે વતન,
મારા હૃદયમાં તેં અનાયાશ શેં પ્રગટાવ્યાં છે સ્પંદન ?

સાવિત્રી: મારું નામ સાવિત્રી, મદ્ર દેશના રાજાની રાજકુંવરી,
ધરિત્રી પર જનપદો જોવા યાત્રા છે મેં આદરી
આપ છો વિવેકભરપૂર મહાભાગ! શું છે આપનું મધુર
શુભનામ ?
જે પછી અલંકારો છો વંશ, આપને કરું છું પ્રણામ.
(પૃ. ૬૩).

આની સાપેક્ષે આપણે નવમા રૂપકમાંનો યમ-સાવિત્રીનો સંવાદ જોઈએ :-

યમ: ભલેને તું હોય જગદંબાનો અવતાર, શક્તિમાન,
નિસર્ગના નિયમો તારા સંકલ્પ થકી છે બળવાન!
માનવ તો છે સમયના સાગર પરનો એક પરપોટો,
એક નાની શી મળી છે સિદ્ધિ, એથી તું જગતના નિયમને
નહીં કરી શકે ખોટો !
સત્યની તું કરે છે વાત, પણ માનવીના હૃદયમાં નથી
એનો નિવાસ,
અને હોય તો પ્રત્યક્ષ બતાવ એ સત્ય, યા એનો અંશ કે આભાસ!

તો હું એને પૂજું અને પાછો આપું તારો સત્યવાન,
પણ એ નથી શક્ય, મર્ત્ય તો મર્ત્ય, એ ન થાય સજીવન
એટલું તો પ્રમાણ !

સાવિત્રી: તું છે યમરાજ ! નથી પ્રભુ યા પેગમ્બર,
એનો પડછાયો જ માત્ર, ન ઇતર !
પ્રભુ તો છે એક, એનામાં છે સર્વ, અનેક,
છતાં એ જુએ છે સચરાચરમાં પ્રત્યેક !
એ છે અનાદિ, અનંત, મન થકી પર,
છતાં એ જ છે એક વિશ્વંભર !
ગહન સમુદ્રનાં મોજાંમાં એ છે એનું હાસ્ય,
સચરાચરમાં એનું પ્રત્યક્ષ છે નૃત્ય-લાસ્ય !
મૃત્યુ તો છે એકમાત્ર આવરણ,
અજ્ઞાનનું એક પ્રકારનું ઢાંકણ !

(પૃ. 105).

આમ, ભાવને અનુરૂપ વાક્યભંગીઓ અહીં જોઈ શકાય છે. વાક્યો ગમે તેટલાં લાંબાંટૂંકાં આવી શકે છે. ભાવને અનુરૂપ લય જોવા મળે છે. અહીં યતિનો પ્રશ્ન પણ ઉપસ્થિત થતો નથી. આમ, આ છંદ ગદ્યની સાવ લગોલગ આવી જાય છે. પરંતુ તાલ આ વનવેલીનું જીવાતુભૂત તત્ત્વ છે. એનાથી જ એ ગદ્યથી અલગ પડે છે. બાકી અહીં નથી તો ચતુષ્કલનાં નિયમિત આવર્તનો કે નથી નિશ્ચિત અક્ષરસંખ્યા. આ છંદ અંગે રામનારાયણ પાઠક કહે છે: "નાટકને માટે હજી સુધીના બધા પ્રયત્નોમાં મને સૌથી કાબેલ વનવેલી છન્દ જણાયો છે. પણ તેના પણ ખૂબ પ્રયત્નો થવાની જરૂર છે." *27 એ પછી 'વનવેલી'ની નાટકની ક્ષમતા સારી એવી ખેડાઈ છે. ચંદ્રવદન મહેતા શ્લોકવર્ષા જેવા અગેય, પ્રવાહિતા, યતિ-સ્વાતંત્ર્ય અને અશ્લોકાકારત્વ ધરાવતા છંદ માટે વનવેલીનો પ્રયોજે છે એમાં ઔચિત્ય રહેલું છે. શ્લોકવર્ષા માટેના એક સમર્થ અને સંતર્પક ગુજરાતી અનુરૂપ વૃત્તવિકલ્પ તરીકે અહીં વનવેલી પ્રયોજાયેલો જોઈ શકાય છે.

ભાષા આ રેડિયોરૂપકોનું સૌથી બળુકું અંગ છે. આ રેડિયોરૂપકો બોલાતા શબ્દમાં સમાયાં છે. એટલે એમાની ભાવની અભિવ્યંજનાત્મકતા ઊડીને આંખે વળગે એવી છે. ભાષામાં જીવંતતા, સરળતા અને પ્રવાહિતા છે.

રૂપાંતરકારે વિશેષ સામર્થ્યપૂર્વક ભાષાને અહીં પ્રયોજી છે. એ નથી તો સંસ્કૃતાઢ્ય બની રહી કે નથી તળપદી બની રહી. એમાં સંસ્કૃતની સાથે અરબી, ફારસી, અંગ્રેજી જેવી ભાષાઓનો સમ્યક્ વિનિયોગ થયેલો છે. ગુજરાતી ભાષાના લાક્ષણિક પ્રયોગો અહીં કુશળતાપૂર્વક થયા છે. ભાવના પલટાને અનુરૂપ ભાષાનું પોત પણ અહીં બદલાતું રહે છે. પ્રથમ રૂપકમાં પૃથિવીની ઉક્તિમાં સંસ્કૃતાઢ્યતા, સામાસિકતા જોવા મળે છે:

વિશ્વને આંગણે ઉષા પાથરતી નિત્ય પ્રકાશ,
જીવિત માત્રમાં સંચાર કરતી વિકાસ
સદા દેદીપ્યમાન, શુભ્ર સંચારિણી
સમગ્રને એક જ જ્યોતિરેખ થકી બંધનકારિણી,
તારિણી, તિમિરવિદારિણી, રમ્ય મુગ્ધ આશાપ્રસારિણી.
સૂર્યસ્રોત સવિતા- સાવિત્રી શુભ દાયિની
રમ્ય સુભગ શુભ્ર, પવિત્ર, તેજવાહિની ઉષા ! પ્રભાપ્રદાયિની !
(પૃ. ૨).

અહીં 'સંચારિણી', 'બંધનકારિણી', 'તારિણી', 'તિમિરવિદારિણી', 'આશાપ્રસારિણી', 'દાયિની', 'તેજવાહિની', 'પ્રભાપ્રદાયિની' જેવા તત્સમ શબ્દો, 'ઈની / 'ઇણી' ના પરપ્રત્યયની આવૃત્તિને પરિણામે વિશેષ ઉલ્લેખનીય બની રહે છે.

અધિપતિ ચેતનાના વિવિધ પ્રદેશોમાં આરોહણ કરતાં કરતાં અંધેરી નગરી– અજ્ઞાન નગરમાં આવી પહોંચે છે. શબ્દચયનની દૃષ્ટિએ આ અંશ બીજા રૂપકમાં ધ્યાનાર્હ છે :-

અવાજ : તલવારનો એક ઝાટકો, એ જ અહીં કાનૂન- એક જ
રાજ્યનીતિ,
સૌન્ય કરે તેમ થાય, સહસા સોગંદવિધિ ! સર્વત્ર

અસત્યનો નિધિ !

ગુનેગાર ઉપર જ પહેલાં તો થાય પથ્થરમાર,
સૌ સૌના વિહરે અહીં અહંકાર, એ જ મનાય સત્ય,
એ જ ઉચ્ચાર !

અધિપતિ: આ તો છે ધર્મનું આસન, લોહીનાં ખાબોચિયાં ભરપૂર,
દેખાય છે બહારનું ઐક્ય, જુલ્મ અને સિતમો પર જ
મજબૂર !
થાય છે અહીં આધ્યાત્મિક વ્યક્તિનું કેવળ અપમાન,
અસત્ય એ જ સત્ય, અને સત્ય તે જ અસત્ય,
એનું જ થાય સન્માન!
(પૃ.૨૫)

અહીં 'કાનૂન' (ફારસી), 'ગુનેગાર' (ફારસી) 'જુલ્મ (અરબી), 'સિતમ' (ફારસી), 'મજબૂર' (અરબી) જેવા અન્ય ભાષાના શબ્દોનો વિનિયોગ નોંધપાત્ર છે.

પ્રસ્તુત રૂપકોમાં વ્યવહારના શબ્દોનો પ્રયોગ પણ ધ્યાનપાત્ર છે. આ દૃષ્ટિએ પ્રથમ રૂપકની નીચે દર્શાવેલી ઉક્તિ આપણે તપાસીએ :-

અવાજ : હજી જરી ખમ, હજી પંથ લાંબો છે, આકળો ન થા.
હજી કંઈક નવનવીન મોરો, ચકિત ન થતો ન થા.
ચંચળ ન થતો, ચલિત ન થતો, આ તો કંઈ નથી,
હજી પાશેરામાં પહેલી પૂણી, વ્યગ્ર ન થા.
(પૃ. 6).

અહીં 'જરી', 'ખમ', 'આકળો ન થા', 'પાશેરામાં પહેલી પૂણી' જેવા વ્યવહારના શબ્દો / રૂઢિપ્રયોગો રૂપકને જીવંતતા અર્પે છે. આમ, પ્રસ્તુત રૂપાંતરણ ગુજરાતી ભાષાની શક્યતાઓના વિસ્તાર લેખે પણ નોંધપાત્ર બની રહે છે.

ક્યારેક રૂપાંતરકાર મૂળ કૃતિની પંક્તિ કશા ફેરફાર વગર પ્રયોજે છે. પ્રથમ રૂપકમાં પુરૂષ અને પ્રકૃતિની લીલાના અનુસંધાનમાં પ્રભુનો માર્ગદર્શક અવાજ અશ્વપતિને કહે છે:

માનવધારી રહે એનો સ્વભાવ,
એવી એણે ધારણ કર્યો છે મનુષ્યભાવ.
"ટિલ ધ નેશ્યંટ ડસ્ક ઇઝ લિફ્ટેડ, ફ્રોમ મેન્સ સોલ,"
આત્મા ઉપરની જુનવાણી ધૂળ ખંખેરાઇ જાય, એવો છે એનો કોલ.
(પૃ:૧૦)

અહીં 'સાવિત્રી' ના પ્રથમ પર્વના પાંચમા સર્ગના ૭૨મા પૃષ્ઠની 18 મી પંક્તિ એવીને એવી પ્રયોજાયેલી જોઇ શકાય છે.

ક્યારેક તેઓ અખા જેવા જ્ઞાનમાર્ગી કવિની ચિરંજીવ પંક્તિનો પણ વિનિયોગ કરે છે. રાજા અશ્વપતિ દિવ્ય જગદંબાની સૃષ્ટિમાં આવી પહોંચે છે ત્યારે તેનો ઉદ્ગાર આ મુજબ હોય છે:

અશ્વપતિ: કોઇ અકળ કળા ખેલત નર આંહીં,
બુદ્ધિ નહીં કંઇ પામે ક્યાંહી,
અદ્ભુત, અકળી ગહન કરી લીલા,
(રૂપક: ૩, પૃ. ૨૧)

અહીં અશ્વપતિની પ્રથમ ઉક્તિરૂપે અખાકૃત 'અખેગીતા' માંના ચોથા પદની ચિરસ્મરણીય પંક્તિ: 'અજબ કલા ખેલત નરસાની' પ્રાપ્ત થાય છે એ નોંધપાત્ર છે.

એ જ રીતે બીજા રૂપકમાં અશ્વપતિ આરોહણ દરમ્યાન શુદ્ધતર મનના પ્રદેશમાં પહોંચે છે ત્યારે તે કહે છે:

અશ્વપતિ: વિદ્યાના શિશુને એ પારણે ઝુલાવે છે,
અને વિરાટના પારણામાં એ મહાસ્વરૂપ મ્હાલે છે!
અહીં ભાન થાય છે, 'અણોરણીયાન્,
મહતો મહીયાન્', એ સત્ય નિદાન! (પૃ. ૨૭)

અહીં 'કઠોપનિષદ' (૧:૨:૨૦)માં પ્રાપ્ત થતા વિખ્યાત સૂત્રનો સમુચિત વિનિયોગ જોઇ શકાય છે. શ્રી અરવિંદે 'સાવિત્રી'માં આવી

'એલ્યુઝિવ સ્ટાઈલ' નોંધપાત્ર રીતે પ્રયોજી છે. એનો સંકેત પ્રથમ પ્રકરણમાં આપણે કરી પણ ગયા છે. અહીં રૂપાંતરકાર પોતાની રીતે આ શૈલીનો પ્રયોગ કરે છે. એ દ્વારા મૂળના મર્મને સમર્થ રીતે સંક્રમિત કરે છે.

પ્રસ્તુત રેડિયોરૂપકોનું અલંકારવિધાન પણ વિશેષ ઉલ્લેખનીય છે. અહીં સર્વત્ર અંત્યાનુપ્રાસ જોવા મળે છે. આ દ્રષ્ટિએ દશમા રૂપકમાંની સાવિત્રીની એક ઉક્તિ આપણે જોઈએ:

સાવિત્રી: પણ હે યમરાજ! સત્યાનું હું શી રીતે કરાવી શકું દર્શન,
એ છે સનાતન જ્યોત, સમયાતીત, વિરાટ છે એનું ભવન!
તને જો એનું દર્શન થાય તો તું પણ થઈ જાય પ્રબુદ્ધ,
તારો પણ થાય મોક્ષ, પૃથ્વીનું જીવન સકળ થાય શુદ્ધ!
(પૃ. 105).

અહીં 'દર્શન'/'ભવન' તેમજ 'પ્રબુદ્ધ'/'શુદ્ધ' નો અંત્યાનુપ્રાસ ધ્યાનાર્હ છે.

આ સિવાય પ્રસ્તુત રૂપકોમાં અલંકારપ્રચૂર બાનીનો પણ કલાત્મક વિનિયોગ થયો છે. આ દ્રષ્ટિએ છઠ્ઠા રૂપકમાં નારદ સત્યવાનનો જે પરિચય આપે છે તે નોંધપાત્ર છે:

નારદ: વસંતમાં ફૂટતી કળી જેવા મધુર, નમ્ર છતાં એ છે વીર.
વહેતા નિર્ઝર જેટલો પવિત્ર, સ્વર્ગ સાથે સંકલીત
સુવર્ણમય કાંતિ અનંતમાંથી પ્રકૃતિએ સંશોધિત
પસંદ કરેલા આનંદનું સ્વરૂપ, સૌંદર્યનો તાજ
યા શાંતિદાતા પુષ્પ જેવો આહ્લાદક (પૃ. 67)

અહીં સત્યવાનના પરિચય માટે પ્રયોજાયેલા ઉપમા, રૂપક, અતિશયોક્તિ જેવા અલંકારો ધ્યાનપાત્ર છે. આમ અહીં નાટ્યવિદ રૂપાંતરકારે ભાષાની ક્ષમતાને પૂરેપૂરી રીતે ખોડી છે એ જોઈ શકાય છે.

સમગ્ર રીતે જોતાં ગુજરાતી ભાષી શિક્ષિત, અશિક્ષિત તમામ વર્ગના આબાલવૃદ્ધ જનોને ચંદ્રવદન મહેતાના પ્રસ્તુત રેડિયોરૂપકો

'સાવિત્રી' મહાકાવ્યનો પ્રથમ પરિચય આપનારાં બની રહે છે. અહીં રૂપાંતરકારે મૂળ કૃતિની ૨૪,૦૦૦ જેટલી પંક્તિઓનો ૬૦૦૦ જેટલી પંક્તિઓમાં ભાવસંક્ષેપ આપ્યો છે. આ માટે એમણે સ્વરૂપાંતર પણ કર્યું છે. આ રૂપાંતરને લીધે 'સાવિત્રી' મહાકાવ્ય વિશેષ લોકભોગ્ય બની શક્યું છે.

મૂળકૃતિનાં નાટ્યાત્મક રસસ્થાનોને રૂપાંતરકારે પોતાની પરિણત પ્રજ્ઞાથી પારખી લઈને વિકસાવ્યા છે. અન્ય સ્થાનો એમણે સર્જ્યાં પણ છે. વળી, આ રૂપકોમાં એમણે શ્લોક વર્સ માટે વનવેલી છંદ પ્રયોજ્યો છે એ પણ એમનું નોંધપાત્ર પ્રદાન છે.

આમ, ભાવકોને મૂળકૃતિ માણવા પ્રેરવાનું પુણ્યકાર્ય ચંદ્રવદન મહેતાએ આ અગિયાર રેડિયોરૂપકો દ્વારા કુશળતાપૂર્વક કર્યું છે એ વિશેષરૂપે ઉલ્લેખનીય છે.

(૪)જતીન્દ્ર આચાર્ય :

ગુજરાતીમાં 'સાવિત્રી' મહાકાવ્યનો અનુવાદ કરનાર આંગળીના વેઢે ગણી શકાય એટલા અનુવાદકોમાં જતીન્દ્ર પ્રભાશંકર આચાર્ય આજે પણ વિદ્યમાન છે. સિદ્ધપુરના વતની જતીન્દ્ર આચાર્ય ૧ ઓગષ્ટ ૧૯૧૬ના રોજ જન્મ્યા છે. મુંબઈમાં ભૌતિક વિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર જેવા વિષયો સાથે સ્નાતકત્વ પ્રાપ્ત કર્યા બાદ એમણે શિક્ષણનો વ્યવસાય સ્વીકાર્યો હતો. હાલ એમણે હિંમતનગર ખાતે 'સાવિત્રી'ના અનુવાદકાર્યને પોતાનું શેષ જીવન અર્પણ કર્યું છે.

અધ્યયન અને અધ્યાપનકાળ દરમ્યાન તેઓ સુન્દરમ્, જયંત પાઠક, પ્રભુરામ રાવળ, ધીરુભાઈ ઠાકર, દુર્ગેશ શુક્લ આદિના સંપર્કમાં આવે છે. એમની સાહિત્યરુચિ વિકસે છે. જતીન્દ્ર આચાર્યનાં બાળકાવ્યો 'ગીતગુર્જરી' નામે તેમજ 'સુંદર ગીત' અને 'સુરખી' કાવ્યસંગ્રહ પ્રકાશિત થયેલા છે. એમનાં 'ગીતગુર્જરી' બાળકાવ્યોને ભારત સરકારનું પ્રથમ પારિતોષિક અને 'સુન્દર ગીત'ને ગુજરાત રાજ્યનો પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત થયો

હતો એ નોંધપાત્ર છે. 'કુમાર', 'દક્ષિણા', 'પ્રસ્થાન', 'કવિતા', 'કવિલોક' જેવા ગુજરાતી ભાષા સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠિત સામયિકોમાં એમનાં કાવ્યો વખતોવખત પ્રકાશિત થયેલાં છે.

અનુવાદ પ્રત્યે એમને આરંભથી જ અભિરુચિ છે. ઇ.સ. ૧૯૩૨ માં ૧૦ મા ધોરણમાં તેઓ અભ્યાસ કરતા હતા ત્યારે 'Home They Brought Her Warrior Dead'નું ગુજરાતીમાં ભાષાંતર કર્યું હતું. કૉલેજના અધ્યયનકાળ દરમ્યાન જ કાલિદાસના 'વિક્રમોર્વશીય' નાટકનો ગુજરાતી અનુવાદ કર્યો હતો. આ સિવાય વેદની ઋચાઓ અને ઉપનિષદોનાં ભાષાંતરો પણ એમણે કર્યાં છે. એમાં કેન, કઠ ઉપનિષદના અનુવાદ મુખ્ય છે.

જતીન્દ્ર આચાર્યએ 'સાવિત્રી મંથન' નામે બે પુસ્તિકાઓ પ્રકાશિત કરી છે. પ્રથમ પુસ્તિકા માર્ચ ૧૯૯૫ માં પ્રકાશિત થઈ છે. એમાં 'સાવિત્રી' મહાકાવ્યમાંથી 108 પંક્તિઓ પસંદ કરીને એનો અનુષ્ટુપ છંદમાં અનુવાદ આપ્યો છે. આ પંક્તિઓ મા ભગવતીને સ્પર્શે છે. એમાં એમણે 'સાવિત્રી'ના ત્રીજા પર્વના બીજા, ચોથા સર્ગ તેમજ ચોથા પર્વના પ્રથમ બે સર્ગની પસંદગીની પંક્તિઓનો અનુવાદ કર્યો છે. આ સિવાય એ પુસ્તિકાના આરંભમાં બીજા પર્વના પાંચમા સર્ગની છ પંક્તિઓ (૧૬૧ : ૧૫-૨૦)નો તેમજ અંતે 'માતૃ-મેર' રૂપે ચોથા પર્વના પહેલા સર્ગની ત્રણ પંક્તિઓ (353 : 1-3) નો અનુવાદ પ્રાપ્ત થાય છે.

જૂન ૧૯૯૫ માં પ્રકાશિત થયેલ 'સાવિત્રી- મંથન' શ્રેણીનો બીજો મણકો સાવિત્રીના કુંડલિની યોગને લગતી ૧૦૮ પંક્તિઓનો અનુવાદ છે. આરંભે 'સાવિત્રી' મહાકાવ્ય દ્વારા શ્રી માતાજીનો સંદેશ રજૂ કરતી ત્રીજા પર્વના ત્રીજા સર્ગની ચાર પંક્તિઓ (330 : 8-11)નો અનુવાદ પ્રાપ્ત થાય છે. ત્યારબાદ 'સાવિત્રી'ના સાતમા પર્વના પાંચમા અને દશમા પર્વના ચોથા સર્ગમાંથી પસંદ કરેલી 108 પંક્તિઓનો અનુવાદ એમણે આપ્યો છે. પ્રથમ પુસ્તિકાની જેમ જ આ બીજી પુસ્તિકામાં પણ 'કમલ-મેર' રૂપે સાતમા પર્વના પાંચમા સર્ગની ચાર પંક્તિ ઓ (૬૩૧ : ૨૫-૨૮)નો અનુવાદ જોવા મળે છે.

આ બન્ને પુસ્તિકાઓની મુખ્ય ખાસીયત એ છે કે એમાં મૂળ કૃતિની પંક્તિઓ અને એમનો ગુજરાતી લિપિમાં ઉચ્ચાર પણ આપવામાં આવ્યા છે. જેથી અંગ્રેજી લિપિ ન જાણનાર પણ મૂળ કૃતિની પંક્તિઓનો પાઠ કરી શકે. અનુવાદકની ખ્વાહિશ આવી ૧૦૩ પુસ્તિકાઓ દ્વારા પચાસ ટકા જેટલા 'સાવિત્રી' મહાકાવ્યનો અનુવાદ આપવાની છે. આ અનુવાદ કરવાનું એમનું પ્રયોજન એક પત્રમાં આ સંશોધકને એમણે નીચે મુજબ જણાવ્યું છે:

"'સાવિત્રી-મંથન' કે 'સાવિત્રી-સંગમ'નો ઉદ્દેશ - આંતરમનના 'સ્પ્રિંગબોર્ડ' દ્વારા એક બે 'સમરસોલ્ટ' લઈ શ્રી અરવિંદના મહાકાવ્યના અમૃત-સાગરમાં 'હેડ-લોન્ગ' ભૂસકો મારવા પ્રેરવાનું છે. સમય પાકે અને શ્રી મા ભગવતીની કૃપા થાય તો જ આ શક્ય બને."

આ પુસ્તિકાઓના પ્રકાશન પૂર્વે એમણે 'સાવિત્રી'ના સારા એવા અંશોના અનુવાદો કર્યા છે. આ અનુવાદો પ્રકીર્ણ પત્રિકાઓરૂપે વિનામૂલ્યે 'સાવિત્રી'પ્રેમીઓમાં વિતરિત પણ કરતા રહ્યા છે. ઈ.સ. ૧૯૬૨ થી આ ક્રમ ચાલુ રહ્યો છે. આજે 'સાવિત્રી-મંથન' શ્રેણીના બીજા સોળ મણકા પ્રકાશિત થવાની એમની પાસે પ્રતીક્ષા કરી રહ્યા છે. આ સિવાય 'સાવિત્રી સંગમ' શીર્ષક હેઠળ પણ એમણે 'સાવિત્રી'ના પદ્યાનુવાદ કર્યા છે. એનું પ્રકાશન પણ હજુ બાકી છે. અત્રે એમના પ્રકાશિત અનુવાદોનું અધ્યયન કરવાનો ઉપક્રમ છે.

આ અનુવાદમાં કેટલીક પંક્તિઓનો અનુવાદ વિશેષરૂપે નોંધપાત્ર બની રહે છે. કુંડલિની જાગૃતિની અસર આલેખતી સાતમા પર્વના પાંચમા સર્ગની નીચેની પંક્તિનો અનુવાદ જોઈએ:

Then sin and virtue leave the cosmic lists;
(531:3)

અનુવાદ:

પાપ ને પુણ્ય છોડે છે, ચોપડા ચિત્રગુપ્તના.
(II : ૧૩ : ૭૩)

(અહીં ગુજરાતી અનુવાદમાં કૌંસમાં દર્શાવેલા સંદર્ભસૂચક અંકોમાંના પ્રથમ- રોમનલિપિમાંના II સાવિત્રીમંથન

પુસ્તિકાનો ક્રમાંક દર્શાવે છે. એ પછીનો ક્રમાંક પૃષ્ઠ અને અંતિમ ક્રમાંક પંક્તિનો અનુક્રમ સૂચવે છે. આ વ્યવસ્થા હવે પછી પણ ચાલુ રાખી છે) પ્રસ્તુત પંક્તિમાં 'cosmic lists' માટે 'ચિત્રગુપ્ત-નો ચોપડો' અનુવાદ નોંધપાત્ર છે. ભારતીય પુરાણકથા અનુસાર ચિત્રગુપ્ત મૃત્યુના દેવ યમનો અનુચર છે. એ મનુષ્યના પાપ-પુણ્યનો સઘળો હિસાબ રાખે છે. આ હિસાબ પ્રમાણે મૃત્યુબાદ મનુષ્યને જે તે નવો જન્મ/મોક્ષપદ પ્રાપ્ત થાય છે. અનુવાદકનો આ પ્રયોગ વિલક્ષણ છે.

એ જ રીતે એમણે બીજી પુસ્તિકામાં ભારતીય યોગશાસ્ત્રની પરિભાષાનો વિનિયોગ કર્યો છે. આ સંદર્ભે સાતમા પર્વના પાંચમા સર્ગની નીચેની પંક્તિ ઉલ્લેખનીય છે:

Then at the Crown it joined the Eternal space.
(528 : 21)

અનુવાદ :

બ્રહ્મરન્ધ્ર પરે અંતે મળી તે અંતરિક્ષને.
(II : 6 : 24).

અહીં Crown માટે પ્રયોજેલ 'બ્રહ્મરન્ધ્ર' શબ્દ ભારતીય યોગપ્રણાલીનો સૂચક છે. આ રીતે મૂળકૃતિના ભાવનું પૂરેપૂરું સંક્રમણ થાય છે.

આ જ રીતે ત્રીજા પર્વના ત્રીજા સર્ગની નીચેની પંક્તિનો અનુવાદ પણ ધ્યાનપાત્ર છે :

Alone her hand can change Time's dragon base.
(314 : 15).

બદલે હસ્ત તારા જ, કાલની વ્યાલપીઠિકા. (I : 5 : 15).

અહીં Time's dragon base' માટે 'કાલની વ્યાલપીઠિકા' અનુવાદ વિલક્ષણ છે.

ક્યારેક પ્રસ્તુત અનુવાદમાં અર્થ સીમિત થતો પણ જોવા મળે છે. આ દૃષ્ટિએ સાતમા પર્વના પાંચમા સર્ગની આ પંક્તિ ઉલ્લેખનીય છે.

A camp of God is pitched in human time.
(૬૩૧ : ૨૯).

અનુવાદ :

રોપાયા પ્રભુના પાયા માનવ-કાળને વિષે.
(II : ૨૭ : D).

અહીં 'camp of God' માટે 'પ્રભુના પાયા' અનુવાદમાં અર્થસીમિતતાના એંધાણ મળે છે. જો કે અનુવાદકે પાઠાંતરરૂપે પ્રસ્તુત પંક્તિની બીજી વાચના પણ આપી છે :

'નંખાયા પ્રભુના ડેરા માનવ-કાલને વિષે. (II : ૨૭ : D-1).
આ વાચના સંતર્પક છે.

યતીન્દ્ર આચાર્યના અનુવાદનું એક ધ્યાનાર્હ પાસું ભાવાન્તર છે. નીચેના અનુવાદો પરથી એ સ્પષ્ટ થાય છે :

She is the golden bridge, the wonderful fire
(314:18)
સ્વર્ણનો સેતુ મા! છે તું, અદ્ભુત દિવ્ય અગ્નિ તું.
(I : 6 : 18).

The luminous heart of the Unknown is she
(314:19).
અજ્ઞાત પ્રભુ કેરું, મા! સુતેજસ્વી તું અંતર.
(I : 6 : 19)

A power of silence in the depths of God;
(314 : ૨૦).
મૌનની છે, મહાશક્તિ! અંતરે ઈશને વસી;
(I : 6 : ૨૦).

She is the Force, the inevitable Word
(314 : ૨૧)
તું છે શક્તિ : મહાશક્તિ, અપરિહાર્ય શબ્દ તું,
(I : 6 : ૨૧).

અહીં કોઈ શંકા કરે કે મૂળ કૃતિમાં પ્રસ્તુત સૂત્રાં વિધાન (statement)

રૂપ છે. જ્યારે અનુવાદકનો અભિગમ ભાવાનુવાદ કરવાનો છે. માટે શ્રી અરવિંદે જ્યાં 'She'નો પ્રયોગ કર્યો છે ત્યાં અહીં 'Thou'નો ભાવ દર્શાવી આરાધના, યાચનાનો ભાવ અનુવાદકે પ્રગટાવ્યો છે. આમ, એમણે પોતાની અભિવ્યક્તિનો છૂટો દોર આપ્યો છે.

ક્યારેક અનુવાદકે એક પંક્તિનો અનુવાદ બે પંક્તિમાં પણ આપ્યો છે. આ દૃષ્ટિએ ત્રીજા પર્વના બીજા સર્ગની નીચેની પંક્તિ નોંધપાત્ર છે:

His base was gathered to one point spire.
(315:12)

અનુવાદ:

સમગ્ર અમ આધાર, એકત્ર થઈ શૃંગ શો
એક લક્ષ્ય, ગતિ એક: મા! તારે ચરણે ઢળે.
(I:11:44)

આ રીતે તેઓ ભાવસંક્રમણ કરે છે.

છંદની દૃષ્ટિએ જોઈએ તો પ્રસ્તુત અનુવાદમાં અનુષ્ટુપ જ પ્રયોજાયો છે. પ્રાય: આ અનુષ્ટુપમાં લગાત્મક માત્રાઓના ચાર ચતુષ્કલ સંધિઓ પ્રયોજાયા છે. દા.ત. કે

લલગાલ, લગાગાલ ગાલગાલ લગાલગા
અવતાર/ધારી એક/તોડશે વજ્ર કાય દો (I:12:48)
લલગાલ, ગાલગાગા ગાગા ગાગા, ગા લગાગા
બદલો પ્રકૃતિ કેરું/ભાગ્ય એકાત્મ શક્તિથી. (I:13:49).
લગાલલ, લગા લગા લગાગા લ, લગાલગા
અસીમ મન જે દિવ્ય,/સમાવી જગને શકે, (I:13:50).
ગા લલલ, લગાલગા લલ ગાલ, લ ગા લગા
એક મધુરને ઉગ્ર/ઉર આતુર શાન્ત જે (I:13:51)
ગા ગાલલ ગાગાગાગા ગાગાલગા લ ગાલગા
આવેગ પાંખી દેવોના/પ્રેરાઈ જન્મ ધારશે. (I:13:52)

અહીં એ પણ જોઈ શકાશે કે અનુવાદકે અનુષ્ટુપના સ્થાયી લક્ષણ તરીકે ચોથો સંધિ 'લગાલગા' રાખ્યો છે. બીજા સંધિમાં

'લગાગાગા' માત્રાઓ અનુષ્ટુપનું એક સ્થાયી લક્ષણ તરીકે સ્વીકૃત છે. પરંતુ અહીં એમાં અનુવાદકે વ્યુત્ક્રમ સર્જીને અનેક વિકલ્પો પ્રયોજ્યા છે.

ક્યારેક અનુવાદમાં ચાર કરતાં વધારે સંધિઓ પણ જોવા મળે છે. દા.ત.

લગાગાલ લગાલગા ગાગાગાલ ગા ગાલગા ગાલગાલ ગાગાગાગા
અમારા સર્વ સંકલ્પો, તારામાં લુપ્ત થૈ જતા, ને પછી ફરીને પાછા,

ગાગાગા ગા ગા ગા લગા
તારામાં પ્રાપ્ત સૌ થતા;
(I:11:43).

અહીં એક જ પંક્તિમાં આઠ સંધિઓ પ્રયોજાયેલી જોઈ શકાય છે. આમ, સંધિઓની સંખ્યાઓમાં વધારો જોઈ શકાય છે.

સામાન્ય રીતે અનુવાદક બીજા સંધિ પછી યતિ પ્રયોજી છે પરંતુ એમાં પરિવર્તનો પણ જોવા મળે છે.:

તારા સંકલ્પથી, મંદ ઘટમાળો ફરી રહી; I:5:14
તારી છે, માત માં તારી, આત્માની કિમિયાગરી I:5:17
આનંદ, શુભ્ર સંકેત દેતો ઊર્ધ્વ અશક્યથી, I:7:25.
એનાં નેત્રો થકી, નિત્ય પરમાનંદ પેખશે. I:16:66
બનાવ્યાં એહને એણે, નિવાસ, શુદ્ધ મંદિર II:3:13
તે ઊંડી, ગર્જતી, છોડી ગૂંચળાં ને ટટાર થૈ II:5:19.

અહીં યતિવ્યવસ્થા નીચે મુજબ જોઈ શકાય છે:

પંક્તિક્રમાંક	યતિસંખ્યા	યતિસ્થાન (અક્ષર બાદ)
I:5:14	1	6
I:5:17	૨	3, 8,
I:7:25	1	3
I:16:66	1	6
II:3:13	૨	8, 11
II:5:19	૨	3, 6

અહીં યતિમાં અનુવાદકે લીધેલું સ્વાતંત્ર્ય જોઈ શકાય છે. એમણે

ઘણી પંક્તિઓમાં યતિનો નિર્દેશ કર્યો નથી, એ પણ નોંધવું રહ્યું.

અગાઉ જતીન્દ્ર આચાર્યએ ત્રીસા સવૈયા જેવા માત્રામેળ છંદમાં અનુવાદ કર્યો હતો. ઓગષ્ટ ૧૯૧૪ માં પુનઃ મુદ્રણ પામેલી એક પત્રિકામાં આ છંદમાં 'સાવિત્રી'ના ત્રીજા પર્વના બીજા અને ચોથા સર્ગના અંશોનો સમાવેશ થાય છે. આપણે ત્રીજા પર્વના બીજા સર્ગની ચાર પંક્તિઓનો અનુવાદ જોઈએ:

The Formless and the Formed were joined in her
At the head she stands of birth and toil and fate,
In their slow round the cycles turn to her call;
Alone her hands can change Time's dragon base.
(314: 7-10).

અનુવાદ:

નિરાકાર સાકાર રૂપ સહુ, મા! તારામાં એકાકાર 1
જન્મ અને જહેમત ને ભાવિ પર કેવલ, મા તું કિરતાર, ૨
ધીર ગતિમય ચકરાવા લે ઘટમાળા તારે આદેશ ૩
કાલ-વ્યાલના પાયા નવસર્જિત કેવળ તું કરે અશેષ. ૪.

અહીં સવૈયામાં ૩૧-૩૦ માત્રાઓ જોવા મળે છે. જો કે અનુવાદકે આ પછી ક્યારેય અનુષ્ટુપ સિવાય અન્ય છંદમાં અનુવાદ કર્યો નથી.

'સાવિત્રી'ને જનસામાન્ય સુધી પહોંચાડવાના આશયથી થયેલા જતીન્દ્ર આચાર્યના અનુવાદો મૂળકૃતિના ભાવનું પ્રાસાદિક રીતે સંક્રમણ કરે છે. આ અનુવાદોમાં મૂળ કૃતિના ભાવમાં પરિવર્તન પણ જોવા મળે છે. પરંતુ આ અનુવાદો ભાવકને મૂળ કૃતિના હાર્દમાં પહોંચાડવામાં સહાયક બની રહે છે.

પ્રસ્તુત પ્રકરણમાં આપણે 'સાવિત્રી' મહાકાવ્યના ગુજરાતીમાં જે પ્રમુખ ખંડ અનુવાદો, રૂપાંતર થયાં છે તેની વિચારણા કરી. આ સિવાય પણ નગીનદાસ પારેખ, જ્યોતિ થાનકી જેવાઓ પાસેથી 'સાવિત્રી'ના કેટલાક અંશોના અનુવાદો પ્રાપ્ત થાય છે. પરંતુ આવા અનુવાદોનું પ્રમાણ અત્યલ્પ છે. અથવા તો એ પ્રકાશિત થયા નથી.

માટે અત્રે એમાની ચર્ચા કરી નથી. હવે પછીના પ્રકરણમાં 'સાવિત્રી'ના મુખ્ય મુખ્ય અનુવાદોનું તુલનાત્મક અધ્યયન કર્યું છે. આ અનુવાદોનું ગુજરાતી ભાષા સાહિત્યમાં અદ્યાપિ અનૂદિત સાહિત્યમાં સ્થાન નિર્દેશ કર્યો છે. એનાથી ગુજરાતી ભાષા અને સાહિત્યને સાંસ્કૃતિક ભૂમિકાએ કેવો લાભ થયો છે તેની તપાસ કરી છે. તેમજ ગુજરાતી સાહિત્ય પર પડેલા શ્રી અરવિંદના પ્રભાવની પણ વિચારણા કરી છે.

--- x ---

પાદટીપ.

*1. પુરાણી અંબાલાલ, દર્પણના ટુકડા. ત્રીજું કવરપેજ.
(171)

*૨ Rand Higs. A Savitri Dictionary. Pg. 13
(179)

*3. સંપૂર્ણ બાઇબલ. પૃ. 13
(183)

*4 યુનિવર્સલ ઇંગ્લીશ-ગુજરાતી ડિક્શનરી. પૃ. 855
(185) સંપા. દેશપાંડે પાંડુરંગ

*5 બૃહદ્ ગુજરાતી કોશ. ખંડ. ૨. પૃ. ૧૧૩૨. સંપા. શાસ્ત્રી. કે. કા.
(185)

*6 યુનિવર્સલ ઇંગ્લીશ-ગુજરાતી ડિક્શનરી. પૃ. ૪૭.
(185) સંપા. દેશપાંડે પાંડુરંગ

*7 બૃહદ્ ગુજરાતી કોશ ખંડ. ૨. પૃ. ૧૭૯૯. સંપા. શાસ્ત્રી. કે. કા.
(185)

*8 The Student's Sanskrit-English Dictionary. by V.S. Apte.
(૨૦૨) પૃ.

*૯ Rand Higs. A Savitri Dictionary. Pg. 3૨
(૨03)

*10 ગુજરાતી સાહિત્યકોશ ખંડ. ૨. (આધુનિક કાળ) પૃ. ૫૨૮
(૨૨4)

*11 સુન્દરમ્ એટલે સુન્દરમ્. સંપા. કડિયા રામજીભાઈ. પૃ. ૧૨૦.
(૨૨૫)

*1૨ એજન પૃ. ૨૬૭.
(૨૨૭)

*13 'દક્ષિણા' સામયિક. સળંગ અંક. 1. પુસ્તક. 1. અંક. 1.
(૨૩૧) ઓગષ્ટ 1947. પૃ. 4.

*14 યુનિવર્સલ ઇંગ્લીશ-ગુજરાતી ડિક્શનરી. પૃ. 847.
(૨4૨) સંપા. દેશપાંડે પાંડુરંગ.

*15 Rand Higs. A Savitri Dictionary. Pg. 16
(૨47)

*16 યુનિવર્સલ ઇંગ્લીશ-ગુજરાતી ડિક્શનરી. પૃ. 41૨
(૨47) સંપા. દેશપાંડે પાંડુરંગ

*17 એજન પૃ. 13. સંપા. દેશપાંડે ગણેશ.
(૨48)

*18 Rand Higs. A Savitri Dictionary. Pg. 15.
(૨50)

* 19 યુનિવર્સલ ઇંગ્લીશ-ગુજરાતી ડિક્શનરી. પૃ. ૩૩૩
(254) સંપા. દેશપાંડે પાંડુરંગ)

* 20 એજન પૃ. 603.
(257)

* 21 એજન. પૃ. 854
(257).

* 22 Rand Hicks. A Savitri Dictionary. Pg. 35.
(258)

* 23 બૃહદ્ ગુજરાતી કોશ. ખંડ. ૧. પૃ. 451. સંપા. શાસ્ત્રી કે. કા.
(260)

* 24 સુન્દરમ્. અર્વાચીન કવિતા. પૃ. 467.
(307)

* 25 ગુજરાતી સાહિત્ય કોશ. ખંડ. ૨. (અર્વાચીન કાળ) પૃ 450.
(307)

* 26 મહેતા ચંદ્રવદન. 'મહર્ષિ' અરવિંદ રચિત 'મહાકાવ્ય 'સાવિત્રી'
(310) ઉપર સંકલિત રેડિયો રૂપકો'. નિવેદન- 'આ પ્રયાસ' પૃ. 5

* 27 પાઠક રામનારાયણ. બૃહત્ પિંગળ. પૃ. 689.
(323)

— * —